

કુમાર

૪૮૦

સંસ્થાપક • રવિશંકર રાવળ

તંત્રી બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકોનું માસિક • ડિસેમ્બર ૧૯૬૩



મુનશી ૧૮૯૩માં



દસ વર્ષની વયે ૧૮૯૭માં



૧૫મી માર્ચ ૧૯૧૩ના રોજ મુંબાઈની હાઈ-કોર્ટમાં એડવોકેટ તરીકે દાખલ થયા ત્યારે



આજથી આડત્રીસ વર્ષ પર 'કુમાર'ને સંદેશો (જુઓ અંદર) મોકલ્યો ત્યારે ગુજરાતમાં પોતાની કારકિર્દીનો પ્રકાશ પાથરી રહેલા તેજસ્વી સાહિત્યકાર અને એડવોકેટ મુનશી



કનૈયાલાલ માણેકલાલ મુનશી

જેમને ગઈ ૨૯મી ડિસેમ્બર ૧૯૬૨ના રોજ ૭૫ વર્ષ થયાના ઉપલક્ષ્યમાં આ વર્ષે ગુજરાતે એમનો અમૃતમહોત્સવ ઊજવ્યો હતો. આ માસમાં આવતી એમની જન્મતિથિ નિમિત્તે મોટેભાગે એમના જ શબ્દોમાં એમની ચરિત્રરેખા આ અંકમાં આપી છે.

મુનશી અને લીલાવતી: ૧૯૨૩માં





મારગને કાંઠે
ચિત્રકાર · સોમાલાલ શાહ

વાસ્તવદર્શી જલરંગી દશ્યચિત્રોના આલેખનમાંથી સુગ્રથિત બાંધણી અને તેજસ્વી રંગાવટવાળાં
ભાવાલેખનોમાં અને પછીથી અમૂર્ત કલામાં પલટો પામનાર કલાકાર વિમલ દાસગુપ્તનું
ચિત્ર 'ગામડું' જુઓ આ અંકના છેડાની આર્ટપ્લેટમાં અને પરિચય 'કલાવાર્તા'માં

વાચકો લખે છે

છેલ્લા અંકમાં શ્રી કાલેલકરના લેખમાં છાપની બે ભૂલો જોવામાં આવી છે: (૧) શરૂઆતમાં ક્ષીન્દ્ર છે: ત્યાં ક્ષિન્દ્ર જોઈએ; (૨) આગળ જતાં એક સંસ્કૃત વાક્ય આવે છે, એમાં સઃ ના સ્થાને સહ જોઈએ.

હવે અન્ય એક વાત: શ્રી કાલેલકરે "इष्टैः सह भुज्यातम्" એ વાક્યનો ઉપયોગ જેના અનુસંધાનમાં કર્યો છે, એનું મૂળ હું જાણતો નથી, પણ આજે સૈકાઓથી આ વાક્યનો અન્ય સંકુચિત પ્રયોગ થાય છે: મરણ પછી બારમાના દિવસે શ્રાદ્ધ કરવાનો રિવાજ—વિશેષતયા બ્રાહ્મણોમાં—છે. આમાં ત્રણ મૃત પિતૃઓના સ્થાને ત્રણ બ્રાહ્મણોને નિમંત્રવામાં આવે છે (શ્રાદ્ધમાં ત્રણ કરતાં વધુ વ્યક્તિઓને નિમંત્રણ આપવાની મના છે.) આ શ્રાદ્ધિઓને ભોજન કરાવ્યા પછી શ્રાદ્ધ કરનાર પૂછે છે: હવે આ બાકી રહેલી ભોજન-સામગ્રીનું મારે શું કરવું? (इदं शिष्टं किमनेन कर्तव्यम्) શ્રાદ્ધિઓ અનુજ્ઞા આપે છે કે: સગાં-સંબંધીઓ સાથે જમી લો (इष्टैः सह भुज्यताम् [उपभुज्यताम् એવો પાઠ પણ છે]). દરેક શ્રાદ્ધ પદ્ધતિ—સવિશેષ ઋગ્વેદી અને યજુર્વેદી—માં આનો સમાવેશ કરેલો છે. પારસ્કર અને આશ્વલાયન ગૃહ્યસૂત્રોમાં ઉપરનાં વાક્યો આવતાં નથી, પણ આશ્વલાયન ગૃહ્યસૂત્રમાં (૪-૮-૧૧ અને ૧૨) આ પ્રમાણે કહેલું છે. ને અનુજ્ઞા માટે મનુએ પણ (૩ ૨૫૩) લખ્યું છે. આ 'પૃચ્છા-અનુજ્ઞા'નો વિધિ પ્રત્યક્ષ શ્રાદ્ધિઓ હોય કે ઘટશ્રાદ્ધ હોય તો પણ માસાદિ બધાં શ્રાદ્ધોમાં આચરવામાં આવે છે.

આરંભમાં (અને હજુ પણ પ્રધાનતયા) આ इष्ट શબ્દનો અર્થ 'ઘરનાં માણસો અને પિતરાઈ' થતો હતો, પરંતુ આગળ જતાં એને વિશાળ સ્વરૂપે અપનાવવામાં આવ્યો: જ્ઞાતિબંધુઓ વગેરે. આજના મરણોત્તર જમણવાર (નાતવરા)નું મૂળ આમાં છે, એ સહેજે સમજાશે. સ્વયં મનુએ પણ આવો અભિપ્રાય વ્યક્ત કર્યો છે:

'ज्ञातिभ्यः सत्कृतं दत्त्वा बान्धवानपिपूजयेत्।' (પાઠાન્તર: भोजयेत्) મનુસ્મૃતિ: ૩.૨૬૪

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

શ્રી બિહારીલાલ બારભૈયાનું 'ઈન્દુમતીનું મૃત્યુ' એ ચિત્રકલાની દૃષ્ટિએ સારું હશે, પણ વાસ્તવિકતાની દૃષ્ટિએ એમાં ખામી છે. ચિત્રનું નામ તમે આપ્યું હોય તો ભૂલ તો કરી જ છે. ઉપરાંત ચિત્રકારને અન્યાય કર્યો છે. નારદ મુનિના તંબૂમાંથી સરકી પડેલી દિવ્યમાળા ઈન્દુમતીના હૃદય ઉપર (બે સ્તનોની વચ્ચે પછડાતાં એનું મૃત્યુ થએલું (સર્ગ ૮; શ્લોક ૩૬, ૩૭). હવે ચિત્રમાં એ માળા હજી આકાશમાં જ છે, તો એ ચિત્ર 'ઈન્દુમતીનું મૃત્યુ' કેવી રીતે થઇ શકે? ચિત્રકારે ચિત્ર નીચે આપેલા શ્લોકમાં તો અજ રાજા ઈન્દુમતી સાથે વિહાર કરી રહ્યો હતો એમ વર્ણવ્યું છે.

હવે ચિત્રકારની ભૂલ તપાસીએ. શ્લોક છે મૃત્યુ પહેલાં રાજાએ એની સાથે કરેલી ક્રીડાનું (विजहार = ક્રીડા કરી). विजहार, चक्रीड ઈ. ક્રિયાપદો હાથમાં હાથ મેળવી કે એકબીજાની કમર ફરતો હાથ રાખી આનંદથી આમતેમ હરવાફરવા માટે સાધારણ રીતે વપરાય છે. માળાનો આઘાત થતાં પહેલાં અજ ને ઈંદુમતી બેઠેલાં કે આડાં પડેલાં ન હતાં, પણ ઊભાં હતાં એમ કાલિદાસે સ્પષ્ટ કહ્યું છે: 'ચૈતન્યનષ્ટ થએલા શરીરથી નીચે પડી જતી ઈંદુમતીએ (પડતાં પડતાં) પોતાના પતિને પણ પાડ્યો'. (સર્ગ, ૮ શ્લો. ૩૮). સારાંશમાં ચિત્ર ઈંદુમતીના મૃત્યુનું ન હોઈ શકે, અને એની નીચે આપેલા શ્લોકમાં કહ્યું છે તેમ એ વિહારનું હોય તો એ અવાસ્તવિક રીતે દોરાયું છે.

કે પછી જે કોઇ 'સ્કૂલ'ની શૈલીમાં એ દોરાયું છે તે શૈલીને દિક્-કાલનો વિચાર કરવાની મુશ્કેલીનો બાધ આવતો નથી? જૂના કાળમાં ગ્રામીણ ચિત્રકારો આવી શૈલીમાં ચિત્રો દોરતા ખરા.

(નવી દિલ્હી) —સતીશ કાલેલકર

નવેમ્બર અંકમાં બહાદુરશાહ ઝફરનો ઉલ્લેખ છે. એ મુઘલ બાદશાહનો આખરી અંજામ કેટલો કરુણ હતો તે એ વખતની એની કવિતાઓમાંની એક કડી પરથી જણાશે. રંગૂનના કેદખાનાની દીવાલ પર એ કમનસીબ બાદશાહે લખ્યું હતું કે:

'ન કિસી કી આંખોંકા નૂર હૂં,
મૈં ન કિસી કા દિલકા કરાર હૂં;
જો કિસી ભી કામ ન આ સકે
વો મૈં એક મુસ્ત ગુબાર હૂં'.

(જાફરાબાદ) —ઈશ્વરલાલ બી. પરમાર

ઑક્ટોબરના 'કુમાર'માં આપે મુંબાઈના 'ગુજરાતી' સાપ્તાહિકનો ઉલ્લેખ કર્યો છે. એમાં દર અઠવાડિયે સમસ્ત રાજકારણની ચર્ચા કરતી લીડર પ્રકટ થતી તે ભલભલા રાજ્યાધિકારીઓમાં હું તે નિયમિત વાંચતો. તેની અંગ્રેજી કૉલમ દીનશાહ એદલજી વાચ્છા (પછીથી સર) લખતા, ફિરોઝશાહ મહેરવાનજી મહેતા તે હોંસભેર વાંચતા. એના તંત્રી શ્રી ઇચ્છારામની રાજકારણી પૉલીસીના એઓ ભારે વખાણનાર હતા.

'ક્ષિતિજ'નો મત ('વાંચવી નહિ')ની નવાજેશ પણ આ અંકના લેખકને મળવી જોઈએ ના?

કળા અંગે બધે જ સમતોલ ટીકા અગર વિચારણા થતી જોવામાં આવતી નથી. 'આ પાર કે પેલે પાર' કરીને પાસા ફેંકાય છે. મૉડર્ન આર્ટ જ્યારે હદની યે હદ વટાવે છે ત્યારે કોઇ એક કલાવિવેચકના આ શબ્દોની સચ્ચાઇ સ્વીકાર્યા વિના રહી શકાતું નથી:

'When reason dreams monsters are born'...'For over forty years now a bewilderd public has been faced with the baffling phenomena of modern art. It has listened to serious critical discussion not only of the work of bonafide artists but also of the art of children, lunatics, and, more recently of chimpanzees. Art, which once imposed order on the flux of forms and events, now seems wholly given over to chaos. No wonder that modern art is an elaborate joke kept going by astute publicists.' ('Art in Crisis' by Hans Aedlmayr.')

(કરાચી) —ફિરોજશાહ રુસ્તમજી મહેતા

હમણાં 'કલ્યાણ'માસિકમાં'કાલીય મર્દન' ચિત્ર આવ્યું છે. તેમાં યમુનાજીનાં પાણીમાં કમળ ઊગેલાં દેખાડેલાં છે. અત્રે વૈષ્ણવ મંદિરમાં યમુનાજીનું ચિત્ર જોયુંતેમાં પણશ્રી યમુનાજી સ્ત્રીસ્વરૂપે કાંઠે ઊભેલાં હોઈ નીચે નદીનાં પાણીમાં કમળો ઊગેલાં છે.

હું માનું છું કે કમળ નદીનાં વહેતાં પાણીમાં ઊગી કે રહી ન શકે. મેં કોઈ પણ નદીમાં કમળ ઊગેલાં જોયાં નથી. કમળ તો સ્થિર પાણી—સરોવરમાં જ ઊગી અને રહી શકે; ને તેથી જ તેનું નામ સરોજ કે સરસિજ છે.

(ઉમરેઠ) —મોતીલાલ રણછોડદાસ વ્યાસ

ઑક્ટોબર અંકના 'ટિકિટસંગ્રહ'માં છપાએલી 'પાકિસ્તાનની નવી ટિકિટ' ટિકિટ પણ નથી અને એ નવી પણ નથી. ઈ. ૧૯૬૧માં પાકિસ્તાનમાં શરૂ થએલા દશાંશ ચલણના અનુસંધાનમાં બહાર પડેલા ૧૩ પૈસાના પરબીડિયાની એ છાપ છે. એ પરબીડિયું બહાર પડયું એ પહેલાં એની બહાર પડેલી તસ્વીર મેં આપને મોકલી હતી.

(કરાચી) —નૂરુદ્દીન લુત્ફ

[*એનું જ એ ચિત્ર છે. આભાર]

શ્રી કનુભાઈ અડાસીની 'તમે ગમગીન છો' વાર્તા વાંચી આનંદ થયો. આવી નાનકડી વાર્તામાં વાસ્તવિક જીવનની વેધકતા જોઈ શકાય છે. મનોહર પ્રકૃતિવર્ણન તથા સંસારનો ભાર સહન ન કરી શકતા માનવીનું કરુણ આલેખન સરસ રીતે કર્યું છે. જીવનમાં ડગલે ને પગલે પછડાતા પામર માનવીની કથા હૂબહૂ લખી છે. વાચક પણ વાંચતી વખતે ગ્લાનિ અનુભવે છે. આવા ગમગીન પ્રશ્નને લેખક વાર્તાના અંતમાં કલાત્મક રીતે પલટાવી નાખે છે. દુ:ખી સંસારમાં અમૃતની મુક્ત ધારા વહે છે, પણ તેનો આપણને ખયાલ નથી તેવી સરસ ટકોર માનવજાતને લેખકે કરી છે. આપને અને લેખકને હાર્દિક અભિનંદન!

'કુમાર' વિષે મારો અભિપ્રાય સરસ હતો; આ વાંચ્યા પછી તે દૃઢ બન્યો છે.

(વડોદરા) —ચન્દ્રેશ દેસાઈ

ગયા મહિને 'તમે ગમગીન છો' વાંચી એક એક સરસ કલાકૃતિનો રસાસ્વાદ માણ્યો. 'ઓ હેન્રી ટચ'થી ગમગીની ઊડી જઈ મને પ્રસન્નતા અનુભવી.આ મહિને 'પાસ-નાપાસ' નો ટુચકો વાંચી સ્વાદ ખાટો થઈ ગયો. 'અદી મર્ઝબાન ટચ' જોઇ ફરી ગમગીની આવી ગઈ!

'કુમાર'નો કલાવિભાગ પ્રતિદિન વધુ વિચારપ્રેરક, વધુ રોચક બનતો જાય છે. લેખો પણ વધુ સરસ આવતા જાય છે. કાવ્યો તો 'કુમાર'નાં જ, એમ મને લાગ્યા કરે છે. પણ વાર્તાવિભાગ વિષે અસંતોષ રહે છે.* 'સત્યકથા'ઓમાં, શરૂમાં ચિત્રણ સરસ આવેલી; હવે ઊતરી ગઈ! શાસ્ત્રી 'શિવશંકર' સાધારણ લાગી. બ્રોકરનું આત્મનિવેદન બહુ જ ગમ્યું.

(કલકત્તા) —જયંતીલાલ મહેતા

[*કૂવામાં હોય તે જ હવાડામાં આવે ને?]

'લાઈફ' સામયિકમાંથી આપેલો કોયડો ખૂબ રસદાયક લાગ્યો. આવા કોયડાઓ રજૂ થાય તે અત્યંત આવકારપાત્ર અને આવશ્યક છે. થોડાં વર્ષો પહેલાં 'કુમાર'માં ચિત્રકથા દ્વારા કોયડા પૂછવામાં આવતા હતા, તેમાં પણ અત્યંત રસ પડતો હતો. મારી વિનંતી છે કે 'કુમાર'માં આવા બુદ્ધિપૂર્વકના કોયડા અવારનવાર રજૂ કરતા રહેશો.

'પરિભ્રમણ' સંસ્થા તરફથી હિમાલયનાં શિખરો સર કરી આવેલાં ભાઈબહેનો વિષે ઉલ્લેખ સુદ્ધાં ન થયો તેથી આશ્ચર્ય થયું!*

(મુંબઇ) —દિલીપ પરીખ

[*જુઓ અંક ૪૭૫, પૃ. ૩૧૪]

૪૭૮મા અંકમાં શ્રી સિદ્ધાર્થ ત્રિવેદીએ કૌટિલીય લિપિમાં ગણિતના નિયમ વડે ઉત્પન્ન થઈ શકે તેટલા ભેદો જણાવ્યા છે. બુદ્ધિમાન વાચકોએ મારી લેખમાળામાં રસ લેવા માંડયો છે તેથી આનંદ થાય છે.

એ પ્રાચીન સમર્થ રાજનીતિજ્ઞે જે સાંકેતિક લિપિ શોધી હતી તે જ રજૂ કરવાનો મારો હેતુ તો હતો. પછી તો બુદ્ધિમાન વાચકો ઘણી કલ્પનાઓ કરી શકે છે. અને તે રીતે ભાઈ સિદ્ધાર્થ ત્રિવેદીએ જે કલ્પના રજૂ કરી છે તે મહત્ત્વની છે.

(વીરમગામ) —સુશીલા પટેલ

અંક ૩૭૮માં 'વાચકો લખે છે' વિભાગમાં ગિરિબાલા વિષેની મારી નોંધ આપે છાપી છે, તેમાં થેરેસા ન્યૂમેનના ઉલ્લેખમાં ભૂલથી 'બરેલી' છપાયું છે. તે બવેરિયા (જે જર્મનીમાં છે તે) જોઇએ.

(નાગપુર) —એસ. વાઈ. મલક

શ્રી સાધુરામ દવેના સ્વર્ગવાસથી અધૂરી રહેલી 'કૉન્ટ્રૅક્ટ બ્રિજ' રમત વિષે આગળ વિશેષ માહિતી મળે એવો પ્રબંધ થવો ઘટે.

(અમદાવાદ) —હીરાલાલ શાહ

અંક ૪૭૭માં 'કુમાર'ના જૂના અંકો વિષેનો પત્ર વાંચ્યો. મારી પાસે જૂના અંકો છે. એ યોગ્ય કિંમતે આપી દેવાની ઇચ્છા રાખું છું.

—મોરારભાઈ ડી. પટેલ
(દોલા ફળિયા મુ. પો. મટવાડ જિ. સુરત)

કુમાર
ડિસેમ્બર ૧૯૬૩ · અંક ૪૮૦

ચિત્રો

કનૈયાલાલ માણેકલાલ મુનશી		મુખચિત્ર પાછળ
મારગને કાંઠે · સોમાલાલ શાહ		પૂર્ણરંગી મુખ ચિત્ર
કમલ-પત્ર · ઇન્દ્ર દુગડ		પૂર્તિમાં પહેલું પાનું
જન્માષ્ટમી · ખોડીદાસ પરમાર		પૃ. ૪૮૭ સામે
સાંઝીનાં બીબાં · વાસુદેવ સ્માર્ત અને દિનેશ શાહ		પૂર્તિ ઉલ્ટું પાનું
ગામડું · વિમલ દાસગુપ્ત		રંગીન પ્લેટ
અંતરનાં હેત · ફોટો · સ્વ. ઝીનવાલા		પાછલી પ્લેટ

કાવ્યો

સાન્નિધ્ય	હેમંત દેસાઈ	૪૮૭
પ્રશાંત ક્ષણ	'ઉશનસ્'	૪૮૭
બીડ	શંભુપ્રસાદ	૪૮૭
કોણ માનશે?	'ચાતક'	૪૮૭
રાતે	'આદિલ'	૪૮૭
પાંદડું	મહેન્દ્ર દવે	૪૮૭
પછી	હરીન્દ્ર દવે	૪૮૭
મને ખબર ના હતી	સાકિન કેશવાણી	૪૮૭
છે પ્રેમનું	'સરોદ'	૪૮૭

ચરિત્ર

મહાવ્યક્તિ મુનશી	ડૉ. મધુસૂદન પારેખ	૪૮૮
જૉન કેનેડી, સ્વ.		૪૯૦
જીવનપટનાં સ્મૃતિચિત્રો–૨૪	રવિશંકર મ. રાવળ	૪૯૭

વાર્તા

મણિમહાલ	જયંતીલાલ મહેતા	૪૯૫
ધના ભગત (સત્યકથા–૧૯)	મુકુન્દરાય પારાશર્ય	૫૦૩
વીશીવાળાની દીકરીયું	પ્રદ્યુમ્ન તન્ના	૫૧૮

લેખો

સુગમસંગીત	રાસબિહારી દેસાઈ અને અજિત શેઠ	૫૦૧
બાલે-બંધ (રંગ-ગઠરિયાં–૩૬)	ચંન્દ્રવદન ચી. મહેતા	૫૦૪
હળેબિડ-બેલૂર	આઈ. સી. પટેલ	૫૦૭
મૂળા (ઘરગથુ ઔષધ–૨૪)	લાભશંકર ઠાકર	૫૧૧/ડ
ટપાલ દ્વારા શતરંજ	સુરેશ મોદી	૫૧૯
સંગીત-નાટક અકાદમીનાં બહુમાનધારકો		૫૨૦
ફૉસ્ફરસ, લોહ ને અન્યખનિજક્ષારો (આ.આ.–૪૮)	ડૉ. ત્રિવેદી	૫૨૫
સંખ્યાંક પલ્લવી (સાંકેતિક લિપિઓ–૮)	સુશીલા આર. પટેલ	૫૨૯

વિભાગો

વાચકો લખે છે	૪૯૫
અથાણું	૪૯૬
પત્રમિત્ર વિભાગ	૫૦૪
કલાવાર્તા (વિમલ દાસગુપ્ત, ઝીનવાલા)	૫૧૦
કંકાવટી (બીજો અને ત્રીજો ભાઈ)	૫૧૧/ક
સાહિત્ય સંપર્ક (સ્વ. બાદરાયણ, શબ્દકથા-ખુર્દુ, ખુર્દુ)	૫૧૨
ટિકિટસંગ્રહ	૫૨૬
માધુકરી (ગોવિંદરાવ જાગુષ્ટે)	૫૨૭
કિવી (જગતનાં પક્ષી-પ્રાણી–૬૫)	૫૨૭
આ માસ ઇતિહાસમાં (વ્ય. વિ. બટાવન)	૫૩૦
છેલ્લું પાનું	૫૩૧

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૦; પરદેશમાં રૂ. ૧૪ અથવા શિ૦ ૨૧; છૂટક નકલ : રૂ. ૧-૨૫



કમલપત્ર • કલાકાર ઈન્દ્ર દુગડ

મુક્ત હાથે પરબાર્યું બારીક બ્રશથી કરેલા આ હસ્તચિત્રની રસળતી રેખાઓ
કેવું પ્રમાણભારયુક્ત રોચક સંયોજન રચી રહી છે!



જન્માષ્ટમી · ખોડીદાસ પરમાર

ભાઈ ખોડીદાસ પરમારને આ ચિત્રવિષય એટલો પ્રિય છે કે દર જન્માષ્ટમીએ તેઓ એનું એક નવું ચિત્ર અચૂક બનાવે છે. સૌરાષ્ટ્રની લોકપરંપરાગત ભરતગૂંથણની ધાટીએ મંડાયેલા આ ચિત્રના પ્રમાણબદ્ધ સંયોજનમાં દેખાતું ભાત અને રૂપરચનાનું તત્ત્વ તથા ભરચકપણાનું પ્રાધાન્ય એ એમની ચિત્રશૈલીનાં આગવાં અંગ છે.

સાન્નિધ્ય

· વસંતતિલકા–મૃદંગ ·

ના કોઇ સ્વપ્ન અવશિષ્ટ, ન કોઈ ભાવના
આયુષ્યને રસતી, રંગ ન, કોઇ સંગ ના;
હૈયું અકેલ ખગ શું રહ્યું'તું પ્રસારી
પાંખો પિપાસુ નભતી નીરખી અટારી!

સૌભાગ્યનાં સકલ મંગલ ત્યાં સજાવી
મેંદી મહેક્ષ નમણા કરમાં તું આવી!
જાણે પધારી — સ્વરવૈભવ લૈ અનંત
ફૂલે ભરેલ વિટપે વિટપે — વસંત!

ક્યારે ય ગ્રીષ્મ દહશે નહિ એવી શ્રદ્ધા
ધારી ચલો નમી હવે ફળવંત આમ્ર શાં
નાનેરી આપણ અગાસી પરે ઊગેલી
વૈશાખની પુનિત પૂનમ પૂજીએ, સખી!

સંગે બજે ષડજ-પંચમ — આવી ઓરાં
ઝીલી રહ્યાં ચખથી ચારુ અષાઢ હેલી!
ને શ્રાવણે ઉભય હસ્તની એક અંજલિ
વાતાયને ઝીલત ફૂલ–ઝરંત ફોરાં!

આનંદની શરદ ચંદની માંહિ પોયણી
તું રમ્ય, હું સર હિલોલિત, મંદ કંપ
માણી પરસ્પર રહ્યાં, અણજાણ શબ્દ
ગુંજે અબોલ ઉર એવી છલંત લાગણી!

ઉદ્ગ્રાવ કોઇ કળીને રવિરશ્મિએ કરી
હેમંતને શું વર મોદની માધુરી મળી!
તેં ગૂંથી, મેં સજવી વેણી ધરી તું ઢાળે
મારે ખભે શિર પ્રિયે, પ્રતિ પ્રાતઃકાળે!

આશ્લેષમાં શિશિરની શીત લ્હેરખી સહ
સાયુજ્યની સરવ સંપદ ભીડી, ધીરે
ધીરે વહીશું રજની સમ, પૂર્ણ ઉદ્ભુત
આ પ્રીતિની લલિત વેલ ઉછેરશું પ્રિયે!

તારા પ્રિયે! મુદિત, મુગ્ધ અને લજાળ
સાન્નિધ્યમાં નિત બધા રસ, રંગ, છંદ
આ સૃષ્ટિના શી અનુભૂતિ ગતિ રચંત!
જંપે અજંપ જીવના — પુલકંત પ્રાણ!

હેમન્ત દેસાઈ

પ્રશાન્ત ક્ષણ

· હરિણી ·

રથ સમયનો વિસામો લે નિશીથતરુ તળે,
પવન ફરતો તારાપર્ણો મહીં કદી મર્મરે,
ઊંઘથી ઝગડી મોડાંમોડાં ગયાં મળી છે દગો,
વિષયવિષના થાક્યાપાક્યા લપ્યા દર પન્નગો,
કઠણ કરની મૂઠી હાવાં પડી રહી છે ખૂલી,
પકડ મનની વસ્તુમાત્રે જરા પડી છે ઢીલી.

ઘડીક જ બધું; શેરીફેરી છબી—સ્થિર જીવન—
વિચલિત થશે; ધોરી સ્કંધે ધુરા ફરી મૂકશે
હળવી ફિકરો છોડી નાખી ઊંઘે ચઢી ગાલ્લી તે.
સ્થિર ગરગડી પાછી કૂવે ઊંડાણ ઉલેચશે,
જળની નીક આ પાછી ચાલુ થશે; રુધિરે રગે
નવી ભરતીનો ધક્કો ખેંચી જશે ચરણો ક્યહીં
સ્થિર પડી રહ્યાં ખૂણામાં આ ઉપાન ચપોચપ!
અવર-દિન-ચીલે મુકાશે ફરી રથ — ને ગતિ ...

ઉશનસ્

કોણ માનશે?

· ગઝલ ·

ખુદની જ સાથ પ્યાર હતો, કોણ માનશે?
પર્દાનો એ જ સાર હતો, કોણ માનશે?

ઓળી વળ્યાં પ્રકાશ બધે એ નયન મહીં
તો સાવ અંધકાર હતો, કોણ માનશે?

સાકી! ન બુંદ એક પણ એને પીવા મળ્યું
ને એ ખરો પીનાર હતો, કોણ માનશે?

સમજ્યાં'તાં સર્વ ઝેર જેને, એ જ દર્દનો
વાસ્તવમાં ઉપચાર હતો, કોણ માનશે?

પામી શક્યું ન પ્યાર તમારો એ ફૂલને
નિજ ખૂશબૂનો ય ભાર હતો, કોણ માનશે?

મ્હેફિલમાં સર્વ આપની દૃષ્ટિ મહીં હતા
ને હું નજરની બા'ર હતો, કોણ માનશે?

સમજ્યું ન કોઇ મારી કથાનો જે ભાગ, એ
મારા જીવનનો સાર હતો, કોણ માનશે?

ગૂંજી ઊઠી'તી — કેમ કે દિલની સિતારનો
તૂટી ગએલો તાર હતો, કોણ માનશે?

'ચાતક' હું પ્યાસ ઝાંઝવાં પીને છિપાવી લઉં
એ આપનો વિચાર હતો, કોણ માનશે?

'ચાતક'

પછી

· ગઝલ ·

પ્હેલાં તમારી આંખે સિતારા હસી પડ્યા,
વાતાવરણમાં શોકભરી રાત થઇ પછી.

નાજુક ક્ષણોમાં કોલ મેં મૃત્યુને દઇ દીધો
મારી જીવનની સાથે મુલાકાત થઇ પછી.

હરીન્દ્ર દવે

પાંદડું

· વસંત ·

ચૈતન્યહીણ ખખડી ગયું પાંદડું આ,
ના લાલ, ના જરી ગુલાબી, નહીં જ લીલી
આભા રહી; વળી ન પીત, ન શ્યામ રંગે.
સર્વે ગયું ઝરી ઝરી...
રહી તો ય આજે
ગુંથાયું જિંદગી મહીં ઋતચક્ર એની
રેખા થકી વિકસતી રમણીય જાળી.

મહેન્દ્ર દવે

બીડ

· મિશ્ર ·

નિદાઘના તપ્ત બપોરની એ
વેળા મહીં લોચનની ભીનાશમાં
લપૈ ગયું બીડ અનંત ને રહ્યું
દઝાડતું કૈંક દિનો લગી મને!

વર્ષા થકી સિક્ત હવા તણો જરી
આજે થયો સ્પર્શ, ત્યહીં જ નેત્રમાં
અહો લહું નર્તન હું વિલોલ
તૃણાંકુરોની કમનીય કાયનું!

ને પુષ્પની પાંદડી શાં સુકોમલ
પતંગિયાં રંગીન, મત્ત, ચંચલ
ઊડે, પ્રસન્ન મુજ પક્ષ્મ વિષે સ્ફુરંત
રોમાંચ શો કંપનમાધુરી તણો!

જ્યાં તૃપ્તિમાં લોચન 'રે હું ઢાળું,
શી બીડની ક્ષિતિજ વિસ્તરતી નિહાળું!

શંભુપ્રસાદ જોશી

રાતે

· ખંડ હરિગીત ·

બંધ કિલ્લાની પછીતે,
જીર્ણ ભીંતે,
એક કાળો શ્વાન પડખાંઓ ઘસે;
નાકને ઊંચું કરી
સૂંઘે કશું ભીની બખોલે;
પાછલા પગથી ધરાને ખોતરે,
ને ઉડાડે ધૂળ પીળા શહેરના ચ્હેરા ઉપર.
ક્ષયથી પીડાતો સમય ત્યાં કણસ્યા કરે
ખખડી ગએલા ટાવરે.
રેતનું કોરું કફન ઓઢી નદી પોઢે.
અંધ રાત્રિ
શહેરનું એકેક ઘર
ફંફોસતી ફંફોસતી પાછી ફરે,
થાકી જઈ,
કાળી તણાં ચરણો મહીં આવી ઢળે,
અંતે.

'આદિલ' મન્સૂરી

· પૃથ્વી ·

મને ખબર ના હતી કશી ય ખોજવામાં પ્રિયે!
હતી નિવસતી, છુપાઇ મુજથી જ હૈયા કને;
અજાણ મૃગ બ્હાવરું ભીતરની સુગંધે ભમે,
વસંત ઘરમાં હતી, સુમન શોધતો'તો વને!

'સાકિન' કેશવાણી

છે પ્રમત્ત આખર રૂપ ઐક્ય;
દર્શાવતો તું થઈ ઓતપ્રોત
એવો જગે કે હરિ, ક્યાં ય બીજે
અસ્તિત્વ તારું ન કળાય સ્હેજે.

'સરોદ'

અર્વાચીન યુગમાં રાજા રામમોહન રાયથી માંડીને

ડૉ. મધુસૂદન પારેખ

ભરૂચ આજે તો ભાંગી ગયું છે; પણ બૌદ્ધ જાતક ગ્રંથોના કાળથી વર્ષો સુધી ભૃગુકચ્છ તરીકે એ ખ્યાત હતું. ભગવાન પરશુરામે જમીનદોસ્ત કરેલી મૂળ માહિષ્મતી નગરી એ નર્મદા-તીરે હતી. એ ભરૂચના વિખ્યાત ભાર્ગવ બ્રાહ્મણોની વસતી એક જમાનામાં ત્યાં ૧૮,૦૦૦ કુટુંબોની કહેવાતી. આજે તો વિદ્યામાં અને ધનમાં ભાર્ગવો ક્ષીણ થઇ ગયા છે, પરંતુ ભૃગુ ઋષિમાંથી ઊતરી આવેલા એ બ્રાહ્મણો 'ન્યાત, વરઘોડો કે ઊઠમણું હોય ત્યારે હજી યે પોતાના પૂર્વજ પરશુરામનો તોર પ્રગટ કર્યા વિના રહી શકતા નથી.'

ભરૂચમાં 'મુનશીનો ટેકરો' આવેલો છે. એ ટેકરો ખરું જોતાં તો એક નાનકડી શેરી છે; પણ પોણોસો વર્ષ પૂર્વે "ભરૂચી ભાર્ગવને મન આ ટેકરો સૃષ્ટિનું કેન્દ્ર હતો. એના પર મુનશીઓ પાકતા. એમનો મિજાજ ઑર ગણાતો. એનું પાણી તાકાત આપનારું મનાતું. ટેકરાની કન્યા પરણવા ભાર્ગવ યુવાન ઘેલો બનતો." એ ટેકરા પરના 'નાના ઘર'માં સં. ૧૯૪૪ના પોષ માસની પૂર્ણિમાએ, ઈ. ૧૮૮૭ની ૨૯મી ડિસેમ્બરે બપોરે બાર વાગ્યે કનૈયાલાલ મુનશીનો જન્મ થયો.

એમણે સચોટ ને રસળતી બાનીમાં લખેલાં આત્મકથાત્મક લખાણોમાંથી એમના જ શબ્દોમાં એમનું ચિત્ર ઉપસાવીએ.

મુનશીગીરી પહેલવહેલી પ્રાપ્ત કરનાર નંદલાલ પાઠક ફારસી ભાષામાં કવિતા રચતા. એમની કવિતાથી રીઝેલા દિલ્હીના શહેનશાહ મહમદશાહે એમને મુનશીગીરી બક્ષી : ભરૂચ પરગણાનાં ગામ દીઠ વર્ષે રૂપિયો એક! નંદલાલ મુનશીના મૃત્યુ પછી એમના પુત્ર હરિવલ્લભે પોતાની એકની એક દીકરીને કન્યાદાનમાં મુનશીગીરી દઈ દીધી. એ મુનશીગીરી એમ લગ્નમાં પામનાર કેશુરદાસ ઉર્ફે કિશનદાસ તે ટેકરાના આદ્ય મુનશી. એ બહુ બાહોશ ગણાતા.

"એમણે પૈસા મેળવ્યા, હવેલી બાંધી, ટેકરો પોતાનો કર્યો, જમીન વસાવી અને ન્યાતમાં ગામમાં ને અદાલતમાં માગ મુકાવ્યો. નાનપણમાં હું એમની હવેલીના મોટા ખંડમાં એકલો અભ્યાસ કરતો ત્યારે ઘણી વાર એ મારી સમક્ષ આવતા—ટેકરાના અધિષ્ઠાતા રૂપે. જે ચંદ્રશેખર મહાદેવના અદ્‌ભુત બાણને વકાલતની ફી બદલ એમણે માગી લીધું હતું તેની પૂજા કરતા હું તેમને જોતો. મુનશીઓએ દંતકથાના એક પાત્ર જેવી એ વ્યક્તિને લાયક થવા સદા પ્રયત્ન કર્યો છે. પાંચમી પેઢીએ ભૂખે મરતો એક મુનશી, પાસે પડેલી વસ્તુ ચોરવાની ઈચ્છા થતાં, 'હું કિશનદાસ મુનશીનો દીકરો છું' એમ મનમાં બબડી પ્રામાણિક બની જતો મેં જોયો છે."

એ કિશનદાસ મુનશીને ત્રણ પુત્રો : કાશીરામ, અનુપરામ અને ત્રીજા નરભેરામ તે કનૈયાલાલ મુનશીના દાદા.

"મોટા પુત્ર કાશીરામ એ સમયના 'મોટા માણસના નબીરા' હતા. એમને વર્ષમાં એક દહાડો જ મહત્ત્વનું કામ રહેતું : કચેરીમાં મામલતદાર સાહેબ પાસેથી મુનશીગીરીના રૂપિયા ૧૫૦ ગણી લેવાનું.

વચલા ભાઈ અનુપરામ મુનશી (ઈ. ૧૮૦૭–૧૮૪૧) આખા કુટુંબમાં સ્વરૂપવાન, તેજસ્વી ને ટેકીલા હતા. એમણે પણ બાલ્ય વયે ભરૂચ અદાલતમાં નોકરી લીધી અને ૧૮૩૬માં જજના રીડર થયા. ત્રીસ વર્ષની ઉમરે એ વડોદરાના રેસિડેન્ટના નેટિવ એજન્ટ નિમાયા. એ વફાદારીની મૂર્તિ હતા. કંપની અને ખંડેરાવ ગાયકવાડ વચ્ચે રેવાકાંઠાની તકરાર ચાલી ત્યારે કંપની તરફથી બધો કારભાર અનુપરામને સોંપવામાં આવ્યો હતો. ગાયકવાડે એમને કર્તવ્યભ્રષ્ટ કરવા લાંચ આપવા માંડી, પણ એમણે પાછી ઠેલી; અને એમની મહેનતને પરિણામે કંપની ફાવી; એને રેવાકાંઠા એજન્સી મળી; ને આ નિમકહલાલ અમલદારને ગામ બક્ષિશ આપવાની વાતો પણ ચાલી. પરંતુ અચાનક અનુપરામ લોહી ઑકી મરી ગયા (૧૮–૯–૧૮૪૧)! કહેવાય છે કે ગાયકવાડના માણસોએ ઝેર દીધું કે જાદુ કર્યો.

નરભેરામ મુનશી અત્યંત ગૌરવર્ણ; ઘણું જાડું અને ઠીંગણું શરીર; ઝીણી તેજસ્વી ઉગ્રતાભરી આંખો; ફૂલેલું નાનું નાક; પહોળા મોટા કાન; ઉગ્ર ને આપમતિયા; મોટાઇના શૉખવાળા; પ્રચંડ પણ ટૂંકજીવી; રાગદ્વેષ ને મહત્ત્વાકાંક્ષાથી પ્રેરાએલા. થાણામાં એમના પિતા કિશનદાસ અચાનક હૃદય બંધ પડવાથી અવસાન પામ્યા ત્યારે તેર વર્ષના નરભેરામ (જન્મ ઈ. ૧૮૧૯) તેમનો અગ્નિસંસ્કાર કરી ભરૂચ પાછા આવ્યા.

મોટાભાઈ કાશીરામને ઝાઝું વ્યવહારજ્ઞાન નથી; વચલા અનુપરામ પોતાના કામમાં પરોવાએલા છે; એટલે કુટુંબમાં મોભા ને મોજશોખનો ઈજારો નરભેરામ લઈ લે છે. એની ઇચ્છાને બધાં નમતું આપે છે. અઢારમે વર્ષે કુટુંબના પ્રતિષ્ઠામંદિર ભરૂચમાં તે નોકરી લે છે. અને ૩૧ વર્ષની ઉમરે ઑગસ્ટ ૧૮૫૦માં તો સુરત અદાલતમાં ડિસ્ટ્રિક્ટ જજ ઍન્ડ્રૂઝના શિરસ્તેદાર બને છે; ટેકરાનું સ્વામિત્વ ભોગવે છે. આ ગઇ સદીના અગ્રગણ્ય ગુજરાતીની બહાદુરીની, મુત્સદ્દીગીરીની અને ઔદાર્યની ઘણી વાતો ભરૂચ સુરતમાં પ્રચલિત હતી. એ ઈ. ૧૮૬૯માં ગુજરી ગયા ત્યારે મારા પિતા માણેકલાલ, એમના



પિતા માણેકલાલ



માતા તાપીબાઈ

ભારતમાં જે રત્નમાલા પ્રકટ થઈ છે તેમાં સ્મરણીય સ્થાન ધરાવનાર

મહાવ્યક્તિ કનૈયાલાલ માણેકલાલ મુનશી



એમને ૭૫ વર્ષ પૂરાં થયાનો અમૃત-મહોત્સવ ગુજરાતે આ વર્ષે ઊજવ્યો એ પ્રસંગે ઉચિત રીતે જ કહેવાયું છે તેમ 'ગુજરાતને કંડારનાર – અને વૃદ્ધ વયે પણ એ ટાંકણું હેઠે ન મૂકનાર શ્રી કનૈયાલાલ મુનશીનું પ્રદાન – ગુજરાતને તેમ જ આ દેશને – એવું પ્રચંડ છે કે એ મહાવ્યક્તિને વંદવામાં ગુજરાત પોતાની જાતને જ ઊજળી કરી રહી છે. સાહિત્ય, શિક્ષણ, કલા, ધર્મ, ફિલસૂફી, કાયદાકાનૂન, રાજકારોબાર અને સંસ્કૃતિ – સર્વ ક્ષેત્રોમાં શ્રી મુનશી એવા પ્રતાપી પુરુષ નીવડ્યા છે કે જો વીસમી સદીમાં પોતાના ગુર્જરેશ્વરની ઘોષણા કરવાની ગુજરાતને આવે તો એ ધન્યતા એ એક જ નામને અર્પણ થાય.'

એમના અમૃત-મહોત્સવ વખતે ઉચ્ચારાએલાં, લગભગ એક પ્રશસ્તિ-પ્રબંધ રચાય એટલાં, અભિવચનોમાંનાં થોડાં ઉતારીએ તો "ગુજરાતી સાહિત્યનો ભાગ્યે જ એવો કોઇ રસિયો હશે જેણે મુનશીના નામથી રોમાંચ અનુભવ્યો ન હોય. ગાંધીજીના આગમન પહેલાં ગુજરાતી ગદ્ય પર ચડેલા ગંભીરતાના સ્તર એમણે દૂર કર્યા. રોમેરોમે સ્પર્શે એવી સ્ફૂર્તિ ને તાઝગી ગુજરાતે એમનાથી અનુભવી. 'ગુજરાતીતા' શબ્દ એમણે નવો બનાવ્યો ને પ્રચાર્યો. પણ ગુજરાતની અસ્મિતા પ્રગટાવનાર એ ગુજરાતની મઢૂલીમાં ન પુરાઈ રહેતાં ભારતીયતાનો મહેલ ચણવામાં પોતાનો હાથ દઈ રહ્યા."

'માનવોત્તર શક્તિઓવાળા નરપુંગવો વિષેના એમના આકર્ષણમાં એમનું આર્યત્વ માટેનું અભિમાન ભળે છે. ગગનસ્પર્શી માનવતા વિના આર્ય સંસ્કૃતિનો પાયો નંખાયો ન હતો એ માન્યતા સાથે એમણે સાહિત્યમાં આર્યત્વ ને આર્યાવર્તનાં દર્શન કરાવ્યાં.'

'આટલી લાંબી જિંદગી દરમિયાન અનવરત પરિશ્રમ અને અદમ્ય તમન્નાપૂર્વક અસાધારણ સામર્થ્ય દાખવીને એમણે જે કામ કર્યું છે' એ એમની 'શક્તિની ગંગોત્રી એમના આંતરજગતમાં રહેલી છે. એ આંતરજગતમાં મહામાનવ પડેલો છે. તેમની નાનકડી આકૃતિ પાછળ કોઈક દિવ્ય પ્રકાશ છે, જે એને વિરાટ છાયા અર્પે છે.'

છોંતેર વર્ષના 'આ લાંબા જીવનકાળ દરમિયાન પુરુષાર્થનાં અનેક સીમાચિહ્નો એમણે સર કર્યાં છે, તેમ એ અનેક આરોહ-અવરોહમાંથી પસાર થયા છે. એમના પર પ્રશંસાનાં પુષ્પો વરસ્યાં છે, અને પ્રતિકૂળ ટીકાઓના ઝંઝાવાતોનો પણ એમને સામનો કરવો પડ્યો છે; છતાં એમણે તો એક સતત કર્મયોગીનું જીવન જીવી બતાવ્યું છે. એક કાળે ઊગતી પ્રજાએ એમનામાં પ્રખર ક્રાંતિકારનાં દર્શન કર્યાં હતાં અને જીવનનાં મૂલ્યોના પરિવર્તનની ઉદ્ઘોષણા કરીને એમણે યુવાન પ્રજાને પ્રભાવિત કરી હતી; આજે સનાતન ધર્મના સંરક્ષક બનીને જીવનનાં શાશ્વત મૂલ્યો તેઓ આગળ ધરી રહ્યા છે. પણ જે હોય તે ભાવનાના આવેગથી એમનું અંતર સતત ધબકતું રહ્યું છે.'

'ગાંધીજીએ કહેલું કે મુનશી અમૃત ચોઘડિયું બરાબર વરતી શકે છે, અને એવે વખતે જૂની ઘરેડ એમને બાંધી શકતી નથી. ઘરેડ તો ઘરડાંઓને બાંધે; જ્યારે ઘરડા થવાની તો મુનશીની ના છે, કેમકે એમની કલ્પનાશક્તિ અને સ્ફૂર્તિ અદમ્ય છે.'

'એમનામાં બે મોટા ગુણ છે: ૧) રેઝીલિયન્સ—સ્થિતિસ્થાપકતા, કશાથી અભિભૂત ન થવું તે, અને ૨) ઉદ્યમ. શ્રી મુનશી જેવો ઉદ્યમ ક્યાંય જોયો નથી. તેઓ કદી હતાશ થતા નથી; તેઓ સદા ડાઇનૅમિક–ગતિશીલ, કૃતિશીલ રહ્યા છે.'

'રાજા રામમોહન રાયથી શરૂ કરીને અર્વાચીન યુગમાં ભારતની જે વિવિધ રત્નમાલા પ્રકટ થઇ છે તેમાં શ્રી કનૈયાલાલ મુનશીનું નામ સ્મરણીય રહેશે.'

ત્રીજા પુત્ર (જન્મ ઇ. ૧૮૫૩) સોળ વર્ષના હતા.

એકે ચક્રે રાજ્ય કરતા નરભેરામ મુનશી સ્વર્ગે ગયા ત્યારે સૌથી મોટા પુત્ર ફરસરામ મુનશી (૧૮૩૭-૧૯૦૧) બત્રીસ વર્ષના હતા. ઇ. ૧૮૬૦થી એમણે ભરૂચમાં વકાલત કરવા માંડેલી. બીજા ભાઇ રામભાઈ પણ (૧૮૪૮–૧૯૦૩) સ્ટેશન માસ્તરની નોકરી થોડી વાર કર્યા પછી વકીલ થઈ વકાલત કરવા લાગ્યા હતા. ત્રીજા ભાઈ મારા બાપાજી માણેકલાલ; અને ચોથા ભાઇ ચંદ્રલાલ ઘણા નાના હતા."

એમના માતૃપક્ષનો પરિચય પણ રસમય છે.

"જ્યારે ક્રિશનદાસ મુનશી વકાલતમાં પૈસા કમાઇ મુનશીનો ટેકરો વસાવતા હતા, ત્યારે રૂપબાઇ તુળજારામ તળાટીનો નાનકડો સંસાર ચલાવતી હતી. તે રૂપાળી, સમજુ ને આવડતવાળી હતી. એ ઘણી કરકસર કરતી, બધો ધંધો હાથે કરતી, વળી ભરતી સીવતી અને એ પ્રમાણે પૈસા બચાવતી. તેઓ ભાડાના ઘરમાં રહેતાં....એને મોટી વયે કેસર નામની છોકરી થઇ...તેનો વિવાહ સૌપ્રથમ મુનશી-ગીરી પ્રાપ્ત કરનાર નંદલાલ મુનશીના એક વંશજ ચિમનલાલ જોડે થયો. એવામાં રૂપબાઇ વિધવા થઈ.

સં. ૧૯૧૧—ઈ. ૧૮૫૫ની શ્રાવણ સુદ સાતમે કેસરને છોકરી આવી : શરીરે ભરેલી, માના જેવી ગોરી, નાક તીણું, આંખો બાપના જેવી. તેનું નામ તાપી રાખ્યું. તે સાડાચાર મહિનાની થઇ ને મા મરી ગઈ. નમાઈ છોકરીનો ઉછેર રૂપબાઇને માથે પડયો. તાપી છ વર્ષની થઈ ત્યારે નરભેરામ મુનશીના ત્રીજા પુત્ર નવ વર્ષના માણેકલાલ સાથે તેનો વિવાહ કર્યો, અને ૧૮૬૩માં માણેકલાલ ને તાપીનાં લગ્ન થયાં."

ઈ. ૧૮૭૩માં માણેકલાલ કલેક્ટરની ઑફિસમાં રૂપિયા પંદરની કાર-કુની કરવા અમદાવાદ જાય છે; મહેસૂલખાતાની પરીક્ષા આપી આ-ગળ વધે છે; કુટુંબમાં ઈર્ષ્યાપાત્ર બને છે; મોટા ભાઈ આ સારું રળતા ભાઈને કુટુંબની આવકમાંથી કંઇ પણ આપવું બંધ કરે છે; અને આખરે એ ૧૮૮૩માં ટેકરા પરના નાના ઘરમાં જુદું રાંધવાનું શરૂ કરે છે. એ પછી પાંચેક વર્ષે એમને ત્યાં કનૈયાલાલનો જન્મ થાય છે.

છ છ છોકરીઓ પછીનો આ પુત્ર, એટલે મોંઘો ને માનીતો ઘણો. "બધાંને વાટ જોવડાવી જોવડાવીને એણે થકવી નાખ્યાં હતાં. એને પગલે એના પિતા મામલતદારીમાં કાયમ થયા હતા. આ પુત્રરત્નનું જતન કરવા બધાં સકારણ કે અકારણ કંઈ ને કંઇ કર્યા જ કરતાં. અને 'ભાઇ'ને પણ એવું કંઇ કરાવ્યા જ કરવાની ટેવ પડી ગઇ! એને પહેલી અદાવત થઈ અન્નદેવ જોડે! ખાવાનો અને રડવાનો વખત સાથે જ થાય! ત્રણ બહેનો અને બીજા સ્નેહીઓ સરઘસ કાઢે. એક ખાવાનું લે, બીજું ઘંટડી લે, ત્રીજું એને ઊંચકે, ચોથું સિસોટી વગાડે. પછી બેચાર ખંડમાં બધાં ફરે. 'ભાઇ'ને છાના રાખવાના પ્રયત્ન થાય. એમાં કોઇ વાર 'ભાઇ' છાનો રહી જાય ને અજાણતાં કોળિયો ગળી જાય!"

'ભાઇ'નો જન્મ થતાં સુધી ટેકરા પર શાંતિ હતી; માત્ર મોટા-કાકાને જ છોકરા હતા, એટલે જમીનની આવક પણ એ લેતા અને સરમુખત્યારી ભોગવતા. પણ પુત્રજન્મ પછી માણેકલાલને લાગ્યું કે છેલ્લી વારના છોકરા માટે સત્રેળા બધું છૂટું નહિ થાય તો એનું શું

સૉક્રેટિસ, ઈસુ, લિંકન અને ગાંધી પછી

જૉન કેનેડી

અમેરિકાના રાજકારણને એક નવો જ ઝોક આપી, જગતની ધૂંધવાઈ રહેલી અશાંતિને ઠારવાની દિશામાં પ્રશસ્ય ને સહૃદયી પ્રયત્નો કરનાર, અમેરિકાના તરુણ ને તેજસ્વી પ્રમુખ કેનેડીના એ પુરુષાર્થનાં મીઠાં પરિણામોની આશા સ્પષ્ટ થવા લાગી હતી એ જ વખતે, ગઈ ૨૨મી નવેમ્બરે–અને જગતના ઇતિહાસમાં સદાના ગોઝારા શુક્રવારે–ત્યાંના ટેક્સાસ રાજ્યના ડલાસ શહેરમાં એમની હત્યા થતાં જગત સમગ્ર પર એક કારમી સ્તબ્ધતા છવાઈ ગઈ. માનવ-જાતના એક ખરા હિતચિંતક તરીકે દુનિયાની ડાબી-જમણી બંને પાંખ-નાં સમજુ રાષ્ટ્રોએ એમને સાચા અંતરથી વધાવવા માંડેલા ત્યારે જ એકાએક આવી પડેલી આ ભારે ખોટથી માનવજાત જાણે રાંક બની ગઈ.

દુષ્કાળને લીધે અમેરિકા આવી વસેલા આયરિશ કુટુંબમાં એના પિતા જૉસેફ કેનેડીનો જન્મ થએલો. વહાણ બાંધવાના અને બૅંકિંગ જેવા અનેક ભારે વ્યવસાયોમાંથી મબલખ કમાણી કરનાર જોસેફે પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટના વખતમાં રાજદૂત તરીકેની કામગીરી પણ બજા-વેલી. બૉસ્ટનના નગરપતિ જ્હૉન ફ્રાંસિસ ફિટ્ઝેરલ્ડ સાથેના લગ્ન પછી થએલા એમના આ બીજા સંતાન જૉન ફિટ્ઝેરલ્ડ કેનેડીએ બૉસ્ટ-નમાં, અને પછી લંડનની સ્કૂલ ઑવ ઇકોનૉમિક્સમાં હૅરૉલ્ડ લાસ્કી જેવા પ્રાધ્યાપક પાસે ભણીને, માસાચુસેટ્સની હાર્વર્ડ યુનિવર્સિટી-માંથી ગ્રેડ્યુએટ થયા બાદ, લંડનમાં પિતાના દફતરમાં થોડો વખત કામ કર્યું. 'વ્હાઇ ઈંગ્લંડ સ્લેપ્ટ' નામના ૧૯૪૦માં પ્રકટ થએલા એમના એક પુસ્તકમાં એમના એ વખતના અનુભવોની છાપ છે.

ઈ. ૧૯૪૧માં એમણે લશ્કરમાં જોડાવાનો પ્રયત્ન કર્યો, પણ ફૂટ-બૉલ રમતાં પીઠમાં થએલા એક ઘાની ખોડને કારણે એમને સ્વીકાર-વામાં આવ્યા નહિ. પાંચ માસની સતત સારવાર ને કસરતો દ્વારા એ ખોડ દાબીને એમણે નૌકાદળમાં જગ્યા મેળવી, ને ત્યાં પોતાની અનેકઅંગી યોગ્યતા પુરવાર કરીને પ્રશાંત મહાસાગર પર જવાબદારી-ભરી કામગીરી મેળવી લીધી. પનામા નજીકના વિસ્તારોમાં ધૂસી આવતાં જાપાની યુદ્ધજહાજો સામે ચોકી કરવા બાર માણસોની ટુકડી વાળી નૌકા 'પી. ટી. ૧૦૯'ના કપ્તાન તરીકે એમને નીમવામાં આવ્યા. પચ્ચીસ જ વર્ષની ત્યારે તેમની ઉમર હતી. ૧૯૪૩ની ૨જી ઑગસ્ટે એક જાપાની યુદ્ધજહાજે ઓચિંતી દેખા દઈ એમની નૌકાનાં બે ફાડચાં કરી દીધાં. એકાએક આવી પડેલી આ કટોકટીમાં, ચારે તરફ પાણી પર બળતા પેટ્રોલ વચ્ચેથી, પી. ટી. ૧૦૯ના તરતા રહેલા ભંગારની એકમાત્ર સહાય સાથે, એમણે પોતાની દુ:ખતી પીઠે, સાથીદારોને બચાવવા જે જેહમત ને પરાક્રમ કરેલાં એ કોઇ પણ રોમાંચક સાહસ-કથાથી કમ ન હતાં. મુખ્ય મથકોએ તો એ સૌને મરણ પામેલા જ માની લીધેલા. એ વખતે, બચાવ માટે સહાય મેળવવા, મુખ્ય જળમાર્ગ પર કોઈ જહાજની રાહ જોતાં કલાકો સુધી ભૂખે પેટે તરતા રહીને એમણે સૌને હિંમતનું દૃષ્ટાંત પૂરું પાડયું હતું. આખરે બે આદિવાસીઓ મળી જતાં, નાળિયેરની એક કાચલી પર એમણે સંદેશો મોકલી સહાય મેળવી. એમની એ વીરતાને અમેરિકન નૌકાદળે 'નેવી' અને 'મરીન કોર'ના ચંદ્રકોથી નવાજી હતી. ને પેલી નાળિયેરની કાચલી તો પછી હમેશાં એમના ટેબલ પર રહેતી આવી હતી.

યુદ્ધ પછી સાનફ્રાંસિસ્કોની સંયુક્ત રાષ્ટ્રોની બેઠકમાં તથા પોસ્ટ-ડામ કૉન્ફરન્સમાં, અને ૧૯૪૫માં બ્રિટનની ચૂંટણીમાં અખબારના ખબરપત્રી તરીકે કામ કર્યા બાદ, ૨૯ વર્ષની વયે રાજકારણમાં પડીને એ અમેરિકાની પ્રતિનિધિસભામાં અને ૧૯૫૨માં સેનેટમાં ચૂંટાયા. '૫૩માં જૅકેલિન બોવીએર સાથે લગ્ન કર્યું; '૫૪માં પીઠનું ઑપરેશન કરાવ્યું; અને '૫૬માં ડેમોક્રેટિક પક્ષમાંથી ઉપપ્રમુખપદ માટે ઉમેદવાર નિમાતાં જરા માટે રહી ગયા પછી, ૧૯૬૦માં પોતાના રીપબ્લિકન હરીફ અને અમેરિકાના માજી ઉપપ્રમુખ રીચાર્ડ નિકસન સામે વિજય મેળવી તે પ્રમુખ તરીકે ચૂંટાઇ આવ્યા ત્યારે તેમની ઉંમર માત્ર ૪૩ વર્ષની જ હતી. અમેરિકાના એ પાંત્રીસમા અને સૌથી નાના તેમજ પ્રથમ રૉમન કૅથોલિક પ્રમુખ હતા.

એટલી નાની વયે પ્રમુખપદ સુધી પહોંચનાર એ પુરુષાર્થી પુરુષનું વ્યક્તિત્વ નિરાળું હતું. પિતાના લાખો ડૉલરના ટ્રસ્ટના એ એક વારસ-દાર છતાં બજાવેલું પી. ટી. ૧૦૯નું વીરત્વ એમની આગવી પ્રતિભાનું

થશે? ઊંવટે ટેકરાનો ભાગ વહેંચાયો, તેમાં મોટાકાકા ખાટી ગયા! માણેકલાલની બદલી સુરત થઈ. ત્યાં નવરાશે એ કનુને અંગ્રેજી શીખવતા. દીકરાને સિવિલિયન કરવાની એમને હોંશ હતી. એમને સંગીતનો પણ શોખ. રાતે જમીને એ તબલાં વગાડતા અને ગાતા. કનુભાઈને પણ એ ચટકો લાગ્યો. 'બત્રી એકું બત્રિયા'ના આંક એમણે તબલાં સાથે ગોખેલા! એ વખતે કનુ-funny little boy 'અરેબિયન નાઈટ્સ' વાંચી કલ્પનાને ચગવતો. દમાસ્કસને દરવાજે કોઈનો કળશ ઢળે અને સુલતાનની શાહજાદી મળે એવી કલ્પનામાં એનું મન રંગ્યા કરતું. એ અરસામાં સુરતમાં નાટક કરવા માટે 'વાંકાનેર મંડળી' આવી અને કનુ તેમાં ગુલતાન થયો. એના કુમળા દિલ પર નાટકની જબરી અસર થતી. ભરૂચમાં 'રાણકદેવી રા'ખેંગાર' નાટકમાં સિદ્ધરાજ જ્યારે રાણકના બે દીકરાઓને મારી નાખતો ત્યારે આ છોકરો ખુરશી પર ઊભો થઈને રડ્યા કરતો! સુરતમાં નાટકો જોતાંજોતાં એના ચિત્તની કલ્પનાઓ આસમાને ચગવા માંડતી. ત્યાર પછી એવી જ પ્રબળ અસર ગાગરભટ્ટની કથાઓએ પણ કરી.


થોડો સમય વીત્યો. ભરૂચમાં કનુભાઈને જનોઈ દેવાનો અવસર આવ્યો. સાથેસાથે એમને માટે વહુની પણ વરણી થવા માંડી. અનેક કન્યાઓની તપાસ પછી ચાર વર્ષની વહુ પસંદ થઈ. એના જનોઈ પછી માણેકલાલ સચીનમાં દીવાન નિમાયા ત્યાં એની ચિત્તસૃષ્ટિને અદ્ભુત રંગે રંગાવાની વિપુલ સામગ્રી હતી. 'હાતીમતાઈનાં પરાક્રમો' ને 'મુદ્રા અને કુલીન' જેવી નવલકથાઓ એની કલ્પનાને દત્તજી ઐતિહાસિક નવલકથાનો માર્ગ બતાવી રહી હતી. "તેમ છતાં સચીનનાં સંસ્મરણોનું તેજસ્વી મધ્યબિંદુ તો એક આઠનવ વર્ષની બાલિકા હતી—ગૌરવર્ણી ને તેજસ્વી, હેતાળ ને તોફાની. બાલ કનુની કલ્પનાએ એ 'દેવી'ની આસપાસ કંઈકંઈ સૃષ્ટિ ઘડી ને ભાંગી" ઈ.સ. ૧૯૦૭માં માણેકલાલ ડેપ્યુટી કલેક્ટર બની ભરૂચ આવ્યા. એવામાં એમને ભયંકર મંદવાડ આવ્યો. ભગવાન ચંદ્રશેખરની કૃપાથી એ મરતા બચ્યા.

"અમારા જીવતાજાગતા પ્રપિતામહ સમા એ ચંદ્રશેખર મહાદેવને કરસનદાસ મુનશીએ ભક્તિભાવથી સ્થાપ્યા હતા. નરભેરામ મુનશીએ એની સ્વહસ્તે પૂજા કરી હતી. એને લીધે ટેકરાના ટેક ને સંસ્કાર કાયમ રહ્યા હતા. બાપાજી દર શ્રાવણ મહિનાના સોમવારે એમની રુદ્રી કરાવતા. એમની કૃપા વડે હું જન્મ્યો હતો. બાપાજીને એમણે ઉગાર્યા હતા. ચંદ્રશેખરની ભક્તિ કરવી અને કરાવવી એમાં બાને ઘણો રસ હતો. બાપાજીએ સવા લાખ બીલીપત્રો વડે મહાદેવજીની વિધિપૂર્વક

જ ઘોતક હતું. મિનિટના ૧૨૦૦ શબ્દોના હિસાબે પુસ્તકો ભરખી જવા જેવી એમની વાચનભૂખ હતી. નિયમિત દસેક વર્તમાનપત્રો અને સોળેક સામયિકો જોઈ જવા જેટલી બહારના જગત્ વિશે જાણવાની જાગૃત જિજ્ઞાસા એમનામાં હતી. સાહિત્યકારોના મિલન-સમારંભો, વ્યાખ્યાનોમાં ને વહેવારમાં જરા શા દંભ વિનાની નિખાલસ રમૂજી ટકોર, મિલનસારપણું, પ્રમુખ તરીકેના પગારની સમગ્ર આવકના કલ્યાણમાર્ગે ઉપયોગ, વ્હાઈટ હાઉસમાં યોજાતી મહત્ત્વની દરેક મુલાકાત વેળાની, ઝૂલતી ખુરશી પરથી પ્રકાશતા એમના એ જસ્વી વ્યક્તિત્વમાંથી નીતરતી સહૃદયતાભરી માનવતા, એ બધાં એમના આગવા વ્યક્તિત્વના જ ઘોતક હતાં.

માનવમન પરથી યુદ્ધના ઘેરા ઓળા દૂર કરવામાં છેલ્લાં ત્રણ વર્ષમાં એમના જેટલું કાર્ય કોઈએ કર્યું નથી. અમેરિકાને અવકાશ અને વિજ્ઞાનના ક્ષેત્રે મોખરે લાવવાની ઇચ્છા, હબસી સુદ્ધાં બધાંને એકસરખા નાગરિક હક્ક આપવાની હિમાયત, વૃદ્ધોને સરકારી સહાય સાથે વૈદકીય સારસંભાળ આપવાની લાગણી, અને કરઘટાડા તથા અવિકસિત દેશોને અપાતી સહાયમાં હજી વધારો કરવાના એમના આગ્રહ પાછળ એમની એ માનવતા ને એમના દેશપ્રેમ જ જોવા મળે છે. અમેરિકામાં પોલાદ ઉદ્યોગ તથા તેના કામદારો વચ્ચેના ગજગ્રાહ વેળા, ક્યૂબાના પ્રશ્ને ઊભી કરેલી કટોકટીમાં, અને છેલ્લે હબસીઓને સમાન હક્ક આપવાની બાબતમાં તો ખુદ પોતાના પક્ષમાં પણ જાગેલા વિરોધની સામે એમણે જે હિંમતભર્યું વલણ દાખવ્યું એના પરથી એમની ધ્યેયનિષ્ઠા અને અવિચળતાની પ્રતીતિ થાય છે.

લોકલાગણીની સામે પૂરે ચાલીને પણ આત્યંતિક શુભ અને કલ્યાણની ભાવનાથી પ્રેરાઈને લીધેલા પગલાંમાંથી પાછી ન હઠનાર અને મતદારોમાં સસ્તી લોકપ્રિયતા મેળવવા ખાતર લોકહિતને ભૂલી સિદ્ધાંતમાં બાંધછોડ નહિ કરનાર કેટલીક વ્યક્તિઓને એમણે પોતાના 'પ્રોફાઈલ્સ ઈન કરેજ' નામે ધીરમૂર્તિઓનાં ચારિત્ર્યોના એક પુસ્તકમાં બિરદાવી છે. સાહિત્યસર્જન માટેનું અમેરિકાનું માનભર્યું 'પુલિટ્ઝર પારિતોષિક' જ્યારે એમના આ પુસ્તકને મળેલું હતું ત્યારે તો કેનેડી હજી કોઈ ગણનાપાત્ર સત્તાસ્થાને પણ આવ્યા નહોતા.



અમેરિકન શસ્ત્રોની ધાકથી જગતને ચૂપ કરવામાં નહિ, પણ ઝૂંપડી ને ગામડાંમાં વસતી અરધી ગરીબ દુનિયાની પ્રજાઓને પોતાનું કલ્યાણ સાધવામાં ખરેખર સહાયભૂત બનીને સાચી શાંતિ સ્થાપવાની એમની વાંછના વડે તેઓ જગતની ભાવિ પ્રજામાં સુખ પ્રસરાવવા માગતા હતા. અણુપ્રયોગબંધીના કરાર, અવકાશને માનવીય પુરુષાર્થનું સ્થાન બનાવવાના એમનો અનુરોધ, આદિ ઉત્તરોત્તર ઊજળા ભાવિની ઝાંખી કરાવતી એમની કામગીરી કેમ ભૂલાશે?

એમના શાસનમાં અમેરિકાએ દર્શાવેલી દૃઢતા, દક્ષતા, સાહસયુક્ત તડજોડ વૃત્તિ, ને સૌથી વધુ તો નિઃસ્વાર્થ ઉદારતા નોંધપાત્ર છે.

એમની આંતરિક અને વિદેશનીતિએ એમને જ્યારે અનિવાર્ય બનાવ્યા હતા એ જ વખતે આ દુઃખદ ઘાત ન સર્જાયો હોત તો આવતાં થોડાં વર્ષોમાં જગતની રૂખ કદાચ ઓર ઊજમાળી બની રહેત.

પૂજા કરાવી. એક વર્ષ સુધી સાથિયા પૂરવાનું મારી એક બહેને વ્રત લીધું. મેં પણ સંધ્યાની સાથે શિવકવચ બોલવા માંડ્યું. મારી જાતે રુદ્રી કરી શકાય એ માટે હું દલપતરામ પાસે સ્વર સાથે પુરુષસૂક્ત શીખ્યો.

અમારા ચંદ્રશેખરનું બાણ પૂનમે ગૌરવર્ણું થાય છે અને અમાવાસ્યાએ શ્યામ બને છે, એ કુટુંબની કહેતી ખરી છે કે નહિ તે તપાસવા અમે નાહી, પૂજા કરી અનેક વાર પ્રયત્ન કર્યો હતા, અને કહેતી ખરી છે એમ અમને ખાતરી થઈ હતી. શ્રદ્ધા ને અશ્રદ્ધાની ઘણીખરી શ્રેણીઓમાંથી હું પસાર થયો છું, એટલે મને આજે સ્પષ્ટ લાગે છે કે આવી કોઈ જીવતી સામુદાયિક ભક્તિ વિના કુટુંબીજનોની ઊર્મિઓનું સંસ્કરણ ને તેમનાં વ્યક્તિત્વનો પરસ્પરાવલંબી વિકાસ શક્ય નથી.

બાપાજીની ભક્તિ પણ અમને એક તાંતે વીંટી લેતી. બા ઘરની વ્યવસ્થા કરતી ને બધાંની કાળજી રાખતી. પણ બાપાજી તો દેવ હતા. એમને રીઝવવા અને એમને માટે પૂજ્યભાવ કેળવવો એ અમારો મુખ્ય ધર્મ હતો. આ ધર્મ બા શીખવતી. પણ એની લાક્ષણિક રીતે, આચારથી. બા પાસે કંઈ રજા લેવા જઇએ તો એક જ જવાબ મળે: 'બાપાજીને પૂછી જોઇશ.' અમને ઠપકો મળે તો એટલો જ: 'બાપાજીને એ નહિ ગમે.' અમને સ્વચ્છ કે કામગરા કરવા હોય તો પણ એ જ રસ્તો: 'ઊઠો, હમણાં બાપાજી આવશે!' અમે કોઈ માંદા પડીએ તો પણ એક જ આશ્વાસન: 'બાપાજી હમણાં આવશે એટલે માથું દુખતું મટી જશે.'

બાની પતિભક્તિ આમ સર્જનાત્મક હતી. એના વડે એણે અભેદ્ય કુટુંબજાળ રચી હતી. બાપાજી શરીરે જાડા ને ઠીંગણા હતા. એમનો વર્ણ ગોરો ને ગુલાબી હતો. એમના ભરેલા મુખ પર રાજ્યસત્તાનું તેજ હોય એવું ગૌરવ સદાય રહેતું. એમની આંખ હમેશાં ડારતી. એમની પાસે આવતાં એમને જોઇને જ ધાક લાગતી. તે જેવા ઉગ્ર હતા તેવા જ હિંમતવાન હતા. તે ઘોડે બેસતા, બંદૂક ને તલવાર વાપરી જાણતા. કામ પડ્યે તે પંદર માઈલ ચાલી શકતા."

કનુભાઇ મૅટ્રિકમાં આવ્યા. એમની થનાર પત્ની અતિલક્ષ્મી એ વખતે નવની હતી, દેખાતી પાંચની. ભાઇને પરણવું ગમ્યું નહિ. એમને તો પેલી બાલસખીને પરણવું હતું. પણ કોઇને કહેવાય તેમ હતું નહિ. અંતે શુભમુહૂર્તે ભાઈ વાજતેગાજતે 'બૈરી જીતવા' નીકળ્યા.

એ કાળે એમના શ્રદ્ધાવાન ચિત્ત પર હાઈસ્કૂલના હેડમાસ્તર મિ. કૉન્ટ્રેક્ટરના 'રેફર્મેશન' વિષેના ભાષણનો પ્રભાવ પડ્યો. શ્રદ્ધા અને શંકા વચ્ચે હૃદય ઝોલાં ખાવા લાગ્યું. બુદ્ધિવાદ પાંગરવાની શરૂઆત થઈ. પ્રાર્થના સંસ્કૃતમાં જ શા માટે? સંધ્યા કરવાનું ફારસ ક્યાં સુધી કરવું? સૂર્ય ધર્મ અર્થ કામ અને મોક્ષ માટે તપે છે તેનો પુરાવો શો? ખગોળવિદ્યા તો કહેતી હતી કે એ માત્ર નિર્જીવ તારો છે. આ વિચારો પકવ થતાં એમણે સંધ્યા, શિવકવચ, રુદ્રી છોડ્યાં અને સાથે ૧૯૦૧ માં ભાર્ગવ જુવાનોની પહેલા વર્ષે નપાસ થવાની પ્રણાલિકા તોડી એ મૅટ્રિકમાં પહેલે જ વર્ષે પસાર થયા.

૧૯૦૨માં એ વડોદરા કૉલેજમાં દાખલ થયા. તોફાન અને ધીંગામસ્તીની સાથેસાથે ઇતિહાસ અને તત્ત્વજ્ઞાનના વિષયોમાં પણ રસ વધવા લાગ્યો. પ્રો. જગજીવન શાહ હતા તત્ત્વજ્ઞાનના પ્રોફેસર; પ્રો. અરવિંદ ઘોષ અંગ્રેજીના. એ બંનેનો અદ્ભુત પ્રભાવ આ તેજસ્વી તરુણ પર પડ્યો. એના ચિત્તનું સંસ્કારઘડતર પૌરાણિક હતું તેનો ધીરેધીરે છેદ ઊડતો જતો હતો. વર્ણાશ્રમમાંથી પણ હવે એની શ્રદ્ધા ચળી હતી. એ વખતે પ્રજામાં રાષ્ટ્રભક્તિનો જુવાળ ચડી રહ્યો હતો.

પરંતુ ઇ. ૧૯૦૨માં ગણિતમાં નપાસ થવાથી વર્ષ બગડ્યું, અને ૧૯૦૩માં ટેકરાની જાહોજલાલી પણ સંકેલાવા લાગી. વડીલો વિદાય થવા માંડ્યા હતા. મે માસની પહેલી તારીખે અચાનક બાપાજીને હૃદયમાં સખત વેદના શરૂ થઇ અને આઠમી મેની રાતે એમણે ખુરશી પર માથું નાખી દીધું. કુટુંબનું છત્ર ઊડી ગયું અને ઘરમાં કરકસરનો વહેવાર શરૂ થયો. અભ્યાસ તો ચાલતો જ હતો. ૧૯૦૩માં પ્રીવિયસની અને ૧૯૦૪માં ઈન્ટરની પરીક્ષા પસાર કરી.

બાને હવે બીજી ચિંતા આવી પડી. વહુ બાર વર્ષની થઈ હતી અને એ વખતના શિષ્ટાચાર પ્રમાણે તેને સાસરે બોલાવી લેવાની જરૂર ઊભી થઈ હતી; પણ વહુ વિષે ભાઈના ખયાલો નાટકી હતા. બાએ વહુને ઘેર રાખી ભાઇને પસંદ પડે તે માટે કેળવવા માંડી. પિયરિયાંઓને એ પસંદ ન પડ્યું. મૂંઝાતા યુવાનની એ વખતની નોંધપોથીનું પાનું બોલે છે: 'અતિ ઘેર આવવાની છે પણ તે તદ્દન અભણ છે; અને એની મા એને ભણાવતી નથી ને બાને ભણાવવા દેતી નથી.'

જુવાન મુનશીની મનોવેદના અસહ્ય હતી. પશ્ચિમના વાચનથી એ પૂરા આત્મકેન્દ્રી બની ગયા હતા. એમણે પ્રેમવિવાદ કરી શકે અને કૅન્ટ કે સ્પેન્સર સાથે વાંચી શકે તેવી સહચરી ઝંખી હતી... ને મળી લક્ષ્મી—શરીરે બુદ્ધિમાં ને વિકાસમાં બાળક! એમને 'દેવી'ની યાદ તીવ્રપણે સતાવી રહી હતી. સંસારની અતૃપ્તિ એમને કોરી રહી. જાણે સંસાર માંડીને એમણે 'દેવી'નો દ્રોહ કર્યો હતો.

પણ "જીજીમા સદાય મારા માટે પ્રાણ આપવા તત્પર હતાં. મેં એમની આજ્ઞા ઉઠાવવાનો નિશ્ચય કર્યો. મા, અને જે છોકરીના જીવનનો હું આધાર હતો તેને દુઃખી કરવામાં મને પાપ દેખાવા માંડ્યું. દિવસ ને રાત મારો જીવ ઉચાટમાં રહેતો. મનની સ્વસ્થતા પ્રાપ્ત કરવા આથી હું વાંચ્યા કે લખ્યા કરતો.

હું હતાશ થઈ ગયો. મારું હૈયું સદા રડતું રહેવા લાગ્યું. મેં મરવાનો નિશ્ચય કર્યો. ૨૨મી એપ્રિલની આગલી તારીખની રોજનીશીમાં મેં હૃદય ઠાલવ્યું... પાછળથી ડહાપણ વાપરી પાનાં ફાડી નાખ્યાં.

"લક્ષ્મી નિર્દોષ ને શ્રદ્ધાળુ હતી. એની આંખોમાં સદાય ભક્તિ તરવરતી. એ તો માત્ર મારી મહેરબાનીની દીન ભિખારણ હતી. એની જોડે ક્રૂરતાથી વર્તવાનું મારે માટે અઘરું થઇ પડ્યું. એટલે હું મારી જાત પર ક્રૂર થયો. ૯મી જૂને ઉનાળાની રજા પૂરી થઇ ને હું કૉલેજમાં જવા તૈયાર થયો ત્યારે મેં નોંધ કરી: 'આવી ભૂંડી રજા મેં કદી ગાળી નથી. હું તો હૈયાંભંગ થઈ ગયો છું. મારો આનંદ અસ્ત થઈ ગયો.'

૧૯૦૫માં પ્રોફેસરો અને સહાધ્યાયીઓ મારા તરફ પક્ષપાત બતાવવા લાગ્યા. વાદમંડળમાં પણ મારું સ્થાન આગળપડતું હતું. અશાંત મગજને લીધે મને રાત્રે ઊંઘ આવતી નહિ ત્યારે હું વાંચ્યા જ કરતો. આ વર્ષમાં તત્ત્વજ્ઞાનના વાચન ઉપરાંત મેં ફ્રાન્સના વિપ્લવનો અભ્યાસ કર્યો. હ્યૂગોની કૃતિઓ પણ વાંચી ગયો. દુમાની તો એકેએક કૃતિ અનેક વાર વાંચી. ને એ સમયની મારી નોંધપોથીમાં લખ્યું છે કે વર્ડ્ઝવર્થ, બાયરન, શેલી અને ટેનીસનનાં બધાં કાવ્યો વાંચી ગયો.

પરીક્ષાનું પરિણામ આવ્યું; હું પહેલા વર્ગમાં આવ્યો હતો ને અંબાલાલ સાકરલાલ પારિતોષિક પણ મારી ગયો હતો.

બુદ્ધિના બડેખાં હોવાનું મારું અભિમાન ઓછું નહોતું. સોળમે વર્ષે તો મેં તત્ત્વજ્ઞાન વાંચવા માંડેલું. સત્તરમું પૂરું થતાં તો હું જર્મન તત્ત્વવેત્તા કૅન્ટનું 'શુદ્ધ પ્રમાણનું પૃથક્કરણ' સમજવાનાં ફાંફાં મારતો.

૧૭-૧૨-૧૯૦૫ને દિવસે વડોદરા કૅમ્પમાં દારાશાને ત્યાં અમે જે જે વિષયો ચર્ચ્યા હતા તેની મેં નોંધ કરી હતી: પારસીઓની સામાજિક સ્થિતિ, ગાયકવાડી રાજ્યમાં ખેડૂતોની સ્થિતિ, બહિષ્કાર પ્રવૃત્તિ, હિંદની વિશિષ્ટતા, ઈશ્વર અને સ્ત્રીની સમાનતા.

ઈશ્વર તો મારો પ્રિય વિષય થઈ પડ્યો હતો; કારણ કે નાસ્તિકતા ને જડવાદ હું સ્વીકારતો થયો હતો. ફ્રેન્ચ વિપ્લવ વખતના વિચાર-

તરંગોએ મને મુગ્ધ કર્યો હતો. મિરાબો, શેક્સપિયર, દાંતાં, ને નેપોલિયન—ચારેયનાં પરાક્રમોનું મનન ને કીર્તન હું કર્યા કરતો હતો. જેવો હું પહેલાં ધર્મચુસ્ત હતો, તેવો જ હવે પાશ્ચાત્ય સંસ્કારને વશ થઈ ગયો હતો. મેં જનોઈ ને શિખા પણ ત્યાગ્યાં હતાં.

૧૯૦૫માં મારી જન્મતિથિએ મેં એ વખતનું મારું વર્ણન લખ્યું હતું: 'મને અઢાર વર્ષ પૂરાં થયાં. તેમાં છ મહિના તો હું ગમગીનીમાંથી છૂટી શક્યો નહિ. મારે કર્મે હવે બહુ થોડું જીવવાનું લખાયું છે, પણ એટલામાં મારે માટે, મારા દેશને માટે ને મારા દેશબંધુઓ માટે કંઈક ચિરંજીવ કરી જાઉં એવી મારી ઇચ્છા છે.'

એ વખતે મને જે દુ:ખ થતું હતું તેના અગ્નિમાં દાઝતાં દાઝતાં મેં અનેક પ્રકારની નવી પ્રવૃત્તિઓ આદરી. રોજ રાતે અકળામણ થતી હોવાથી શેતરંજી પર સૂવાનું શરૂ કર્યું. થાકી જવાય માટે બન્યું તેટલું ટેનિસ રમ્યો. ઊંઘ ન આવે ત્યારે ઘાસના પટ પર પડી રહી ગ્રહો ને તારાઓ જોવા માંડ્યા. હું ક્લાસમાં માત્ર હાજરી પુરાવવા જ જતો; બાકીનો વખત વાંચ્યા કરતો. અમારા તત્ત્વજ્ઞાનના અધ્યાપક પુરોહિતના વર્ગમાં ન જતો પણ તત્ત્વજ્ઞાનના કોયડા ઉકેલવા તેમને ઘેર જતો.

હિંદમાં રાજકીય પરિવર્તન થઈ રહ્યું હતું. ૧૯૦૫ની ૧૧મી ફેબ્રુઆરીને રોજ કર્ઝને હિંદીઓને જૂઠા કહ્યા. ૧૯મી જુલાઇએ બંગભંગનો ઠરાવ બહાર પડ્યો. ૭મી ઑગસ્ટે આખા બંગાળે સ્વદેશીવ્રત લીધું. ૧લી સપ્ટેમ્બરે નવા પ્રાંતનું જાહેરનામું બહાર પડ્યું. ૧૬મી ઑક્ટોબરે બંગભંગ અમલમાં આવ્યો. તે વખતની પરિસ્થિતિ અને આ બનાવોની મારા પર થએલી અસર મેં 'સ્વપ્નદ્રષ્ટા'માં આલેખી છે. મોહનલાલ પંડ્યા પર અરવિંદ ઘોષની ખૂબ અસર હતી. એને પરિણામે એણે મને એક ગુપ્ત મંડળમાં જોડાવાની વાત કરી. એક વખત હું અરવિંદ ઘોષના ભાઇને પણ મળ્યો. એમના તરવરતા વ્યક્તિત્વે મારા પર ઊંડી અસર કરી. બૉમ્બ બનાવવાની યોજના વિષેની યાદી પણ મેં જોએલી. પણ હિંસાત્મક ક્રાન્તિકારી થવાની મારામાં તાકાત જ નહોતી એમ મને લાગ્યું. છતાં રાષ્ટ્રીયતાનો અભ્યાસ તો મેં ચાલુ જ રાખ્યો. હિંદમાં મોટો વિપ્લવ થાય તો ગાયકવાડ સરકાર હિંદી સ્વાતંત્ર્યના વિક્ટર ઇમૅન્યુઅલ બનશે એવી આશાઓ જે અભ્યાસીઓ સેવતા તેમાંનો હું પણ એક હતો. જાપાન, ચીન અને હિંદ ત્રણે મળી એક સ્વતંત્ર 'બુદ્ધદેશ' કેમ થાય તેની મેં એક યોજના પણ તૈયાર કરી હતી.

અરવિંદ ઘોષની સૂચનાથી હું વિવેકાનંદની કૃતિઓ વાંચવા લાગ્યો. એ વાંચતાં મને ભગવાન પતંજલિની પહેલી વાર ઓળખાણ થઈ. સદ્ગત મણિલાલ નભુભાઇએ પતંજલિનાં થોડાં સૂત્રો પર લખેલું અંગ્રેજી પુસ્તક મહામહેનતે મેં મેળવ્યું ને તેમાં માથું મારવા લાગ્યો.

મારી પાસેનું એ 'યોગસૂત્ર' આજે જૂનું થઈ ગયું છે. સેંકડો વાર એને વગર સમજ્યે કે ઊંધું સમજ્યે મેં વાંચ્યું છે. હજી આજે ય ત્રીજા ને ચોથા પદમાં ચાંચ પણ બૂડતી નથી. છતાં મેં એને વડોદરા કૉલેજની અગાસીમાં વાંચ્યું; મુંબાઈમાં કાંદાવાડીથી રિજ રોડ સુધી વાંચ્યું; નાશિક ને બીજાપુર જેલમાં વાંચ્યું. આમ પતંજલિ મારા જીવનના સાથી છે—સુખમાં ને દુખમાં, એકલતામાં ને સંઘમાં: મને રક્ષતા, મને ડૂબતો અટકાવતા, મને પ્રેરતા ને દોરતા. ભગવાન પતંજલિના સ્પર્શે મારો પાશ્ચાત્ય સંસ્કારનો અંધ મોહ ઓસરવો શરૂ થયો.

મારા મનમાં ચાલી રહેલી ઘડભાંગની પરવા કર્યા વિના બાએ જાદુ કરવા માંડ્યો હતો. લક્ષ્મી ભણવામાં આગળ વધી હતી; મને સગવડો પૂરી પાડવામાં યે હોશિયાર થતી જતી હતી.

> 'સમાજ કે ધર્મે ઘડેલાં બીબાંમાં રહી નિશ્ચેતન ઢીંગલીઓ બનશો મા. તપથી શક્તિ મેળવજો, ભાવનાથી શુદ્ધિ મેળવજો, અભ્યાસથી કાર્યદક્ષતા મેળવજો, જ્ઞાનથી સંસ્કારસમૃદ્ધિ ભેગી કરજો, છે તે જ જીવનમાં રસ કેળવી ઉલ્લાસ અનુભવજો; અને આમ ઘડાએલી માનવતાને વ્યક્ત કરજો—શબ્દમાં, વિચારમાં, ચારિત્ર્યમાં ને કર્તવ્યમાં; કોઇનો ભય ધાર્યા વિના, કશાની આશા રાખ્યા વિના. ગુજરાતે મહાન રાષ્ટ્ર થવું હોય તો તેની ઊગતી પ્રજાએ આ માનવતા પ્રકટાવવી જ પડશે.'

આજથી આડત્રીસ વર્ષ પર અમે ગુજરાતના ભદ્ર પુરુષો પાસેથી 'કુમાર'ના વાચકો માટે સંદેશ માગેલા. તેમાં મહાત્મા ગાંધીજીથી માંડી કાકાસાહેબ કાલેલકર આદિ અનેકો તરફથી મળેલા સંદેશમાં શ્રી કનૈયાલાલ મુનશીએ ઉપર્યુક્ત પ્રેરણાવચનો પાઠવેલાં.

મારી રહેણીકરણીની ટેવો ઘણી જ ખરાબ હતી. હું બાપાજીનાં જૂનાં ખમીસો કપાવીને પહેરતો. મારો એકપૂરો કોટ અને ટોપી હું બહારથી આવીને ખીંટી પર ફેંકતો અને તે ભોંય પર પડી જાય તો ત્યાંથી જ પાછો બીજે દિવસે બહાર જતી વખતે ઉપાડી લેતો. મારા જોડાને પણ પાલીસ કરવાની હું પરવા ન કરતો. રાતે શેતરંજી પર પડી રહેતો. વાળ હું ભાગ્યે જ ઓળતો. મારા ટેબલ પર ધૂળનો પાર ન હોય. ચોપડીઓ ને કાગળો પણ ગમેતેમ અવ્યવસ્થિત પડ્યાં હોય.

બાએ વરને વશ કરવાનો વહુને નવો કીમિયો શીખવ્યો. મારાં કપડાં, ટોપી ને જોડા સારાં રહેવા લાગ્યાં. મારું ટેબલ સ્વચ્છ ને વ્યવસ્થિત થતું ગયું. મારે જોઇતાં દાતણ, પાણી ને ચા મને ગમે એવી રીતે મળવા માંડ્યાં. પાટલો–લોટો સુઘડતાથી થવા લાગ્યા. જે બાજુ પર ફરું ત્યાં જાણી ન શકાય એવી રીતે સર્વ પ્રકારની સગવડ મળવા લાગી. લક્ષ્મી બોલતી નહિ, માગતી નહિ; આજ્ઞા કરવાની જરૂર પડે તે પહેલાં જ બધું વખતસર તૈયાર રાખતી. એની સાથે કેમ કચવાવું ને કેવી રીતે ગુસ્સે થવું એ પણ કોઈ રીતે સૂઝતું નહિ.

બે સ્ત્રીઓ—એક અનુભવી ને બીજી ઉત્સાહી—એક જંગલી વરુને વશ કરી રહી હતી! ૧૯૦૬ની વૅકેશનમાં નોંધપોથી મૂંગી થઇ જાય છે. કૉલેજમાં જતાં પહેલાં પાછી ખિન્નતા આવે છે, પણ વિષાદ રૂપે નહિ રોગ રૂપે; અને એને મટાડવાની દવા પણ હાથ લાગે છે.

હું, જરૂર પડ્યે, 'મારા આત્મા'ને કાગળો લખતો. ૯–૮–૧૯૦૬ ના રોજ લખેલો એવો એક પત્ર છે: 'વહાલા આત્મા, તું ક્યાં ગયો? તારી શક્તિ ફરી કેમ નથી પ્રગટતી? હિંમત રાખ, પ્રયત્ન કર; નહિ તો ગુલામ ઠરશે. તું બતાવી આપ કે તારાં માનસિક તોફાનો શમાવવાને તું સમર્થ છે. મૂર્ખા, આળસુ, તું જાગ. તારે નપાસ થવું છે?'

સપ્ટેમ્બર–ઑક્ટોબરમાં મેં ખૂબ વાચ્યું. હું બી.એ.માં સેકન્ડ ક્લાસમાં પાસ થયો. અંગ્રેજીમાં ૬૦ ટકા માર્ક મળ્યા ને મને ઈલિયટ



અતિલક્ષ્મી ૧૯૨૩માં

પારિતોષિક મળ્યું. સંસ્કૃતમાં નાપાસ થતો બચી ગયો. પરીક્ષાનું પરિણામ જાણી બાનું હૈયું હરખ્યું. એના તપની સિદ્ધિ પાસે આવતી લાગી. પણ આ સુખ બે દહાડા ટક્યું. ત્રીજે દહાડે મને સખત તાવ આવ્યો. અઠ્ઠાવીસ દિવસ સુધી બાનો જીવ તાળવે ચોંટ્યો મહાદેવજીનું રટણ કરીને તેણે દિવસ ને રાત ચાકરી કરી. મૂગે મોઢે ને ખડે પગે વહુએ પણ મહેનત કરી. ત્રણ મહિના સુધી હું પથારીવશ રહ્યો. માંદા-માંદા પણ મેં ઘણું વાંચ્યું. ખાસ કરીને કાર્લાઈલની મોહની વધી.”

પણ હૈયું હજી મુસકતુ જ રહે છે. ગીતાનું વાચન કંઈક શાતા હૂંફ આપે છે. એવા સંજોગોમાં અને આર્થિક જોગવાઈની મુશ્કેલીઓમાં એ એલએલ બી. થવાનો ઈરાદો સેવી મુંબઈ જાય છે. મુંબઈમાં અભ્યાસની સાથેસાથે નાટકચેટક પણ ચાલે છે. 'ઝેરી સાપ' ને 'ફાંકડો ફિતૂરી' જેવાં નાટકો અને અમૃતકેશવ નાયક તથા ગોહર જેવાં પાત્રો જુવાન મુનશીના ચિત્તને વિવશ બનાવી દે છે. 'ઝેરી સાપ' નહિનહિ તો એ પંદર સત્તર વાર જોઈ નાખે છે. અને નાટકમાં

જેવી મને દીધી ત્યજી, તેમ બીજીને ત્યજશો નહિ;
કોઈ પ્રીતિવશ અબળા બિચારી, ભોળીને ઠગશો નહિ.

જેવી દર્દીલી પંક્તિઓ જાણે મરતાંમરતાં 'દેવી' જ પોતાને સંભળાવી રહી હોય તેવી ભ્રમણામાં હૃદય આક્રંદ કર્યા જ કરે છે. આવી મનઃસ્થિતમાં ૧૯૧૦માં એલએલ બી. પસાર કર્યાનો ઉમંગ એમને થતો નથી. આખુ જગત એમને ખાલી લાગે છે. છતાં ઍડવોકેટ થવાની તૈયારી અને લક્ષ્મી સાથેનો ગૃહસંસાર ચાલે છે. એનું મધુર ચિત્ર મુનશી આત્મકથામાં દોરે છે:

“આ બધો સમય નાનકડી લક્ષ્મી નિઃશબ્દ સેવાથી મારા પર કાબૂ મેળવ્યે જતી હતી. એની સમગ્ર પ્રવૃત્તિનું મધ્યબિંદુ હું હતો. મારા ઊઠ્યા પહેલાં તે ઊઠે ને બધી તૈયારી કરી મૂકે. મારી આદત ને રુચિને અનુરૂપ ખાવાનું કરે. આ કાંઈ સહેલું નહોતું. હું તો હમેશનો કાગડો. મગજ ચગડોળે ચડ્યું હોય ત્યારે એકબે રોટલી વધારે ખાઈ નાખુ ને પછી અપચો થાય એટલે પીરસનારને વઢું! વગર કહ્યે બે પરોણા લેતો આવું ને તેમને માટે પણ તૈયારીની આશા રાખું. દિવસનો થાકયોહાર્યો આવ્યો હોઉં ત્યારે બે ડાકોચિયાં પણ કરી લઉં.

લક્ષ્મીએ આ બધા માટે અપૂર્વ સહિષ્ણુતા કેળવી હતી. તે બોલતી થોડું. મારો ધાક તેને બહુ લાગતો. તે કદી થાકતી નહિ ને થાકતી તો જણાવા દેતી નહિ. તે કદી રડતી નહિ, ફરિયાદ કરતી નહિ એને કોઈ સહિયર નહોતી ને વાંચવાનો શોખ પણ નહોતો. આખો દહાડો ઘરમાં પરોવાઈ રહેતી ને એના પતિદેવતા ક્યારે રીઝે એની વાટ જોતી.

એની સેવાએ મારા પર શાસન કરવા માંડ્યુ દિવસભર એ ઘરમાં એકલી રહેતી તેથી હું વહેલો ઘેર આવતો. ટ્રામમાંથી ઊતરી સાંજે હું ઘર તરફ પગલાં માંડતો ત્યારે રસોઈ તૈયાર કરી, બારી બહાર મોં રાખી, મારી વાટ જોતી એ ઊભી રહેલી હોય જ. મને પણ ઊંચુ જોવાની ટેવ પડી ગઈ હતી એને જોઈ મારા પગમાં નવું ચેતન આવતું ને હું ઉતાવળે દાદર ચડતો. મારે માટે એને આટલું બધું કરતી જોઈ મારું મનસ્વી ને સ્વાર્થી હૃદય વશ થઈ એના તરફ મમતાથી વળવા લાગ્યું.

મારા નિર્બળ શરીરની એ રખેવાળ બની રહી હતી. મારી નિર્ધનતાની એ ભાગીદાર, મારી સમૃદ્ધિ હતી. હું કોઈ વાર બહારથી જળેલો, અકળાએલો કે અપમાનિત થઈને આવ્યો હોઉં, ત્યારે વિશ્વાસથી મારી ટોપી લેવા એ સામે આવતી, ને જગતથી ઘવાએલો હું તદ્દન સાજો થઈ જતો. ઘેર આવતાં જ એ મને હસતે મુખે સત્કારતી તેથી મારામાં પૂર્ણ આત્મશ્રદ્ધા પ્રગટતી. મારે સદ્‌ભાગ્યે મારી કસોટીને સમયે નિર્ધનતામાં મને લક્ષ્મી મળી. એણે મારી શક્તિમાં પોતાનું સર્વસ્વ જોયું. મારું બખ્તર સજનારી એ, મારી અભેદ્યતાની સરજનહાર હતી. એ ન હોત તો મારું શરીર ક્યારનું યે ભાંગી ગયું હોત.

તે વખતે હું બે સારાં ગરમ પાટલૂન રાખતો ને વારાફરતી પહેરતો. તે અક્કડ દેખાય એ માટે, રોજ રાતે, અમે એકલાં હોઈએ ત્યારે તેને બ્રશ કરી, સળબંધ ગોઠવી, ઓશીકા નીચે રાખતાં. આ કામ લક્ષ્મી કરતી ને હું સામે બેસી જોડાને પાલીસ કરતો.

આવા રોજનાં નિત્યકર્મોથી અમારી ભાગદારી નવી તાંતે બંધાવા લાગી. મારા જીવનમાં લક્ષ્મી આમ આવી, મારી થઈ રહી—એના આત્મસમર્પણના અદ્‌ભુત જાદુથી. એનું બારી પર આડું પડેલું ગોળ રૂપાળુ મુખ, અધીરી આંખે નીચે રસ્તા પર મને ખોળતું, આજે પણ મારી આંખ સામે તરવરે છે.”

મુંબઈમાં ચંદ્રશંકર પંડ્યાનું ઓળખાણ થયું “એમનું મિત્રમંડળ દર રવિવારે આર્યસમાજ મંદિરમાં મળતું, તેમાં ઉત્તમલાલ ત્રિવેદી, નગીનદાસ માસ્તર, મનસુખલાલ માસ્તર, કાન્તિલાલ પંડ્યા, અંબાલાલ જાની, નરસિંહદાસ વિભાકર વગેરે મુખ્ય હતા. (જુઓ ચિત્ર) એ વખતે એ સભાનું નામ 'ધ યુનિયન' હતું. ૧૯૧૨માં અમે તેની પુનર્ઘટના કરી તેને 'ગુર્જર સભા' નામ આપ્યું. તેના એક મંત્રી થવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું.'

પોતાના પ્રગતિશીલ વિચારો તથા આકર્ષક ભાષા-શૈલીથી મુનશી તરત એ મંડળમાં પંકાઈ ગયા. ઉત્સાહ વધે એવો બીજો એક પ્રસંગ પણ બન્યો. ભયાનક મનાતી ઍડવોકેટની પરીક્ષા એમણે પ્રથમ ફટકે પસાર કરી. મુંબઈ, ભરૂચ, સુરત બધે માનપત્રોનો વરસાદ વરસ્યો.

આનંદના એ મોસમ પૂરી થયા પછી વ્યવસાયની મોટી ચિંતા આવીને ઊભી. “ઈ. ૧૯૧૩ના માર્ચની ૧૫મીએ સાડા અગિયાર વાગે હું કોઈનો ઝભ્ભો ને કોઈનાં ફરફરિયાં (બૅન્ડ્ઝ) પહેરી, કોર્ટમાં ન્યાયમૂર્તિ બીમન સાથે હાથ મેળવી, ઍડવોકેટ–ઓ. એસ.ની પંક્તિમાં આવ્યો. ત્યાંથી મારી નાનમ અને અપૂર્ણતાથી ગભરાએલો હું બૅરિસ્ટરો વચ્ચે જઈ બેઠો, ને જાણે ડૂબતો હોઉં એવો ભાસ થયો...ચારે તરફ અક્કડ કપડાં, ચમકતા સફેદ કાલરો, સીધા સળવાળાં પાટલૂનો ને સુંવાળા હાથરૂમાલ જોઈ મારી દરિદ્રતાનો મને તીવ્ર ખયાલ આવતો.”

ભૂલાભાઈ દેસાઈની ચેમ્બરમાં અનુભવ માટે “કેટલા યે દિવસના વિફળ ધક્કા પછી કોઈ દાવાઅરજીનો જવાબ તૈયાર કરવા માંડ એક બ્રીફ મળી. ઊલટભેર પોતાની વિશિષ્ટ અંગ્રેજી ભાષામાં ખરડો તૈયાર કર્યો. અને ત્રીજે દહાડે, 'આ અંગ્રેજી નહિ ચાલે' એવા ભૂલાભાઈના શેરા સાથે એ કચરાટોપલામાં પડ્યો! હાઈકોર્ટની ક્ષિતિજ પર એ સમયે ભૂલાભાઈ દેસાઈ નવા ઊગેલા સૂર્યની ભભકથી ચમકતા હતા.

બીજા દહાડાથી મારી આકરી તપશ્ચર્યા શરૂ થઈ. હું સવારે દસ વાગે ઘેરથી નીકળું, આખો દહાડો હાઈકોર્ટની લાયબ્રેરીમાં વાચું. કોર્ટ ઊઠે પછી મારા ચેમ્બરમાં બેસું. અને સાડા છ વાગે ભૂલાભાઈની ચેમ્બરની બહાર હાજર થઈ જાઉં. એમની કૉન્ફરન્સ સાતઆઠ વાગ્યા સુધી ચાલે. પછી હું એમની ચેમ્બરમાં જાઉં. એકબે નજીવા (અનુ. પૃ. ૫૧૫)

જયંતીલાલ
મહેતા

મણિમહાલનો ભૂત જ્યારે વર્તમાનમાં સજીવન થાય છે

મુંબાઈની નંબરપ્લેટવાળી એક ચકચકિત લીલા રંગની મોટર અલ્લાહાબાદના રાજમાર્ગ પર મેસર્સ ગુપ્તા ઍન્ડ ગુપ્તાની ઑફિસને દરવાજે આવીને અદાથી ઊભી રહી ત્યારે રસ્તા પરના વૈશાખી બપોરના ઓગળી ગએલા ડામરમાં પૈડાંએ ચીલા પાડી દીધા. જરાક ઠીંગણો, માંજરી આંખોવાળો ઈસ્ત્રીટાઇટ ઊજળાં કપડાંમાં સજ્જ એક પ્રૌઢ માનવી મોટરમાંથી ઊતરીને ગુપ્તાની ઑફિસમાં પેઠો.

મિ. ગુપ્તા તેની જ રાહ જોતા હોય તેમ ઊભા થઇ આવકારતાં બોલ્યા: 'આવો સાહેબ, આપ જ કપૂર સાહેબ, નહિ? આપનો પત્ર મળેલો. જમનાના કિનારે બાગબગીચાવાળા ત્રણેક બંગલા આપને માટે જોઇ રાખ્યા છે. આપની અનુકૂળતાએ જોવા જઈએ.'

જાણે ગૂમડા પરની પટ્ટી ઉખેડતા હોય તેવા ઝનૂની અણગમાથી કપાળ પરનાં પરસેવાનાં ટીપાં રેશમી રૂમાલથી લૂછતાં કપૂર સાહેબ બોલ્યા: 'ના! મારે ગમે તે બંગલો નથી લેવો. મારે તો મારી પસંદગીનું મકાન લેવું છે, સમજ્યા?' અને તેમના રૂમાલમાંના તીવ્ર સેન્ટ અને પરસેવાના વિચિત્ર મિશ્રણની એક બદબૂ હવામાં ઝૂલી રહી.

અનુભવરીઢા મિ. ગુપ્તાએ મંદમંદ હસતાં પૂછ્યું: 'તો આપના ધ્યાનમા કોઈ ખાસ બંગલો છે ખરો સાહેબ?'

'હા! મેં આવતાં આવતાં ગ્રાન્ડ ટ્રન્ક રોડ પર એક મણિમહાલ નામનો બંગલો જોયો. તેના પર 'For Sale'નું પાટિયું જોયું છે. તમારા લિસ્ટમાં પણ એ છે.'

'પણ...સાહેબ! એ મણિમહાલ તો જરીપુરાણું સો વરસ જૂનું મકાન છે. આજ પડું, કાલ પડું થઈ રહ્યુ છે. તેમ નથી એમાં કોઈ આધુનિક સગવડો. બગીચો પણ સુકાઇને વેરાન થઈ ગયો છે.'

'તે વેચવાનું તો છે ને? શી કિંમત છે!'

'પૂરા એક લાખ માગે છે સાહેબ!' કહી મિ. ગુપ્તા મણિમહાલના માલિકની બેવકૂફી પર હસ્યા.

'એક લા...ખ?! તેના માલિકને મળી કંઈ ઓછું ન કરાવી શકાય?'

'પણ સાહેબ માફ કરજો. મારી તો સલાહ જ આપને આવા મકાનમાં પડવાની નથી. અમારો ધંધો તો, સાહેબ, દલાલોનો છે; પણ છતાં ય, સાહેબ, સલાહ તો સાચી જ આપીએ. આ મકાન આજે કોઇ પચીસ હજારમાં પણ ન લ્યે. અને આપ ગમે તેટલો તેના પર ખર્ચ કરશો તો ય આપને રહેવા લાયક નહિ બની શકે તેવું ખડું ગએલું છે. અમે તો આવા મકાનમાં હાથે ન નાખીએ, પણ બીચારા પ્રોફેસર શંકરનું મન સાચવવા લિસ્ટમાં નામ રાખી મૂક્યું છે.'

'પણ મિ. ગુપ્તા, મને કોણ જાણે કેમ, એ મકાન ગમી ગયું છે. એમ કરું, એના માલિક પ્રોફેસર...શું નામ કહ્યું?...હાં, પ્રો. શંકરની સાથે વાતચીત તો કરી જોઉં. તમે જરા ફોન કરી દેજો. નક્કી થાય છે તો તમને ખબર આપું છું. સમજ્યા? વારુ સાહેબજી!' આટલું કહી કપૂર સાહેબ જેમ આવ્યા હતા તેમ ઝડપથી તેમની ચકચકતી મોટરમાં હંકારી ગયા.

દસેક મિનિટ પછી મોટર ગ્રાન્ડ ટ્રંક રોડ પરથી ફંટાઈ કાચા રસ્તા પર બળબળતી ધૂળના ગોટા ઉડાડતી મણિમહાલના ઝાંપે આવી ઊભી રહી, અને કપૂર સાહેબે હળવેકથી ધક્કો મારતાં ઝાંપાના નાનકડા જર્જરિત બારણાંએ કર્કશ કીચૂડાટ કરી આ વણનોતર્યા મહેમાનને આવકાર્યો. ચોગમ પથરાએલી સ્મશાનવત્ ભારેખમ શાંતિમાં આ આટલા કીચૂડાટે પણ જાણે મોટો ખળભળાટ મચાવી મૂકયો. ડાબી દીવાલે આવેલા લીમડા પરથી એક કાગડો કા...કા...ની કડવી ચીસો મારતો ઊડયો. ગરમાગરમ લૂનો એક ઝપાટો આવી કપૂર સાહેબના કાનની લાલલાલ ટીશીઓને દઝાડી ગયો અને એમનાં ચશ્માં પર ધૂળની છારી બાઝી ગઇ. રૂમાલથી ચશ્માં સાફ કરીને ફરી ચડાવતાં સામે કપૂર સાહેબે ઉઘાડી પરસાળમાં એક નંખાઈ ગએલા બુઢ્ઢા આદમીને જોયો. ભગવી પંજાબી અને કઘોણિયા પાયજામામાં વીંટળાએલા મૃતદેહ જેવો એ માનવી અમાનુષી અવાજે ઘરઘર્યો: 'આવો સાહેબ, હું આપની જ રાહ જોઉં છું.'

કપૂર સાહેબના કપાળ પરનાં પરસેવાનાં ટીપાં આ વિચિત્ર અવાજની ઝાપટે જાણે સુકાઈ ગયાં. હોઠ પર જીભ ફેરવી એ ઘસડાતા હોય તેમ પરસાળનાં પગથિયાં પૂરાં કરી એ બુઢ્ઢા પ્રો. શંકરની સામે આવી ઊભા. જાણે જીવતું શબ હરયું અને કપૂરસાહેબને આંગળીને ઈશારે બેઠકખંડમાં દોરી ગયું.

'આપને માલૂમ તો છે ને, કે આ મકાન જરીપુરાણું છે? છતાં આપને એ ખરીદવું છે?'

'જી હા; પણ કોણ જાણે કેમ, મને એ ગમી ગયું છે. માની લો, પ્રથમ નંજરે પ્રેમ થઇ ગયો છે........હી! હી! હી?' કહી કપૂર સાહેબ ફિક્કું હસ્યા.

'એ...મ? તો ભલે; એની કિંમત તો જાણો છો ને?'

'હા, મને મિ. ગુપ્તાએ કહ્યું છે: એક લાખ. પણ...' આગળ બોલવું કે ન બોલવું તેની મથામણ પૂરી થાય તે પહેલાં જ 'તમે કાંઇ ઓછું ન લ્યો?' એવા કપૂર સાહેબના શબ્દો ગળામાંથી નીકળી જાણે હવામાં તરતા રહ્યા. પણ પ્રો. શંકરની છત સામે ખોડાએલી આંખોએ એક પણ મટકું માર્યું નહિ. એમના મોઢા પરની એ જ શબ જેવી શૂન્યતા જરા યે ઓગળી નહિ અને પોતાના જ શબ્દો પોતાને ગૂંગળાવે એવા વિચિત્ર અનુભવથી કપૂર સાહેબ મૂંઝાઈને ચૂપ થઈ રહ્યા. એક...બે...ત્રણ...મૌન! અંતે અકળાઇને કપૂર સાહેબ બોલ્યા: 'ભલે પ્રોફેસર સાહેબ, આપને મંજૂર હોય તે કિંમત લ્યો. પણ...પણ મને સાંજે જ મકાનનો હવાલો સોંપો.'

'શરબત લાવું? બહુ જ અકળાવે એવી ગરમી છે, નહિ?' એક મીઠો મલકાટ મોં પર લાવી પ્રો. શંકરે પૂછ્યું.

કપૂર સાહેબના પરસેવાથી રેબઝેબ દિલમાં ઠંડી હવાની એક લહેર આવી ગઇ. તેમના હોઠ પર હાશકારાનું હાસ્ય ચમકી ગયું. પ્રો. શંકર ઊભા થઈ બેઠકખંડની પાછલી દીવાલમાં પડતા બારણામાં અદશ્ય થઇ ગયા અને પળ બે પળમાં શરબતનો ગ્લાસ લાવી કપૂર સાહેબ સામે ધરી દીધો.

અધીર તૃષાથી કપૂર સાહેબ આંખો મીંચી એકશ્વાસે ગ્લાસ ગટગટાવી ગયા. 'હા...શ!' શરબતે જાણે જીવ પાછો આણ્યો હોય

તેમ તેમનાથી ઉચ્છ્વાસ નંખાઈ ગયો.

કપૂર સાહેબ આગળ કાંઈ વિચાર કરી શકે તે પહેલાં તેમના કાનમાં પ્રો. શંકરના ધીરા ગંભીર બોલ અથડાયા: 'જાણો છો કપૂર સાહેબ, આ બંગલાનો ઇતિહાસ? આપે ખરીદ કર્યો છે એટલે આપને કદાચ એમાં રસ પડશે.' કપૂર સાહેબ શૂન્ય મનસ્ક થઇ જોઈ રહ્યા.

'હું સરકારી કૉલેજમાં પ્રોફેસર નીમાયો ત્યારે વ્યાજે રૂપિયા લઈને આ મકાન ખરીદેલું, કેમકે મારે શહેરની ધમાલથી ભાગવું હતું તે અને મારા પ્રયોગો અહીં એકાંત કરવા હતા. પણ મારી પત્ની આ વગડા જેવા સ્થળથી વાજ આવી ગઇ અને બિચારી છ મહિનામાં જ ચાલી ગઇ. રહ્યા માત્ર મારો અમર અને હું. ત્રીજો મારો ઘરડો ભગવાન માળી: અમરની મા દોસ્ત કે–જે કહો તે–એ હતો; કદાચ દુશ્મન પણ હતો! અમરનું જીવની જેમ જતન કરતો, પણ સાથે તેણે ગાંજા અને જુગારની લત પણ એને લગાડી. હું મારા પ્રયોગોની દુનિયામાં એવો મશગૂલ હતો કે મારો, અમર પ્રો. શંકરનો શરીફ દીકરો મટીને ઘરફોડ મવાલી બની ગયો ત્યાં સુધી મને ખબર પડી નહિ!

'અમરને તો છુટ્ટો દોર મળ્યો હતો. અલ્લાહાબાદ-કાનપુર-દિલ્હીની દુનિયા તેને સાંકડી પડવા માંડી. મુંબાઇ-કલકત્તા સુધી હાથ મારવા લાગ્યો. હું, તેનો બાપ તો તેને મન હવે એક સંયોગ-સગવડરૂપ હતો. અમે એકબીજાથી એટલા અલગ થતા ગયા કે જાણે પરસ્પરને તિરસ્કારતા થઈ ગયા. અમે બંને જાણે આ મકાનના જુદાજુદા ભાડુઆત હતા; એવા કે બેમાંથી એક ઘરમાં હોય ત્યારે બીજો બહાર જ રહેતો.

'ગયા નાતાલની એક ભૂખરી કડકડતી સાંજે તાવથી નંખાએલે શરીરે હું તાપતો બેઠો હતો, અમર એક ચમકદાર સૂટકેઈસ ત્યાં લઈને આવ્યો અને મારા બહાર ફરવા જવાના સમયે મને સગડી તાપતો જોઇને તેના રૂપાળા ચહેરા પર એક વિકૃત બેડોળ હાસ્ય છવાઈ ગયું. હું ઝટપટ ઊભો થઈ મારી શાલ ખભે નાખી બહાર નીકળી પડચો; પણ કલાકેકમાં મારા તાવલા શરીરને બહારની ઠંડી કાતિલ બનતાં મારે નિરૂપાયે પાછા ફરવું પડ્યું ત્યારે રસોડામાં પાણિયારા નીચે અમર કાંઇક કરતો જણાયો. મને જોઇ જાણે કંઈક ખોવાએલી ચીજ શોધતો હોય તેમ એ ફાંફાં મારવા લાગ્યો. મારો જીવ મારા તાવમાં હતો, એટલે ટાઢથી કાંપતા શરીરને ઝટ મેં પથારીને હવાલે કર્યું.

'રાત્રે તાવ ઊતરી જતાં શરીર પરસેવાથી નાહી રહ્યું ત્યારે અચાનક મારી આંખ ઊઘડી ગઇ અને કંબલ દૂર કરી હું પથારીમાંથી ઊભો થયો. ત્યાં મને અમરના ઓરડામાંથી આગગાડીના એન્જિનના સિસકારા જેવા અવાજો આવતા લાગ્યા. નૅપકિનથી મારું શરીર લૂછતાં લૂછતાં મારું મન અમરના ઓરડામાં આંટો મારી આવી જાણે ભૂતકાળ પર એક ઊડતી નજર નાખતાં ખાટું થઈ ગયું. મારી મૃત પત્નીની અમર માટેની મહાન ઉમ્મીદોનો આવો કરુણ અંજામ જોઈ મન અમળાઈ ઊઠ્યું, ને મારું શરીર ઢગલો થઈ ફરી પથારીમાં પડ્યું. એમ કરતાં મારા નૅપકીનવાળા હાથની ઝાપટથી પલંગ પાસેના ટેબલ પરનો કાચનો ગ્લાસ કારમો ખણખણાટ કરતો નીચે પડી ગયો. અને બીજી જ પળે અમરના ઓરડામાંથી નીકળતા ધમ્મ્...ધમ્મ્...ના બોદા અવાજોમાં એ ખણખણાટ ડૂબી ગયો.' કપૂર સાહેબે પરસેવા અને ધૂળથી ખરડાએલા રૂમાલથી કપાળ પર બાઝેલા મોતિયા લૂછ્યા.

'અમરે શું કર્યું'તું, જાણો છો કપૂર સાહેબ? પાંચ લાખનો હાથ મારી, ભાઈબંધોને થાપ આપી, એ ભાગી આવ્યો હતો. મૂ...ર...ખ! ગુંડાઓની દુનિયાનો આ નવો નિશાળિયો બધાં ઈલમો શીખી રીઢો થાય તે પહેલાં જ એના સાથીની સાઇલેન્સરવાળી રિવૉલ્વરનો ભોગ થઈ પડચો. પણ ગ્લાસના ખણખણાટથી પેલો સાથી ગભરાઇને ભાગ્યો! બારીમાંથી કૂદકો મારતાં તેનું કાળું પૅન્ટ જ માત્ર હું જોઈ શક્યો.

'બસ ત્યારથી હું રાહ જોઉં છું એ કાળા પૅન્ટવાળાની, સમજ્યા કપૂર સાહેબ!'

પ્રો. શંકરની તીખી નજર કપૂર સાહેબના ધોળા ઈસ્ત્રીટાઇટ પૅન્ટના પર જઇ ખોડાઈ ગઈ; અને પૅન્ટની અંદર કાનખજૂરો ચડતો હોય તેવી અકળાવતી અણખદ અનુભવતાં કપૂરસાહેબે પગની આંટી વાળી દીધી.

પ્રો. શંકરની આંખ બોલતી બંધ થઈ અને ગળું ફરી ખૂલ્યું: 'મને ખાતરી હતી કે એક દિવસ અમરનો ખૂની આ મકાનમાંની પેલી સૂટકેઈસ લેવા આવશે. મેં વસાવેલા નોકરચાકર, રસોયા, માળી, ચોકીદાર વગેરેથી નહિ ફાવતાં છેવટે આ મકાન વેચાતું રાખી લેશે. જરીપુરાણું ખખડધજ મકાન, જેને અમસ્થું કોઈ દસહજારમાં યે ન લ્યે તેને લાખ રૂપિયા આપીને પણ એ જરૂર ખરીદી લેશે. અને ત્યારે...ત્યારે હું મારા અમરનું વેર વાળીશ...'

બાકીના શબ્દો પ્રો. શંકરના મોઢામાં જ રહી ગયા. શરબતે પોતાનું કામ કર્યું હતું. કપૂર સાહેબ અકડાઇને મારેલી પગની આંટી છૂટી જઇને પગ પહોળા પસરી ગયા હતા. કપૂર સાહેબનું ધડ ખુરશી પર ઢળી પડ્યું

(હેન્રી સ્લેસલરની, એ હોમ વિથ એ પાસ્ટ'ને આધારે)

અથાણું

મોટા માણસોની હળવી વાતો

વિખ્યાત અમેરિકન ગાયક-નટ બિંગ ક્રૉસ્બી 'રોડ ટુ હૉંગકૉંગ'ની કંટાળાભરેલી ફિલ્મના શૂટિંગ વખતે પોતાનાં મર્માળાં વાક્યોથી વાતાવરણ બહેલાવી રહ્યો હતો. તે વખતે એક જણે પૂછ્યું: 'તમને જિંદગીમાં કંટાળો કે વિશાદ ઉપજાવે એવો શું કોઇ જ પ્રસંગ નથી બન્યો?'

'બન્યો છે.' બિંગે કહ્યું: 'ત્રીસની સાલમાં બિંગક્રૉસ્બીની નકલ કરવાની રેડિયોહરીફાઈમાં હું 'ચાર્લી સેનેવસ્કી' નામ ધારણ કરીને ઊતરેલો અને એમાં હું ત્રીજે નંબરે આવેલો!'

સાફલ્ય?

·મિત્ર·

ગાંધી સરીખો બનવા મહાત્મા
ઉરે ધરી આશ ઘણું કર્યું મેં:
ચોરી કરી મેં ય લગીર સ્વર્ણની,
આસ્વાદ લીધો અજમાંસનો યે,
પીધાં ઘણાં મેં ય સિગારઠૂંઠાં,
મૂંડો રખાવ્યો, પરિધાન પોતડી–
–નું યે કર્યું મેં કંઇએક વર્ષ,
પત્રો લખ્યા રદ્દ થયેલ પેપરે,
બાફેલ ખાધું, ઉપવાસ કીધા,—
બધું કર્યું મેં; ફળ સાંપડ્યું જે,
લોકો કહે છે મુજને 'મહા–તમા.'

(નટવરલાલ પ્ર. બુચ)

કનુ: અને આ અમારો સંગીતખંડ.

મહેમાન: શું કહ્યું? અહીં વાજિંત્ર તો એકે જણાતું નથી.

કનુ: બરાબર છે; પણ અમારા પાડોશીનો રેડિયો અહીં સ્પષ્ટ સંભળાય છે.

> આજકાલ એવો જમાનો છે કે જેઓ પોતાની જાતે પ્રયાસ કરે છે, તેમને ઇશ્વર મદદ કરે છે; અને જે જાતે પ્રયાસ નથી કરતા, તેમને સરકાર મદદ કરે છે! —'સૅટર્ડે ઇવનિંગ પોસ્ટ'

આત્મકથાનક ૨૪

જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક
અને આલેખક
રવિશંકર રાવળ

૧૦૩ જમશેદજી ઊનવાલા

અત્યાર સુધી હાઈસ્કૂલના હેડમાસ્તર શ્રી જમશેદજી ઊનવાલા જ શામળદાસ કૉલેજના પ્રિન્સિપલ તેમજ કેળવણીખાતાના મુખ્ય અધિકારીનો મળી ત્રણ હોદ્દા સાથે ધરાવતા હતા. તેઓ હવે કેટલીક લાંબી રજાઓ લઈ શ્રી ઍની બેસન્ટે બનારસમાં સ્થાપેલી 'બનારસ સેન્ટ્રલ હિન્દુ કૉલેજ'માં સેવા આપવા જઈ રહ્યા હતા. શેષ જીવન હવે ત્યાં જ ગાળવું એવો નિશ્ચય કરી ભાવનગર રાજ્યની નોકરીથી નિવૃત્તિ મેળવી સૌની રજા લેવા તે આવ્યા હતા. એ વખતે હાઇસ્કૂલના વિશાળ લાયબ્રેરી-હૉલમાં તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓએ તેમનું સમ્માન કર્યું, ત્યારે મને તેમનું પહેલું અને છેલ્લું દર્શન થયું. તેમના સૌજન્ય વિષે, હસમુખા સ્વભાવ વિષે, પારસીને સ્વાભાવિક દિલાવરી વિષે અને વધુમાં ભારતીય સંસ્કૃતિ માટેના એમના અનન્ય ભક્તિભાવ વિષે ઘણી વાતો મેં સાંભળી હતી.

નિવૃત્તિ સ્વીકાર્યા પહેલાં પણ તે વર્ષોવર્ષ શ્રીમતી બેસન્ટ સાથે કાશી-વિશ્વનાથનાં દર્શન કરવા જતા મારા મિત્ર હરિદત્ત પાઠકે તેમના વિષે એક નોંધ આપી છે કે તે વખતે કોઇએ તેમને સવાલ કરેલો કે તમે નાહીધોઇ સ્વચ્છ વસ્ત્રો પહેરીને દર્શને જતા કે? ત્યારે તેમણે જવાબ આપેલો કે 'હું તો ઊનવાળો છું ને ઊન પવનથી શુદ્ધ થાય છે—ऊर्णा वातेन शुद्ध्यते—તો પછી હું જાતે જ પવિત્ર ગણાઉં ખરો ને?!'

તેઓ મંચ ઉપર આવ્યા કે તરત બે હાથે સૌને નમસ્કાર કરતાં 'જય કાશીવિશ્વનાથ' ઉચ્ચાર્યું. પારસી વિદ્વાન અધિકારીને આટલી સરળતાથી હિન્દુ ધર્મને માન આપતા જોઈ અમે સૌ મુગ્ધ બની ગયા. પાછળથી મેં જાણ્યું કે તેઓ સંસ્કૃતના સારા વિદ્વાન હતા અને તેઓના અંગત મિત્રોમાં પંડિતો અને શાસ્ત્રીઓ પણ હતા, તેમજ પંડિતો સાથેના પત્રવ્યવહારમાં 'ગીતા-પ્રસાદ' નામથી પોતે સહી કરતા.

તેમના વ્યાખ્યાને ખૂબ વિનોદ અને પ્રસન્નતા ફેલાવ્યાં. તેમના મુખની મુદ્રા જ કોઇ મહાત્મા કે ઋષિ જેવી લાગતી. ગળામાં ઝીણા રુદ્રાક્ષની હળવી માળા પહેરી હતી. હિન્દુ ધર્મનું આવું બહુમાન કરનાર પરકોમના આ માનવશ્રેષ્ઠની પ્રતિભા પર ભાવનગર આખું વારી જતું.

અહીં આપેલો એમનો ફોટોગ્રાફ મારા જે બાલમિત્ર ડૉ. અંબાશંકર નાગરદાસ ભટ્ટ પાસેથી મળ્યો છે તે ડૉ. અંબુભાઈના દાદા શાસ્ત્રીજી ઈશ્વર ભટ્ટ સાથે તેમનો ગાઢ મૈત્રીસંબંધ હતો એ શાસ્ત્રીને તેઓ વડીલ બંધુ જેવું માન આપતા અને પોતાની સંસ્કૃત-સાધનાની કંઈ પણ કૃતિ તેમને મોકલ્યા વિના રહેતા નહિ. તા. ૧૩-૭-૧૮૯૯નો તેમનો એક પત્ર શ્રી ઈશ્વર ભટ્ટ ઉપરનો છે, તે સાથે તેમણે સ્વરચિત 'श्री गुर्वास्था स्तोत्रम्' નામક ૧૬શ્લોકોના છાપેલા પદબંધની પ્રત મોકલીને લખેલું:

'પિતા સમાન પ્રિય ઇશ્વર ભટ્ટની પવિત્ર સેવામાં,

આપની તરફ હું મદ્‌વિરચિત શ્લોકો મોકલું છું જે આપણા મિત્રમંડળની વેદમૂર્તિઓને અવશ્ય વંચાવશો. ચિ. નર્મદાશંકર કાશી ગયા કે કેમ? જો ન ગયા હોય તો જ્યારે જવાના હોય ત્યારે મને અવશ્ય ખબર આપશો... એ ભાઇના જય અને ઉન્નતિ વિષે મને કેટલો ઉત્સાહ છે તે સર્વે આપ જાણો છો. કાશીવિશ્વેશ્વર એને જય આપે એમ મારી અવિમુક્તપુરીના અદશ્ય દેવો પાસે પ્રાર્થના છે. શુભં ભવતુ.

આપનો અને આપનાં બાળકોનો શુભેચ્છક
જ. ન. ઊનવાલા ઉર્ફે 'ગીતાપ્રસાદ'



જમશેદજી ઊનવાલા 'ગીતાપ્રસાદ'

નમૂના તરીકે એ 'ગુર્વાસ્થા સ્તોત્રમ્'ના બે શ્લોક આપું છું:

गुरुभावेन वंदेऽहं महागुरून् प्रतापिनः ।
सर्वदा भक्तिभावेन शिष्टाचाराद्धिभक्तिमान् ॥१॥
... ...
ते सर्वे तु महर्षयः सकरुणाः सन्मार्गनिर्देशिकाः ।
निर्वाणाविरताक्षयामृतभुजो दीर्घेक्षणा ज्ञानिनः ॥
शिष्यं माममरा अवन्तु गुरवोऽत्यास्थामयं सर्वदा।
तेष्वास्था सततं दृढा प्रतिदिनं वृद्धिं स्थिरां प्राप्नुयात् ॥१६॥

શ્રી અંબુભાઈના કાકા શ્રી નર્મદાશંકર શાસ્ત્રી વિષે તેઓ લાગણીપૂર્વક પ્રોત્સાહન ને સહાય આપ્યા કરતા. એ નર્મદાશંકર શાસ્ત્રી બનારસ ગવર્નમેન્ટ કૉલેજમાંથી વ્યાકરણાચાર્યની પદવી પ્રથમ વર્ગમાં મેળવીને જૂનાગઢ બહાઉદ્દીન કૉલેજમાં સંસ્કૃતના પ્રાધ્યાપકપદે નિયુક્ત થયા હતા, અને શ્રી ઊનવાલા સાથે તેમને સતત પત્રવ્યવહાર રહેતો હતો. શ્રી ઊનવાલામાં આ સંસ્કૃતિપ્રેમ અને માનવપ્રેમ ખીલવવામાં ભાવનગરની થીઑસોફીની શાખાએ સારો ફાળો આપેલો.

૧૦૪ ભાવનગરમાં થીઑસોફી

ભાવનગરમાં થીઑસોફીની પ્રથમ પ્રતિષ્ઠા કરનાર વરલના દરબાર શ્રી હરિસિંહજી ગોહેલ હતા. ભાવનગરના મહારાજા સર તખ્તસિંહજીના એ.ડી.સી. (અંગત હાજર દરબારી) એક યુરોપિયન હતા, જેણે મુસ્લિમ પંથ સ્વીકારી મુરાદઅલી બેગ નામ ધારણ કર્યું હતું. તેણે દરબાર હરિસિંહજીને એ સ્થાપનામાં સાથ આપ્યો. પાછળથી પ્રિન્સિપલ જમશેદજી ઊનવાલા તેમના સંઘમાં જોડાયા હતા. શરૂઆતમાં તો 'કાઠિયાવાડ થીઓસોફિકલ સોસાએટી' નામથી થીઑસોફીની શાખા ત્યાં સ્થાપવામાં આવી અને પછીથી તેનું નામ 'ભાવનગર થીઑસોફિકલ લૉજ' રાખવામાં આવ્યું. આ લૉજ ૧૮૮૨થી આજ સુધી સ્વાધ્યાય, સંસ્કારપ્રસાર અને સમાજસેવામાં પ્રવૃત્ત રહેલી છે.

વરલ દરબાર હરિસિંહજી, વઢવાણ ઠાકોર દાજીરાજજી ને મોરબીના ઠાકોર જ્યારે મુંબાઈ જતા ત્યારે ત્યાં થીઑસોફીનાં સ્થાપક મૅડમ બ્લૅવૅટ્સ્કી અને કર્નલ ઑલ્કૉટને (ઈ. ૧૮૭૯થી ૧૮૮૨ના ગાળામાં) મળતા. કર્નલ ઑલ્કૉટ અને મૅડમ બ્લૅવૅટ્સ્કી વઢવાણ તથા વરલ પણ આવેલાં; અને તેઓ ભાવનગર આવ્યાં ત્યારે મહારાજ તખ્તસિંહજીને તેમના રાજમહેલમાં તથા દીવાન શ્રી ગૌરીશંકર ઓઝાને તેમના સંન્યાસઆશ્રમમાં મળવા ગએલાં.

ભાવનગર લૉજનો પ્રારંભ સભ્યોની સભાઓ અને જાહેર ભાષણોથી થએલો. સમય જતાં શ્રી પ્રાણજીવનદાસ ઓધવજી બધેકા, તેમના બંધુ શ્રી ગોપાળજીભાઈ, શ્રી પરમાનંદદાસ ઠક્કર (ઠક્કરબાપાના

ભાઇ), શ્રી ગુલાબરાય ગોવિંદરાય દેસાઈ, શ્રી હરિભાઇ વજેશંકર, શ્રી ભાનુપ્રસાદ મહેતા, શ્રી માણેકલાલ હરિલાલ, શ્રી ત્રિભુવનદાસ કાલિદાસ ત્રિવેદી ને પાછળથી સર પ્રભાશંકર પટ્ટણી પણ તેમાં જોડાયા હતા.

શ્રી પ્રાણજીવનદાસ અને શ્રી ગોપાળજીભાઇએ જાહેર પ્રવૃત્તિ તરીકે પ્રથમ એક કન્યાશાળા શરૂ કરી. પાછળથી 'સનાતન ધર્મ હાઇસ્કૂલ' શરૂ કરી તેમાં ધર્મનું શિક્ષણ દાખલ કર્યું અને દર વર્ષે સનાતન ધર્મને લગતાં પુસ્તકોની પરીક્ષા લેવાનું તથા વિદ્યાર્થીઓને ઇનામ આપવાનું ચાલુ કર્યું. લૉજના કેટલાક સભ્યો અમુક વર્ષો સુધી દર રવિવારે જેલમાં કેદીઓને સુબોધ-વ્યાખ્યાનો આપવા જતા.

થીઑસોફીના સભ્યો શાંત, સમાધાનપ્રિય અને જ્ઞાનપિપાસુ તથા જિજ્ઞાસુઓ હતા. ભાવનગરના તખ્તેશ્વર વિભાગમાં આવેલા એક મકાનમાં તેઓ નિયમિતપણે મળતા. શાંતિ અને સ્વસ્થતાથી તેઓ ઑકલ્ટ—occult (અગમ) વિદ્યાઓનાં પુસ્તકોનો અભ્યાસ કરતા. જગતના શ્રેષ્ઠ મહાત્માઓ અદૃશ્ય સૃષ્ટિમાંથી પોતાને સહાય અને પ્રેરણા આપે છે એવું દૃઢપણે માનતા. આ બાબતમાં સમાજના અમુક ચોવટીઆઓ ટીકાઓ કે ઉપહાસ પણ કરતા, પરંતુ તેમના મુખ્ય પુરુષો દૃઢ ચારિત્ર્યવાળા પુરુષો હતા અને ધારેલાં શ્રેય કાર્યોનો જ વિચાર કરતા. એ કાળે એમના વિષે વધારે સમજણ કે અભિપ્રાય મેળવવાનું મારું ગજું પણ નહોતું.

૧૦૫ પ્રભુરાય દાદા

આ વરસે મને પરીક્ષા પાસ કરવાની વધુ ચિંતા હતી, તેથી મેં ઘણી ઇચ્છા છતાં પિતાશ્રી સાથે ડિસ્ટ્રિક્ટમાં જવાની ના કહેલી; એટલે તે મારી નાની બહેન અને નાના ભાઈને મહુવા સુધીના ગાડા-પ્રવાસમાં સાથે લઈ ગયા. એ પ્રવાસમાં ગામેગામ ઉતારાનાં સગવડ-સ્વાગતની સાથે તેમણે જે નવાંનવાં માણસો અને દેખાવો જોએલા તેનાં એમનાં સ્મરણોમાંથી એ સમયના સમાજમાં પણ કોઈ કોઈ સમાજવિરોધી છતાં જે ઉપકારક બનેલાં એવાં પાત્રોપૈકી એક પ્રભુરાય દાદાની વાત આજ સુધી યાદ રહી છે.

પ્રભુરાય દાદા અમારા છગન દાદાના મિત્ર હતા અને સાણોદરમાં તેમની વાડી હતી. એટલે સાણોદરની ગામઠી પોસ્ટ-ઑફિસ તપાસવા ત્યાં પહોંચ્યા ત્યારે પ્રભુરાય દાદાની વાડીએ ઉતારો રાખ્યો. પ્રભુરાય દાદાના કુટુંબમાં પત્ની અને છોકરાંઓનો મોટો વિસ્તાર હતો. તેમાં લોહાણા જ્ઞાતિનાં એક બાઈ પણ સાથે રહેતાં હતાં. પિતાશ્રીએ તેમને પણ 'કાકી' તરીકે ઓળખાવ્યાં. એ કાકીએ છોકરાંઓની ખૂબ સંભાળ લીધી. ખાવાપીવામાં લાડ લડાવ્યાં. ઘરની મોટી વાડીમાં જમરૂખ, દાડમ, સીતાફળ, કેળાં, શેરડી, બોર, ચીકુ વગેરે પુષ્કળ થતાં; ઉપરાંત ભેંસો તથા ખેતીના બળદો વગેરે પણ હતાં, એટલે એ કાકીને કામ ખૂબ રહેતું. કાકા પણ એ કાકીને પૂછીને જ બધું કરતા. પણ પોતે જ્ઞાતિએ પ્રશ્નોરા બ્રાહ્મણ એટલે તેમના હાથનું જમે નહિ. આથી કાકી બધું દૂધમાં કરી આપતાં. મહેમાનો માટે પણ દૂધમાં જ લાડુ બનાવેલા. પિતાશ્રી તરફ પણ કાકીએ જાણે કોઈ સગાં આવ્યા હોય એમ ખૂબ ભાવ બતાવેલો.

એ કાકી તેમનું આખું કુટુંબ સંભાળતાં. એક વિધવા વહુ છોકરાં લઇને સાથે રહેતાં તેનાં છોકરાંને પણ કાકીએ છેવટ સુધી પોતાનાં છોકરાંઓની જેમ રાખ્યાં હતાં. એ રીતે એવા રૂઢિચુસ્ત જમાનામાં પણ પ્રભુરાયદાદાએ જાહેર રીતે કાકીને સન્માન સહિત અપનાવેલાં.

૧૦૬ મોટા ભાઈની નિષ્ફળતા

ઉનવાલાસાહેબની વિદાય પછી તેમની જગ્યાએ શામળદાસ કૉલેજમાં પ્રિન્સિપલ સંજાણા નીમાયા અને શ્રી બરજોરજી ઍન્ટી હાઇસ્કૂલના હેડમાસ્તર તથા કેળવણી-અધિકારી થયા. આમ કૉલેજ અને હાઈસ્કૂલનો પહેલી વાર વિચ્છેદ થયો. શામળદાસ કૉલેજમાંના પરગામના વિદ્યાર્થીઓ માટે જશોનાથ મહાદેવના ચોગાનના પાછળના ભાગમાં છાત્રવાસ રાખવામાં આવ્યો હતો. એ વખતે શ્રી મણિશંકર રત્નજી ભટ્ટ (કવિ 'કાન્ત') થોડો વખત કૉલેજના પ્રોફેસર તરીકે આવેલા; અને તાજા એમ.એ. થએલા યુવાન નૃસિંહપ્રસાદ ભટ્ટ(નાનાભાઇ) પણ કૉલેજના પહેલા વર્ષમાં ફેલો બન્યા હતા. કેટલાક વખત સુધી તો કોઇ કોઈ પ્રોફેસરો હાઇસ્કૂલમાં પણ મૅટ્રિકના વર્ગો લેવા આવતા. મારા મોટા ભાઈ રતિલાલ તે વખતે મૅટ્રિકમાં હતા, તે ઉનવાલાસાહેબ તથા નૃસિંહપ્રસાદની વાતો ઘરમાં લાવતા. નૃસિંહપ્રસાદ ફેલો હતા તે વખતે ટોપી જ પહેરતા; અને શબ્દો છૂટા પાડી ચીપીચીપીને બોલવાની તેમની રીતનું ઘણાઓ મજાકમાં અનુકરણ કરતા.

૧૯૦૬ની મૅટ્રિકની પરીક્ષામાં મારા મોટાભાઈ પાસ ન થઈ શક્યા. તેમની સાથેના વિદ્યાર્થીઓમાં અમારા ફળીમાં રહેતા શાંતિભાઈ પારેખ પાસ થઈ ગયા હતા. મા-બાપ વિનાના અને માશી દિવાળીબાના આશરે ઊછરેલા પરમ વૈષ્ણવ સ્વભાવના એ શાંતિભાઈ ટ્યૂશનો આપી, જાતમહેનત કરી, આગળ વધ્યા હતા. હવે તો કુટુંબ પણ થયું હતું. પણ રોજ સવારે વહેલા નાહીધોઈ હાથમાં ચોપડીઓ લઈ તે શ્રીમંતોને ત્યાં ભણાવવા નીકળી પડતા. બહાર નીકળતાં જે કોઈ જાણીતું મળે તેને હસતા મોંએ 'જે શ્રીકૃષ્ણ' કરી નમતા. એઓ એક આદર્શ વિદ્યાર્થી ગણાતા. કોઇને માટે તોછડો કે અપમાનભર્યો શબ્દ ઉચ્ચારતા નહિ તેમજ કોઈની નિન્દા કે કુથલીમાં ઊભા રહેતા નહિ. માશીબા પ્રેમાળ છતાં સ્વભાવે અને વાણીમાં આકરાં હતાં, છતાં તેમની સાથે કદી ઊંચેથી તેઓ બોલતા નહિ.

એમનું ઉદાહરણ આપીને મારા મોટા ભાઈને ઘરમાં સૌ ટોણાં મારતા. પણ મોટા ભાઈનું દિલ ભણવા કરતાં નાટકોની સૃષ્ટિમાં બેસી ગયું હતું. તેમના મિત્રો મળે ત્યારે જૂનાં નાટકોનાં ગાયનોના રાહ બેસાડતા, નાટકોનાં કથા-વસ્તુ વાંચતા અને નાટક રચવાની રીતોના વિચારો કરતા. લાયબ્રેરીઓમાંથી જે ચોપડીઓ વાંચવા લાવતા તે સાહિત્યની દૃષ્ટિએ નહિ પણ નવાં નાટકો માટે કથાવસ્તુ મેળવવાના ઉદ્દેશથી. એ રીતે તેમણે લૅમ્બની 'શેક્સ્પીઅર કથામાળા' તથા તેનાં એક-બે નાટકોનાં સળંગ ભાષાંતરો પણ મેળવેલાં, તે હું યે વાંચી ગએલો. પરંતુ તેમાંના કથાવસ્તુ સિવાય સંવાદોની ખૂબી કે અંતરંગ રસનિષ્પત્તિનો હું તે કાળે આસ્વાદ મેળવી શક્યો ન હતો.

મોટા ભાઇનો નાટકક્ષેત્રનો આ શૉખ હવે એટલો બધો વધી ગયો કે તેઓ અભ્યાસમાં જરા પણ ચિત્ત લગાડી શક્યા નહિ ને ઉત્તરોત્તર પાછા પડતા ગયા. તેમની સાથેના વિદ્યાર્થીઓ જુદીજુદી દિશામાં આગળ વધતા ચાલ્યા તેની ઘરમાં ટીકાઓ સાંભળવી પડતી અને મોટાઓ આગળ તે ભોંઠા અને વીલા પડી જતા. મારા પિતાશ્રી બહુ ઓછું કહેતા, પણ કાકાની ટીકાઓ બહુ આકરી થતી. મોટા ભાઈ સાથે કંઈક વાત કરવાનો પ્રસંગ આવે તો હાથના સંકેતથી મીંડું બતાવી કહેતા કે 'હવે તમારો સંસાર મંડાયો છે. ધ્યાન દઇને બીજું વર્ષ મહેનત કરો ને આ નાટક-ફાટકનાં ચીંથરાં ફાડવાં મૂકી દો.' એ વખતે મોટા ભાઈનું મોં પડી જતું, તે ઓશિયાળા થઈ જતા અને આશ્વાસન માટે બાની પાસે જઈ રડી પડતા. કાકાની ટીકાઓથી બાને પણ ઘણું લાગતું. તે હળવેથી પિતાશ્રીને કહેતાં કે 'ઘણા ય છોકરા નાપાસ થતા હશે, પણ આમ છોકરાનો જીવ બળાતો હશે? તમે હરિલાલભાઇને કંઈ કહો.' પિતાશ્રી વળી ભાઈનું ઉપરાણું લઈ કહેતા: 'એ કહેતા હશે તે તેના ભલા માટે ને? જરા ચાનક લાવી વાંચશે તો બીજા વર્ષે નીકળી જશે.'

આમ મૅટ્રિકનો ખાડો વિદ્યાર્થી આલમમાં મહાન અડફેટ અને આપત્તિરૂપ હતો. પડ્યા પછી બીજે વર્ષે બહુ થોડાને ભણવાનો ઉત્સાહ રહેતો. એના એ વિષયો સળંગ ફરી પાકા કરવાના અને દરેકમાં પાસ માર્ક લાવવાના. એ દૂષણ ઘણા વર્ષે પરીક્ષકોને સમજાયું ત્યારે 'એકઝેમ્પ્શન' (પાસ વિષયોમાંથી મુક્તિ)ની પ્રથા દાખલ કરવામાં આવી.

૧૦૭ પોપટભાઈ અને ગિજુભાઈ

પૂરાશી શાન્તિભાઈ કૉલેજમાં જવા લાગ્યા. તેમ સ્ટેશન બંગલે પણ પોપટભાઈ પાસ થઈ ગયા હતા. ત્યાં બધાનો એવો મત થયો કે યુનિવર્સિટીની પરીક્ષાઓમાં બધા બી.એ.–એમ.એ. થાય છે પણ ઉપજાઉ ધંધાની લાઈન કોઈ લેતું નથી. ગ્રૅજ્યુએટ થનારને સરકારી કે શિક્ષણખાતાની નોકરી મળતાં વાર લાગતી નહિ, એટલે કોઈ બીજા ધંધા તરફ નજર કરતું નહિ. સાધન-સગવડવાળા વિદ્યાર્થીઓમાંથી ઘણા ડૉક્ટર કે એન્જિનીઅર થવા મુંબાઈ ને પૂનાની કૉલેજોમાં જતા. પણ પોપટભાઈ ખેતીવાડીની નાગપુરમાં ખૂલેલી નવી કૉલેજમાં જાય તો તેમને આગળ ઉપર નવી તકો મળે, એ વિચારથી તેમણે નાગપુર કૉલેજમાં જવાનો નિર્ણય લેવાયો અને ભાવનગર બહારના પ્રદેશમાં અભ્યાસ અર્થે જવા માટે એક દિવસ તેમણે પ્રયાણ કર્યું.

એ જવાના હતા તે પહેલાં ગિજુભાઈ સાથે તેઓ કાળિદાસ નામના એક મોચી જ્ઞાતિના સંસ્કારી ફોટોગ્રાફર પાસે ફોટોગ્રાફો પડાવી લાવ્યા હતા. આફ્રિકાથી આવી વસેલા આ કાળિદાસ કરામતી-પ્રવીણ કારીગર હતા. તેમણે ગ્રામોફોનની રેકર્ડો જાતે બનાવી હતી ને બીજું કેટલુંક ફોટોગ્રાફી-સંશોધન પણ કરતા હતા. પણ ભાવનગરમાં તેમને ધંધાનો જરા ય લાભ નહોતો, તેથી બાજરુ કામ કરતા. તે ફોટોગ્રાફો સારા પાડતા એમ અમે માનતા. એ વખતોવખત સ્ટેશન માસ્તરની ઑફિસમાં આવતા ત્યારે મોટાભાઈ (હરગોવિંદદાસ) તેમની જાતિ-વિશેષ ધ્યાનમાં ન લેતાં પૂરા આદરથી તેમની સાથે વાતચીત કરતા. સામાન્યતઃ તો એ કાળે આવી રીતે ઉચ્ચ કક્ષાએ પહોંચેલા વિદ્વાન કે કારીગર તરફ શિષ્ટ ગણાતા લોકો પણ જરા નાક ચડાવતા.

પોપટભાઈના નાગપુર ગયા પછી ગિજુભાઈનો અભ્યાસ પણ પડયો. પોપટભાઈ ને ગિજુભાઈ બંનેનાં લગ્ન થઈ ગયાં હતાં. પોપટભાઈ-ને તો એક બાળકી પણ હતી. ગિજુભાઈનું ભાવનગરમાં ઘર નહોતું, તેમ કૉલેજ આગળ જવાનું અર્થબળ નહોતું. તેમના પિતાશ્રી વળા (હાલના વલભીપુર)માં જેવીતેવી વકાલત કરતા. તેમને માથે ગિજુ-ભાઈથી નાના બે ભાઈઓને મોટા કરવાનો ભાર હતો. એટલે મોટાભાઈની ભલામણથી શ્રી નથુરામ શર્માજીના એક શ્રીમંત વેપારી ગોવર્ધનદાસની મુંબાઈની પેઢી પર વેપારી લાઈન શીખવા ગિજુભાઈ ગયા. સરકારી નોકરી ન લેવડાવતાં સ્વતંત્ર ધંધા તરફ છોકરાઓને વાળવા એવો મત વડીલમંડળમાં વધતો જતો હતો, એટલે ગિજુભાઈ સાથે મોટાભાઈએ મસ્તરામને પણ મુંબાઈ મોકલ્યા.

શેઠે બહુ પ્રેમથી દુકાનના રસોડે જમવાની અને પેઢી પર સૂવા-બેસવાની ગોઠવણ કરી. મસ્તરામને તો વૅકેશન પૂરતા જ ત્યાં રહી વેપારી આલમનો પરિચય કરવાનો હતો, પણ ગિજુભાઈને તો નોકરી કરવી હતી; એટલે તેમને શેઠે પહેલું કામ ટેલિફોન પર બેસવાનું સોંપ્યું. કવિતા ને સાહિત્યના તરંગોમાં ઊછરેલા આ યુવાનને વેપારી આલમની કડાકૂટ ને આંકડાભાવોની જટિલતામાં રસ પડ્યો નહિ, ને વૅકેશન પૂરી થતાં મસ્તરામની સાથે તે પણ ભાવનગર પાછા આવ્યા.

પણ મુંબાઈમાં તેમણે કોઈ સૉલિસિટરનો સંપર્ક સાધી નાઈ-વાલાની એક સૉલિસિટરની પેઢીમાં એક વર્ષના કૉન્ટ્રૅક્ટથી ઑફિસ-રોજી તરીકે સારા પગારની નોકરી મેળવી લીધી હતી. એટલે ભાવ-નગર આવીને તે આફ્રિકાની પંદર દિવસની દરિયાઈ સફરની તૈયારીમાં પડ્યા. પંદર દિવસ ચાલે એટલી સુખડી, દૂધમાં કરેલા ગાંઠિયા અને શુદ્ધિ જળવાય એવી બીજી નાની સામગ્રીના ખોખાં ભરાયાં. અમારા મંડળમાંથી ધંધાર્થે દૂર ઊપડતા આ બીજા પ્રવાસીને વિદાય આપવાના છેલ્લા દિવસોમાં અમે સૌ તેની આસપાસ ઘૂમતા. નવપરિણીત ઊજમાળાં તેમનાં પત્ની સૌ. જડીબેનને પણ અમે તે દિવસે જોયાં. જડીબેનના પિતાશ્રી ભાઈશંકર ધનજીભાઈ દવે પૂ. મહાત્માશ્રીના નિકટવર્તી શિષ્ય અને સિહોરમાં ગુજરાતી સ્કૂલના હેડમાસ્તર હતા. તે કુટુંબનાં બાળકો પણ સુંદર અને ઘાટીલાં હતાં. ભવિષ્યમાં આ બધાં મારાં પરિચિત સ્વજનો બનવાનાં હતાં.

પોપટભાઈ અને ગિજુભાઈના પત્રો આવતા તે અમારા મંડળમાં વંચાતા. હવે પોપટભાઈની અભ્યાસની ઓરડીનો અધિકાર મસ્તરામ પાસે આવ્યો ને અમારું મંડળ બહારની ઓશરીને બદલે એ ઓરડી-ના એકાંતે વધુ અધિકારથી મળવા લાગ્યું. (ચાલુ)

સુભાષિત

(પૃથ્વી)

लभेत सिकतासु तैलमपि यत्नतः मिडयन्
पिबेच्च मृगतृष्णिकासु सलिलं पिपासार्दितः।
कदाचिदपि पर्यटञ्छशविषाणमासादये
न्नतु प्रतिनिविष्टमूर्खजनचित्तमाराधयेत् ॥

(અનુવાદ)

મળે બહુ પ્રયત્નથી કદીક તેલ વેળુ થકી,
કદાચ જન કોકની મૃગજળે તૃષા યે છીપે;
ઘણું રખડતાં કદાચ શશશીંગ આવી મળે
ન કિન્તુ મન મૂર્ખનું હઠભર્યું કદી યે રીઝે.

વિવરણ: સુભાષિતકારે, કોઈ પણ ઉપાયે ન સમજતા જક્કી મૂર્ખનું સચોટ ચિત્રણ કરવા માટે ત્રણ અશક્ય વસ્તુઓ ટાંકીને પોતાના મુદ્દાને વિશદ કરવાનો પ્રયત્ન કર્યો છે. તે કહે છે કે રેતીમાંથી કદાચ તેલ મળે, મૃગજળથી કદાચ તરસ છીપે અને સસલાનું શીંગડું પણ કદાચ આવી મળે; આ વિશ્વમાં બધું થઈ શકે પણ મૂર્ખને મનાવવાનું–પ્રસન્ન કરવાનું કામ તો અસંભવ જ છે. આ જ વાતને અનુમોદન આપતું બીજું એક સુભાષિત કહે છે કે દેવતાને જળથી ઠારી શકાય, છત્રી ઓઢીને તડકાથી બચી શકાય, તીક્ષ્ણ અંકુશથી મદોન્મત્ત હાથી કબજે રાખી શકાય, જુદી જુદી દવાઓથી રોગ મટાડી શકાય અને જુદાજુદા મન્ત્રપ્રયોગોથી તીવ્ર વિષને પણ ઉતારી શકાય, પણ માત્ર મૂર્ખ માણસને જ સુધારી શકાતો નથી. તેનું ઓસડ હજુ સુધી શોધાયું નથી. (मूर्खस्य नास्त्यौषधम्) આમ હોવાથી જ કદાચ શાણા માણસોએ કહ્યું છે કે મૂર્ખને સુધારવાનો પ્રયત્ન કરનાર મૂર્ખ નહિ પણ વજ્રમૂર્ખ છે!

ચન્દ્રશંકર શં. પંડ્યા

સુગમ

૧

લેખક
રાસબિહારી દેસાઈ

સુગમસંગીત મૂળમાં તો એક કલા જ: છે. અને કલાનો વિચાર સૌંદર્યના પાયા પર રચાએલો છે. પણ સૌંદર્યને આજે સામાન્ય અર્થમાં રુચિ, આનંદ, મજા, મનોરંજન સાથે સાંકળી લેવામાં આવ્યું છે. સૌંદર્યની સાચી ભાવના તો વસ્તુગત (objective) છે, સ્વયંભૂ સર્વનિષ્ઠ પૂર્ણતા જે પરમેશ્વરનો આવિષ્કાર છે, તેને આજે ભૂલી જઈ માત્ર મનોગત યા ભાવગત (subjective) દૃષ્ટિએ જ આનંદના સ્વરૂપમાં જોવામાં આવે છે.

ટૂંકમાં, સાચી કલાને સમજવા માટે તેને સૌંદર્યના subjective ખયાલથી છૂટી પાડવી જોઇએ. કારણ કલાનો સાચો ઉદ્દેશ મનોરંજનનો કદાપિ ન હોઈ શકે.

કલા લાગણીનું વાહન છે. જેમ ભાષા વડે વિચાર અને અનુભવનો વિનિમય થાય છે તેમ કલા વડે લાગણીનો વિનિમય થાય છે. આ હકીકત પર જ કલાની કંઈક આવી વ્યાખ્યા ઘડી શકાય: 'પોતે એક વાર અનુભવેલી લાગણી—ઊર્મિ—ફરીને પોતામાં જગાવીને તેને હલનચલન, રેખા, રંગ, ધ્વનિ કે શબ્દચિત્રણ દ્વારા ભાવકોમાં એવી રીતે સંક્રાત કરવી કે જેથી તે જ લાગણીઓ તેઓ અનુભવે.' કલાપ્રવૃત્તિનું આ મુખ્ય લક્ષણ છે.

આમ આ વ્યાખ્યા મુજબ આખું જીવન, જીવનનું દરેક પાસું કલા બની રહે છે. ચાળા કે નકલ, ઘરશણગાર, વસ્ત્રપરિધાન, હાલરડા, પ્રાર્થના, ઈમારતો આવી વિવિધ પ્રકારની કલાકૃતિઓથી માનવજીવન સભર છે.

પરંતુ આમાંથી અમુક ભાગને વીણી લઈ ખાસ મહત્ત્વ આપીએ તો તે લલિત કળાઓ બને; અને એનું પ્રેરક બળ છે મનુષ્યની ધર્મભાવના, ધર્મપ્રતીતિ અને શ્રદ્ધા. સારુ-નઠારું ઠરાવવાની સદ્‌વિવેકની ભાવના જ આપણને આ લાગણીવિનિમયના સાધન કલાનું સાચું મૂલ્યાંકન કરી આપે છે. આ વિચારમાંથી જ આપણે કલાની સાચી દૃષ્ટિ, 'સત્ય, કલ્યાણ અને સૌંદર્યની ત્રિમૂર્તિ'—સત્યં શિવં સુન્દરમ્-ની દૃષ્ટિ તરફ જઈ શકીએ.

આપણી લલિત કળાઓમાં સંગીતનું સ્થાન અત્યંત પ્રતિષ્ઠિત છે. બીજી બધી લલિત કળાઓમાં ભૌતિક સાધનોની આવશ્યકતા રહેલી છે: દા. ત. પીંછી, કાગળ કે ટાંકણા વિના ચિત્ર કે શિલ્પનું સર્જન અશક્ય છે. જ્યારે સંગીતમાં કોઈ પણ બાહ્ય ભૌતિક માધ્યમની જરૂર પડતી નથી. જુદાંજુદાં વાદ્યો તો ઘણે વખતે શોધાયાં. ધ્વનિ તો ભૌતિક દ્રવ્યથી પર છે.

વૈજ્ઞાનિકદૃષ્ટિએ ભૌતિકશાસ્ત્રમાં જગતની બધી જ રાશિઓ (physical entities)-ને બે ભાગમાં વહેંચેલી છે: દ્રવ્ય (matter) અને શક્તિ(energy). ધ્વનિરાશિ—જેમાંથી, સંગીત ઉત્પન્ન થાય છે, એ દ્રવ્ય નથી, શક્તિ છે. કોઈ પણ entity દ્રવ્યથી જેટલી દૂર, પર, તેટલું તેમાં આધિભૌતિક તત્ત્વ, સાત્ત્વિકતા (divinity), વધુ હોય છે. તેથી સંગીત પેલી 'ત્રિમૂર્તિ'ના આદર્શરૂપ ઈશ્વરની સૌથી નજીક છે, બલ્કે એનું જ સ્વરૂપ છે. માટે જ આપણાં શાસ્ત્રોમાં એને 'નાદબ્રહ્મ'થી ઓળખવામાં આવે છે. આનો અર્થ એ જ થાય કે સૂર એ એક શક્તિ છે, એમાં દૈવી સુવાસ છે.

અને જ્યારે સૂર સાથે શબ્દ ભળે ત્યારે એ બંનેની સંવાદિતા અદ્‌ભુત વાતાવરણ સર્જે છે. આ મુદ્દા દ્વારા આપણે સુગમ સંગીતના ક્ષેત્રે આપોઆપ પ્રવેશ મેળવી લઈએ છીએ.

કલા ને સંગીત વિષેના મૂળભૂત વિચારોનું આટલું મંડાણ કર્યા પછી પેલી 'ત્રિમૂર્તિ'ની ભાવનાને લક્ષ્યમાં—કેન્દ્રમાં—રાખીને સુગમ સંગીતનાં કેટલાંક પાસાં તપાસીએ.

સુગમસંગીતની આવશ્યકતા અને નામાભિધાન

આદિમ જાતિગીત, લોકગીત કે શાસ્ત્રીય સંગીત, આ સૌનો મુખ્ય આધાર તો સ્વર, સ્વરનું સામંજસ્ય.

આદિમ જાતિગીત અને એનું વિકસિત સ્વરૂપ જેને આપણે લોકગીત તરીકે ઓળખીએ છીએ, એ બન્ને તેમના શુદ્ધ સ્વરૂપમાં બિલકુલ સ્થાનીય (regional) છે. એ વ્યાપક રૂપમાં લોકપ્રિય ન થઈ શકે.

બીજી બાજુ શાસ્ત્રીયસંગીતછે, જેની અનેક સુસંસ્કૃત પ્રણાલિકાઓ છે. તે આદિમ જાતિગીતની માફક સ્થાનીય ન હોવા છતાં તેનું શિક્ષણ ને પ્રચાર પણ તેટલાં જ કઠિન છે.

આ બન્ને અંતિમ છેડાઓ (extremeties) છે. એ બન્નેમાંની સાર તત્ત્વો ખેંચી વ્યાપક સ્વરૂપમાં જનસાધારણ સમક્ષ સંગીત દ્વારા પેલી' ત્રિમૂર્તિ'ની ઉચ્ચ objective સૌંદર્યભાવના રજૂ કરવાની આવશ્યકતામાં જ સુગમ સંગીતનું મૂળ સમાએલું છે.

સામાન્ય રીતે કોઇ પણ વિષયને બે પક્ષ હોય છે. કોઈ એક પક્ષનું સમર્થન કરે, કોઇ બીજા પક્ષનું. અને આ બન્ને પક્ષો પરસ્પર વિરોધી છે એવી ભૂલભરેલી માન્યતા ઊભી કરવામાં આવે છે. વાસ્તવમાં બન્ને પરસ્પર પૂરક જ હોય છે. પક્ષીને બન્ને પાંખ હોય ત્યારે જ એ સમતોલન જાળવી શકે. લોકપ્રિયતા ને કલાપ્રિયતાનું પણ આવું જ છે. લોકસંગીત, લોકપ્રિયતા ને સરળતાની દૃષ્ટિએ મહત્ત્વનું છે, તો શાસ્ત્રીય સંગીત ઊર્ધ્વસંચરણ અને શિસ્તબદ્ધતાની દૃષ્ટિએ.

આ બન્ને વચ્ચેની કડી તે સુગમ સંગીત. સુગમ સંગીતમાં આ બન્ને તત્ત્વોનો ઉચિત સુભગ સમન્વય આવશ્યક છે. સુગમ સંગીત એટલે સરલ દૃષ્ટિબિંદુથી રજૂ થતી ઊર્ધ્વસંચરણની સંગીતપ્રવૃત્તિ.

આજે જેને આપણે શાસ્ત્રીય સંગીત તરીકે ઓળખીએ છીએ તેનો ઇતિહાસ આશરે પાંચસો વર્ષનો છે. યવનોના આગમન પછી દેશમાં જે ફરજિયાત સાંસ્કૃતિક પરિવર્તન આવ્યું એમાંથી સંગીત પણ બચ્યું નહિ. આ હકીકતમાંથી શાસ્ત્રીય સંગીતમાં વર્તાતી શબ્દમહત્ત્વની ઊણપનાં મૂળ જડે છે. ખયાલ ગાયકીના જન્મ વખતે પ્રવર્તતી વૈભવ અને વિલાસની પરિસ્થિતિને કારણે, રાજ્યાશ્રય પામેલા અને અન્ય ઉસ્તાદો તથા ગવૈયાઓ અશિક્ષિત કે અર્ધશિક્ષિત હતા. આજના શાસ્ત્રીય સંગીતમાં વરતાતો શબ્દમહત્ત્વનો અભાવ આ પરિસ્થિતિમાંથી જન્મ્યો.

પરંતુ યવનોના આગમન પહેલાંના શાસ્ત્રીય સંગીત—ધ્રુપદ, ભક્તિસંગીત કે હવેલી સંગીતમાં તો શબ્દોનું મહત્ત્વ સ્વર જેટલું જ હતું. એટલે પાંચસો વર્ષ પહેલાંના શાસ્ત્રીય સંગીતમાં તો સ્વર-શબ્દની દોસ્તી હતી જ. આજનાસુગમસંગીતમાં હવે શબ્દ સ્વરની એ દોસ્તી ફરીથી સ્થાપિત થવા માંડી છે.

એક બીજી હકીકત સ્પષ્ટ તરી આવે છે. પાંચસો વર્ષ પહેલાંનું શાસ્ત્રીય સંગીત—ધ્રુપદ, હવેલીસંગીત વગેરે—વિશેષત: પેલી 'ત્રિમૂર્તિ'ની સૌંદર્યભાવના—ઊર્ધ્વ સંચરણ—તરફ અભિમુખ હતું. યવનોના આગમન પછીનું સંગીત જેમજેમ વૈભવ અને વિલાસપ્રિયતાને કારણે એ ભાવનાથી વિમુખ થતું ગયું તેમતેમ શબ્દ-સ્વરની દોસ્તી શિથિલ પડતી ગઇ.

વળી, પહેલાંના વખતમાં સમાજના 'અભિજાત', 'મધ્યમ' અને 'લોક' એવા વિભિન્ન વર્ગો મુજબનું સંગીત હતું. હવે વર્ગવિહીન

સંગીત ૨

લેખક
અજિત શેઠ

સમાજરચનાના આદર્શ માટેના સંગીતમાં શાસ્ત્રીય સંગીતની સંસ્કારિતા અને મધ્યમવર્ગીય સંગીતના શબ્દવૈભવ તથા લોકસંગીતની સજીવતાનો સુભગ સુમેળ આવશ્યક છે.

પરંતુ આ સુમેળ જેટલો અઘરો છે તેટલું જ સુગમ સંગીત પણ કઠિન છે. એ રીતે જોતાં આ સંગીત માટેનું 'સુગમ' વિશેષણ થોડું ભ્રામક લાગે છે. આ શબ્દ સાપેક્ષ (relative) છે. 'શાસ્ત્રીય'ની અપેક્ષાએ શ્રોતા માટે એ 'સુગમ' ભલે હોય; પણ એ જ સંગીત શુદ્ધ લોકસંગીતની અપેક્ષાએ 'દુર્ગમ' બનશે. વળી, એ કદાચ સુગમ હોય તો તે માત્ર શ્રોતા માટે જ; કલાકાર માટે તો ઉપર દર્શાવેલો સુમેળ (સામાન્યરીતે લાગે છે એ કરતાં) વધુ અઘરો છે. આમ વિચારતાં 'શબ્દનિષ્ઠસંગીત' એ નામ આ સંગીત માટે વધુ યોગ્ય ગણાય.

ગુજરાતનું સુગમ સંગીત

લોકસંગીત પછીથી સુગમ સંગીતમાં થએલું શબ્દ અને સ્વરનું મિલન લક્ષ્યમાં લેતાં એનો ઇતિહાસ આપણા સાહિત્યના ઇતિહાસથી શરૂ થયો ગણાય. એ દૃષ્ટિએ ગુજરાતી સાહિત્યના આદિ કવિ નરસિંહ મહેતાને આજના સુગમ સંગીતના આદિ સ્વરનિયોજક (Composer) પણ ગણવા જોઈએ. ત્યાર પછી મીરાંબાઈ, પ્રેમાનંદ આદિ કવિઓ પણ પોતાની શબ્દરચનાઓને પોતે જ સ્વરદેહ આપી સ્વયં ગાતા. છેલ્લે દયારામ પણ આ જ કવિ-સ્વરનિયોજકોની હરોળમાં આવી શકે.

આ બધા ય મુખ્યત્વે ભક્ત કવિઓ હતા એમાં જ નરસિંહ અને મીરાંને તો સાક્ષાત્કાર થએલા. એમની શબ્દ-સ્વર રચનાઓમાં, એમના સુગમ સંગીતમાં, પેલી 'ત્રિમૂર્તિ' સત્યં શિવં સુન્દરમની ઉત્કટ ભાવના તરી આવે છે એ નોંધપાત્ર હકીકત છે. આ હકીકત કલાની મૂળભૂત વ્યાખ્યાનું સમર્થન કરે છે.

ત્યાર પછીના આધુનિક જમાનામાં કંઈ એવું પરિવર્તન આવ્યું કે જેથી કવિ અને સ્વરનિયોજક એક ન રહ્યા. ગુજરાતને ઘણા ઉચ્ચ કોટિના કવિઓ મળ્યા, તેમ ઘણા પ્રતિભાસંપન્ન સ્વરનિયોજકો, સંગીતકારો પણ મળ્યા. પરંતુ એ બંને વચ્ચેનું અંતર વધતું જ ચાલ્યું. આ કારણે જ નરસિંહ, મીરાં કે દયારામનાં પદોમાં રહેલી લોકપ્રિયતા તેમ જ ઉત્કટ, કલાપ્રિયતાનો સુમેળ આજે નથી દેખાતો. નરસિંહ, મીરાં, દયારામ કવિ તેમ જ ગાયકો બને હતા; જ્યારે આજનો કવિ ગાયક નથી બની શકતો અને આજનો ગાયક કવિ હોતો નથી. આ જ મોટી આપત્તિ છે. (જોકે તાજા વર્તમાન કાળમાં કેટલાક કવિ સ્વરનિયોજકોએ નોંધપાત્ર પ્રયત્ન કર્યો છે.)

પરતુ આ આપત્તિનું નિવારણ અઘરું હોવા છતાં અશક્ય નથી. જરૂર છે માત્ર કવિ અને સ્વરકાર વચ્ચેના સહકાર અને સાહચર્યની; અને તે માટે એકબીજાની કલાઓના ઊંડા અભ્યાસની. સાહિત્યના અભ્યાસ વિનાની સ્વરરચના જેટલી કાચી રહે છે, તેટલી જ સંગીતના અભ્યાસ વિનાની ગેય કવિતા અધૂરી રહે છે.

ગુજરાત પાસે સુગમ સંગીતની પ્રણાલિકા છે જ. એ છે એનાં લોકગીતો, ભજનો, આરતીઓ, કીર્તનો, રાજિયા, મરશિયા, હાલરડાં, લગ્નગીતો, કથાકાવ્યો અને બીજાં અવસરગીતો. આ બધાંમાં ગુજરાતનાં ભાવ તથા હલક છે જ. એમાં નવાનવા પ્રયોગોને ખૂબખૂબ અવકાશ છે. બંગાળમાં 'બાઉલ' ભજનો પરથી રવીન્દ્રસંગીત રૂપી સંગીતની એક આખી શાળાનું સર્જન થયું, તેમ આ બધાંનાં સંશોધન અને પ્રયોગોથી ગરબા ઉપરાંત ગુજરાતનું પોતાનું કહી શકાય એવું વિશિષ્ટ ગુજરાતી સંગીત ઉપજાવી શકીએ એવી શકયતાઓ છે જ. અને એ શકયતાઓનો પાયો એ જ પ્રયોજિત સંગીત (applied music)ની પ્રગતિ. ગુજરાત આ ક્ષેત્રે સારું એવું આગળ વધ્યું છે.

પાશ્ચાત્ય દેશોના લોકોને વૈજ્ઞાનિક દૃષ્ટિબિન્દુથી જીવનનાં વિવિધ પાસાંઓમાં ઊંડા ઊતરી અભ્યાસ કેળવવાની જે ટેવ છે તે અપનાવવા આપણે પ્રયત્ન કરીએ તો સુગમ સંગીતની પ્રવૃત્તિ-પ્રગતિને ઘણો પ્રવેગ મળી રહે. સંગીત માટે આપણી પાસે વૈજ્ઞાનિક અભિગમ (scientific approach)નો અભાવ છે. હાલના વૈજ્ઞાનિક યુગમા સંગીતના સંશોધન માટે અનેક ધ્વનિયંત્રો રચાયાં છે. Seashore tonoscope, Phonotonegraph, Cathode ray oscillograph? વગેરે યંત્રો દ્વારા સંગીતનાં Timbre, Volume Vibrato, આદિ પાસાંઓના તલસ્પર્શી અભ્યાસમાં સંશોધન અને વિકાસની વિપુલ શકયતાઓ સમાએલી છે.

આ રીતે પ્રયત્નપૂર્ણ અભ્યાસ અને નિષ્ઠાપૂર્ણ સહકાર કેળવાય તો ગુજરાતી સુગમ સંગીતનું ભાવિ ઉજ્જ્વલ અને સમૃદ્ધ છે. આ ક્ષેત્રે જરૂર છે ટાગોર જેવા કોઈ જીવંત, તેજસ્વી સર્જકની.

સુગમસંગીત એ શુદ્ધ કળા નથી, કિન્તુ બે શુદ્ધ કળાઓનું સંયોજન છે. આવશ્યકતા અનુસાર એક વિચાર શુદ્ધ સ્વર કે સૂરની સાથેસાથે ઈતર કલાનાં ઉપાદાનો દ્વારા (દા.ત. શબ્દ કે અભિનય દ્વારા) વ્યક્ત કરાય ત્યારે તે સુગમસંગીત તરીકે ઓળખાય છે. જ્યારે કવિતા જોડે સંગીત ભળે છે ત્યારે એ 'ગીત-સંગીત' તરીકે ઓળખાય છે; જ્યારે સંગીતનો નૃત્ય સાથે વિનિયોગ થાય છે ત્યારે તે 'નૃત્ય-સંગીત' તરીકે ઓળખાય છે. આમ, ગીત-સંગીત અને નૃત્યસંગીત એ સુગમસંગીતના જ પ્રકારો છે.

દરેક કળાનો ધર્મ છે રંજકતા (delightfulness) અને રસવત્તા (aesthetic emotition)નું સર્જન કરવું. સંગીતમાં આ રસ આનંદની અનુભૂતિ કરાવે છે, એટલું જ નહિ પણ સાધારણીકરણ અપરિમિતભાવ અને સાથેસાથે તન્મયતા પણ જન્માવે છે. વળી સંગીત લોકોત્તર સમસંવેદના પણ જગાડે છે.

રસનું સર્જન કેવળ સ્વર કે સૂરના માધ્યમ દ્વારા કરાય ત્યારે તે સંગીત શુદ્ધ સંગીત તરીકે ઓળખાય છે. પણ જ્યારે રસના સર્જન માટે સ્વર ઉપરાંત શબ્દના અર્થની પણ સહાય લેવાય અને તેથી તેની રચના ને સમજ સુગમ બનેત્યારેતે ગીત-સંગીત 'સુગમ-સંગીત' તરીકે ઓળખાય છે. આમ, શુદ્ધ સંગીતનું ઉપાદાન છે કેવળ સ્વર કે સૂર, જ્યારે સુગમસંગીત ગીતસંગીતનું ઉપાદાન છે સ્વર અને અર્થ.

પણ આ રીતે ગીતને, સુગમસંગીતને ઓળખવા પ્રયાસ કરતાં સહેજે મનમાં પ્રશ્ન ઊઠે કે ધ્રુપદ, ખયાલ કે અન્ય શાસ્ત્રીય સંગીતની-માર્ગી સંગીતની ચીજોમાં પ્રબંધનો, પદોનો, કવિતાનો ઉપયોગ તો કરાયો છે. તો શું ગીત સંગીત, સુગમ સંગીત એ શાસ્ત્રીય-સંગીતનું જ એક સ્વરૂપ ગણાય?

આ વિષે એટલું જ કહેવાનું, કે શાસ્ત્રીય સંગીતમાં થતો પદો કે કવિતાનો વિનિયોગ તેમાં રહેલા શબ્દોનાં ઉચ્ચારણ કરવામાં થતા ધ્વનિ માટેસવિશેષ થતો હોય છે. ખયાલ કે અન્ય ગાયકીમાં શ્રોતા કે ગાયકને સાધારણતઃ તેમાં વપરાએલી કવિતા તેના અથ કરતાં તેમાં આવતા શબ્દના ધ્વનિ માટે વધુ આકર્ષે છે. વળી શાસ્ત્રીય સંગીતકાર સાધા-

વસ્તુત: કવિતા તરફ તો દુર્લક્ષ જ સેવે છે— શબ્દના ઉચ્ચારણ અને ઘણી વખત અર્થ તરફ પણ તેની કેવળ ઉપેક્ષા જ હોય છે. શાસ્ત્રીય સંગીત ગાનારકલાકાર કેવળ સંગીતની, સ્વરની રમણામાં જ મસ્ત હોય છે.

જ્યારે સુગમ સંગીતમાં ગીત-સંગીતમાં સંગીત જેટલું જ કવિતાનું પણ પ્રાધાન્ય હોય છે; અને કવિતામાં શબ્દની રચના અર્થવતી હોય છે. એટલે ગીત-સંગીતમાં શ્રવણેન્દ્રિયના ઉપયોગ બાદ તેના અર્થના ગ્રહણમાં બુદ્ધિની પ્રવૃત્તિ પણ થાય છે. શાસ્ત્રીય સંગીતમાં જ્યારે શબ્દ રચના ભળે છે ત્યારે શબ્દના અર્થગ્રહણની અને એ અર્થે બુદ્ધિની પ્રવૃત્તિ સાધારણત: ઉદ્ભવતી નથી, કારણ કે શાસ્ત્રીય સંગીતમાં 'Words are mere aids and not essentials. The integral aesthetic sentiment is produced only by the specific patterns of notes of the rāga.' સુગમસંગીતમાં, ગીત-સંગીતમાં સંગીત જેટલી જ કાવ્યની અગત્ય છે. રસના ભાવના સર્જન માટે જેટલી સત્ત્વશીલ સંગીત-રચના (બંદિશ)ની અગત્ય છે તેટલી જ બલકે તેથી યે વિશેષ સત્ત્વશીલ કાવ્ય-રચનાની જરૂરિયાત છે. કવિ શ્રી ઇન્દુલાલ ગાંધી એક જગ્યાએ લખે છે 'કેટલીક વાર સુંદર રાગિણી નિર્બળ શબ્દબાંધણીને લીધે હૃદયસ્પર્શી નથી બનતી. એની ઊણપ રાગિણી સુંદર હોવા છતાં લાગ્યા કરે છે. કવિતાનું સુંદર શબ્દચોકઠું સ્વરહીન બનતાં નિષ્પ્રાણ લાગે છે. આમ, કવિતા અને સંગીત દેહ અને આત્મા જેવાં અન્યોન્યનાં પૂરક છે.'

માર્ગી સંગીતમાં રસની, ભાવોની અભિવ્યક્તિ રાગબદ્ધ છે. તેમાં રસના સર્જન માટે સ્વરોના આરોહ-અવરોહ, વાદી-સંવાદીપણાનાં સ્વરૂપો નિશ્ચિત કરાએલાં છે. ૧૨ સ્વર અને ૨૨ શ્રુતિઓના સમન્વયથી, તેના permutations and combinationsથી લગભગ ૩૫ હજાર રાગરાગિણીનાં સ્વરૂપો આપણા સંગીતશાસ્ત્રમાં રચાએલાં છે.

રાગ-રાગિણીઓની આટલી બધી સંખ્યા હોવા છતાં શાસ્ત્રીય સંગીત બે જ રસની નિષ્પત્તિ કરે છે: આનંદ અને દુ:ખ. આ રસો દ્વારા ચાર મૂળ ભાવોનું સર્જન કરાય છે: Pathetic, bestific, erotic અને heroic.

પણ સુગમસંગીતને તો આ ચાર ભાવો ઉપરાંત અન્ય ઘણી વસ્તુઓ આલેખવી છે. સામાજિક જીવન અને પ્રકૃતિનાં અંગોનું સંગીત દ્વારા ચિત્રણ કરવું છે. તેને કોઈ બીના કે હકીકત પણ સંગીત દ્વારા જણાવવી છે. તેને વળી laughter, fury, terror, oduim અને dismayના ભાવો પણ સર્જવા છે. તેને extreme form of naked romance, violent heroism, yelling cries કે silence of the grave પણ સ્વરો દ્વારા વર્ણવવાં છે. આ બધું સર્જન કેવળ રાગોની મર્યાદામાં જ રહીને શક્ય નથી. આથી સુગમસંગીતને રાગ-મર્યાદા તોડવી પડે છે.

વળી દેખીતી રીતે જ જ્યારે સંગીતનું કવિતા સાથે લગ્ન થાય છે ત્યારે સંગીતે કાવ્યના અર્થને, ભાવને અનુસરવું પડે છે. ક્યારેક તો શબ્દોની યે પેલે પાર રહેલા અવ્યક્ત ભાવોને પણ વાચા આપવાની હોય છે. અહીં રાગબદ્ધતા એક મર્યાદા બનીને ઊભી રહી છે. અભિવ્યક્તિની અવનવી ક્ષિતિજો સર કરવા મથતા સુગમ સંગીતને આ મર્યાદાઓ તોડવી જ પડે એ સમજી શકાય એવું છે.

સુગમસંગીત એટલે સંગીત ને કવિતાનું લગ્ન. એ વિધાનની સાથે જ એક સવાલ ઊભો થાય છે કે તેમાં પતિ કોણ અને પત્ની કોણ? આ પ્રશ્ન સાંપ્રત સમયમાં જ્યારથી કવિતા અને સંગીતના કસબ અલગઅલગ પાંગરવા માંડ્યા ત્યારથી વધુ મહત્ત્વનો થઈ પડ્યો. નરસિંહ, મીરાં, પ્રેમાનંદ, દયારામ વગેરે કવિઓ સંગીતકાર પણ હતા. આ વાગ્ગેયકારોનાં ગીતોમાં કવિતા, સ્વરની બંદિશ અને તાલનું સંપાદન મૂળ ભાવને પૂરક જ નહિ બલકે ભાવની ચોટ વધારે તેવાં રહેતાં. શબ્દ અને સંગીતનું ઉત્તમ સામંજસ્ય તેઓ સાધી શકતા, કારણ કે તેઓ કવિ તેમજ સંગીતકાર હતા. શબ્દ, સ્વર અને તાલની વરણી કે જેના થકી ચોક્કસ ભાવનું સર્જન થાય તે એક જ વ્યક્તિ હસ્તક થતાં.

સાંપ્રત સમયમાં આ બન્ને કસબ જુદા થતાં એકમેક ઉપર સર્વોપરિતા દાખવવા ઘણી વાર પ્રયાસ થતા જણાય છે. આથી અગાઉના આપણા વાગ્ગેયકારોની કૃતિમાં શબ્દ અને સંગીતનું જે સામંજસ્ય દેખાતું તેનો હવે ઘણી વાર અભાવ જણાય છે. આ સર્વોપરિતાના વિગ્રહમાં સંગીત તરફ ઉપેક્ષાભર્યું વલણ પણ ક્યાંકક્યાંક દાખવાય છે. સંગીતને ઘણી વાર handmaid of poetry તરીકે ઓળખાવવા પ્રયત્ન કરાયા છે. આ વલણ અયોગ્ય લાગે છે. કવિતા અને સંગીતના લગ્નમાં જો કવિતા પતિ અને સંગીત પત્ની તરીકે ગણાયાં હોય તો સંગીત, ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું છે તેમ, ભારતીય સ્ત્રી જેવું સ્થાન ભોગવે છે. ગુરુદેવે પોતાનાં 'જીવનસ્મરણો'માં લખ્યું છે કે 'In our country the wife rules her husband through acknowledging her dependence; so our music, through professedly in attendance only, ends by dominating the song.'

સુગમસંગીતમાં કવિતા સત્ત્વશીલ હોવી જ જોઇએ, એટલું જ નહિ, એ સંગીત શબ્દનું, અર્થાનુવર્તી થવું ઘટે. કિન્તુ એ હકીકતોને સ્વીકારતા સુગમસંગીતમાં કવિતા સર્વોપરી ન બની જવી ઘટે. 'સુગમ સંગીત' તો સંગીતની રચના અને સમજ બંનેને સુગમ કરે છે. એ સુગમ-'સંગીત' છે, સુગમ-'કવિતા' નથી. કવિતાની સમજ સરળ બને, અર્થ સુબોધ બને, તે માટે આવા સ્વરોનું સંપાદન થતું નથી. તે મૂળ તો સંગીત જ છે.

શાસ્ત્રીય સંગીતથી સુગમસંગીતને અલગ પાડનાર બીજાં પરિબળો છે સમય-મર્યાદાનાં. આલાપ, આભોગ ને સંચારીના વિવિધ સ્તબકોમાં થઇને વહેતા શાસ્ત્રીય સંગીતને ઘણો સમયવિસ્તાર જોઇએ છે. જ્યારે સુગમસંગીતમાં હકીકત સાવ જુદી છે. અહીં ફક્ત ત્રણ કે પાંચ મિનિટની સમયમર્યાદામાં બંદિશકારે તેની બંદિશ દ્વારા અને ગાયકે તેની ગાયકી દ્વારા ભાવોની અશેષ અભિવ્યક્તિ કરવાની રહે છે. આમ સમયમર્યાદાને લીધે સુગમસંગીતનું સર્જન સુગમ રહેતું નથી. એ ખૂબ જહેમત માગી લેતું એક દુર્ગમ કાર્ય બની રહે છે.

અંતમાં એટલું જ કે શુદ્ધ સંગીતમાં કેવળ અશબ્દ સ્વર-લીલા જ હોવી ઘટે; કેવળ સ્વર કે સૂરના માધ્યમ દ્વારા જ એ કલાનું સર્જન કરાવું ઘટે; અને તો જ શાસ્ત્રીયસંગીત શુદ્ધ કળા તરીકે ઘટી શકે. અને આથી જ આપણે ત્યાં કંઠ-સંગીત કરતાં વાદ્ય-સંગીતમાં શુદ્ધ સંગીતનું સાચું સ્વરૂપ જળવાએલું જણાય છે.

સુગમસંગીતમાં શબ્દ અને સ્વર સહલીલા આદરે છે. એમાં શબ્દ વપરાય છે એટલું જ નહિ પણ સંગીત અર્થાનુવર્તી બને છે. સંગીત રાગની મર્યાદા છોડી શબ્દના અર્થની, અને સાથેસાથે સમયની મર્યાદા પણ સ્વીકારે છે. આમ, સ્વર-બંદિશ રાગાનુવર્તી મટી અર્થાનુવર્તી બને ત્યારે તે સુગમસંગીત તરીકે ઓળખાય છે.

પરદેશનાં પત્રમિત્રો

Benson A. Obasuyi, Council School, Ukpekele, SAPELE (Federal Republic of Nigeria) ગાયન, વાચન, સિનેમા અને ફૂલના શૉખીન ૧૭ વર્ષના આ નાઇજિરીઅનભાઈ ભારત-પાકિસ્તાનમાં પત્રમૈત્રી બાંધવા ઘણા ઈંતેજાર છે. થાણાના ભાઈ વસંતકુમાર ગાંધીના નામોલ્લેખ સાથે ઈચ્છુકોએ અંગ્રેજીમાં પત્રવ્યવહાર કરવો.

ધના ભગત

સ્મરણી વ્યક્તિની સત્યકથાઓ • ૧૯

મુકુંદરાય વિ. પારાશર્ય

જુવાનીમાં એ 'ધનો ગાંડો' કહેવાતા. પણ પછી જુવાનીમાં જ એ 'ગાંડો' મટી 'ધનાભાઇ' લેખાતા થયા; અને સમય જતાં 'ધનાબાપા' કે 'ધના ભગત' તરીકે ઓળખાયા. કુંભાર કુળમાં જન્મેલા અરજણના પુત્ર ધના કુંભારની આ વાત છે.

એ ગાંડો, બાઘો, ડાહ્યો કે અટકચાળો કહેવાય તેવું કોઇ સ્પષ્ટ ચિહ્ન એના નાનપણમાં ન હતું. એના નાનપણની એક વાત એની મા કહેતી તે જળવાઈ રહી છે.

ધનાને પોતાથી પાંચસાત વર્ષે નાની એક બહેન હતી. તે જન્મથી નબળા બાંધાંની અને સાજીમાંદી રહેતી. એ દીકરીને મા સ્વાભાવિક રીતે નાનપણથી જ પલોટતી. એ છએક વર્ષની હશે ત્યારે મા તેને પાણી ભરવા નદીએ લઈ જતી. એક વખત ધનો પણ સાથે ગએલો. વીરડીમાંથી પાણી ભરી એ ઘડો ઊંચકવા મથતી હતી, પણ ખંચકાતી હતી. મા એને મદદ કરવા ગઇ. ધનાએ જોયું ને કહ્યું 'હું ઘડો લઇ લઈશ.' માએ ના કહી, તો ય ઘડો તેણે લઈ લીધો. પછી એ બહેનને દરેક કામમાં મદદ કરતો. ઘેર વાસીદું વાળવું હોય, છાણાં થાપવાં હોય, માટી સાફ કરવી હોય ત્યારે ધનો બહેનને મદદ કરવા બેસતો. તે વખતે તેની મા કહેતી: 'ધના, એ છોડીને કરવા દે. સાસરે કંઇ તું ભેળો નથી જવાનો.'

પણ એ સાસરે જ ન ગઈ. નવેક વર્ષની ઉમરે એ ગુજરી ગઇ. એની પાણી ભરવાની ઈંઢોણીને ધનાએ સંતાડીને સાચવી રાખી.

ધનાને પરણાવ્યા પછી થોડા કાળે તેનાં માબાપ ગુજરી ગયાં. તે પછી એ જુવાન થયો ને એ જુવાનીમાં એ બને તેટલું સ્ત્રીની સાથે જ રહેવા પ્રયત્ન કરતો. તેની સ્ત્રી માટી ખોદવા સહિયરો સાથે જતી હોય તો તેને વારે, ને પોતે તેની સાથે જાય. સ્ત્રીની સાથે નદીએ કપડાં ધોવા જાય. સહિયારો માટી ખૂંદે; અથવા સ્ત્રી માટી ખૂંદતી હોય ત્યારે સામે બેઠો જોયા કરે. લોકોની દૃષ્ટિએ રોજ તો એ પડતું કે નદીએથી પાણી ભરી આવતી પોતાની સ્ત્રીને જોતો તે સરિયામ માર્ગે ઊભો હોય, અને સ્ત્રી પાણી ભરીને ઘરની ખડકીએ આવે ત્યારે તેના હાંથમાંથી ઘડો લઇ લે ને હસે. એનાં આ પ્રકારના વર્તન જોનારા તેને 'ગાંડો' કહેતા.

તેનું આવું આચરણ માંડ એક દશકો ચાલ્યું હશે, ત્યાં તેને સંતાનમાં એક પુત્ર થયો. એ પુત્ર આઠદસ માસનો થયો ત્યારે શિયાળામાં એક દિવસે ધનો છોકરા પાસે રહ્યો અને તેની સ્ત્રી બીજી ત્રણચાર કુંભારણો સાથે ગોરમાટી ખોદવા સીમમાં ગઈ. ત્યાં એક નેરામાં કોતરમાથી ઊંડે માટી ખોદતાંખોદતાં ઉપરથી કોતરનો ભાગ તૂટી પડવાથી કચરાઇને સ્ત્રી ત્યાં જ મરણ પામી.

ધનાને તેનો આઘાત બહુ લાગ્યો. તેનાં સાસુ સસરા તેના બાળકને ઉછેરવા માટે સાથે લઈ ગયાં, એટલે ધના સાવ એકલો પડ્યો. હવે એ કંઈ જ કામ ન કરતો. બે ગધેડાં હતાં તે બન્નેને આખો દિવસ છૂટાં મૂકી દે. સાંજે ગોતી લાવે. બાકી ન ઠામ-વાસણ ઘડે, ન માટી લાવે, ન રેતી લાવે. રોટલો કો'ક વાર ઘડીને ખાય, કો'ક વાર ન ખાય. પરિચિત સંબધી ઘેર રોટલો ખાવા બેસવા આગ્રહ કરે તો 'ઠીક નથી' કહી ચાલતી પકડે. સીમમાં જઇને કે નદીએ ક્યાંક એકલો બેસે. મોડી રાત્રે આવે, ન યે આવે; રાતમાં ઊઠીને ય ચાલ્યો જાય.

ધનાના પિતા અરજણ કુંભારને વૈદ્ય ઝીણા પીતાંબર તથા હરિરામ વૈજનાથના ઘર સાથે ઘણો સંબંધ હતો. વૈદ્યોને રસો તથા ભસ્મો બનાવવા માટે સખત તાપ સહી શકે તેવી ચીકણી માટીમાંથી હાથરી તૈયાર કરી દેવામાં એ કુશળ હતા. એની કુશળતા ધનાને વારસામાં મળી હતી, અને હરિરામના પુત્ર કાનજીભાઈ સાથે તેને ઘણો મનોમેળ હતો. પણ સ્ત્રીના અવસાન પછી જ્યારે ધનાને કાનજીભાઈએ હાથરી કરી દેવા કહ્યું ત્યારે તેણે પ્રયત્ન કરી જોયો અને કહ્યું: 'માટી ખોદવા જાઉં છું ને સીમમાંથી ફરતાં મને એના સાદ સંભળાય છે. માટી ખોદાતી નથી. માંડ માટી ખોદી; પણ પલાળીને ખૂંદવા ગયો ત્યાં એ આવી ને માટી ખૂંદતી હોય તેમ તેના માટી ગૂંદતા પગ મને દેખાયા કરે છે. તમે બીજે હાથરી કરાવી લો.'

આ પછી મોરબીને પાદર બે રાત આવીને ચાલ્યા ગએલા કોઇ અવધૂતનો એક રાત્રે તેને સમાગમ થયો, ને ત્યારથી તેની વિહ્વળતા જતી રહી. એ ભગત ન થયો, પણ તેની નિષ્ક્રિયતા જતી રહી. ગધેડાંનો સાથ લઈ તેણે ચાકડો ફરી ચાલુ કર્યો. તેને આમ સ્વસ્થ થયો જોઈ તેને પરણાવવાના યત્ન થયા. ધનાએ કહ્યું: 'એ માથાકૂટ મેલો. મારે નસીબ સ્ત્રીસુખ હોત તો જે હતી તે મરત શીદ?' ને એ ન પરણ્યો.

વગર ગધેડે એ ઘણી વાર સીમમાં જતા અને ગોર માટી ખોદવાના સ્થળે નેરાંની ઊભી કરાડમાંથી ઊંડાં ભોણ થયાં હોય ત્યાં ઉપરનો ભાગ એ ખોદીને તોડી પાડતા તેમજ ગોરમાટીનાં વળિયાં (સ્તર) આડે ખરેલાં ધૂળ–પથ્થરને ઘસડી દૂર ફેંકી દેતા. ધોરી માર્ગમાં અને ખાસ કરી ગાડાંકેડામાં પડેલા પથ્થર પણ દૂર કરતા ને ખાડા પૂરી કેડા એકધારા બનાવતા. પાકી માટીનાં રમકડાં કરી બાળકોને બોલાવીને આપતા. લગ્નની ચૉરીનાં માટલાં તે ખૂબ સોહામણાં ચીતરતા. આમ તો દરેક ગૃહસ્થને તેના બાંધ્યા કુંભાર હોય એવો એ જમાનો હતો; એટલે કોઇ ગૃહસ્થને ત્યાં પ્રસંગ હોય તો તેનો જ કુંભાર તેને જોઈતાં વાસણ ઘડી દે; પણ લગ્નપ્રસંગે તે તે કુંભારને ત્યાં જઈ ધના ભગત ચૉરીનાં માટલાં અવેતન ચીતરી આપતા. કળશી બે કળશીના માપની અનાજ સંઘરવાની કોઠીઓ ઘડવામાં એ પાવરધા હતા. વખત મળ્યે કોઇ ખેડૂને ત્યાં જઇ રેંટિયો પણ કાંતતા. બન્ને ગધેડાંને તે એટલા હેતથી પાળતા કે રાત્રે ખાટલી ઢાળી એ ફળીમાં કે ઓસરીમાં સૂતા હોય ત્યારે ગધેડાં તેમની ખાટલીને અડીને જ બેસતાં.

અવધૂતના યોગે એ પત્નીના મૃત્યુના વિષાદમાંથી મુક્ત થએલા, પણ ભક્ત ગણાય એ રીતે એ કંઠીમાળા પહેરતા નહિ, ભજન લલકારતા નહિ, તેમ સંસારની અસારતાની કે ભેખ વૈરાગની વાતો કરતા નહિ. ભજન થતાં હોય તો ત્યાં જઇ બેસે, ભજનિકને ભજન સંભળાવવા વિનંતી પણ કરે; પણ એ બધું પોતે નવરા પડે ત્યારે. વ્રત-ઉપવાસો એ ઓછા કરતા. જમવા તરફ રુચિ ઓછી હતી. જે મળે તેથી એક ટંક નિભાવી એ દિવસ કાઢી નાખતા. એને ટેવ માત્ર સાંજે હવેલીએ એક વાર દર્શને જવાની અને ગરીબ, ભૂખ્યાં તથા અપંગને મદદ કરવાની હતી.

સંવત્ ૧૯૩૫માં કાનજીભાઇ હરિરામ રાજવૈદ્ય તરીકે મોરબી છોડી કોટડા-સાંગાણી જઈ વસ્યા પછી ધના ભગતે પણ કોટડે વાસ કર્યો. કાનજીભાઈને ત્યાં એ રોજ બપોર ગાળતા. એમના નિઃસ્પૃહી સ્વભાવને કારણે ખેડૂતો તથા લોકો એમને દાણા વગેરે આપી જતા.

કોટડામાં એમણે પોતે જ માટીની એક ઓરડી ને ઓસરી તૈયાર

કરેલાં, તેમાં તે રહેતા. ઘરવખરીમાં ઓસરીમાં એક ખાટલી ને ગોદડાં, ને ઓરડીમાં અનાજ માટે ગારાના બે સૂંડલી ને માટીનાં બે હાંડલાં કથરોટ ને તાવડી હતાં. પહેરવામાં પહેર્યાં કપડાં સિવાય કંઈ નહિ. રાત્રે તેલકોડિયું એમને ત્યાં ન બળતું. કોઈ કંઈ આપે તો શરૂઆતમાં તો ના પાડતા, ન લેતા; પણ પછીથી તે લઇ લેતા અને તેનો ઉપયોગ બીજાને આપવામાં કરતા. એક વખત કોઇએ ત્રાંબાની કથરોટ આપી. વળતે દિવસે એ કથરોટ એમણે શેરી વાળનાર ભંગી બાઇને આપી દીધી. બાઈએ કહ્યું: 'બાપા, રે'વા દોને!' ધના ભગતે કહ્યું: 'શીદ રે'વા દઉં? એ દેવા માટે જ મને મળી છે. તારી છે; લઈ જા.'

એ કોટડે આવીને રહ્યા પછી થોડા સમયમાં કોટડા ઠાકોર તોગાજી બીમાર પડ્યા. વૈદ્યરાજ કાનજીભાઈ દવા કરતા, પણ ઠાકોર કેવા બીમાર છે તેની જાણ કોઈને ન હતી. એક બપોરે ધના ભગતે કહ્યું: 'બાપા, મને સૂઝે છે કે ઠાકોરનો આ આખર મંદવાડ છે.' અને એ મંદવાડમાંથી તોગાજી ઊઠ્યા નહિ.

એ તોગાજીએ અવસાન વખતે કુંવર મૂળવાજીની સંભાળ લેવાની વિનંતી કાનજીભાઈને કરેલી, છતાં રાજની ખટપટથી કંટાળી કાનજીભાઈ કોટડા છોડી જવા માગતા હતા. ત્યારે ધના ભગતે કહેલું: 'ખટપટનો વિચાર ન કરો. મને સૂઝે છે કે કુંવર ધરમી રાજા થશે ને તમને ગુરુ તરીકે રાખશે.'

એ ધર્મશીલ મૂળવાજી ઠાકોર વૈદ્યરાજ કાનજીભાઈને ગુરુ તરીકે પૂજતા (જુઓ અંક ૪૭૦). સંવત ૧૯૫૨માં કાનજીભાઇના નાના ભાઇ ભક્ત કવિ કેશવલાલ હરિરામ મુંબાઈથી દેશમાં દીકરીને પરણાવવા આવેલા. એ કેશવલાલભાઈ પર ધના ભગતને અપાર લાગણી હતી. લગ્ન પ્રસંગે કાનજીભાઈ મોરબી જતા હતા ત્યારે ધના ભગત સાથે જવા તૈયાર થયા ને કહ્યું: 'બાપા મને સૂઝે છે કે કેશુભાઈની હારે આપણો મેળાપ છેલ્લો છે.' અને પુત્રીનાં લગ્ન પૂરાં થયાં પછી પંદર દિવસમાં જ કેશુભાઈનો કૈલાસવાસ થયો.

કોટડાને પાદર એક ચાતુર્માસ માટે કૃષ્ણાનંદ સ્વામી આવેલા. (અંક ૪૭૪) રાજ્યના કારભારી ઉમિયાશંકરભાઈ વગેરેને સ્વામીએ કહેલું કે ગામમાં સંતવૈરાગી કહો કે સંસારી કહો, એ ધના ભગત છે. એ વિશિષ્ટ જ્ઞાની ભક્ત છે. આ સાંભળી ઉમિયાશંકરભાઇ ભગતને મળવા તેની ઝૂંપડીએ ગયા, ત્યારે ભગતે કહ્યું: 'બાપા, હું તો આ માટીનો છું. ગળે કંઠીમાળા નથી, મુખે રામનું નામ નથી. તીરથયાત્રા કે દેવદર્શન કર્યાં નથી. પાપના ફળ રૂપે જીવને દુઃખ મળે છે પણ એમ દુઃખી થાતા જીવને જોઈ મને કંઈક થાય છે. હું તો, બાપા સંસારી છું.'

ધના ભગતે પાંત્રીસો દુકાળ જોએલો; પણ વય વધતાં એમનું મન નબળું પડેલું, એટલે છપ્પનિયો દુકાળ એમનાથી જોવાયો નહિ. ચારે તરફ સુકાઈ ગએલાં ઝાડ ને નદી-કૂવા, ભૂખ્યાં-તરસ્યાં ઢોરનાં હાડપિંજર અને રઘવાયાં માણસો જોઈને એ અકળાઈ જતા. લોકો પોતાનાં સંતાનોને તજી, ઘર રેઢાં મૂકી ચાલ્યાં જતાં અને એવાં નિરાધાર છોકરાંને રોટલો ને રાહત દેવા ધના ભગત આસપાસનાં ગામડે ફરતા. પરગણાનાં ગામોમાં કૂવા ગળાવવા તથા ખોદાવવા એ સામે ચાલી અવેતન જતા. રાજ્ય તરફથી દુષ્કાળનાં રાહતકામો થતાં તેમાં તે જતા ને પોતાને જે મળે તે અપંગ ભૂખ્યાંને આપી દેતા. રખડતાં ઢોરને એ પાણી સીંચી પાતા. દિવસમાં એક ટંક ખાનાર ધના ભગત છપ્પનિયામાં ઉપવાસ પણ ખેંચી કાઢતા ને ખાય ત્યારે પણ બને તેટલું ઓછું ખાતા. પણ એ ઘણાને કહેતા: 'દુકાળમાં ખાઉધરાં નહિ થાઓ તો દુકાળ તમને નહિ ખાઈ જાય.'

ત્રણચાર દિવસની લાંઘણ પછી એક બપોરે રોટલો ઘડી તે ખાવા બેસતા હતા એવામાં રસ્તા પર રોતી કકળતી જતી બાઇનો અવાજ સાંભળી તે બહાર આવ્યા. જોયું તો નિર્વસ્ત્ર જેવી ફાટેલાં કપડાંવાળી કોઈ સ્ત્રી કાંખમાં બેભાન જેવું હાડચામના લોચા જેવું બે વર્ષનું બાળક લઈ નીકળેલી. તે ભીખતી હતી ને રોતી હતી. બે બાળકો સાથે તેનો પતિ ભૂખે મરી ગયો હતો. તેની વેદનાની કારમી હાય સાંભળી ધના ભગતનું દિલ કકળી ઊઠ્યું. તેણે તેને ફળીમાં બોલાવી પાણી પાઈ રોટલો દીધો. ઓસરીમાં ખાટલો ઢાળી કહ્યું: 'મા, અહીં વિસામો ખા.' ને એ ત્યાંથી સીધા કાનજીભાઈને ત્યાં ગયા. કાનજીભાઇ કોઈ દરદીને જોવા બહારગામ ગએલા. તેમનાં પત્નીને ધના ભગતે કહ્યું: 'કે'જો બાપાને, ધનો પંડનાં પાપ ધોવા ને વે'લો વરસાદ માગવા ગંગાસ્નાન કરવા ગયો છે. આ દુકાળ હવે જોવાતો નથી.'

સાંજે કાનજીભાઇ પાછા આવ્યા. તરત ધનાને ત્યાં ગયા. ખડકી ને ઓરડીનાં બાર ઉઘાડાં હતાં. ઓસરીમાં આડી ખાટલી પર ગોદડાં પડ્યાં'તાં. ઓરડીમાં સામે ખીંટી પર નાની ઈંઢોણી લટકતી હતી. ધનાએ જીવનભર સાચવેલી એ બહેનની સ્મૃતિ હતી!

ઘણી તપાસ કરાવી ત્યારે વળતે દિવસે ખબર મળ્યા કે બે પડખે બે ગધેડાં રાખી ધના ભગત કોઠારિયાના પાદરથી રોકાયા વગર ચાલ્યા ગયા છે.

તે દિવસે સાંજે જ ઘણો સારો વરસાદ પડ્યો. નદીએ પૂર આવ્યાં. પણ ગંગાસ્નાન કરવા નીકળી ગએલા ધના ભગત પાછા ન આવ્યા તે ન જ આવ્યા.

OUR FRIENDS ABROAD

જગત્સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ


જર્મન પત્રમિત્રો

(દરેક સરનામાને છેડે Germany ઉમેરવું) (21) Bernd Lessmeier, Detmold, Kissinger Str.31—19m; general interests. (22) Annerose Moller, Wuppertal–Elberfeld. Bank str. 23—17 f; modern architecture, art, music, sport, stamps. (23) Ursula Berner, 715 Backnang, Friesrich List Str. 14—15 f; general interests. (24) Elke Bohner, 7887 Laufenburg, Wolfsgrube 7—17 f; stamps, art, music. (25) Isode Schaefer, 7891 Birndorf, Rebweg 95—16 f; postcards, music, reading. (26) Lilli Tarres, Ravensburg, Friedhof Str. 2—16 f; reading, classical music, art. (27) Ursula Thoma, 8601 Lichtensteiche, Gundelsheimer Str. 19—15 f; general interests. (28) Gudrun Tuchscherer, 8601 Lichtensteiche, Sudetenland Str. 14—15 f; general interests. (29) Rita Bernhold, Wasbek, bei Neumuenster—16 f; music, cinema, dancing, swimming. (30) Erika Volz, 648 Wachtersbach, Bruecken Str. 27—17 f; general interests. (31) Margit Leonhardt, Landshut/Bay, Herzog Wilhelm Str. 13—17 f; stamps, postcards, reading. (32) Renate Schikora, 715 Backnang, Sud Str. 24 —15 f; general interests. (33) Renate Rudigier, 789 Waldshut, Kaiser Str. 79—16 f; music, swimming, postcards.

બાલે-બંધ

રંગઠરિયાં-૩૬

ચંદ્રવદન મહેતા



અત્યંત શોખીન છે આ પ્રજા. હસમુખી, રમતિયાળ, આનંદી, ટીખળી, વિનયવિવેકે તરવરતી, રસીલી, રંગીલી, મોજીલી. ચાલો તો ચકલે ચકલે, સીન નદીને કાંઠે કાંઠે ચિતારાઓ ચીતરવામાં રત જોવા મળે. ચિત્રની શોખીન. જે કૈં હોય એને શણગારવાને ઉત્સુક. ઘેરાવદાર ઘાઘરો કે ડગલાની બાંય, ગળાનો દુપટ્ટો કે માથાના વાળ, ઘરનો થંભો કે દાદરનો કઠેરો, જે જુઓ તે નકશીકામ, કોતરકામ, ફૂલબુટ્ટાના મરોડ-કામથી શણગાર્યાં જ છે. ચકલે ચકલે ચતારા. તો એનાં ચિત્રોનું શું? ઘરમાં, દુકાનમાં, શેરીમાં, રેસ્ટોરાંમાં, શોભા-શણગાર માટે એનો ઉપયોગ થવાનો જ. ખાવાનું લિજ્જતદાર; રેસ્ટોરાંમાં ચિત્રો રોનકદાર; તો ખાધું પચાવવા ત્યાં નૃત્ય અને સંગીત, જાદુખેલ અને અભિનય, ટુચકા અને કિસ્સા, એ માટે રંગભૂમિ ખડી કરી છે ભભકદાર. લૂઈના જમાનામાં રાજમહેલાતોમાં રંગભૂમિ હતી, જ્યાં બાદશાહ પણ નાટકમાં ભાગ લેવા ઊતરતા. ત્યાંથી નાટકશાળાઓ ઉપરાંત રેસ્ટોરાં અને ક્લબોમાં પણ નાટકનાં અંગઉપાંગોને અવતાર્યાં. નૃત્ય સંગીત અને નાટક, ભારતમાં હતું તેમ, એકબીજાથી નિકટમાં સંકળાએલાં પારી(સ)માં તો છે જ. એમાં મશહૂર ચિતારાઓએ રંગ પૂર્યા, રોશનીના જાણકારોએ ઝબકાર પાથર્યા. પારી(સ)ની રંગભૂમિની ભભક ને ખ્યાતિ દશે દિશામાં પ્રસરે એમાં શી નવાઇ?

ફારસની જેમ ફ્રાન્સે 'રેવ્યુ' પણ શરૂ કર્યાં. ત્યાર બાદ ઇંગ્લંડમાં સર ચાર્લ્સ કોચરાએ તે અપનાવ્યાં. 'રેવ્યુ' એટલે ચવચવનો મુરબ્બો. પણ એ રંગભૂમિનો જ મસાલો. એમાં પણ ફ્રાન્સનો ડંકો વાગે. આ બધું ઓછું હતું તેમ નૃત્યમાં નવો ચીલો પણ ફ્રાન્સે જ પાડ્યો—૧૭મી સદીમાં, અને તે 'બાલે'ના નામે પ્રચલિત થયું. બાલે તો રશિયાનું નહિ? બરોબર. પરંતુ તે તો આજે. પણ વિવેચકોનો એક મત એવો છે કે ચૌદમા લૂઈએ પોતાના દરબારમાં ઈ. ૧૬૫૩માં આ પ્રકારના નૃત્યનો ઘાટ રચી આપ્યો, એમાં મોલિયેર અને લલી, બંનેએ નાટકના ક્ષેત્રે ફાર્સમાં તેમ આ દિશામાં પણ મહત્ત્વનો ફાળો આપ્યો. ઈટલીમાં એનો ઉદ્ભવ થએલો એ વાત ખરી, પણ એ વાતનું આજે મહત્ત્વ નથી.


એના તાણાવાણાને ઘાટમાં ઘૂંટી આપનાર રાજા લૂઈ અને એના બે દરબારીઓ: એક કવિ અને એક નાટકકાર. વેરસાઈલ્સના રાજમહેલમાં, ઈન્દ્રના દરબારને શરમાવે એવા ઠાઠમાઠથી, એવી નજાકતથી, એવા શણગાર-પહેરવેશથી, રાજવંશી કુટુંબની સુન્દરીઓ એ બાલેમાં લાલિત્યથી નાચતી. એ જમાનામાં પગ ફરકમાં ચાપલ્ય નહોતું, તે માદામ મેરી સાલેએ આણી બતાવ્યું. એમાં ઝપાં જ્યૉર્જ નોવેરોએ બાલે ઉપર વિવેચના લખી નૃત્યમાં લફડફફડ થતાં ભારેખમ કપડાંલત્તાંને તિલાંજલિ આપી કેવળ શરીરનાં માર્દવ, લાલિત્ય અને ભાવપ્રદર્શન ઉપર ભાર મૂકી બાલેના ઘાટમાં તાજગી વધારી. આ નોવેરો પ્રખ્યાત લેખક રુસ્સોનો વિદ્યાર્થી. જેવી બુદ્ધિ તેવી કલમ. ઇટલીમાં જન્મી, સ્ટૉકહોમમાં પરણી, પારી(સ)ની નાટકશાળાઓમાં કામ કરી, બૅલેની નવી ઢબ એણે પ્રચલિત કરી. એમાં એની દીકરી મારીએ એ જમાનામાં પાવલોવા સરખું બિરુદ પ્રાપ્ત કર્યું.

પારી(સ)ને પગલે મિલાન ચાલ્યું. ત્યાં મશહૂર સ્કાલા થીએટરમાં વિશાળ તખ્તો મળતાં બાલે વિસ્તર્યું. ઓગણીસમી સદીમાં વળી પાછું ફ્રાન્સના થીઓફીલ ગોતિયે નામક લેખકે ગીઝલની વાર્તા રચી આપી, ઍડૉલ્ફ આદમે સંગીત સરજી આપ્યું, અને ઝયાં કોરાલીએ બાલેનો ઘાટ ઘડી આપ્યો, તે હજી આજે પણ પ્રથમ પંક્તિની બાલેરિના,—ઇંગ્લંડ કે રશિયામાં સુદ્ધાં—એ 'ગીઝલ'ના જ પાઠમાં નાચીને કીર્તિકળશ સંપાદિત કરે છે.

હવે મઝા જુઓ: રશિયામાં બાલે સંગીતનો અજોડ લખવૈયો ઝાઇકોસ્કી જન્મે છે. એ અને ફ્રાન્સનો મરાયસ પતિપા બેત્રણ અમરત્વને પામેલાં બાલેનાં આયોજન કરે છે. એટલામાં સેંટ પીટર્સબર્ગનો ક્ષાની સુકાની રશિયો રાજા પીટર બાલેના ઘાટને પોતાના દરબારમાં ઘુમાવી એવો તો ઘૂંટે છે, કે રશિયામાં બાલે સર્વાંગ સ્વરૂપે પાંગરે છે—અજોડ, અનન્ય, અદ્ભુત કહેવું પડે એવો ઘાટ ધારણ કરે છે. ઝાઇકોસ્કીના સંગીતે બાલેને અમરત્વ આપ્યું, એને અઢીત્રણ કલાકની કૃતિમાં ઉતારી, નૃત્ય ભાવ અને સંગીતનો ત્રિવેણીસંગમ સાધી આપ્યો, તો પણ પ્રિન્સ વૉલ્કૉન્સ્કીના સાથીદાર ચિતારા ડિમા ગિલેવે તો પારી(સ)માં જ આવી બાલેનાં આયોજન કર્યાં. એવામાં એને અમેરિકન નર્તકી અને કુદરતને ખોળે રહી નાચનારી ઇસાડોરા ડંકન મળી. એટલે એ બંનેએ વળી એ ચોકઠામાં નવા રંગો પૂર્યા. અને ફ્રાન્સમાં ફણગાએલું બાલે આજે જૂની તેમજ નવી ઢબે ક્લાસિકલ, રોમાન્ટિક, નવતરશૈલી, અખતરાદશા, એમ વિવિધ શાખાઓમાં અમેરિકા-ઇંગ્લંડ-હૉલૅંડ-જર્મની, ને અલબત્ત ફ્રાન્સ-ઇટાલી-રશિયામાં તે પોતાની અનોખી ઢબથી લાખ્ખો પ્રેક્ષકોનાં હૃદયને રસમાં તરબોળ કર્યા જ કરે છે. એમાં નથી નડતાં ભાષાનાં બંધન કે નથી નડતી સંગીતની મૂંઝવણ. આજે યુરોપભરમાં પ્રકીર્તિત થએલા એ ઘાટમાં જૂની તેમજ નવી કથાઓ નાચતી રહે છે.

ઓપેરા લખવા માટે તેમજ બાલે નૃત્ય નાચવા માટે એ લોકોએ ચોગરદમ નજર દોડાવી છે. ટાગોલીઆનીએ તો ઈ. ૧૮૩૦માં ભારતની કથા ઉપાડી બાલેમાં વણી દીધી હતી ત્યાર બાદ પતિપા, એનો

આઇ લ્યૂશિયન, એમ કે લાલા રૂખ, દુષ્યંત શકુન્તલા, સાવિત્રી, લક્ષ્મી, શહેરાઝાદી, અને પાવલોવાએ રાધા-કૃષ્ણના વિષયોને પૂર્વના પ્રદેશોમાંથી ઉપાડી બાલેનૃત્યમાં વણી લીધા છે. સોવિયેત યુનિયનમાંથી તેમજ યુરોપના કોઇકોઇ દેશોમાંથી સંગીતકારો ભારતમાં દર સાલ સારી સંખ્યામાં ઊતરી, ફરી, ભારતીય સંગીતનો અભ્યાસ કરી, પોતાના બીબાબંધમાં તેની ગત, ધૂન, લય, રાગબંધારણ કે વસ્તુકથા ઉતારવા સફળ પ્રયત્નો કરી ચૂક્યા છે.



ઉક્રેનિયન યુદ્ધ નૃત્ય

આપણે ત્યાંથી ફક્ત એક ઉદયશંકરે પારી(સ)થી મૉસ્કો સુધી ઘૂમવામાં, ખંત અને ચીવટથી બાલે નૃત્યોનો અભ્યાસ કરવામાં દાયકાઓ ગાળીને બાલેનાં ખપજોગાં રસકસ ત્યાંના બંધમાં ગાળવામાં સફળતા મેળવી છે. એવા એકધારા ઘણા પ્રયત્નો થકી આપણે ત્યાં કંઈક નવા બંધનું સર્જન થઇ શકે. ભરતનાટ્યમ્, કથકલી, કથ્થક, મણિપુરી, કુચીપુડી–બધાંમાંથી તત્ત્વો ગાળી નિંગાળવાં પણ પડે. યુરોપના સિમ્ફૉનિક સંગીતમાં, તેમજ બાલેનૃત્યોમાં, બુદ્ધિપૂર્વક યોજેલા કથા વાતાવરણને અનુસાર બોલેરો, ટારંટાલા, વાલ્ટ્ઝ, પોલ્કા, મઝુર્કા, એવા અસંખ્ય યુરોપના દેશોમાંના લોકનૃત્યોથી માંડી શાસ્ત્રીય પદ્ધતિનાં નૃત્યોના ટુકડાઓ સિફતથી, કૌશલથી વણી લેવામાં આવ્યા છે. ઇરાન, અફઘાનિસ્તાન(એટલે કે ગાંધાર), ભારત, ચીન વગેરે દેશોની પ્રાચીનસંગીતરત્ન-કણિકાઓ પોતાના બંધોમાં ઉતારી લેવામાં આવી છે.

બહુ અઘરું કામ છે. મન અને દૃષ્ટિ વિશાળ કરી ઘણા ખંતપૂર્વક અભ્યાસ કરવાની જરૂર છે. ઉદયશંકરે પોતે આ સંબંધમાં શું લખ્યું છે તે જ અહીં ટાંકીએ, અને તે પર પૂરો વિચાર કરી ધ્યાનમાં ઉતારીએ: 'યુરોપના પ્રવાસોમાં હું એ શીખ્યો કે ત્યાંની નૃત્યશાળાઓની રજૂઆત કલામાંનાં શિસ્ત, સંઘશક્તિ, ભેરુબંધી, આયોજનદૃષ્ટિ, નિયમિતપણું, સહકાર, તખ્તા પરત્વેનું રજૂઆત કલાનું ખાસ શાસ્ત્ર, અવલોકન, સુરેખ સમતોલપણાની–સપ્રમાણતાની ઊંડી સમજ, ફર્જનો ખયાલ, જવાબદારી, ખંત અને એ બધા ઉપરાંત શોમૅનશિપ 'કૃતિને ઝબકાવવાની કલા' આવાઆવા સોળે ગુણથી સંપન્ન થોડાક બત્રીસલક્ષણા આપણે ત્યાં પાકશે ત્યારે, પાવલોવા કે રૂથ સેંટ ડેનિસ જેવી પ્રખ્યાત નર્તિકાઓ પોતાની કલા ભારતના તખ્તા ઉપર બતાવી ગઈ હતી એમ, બાલેબંધમાં થએલાં ભારતીય આયોજન પરદેશના તખ્તાઓ ઉપર, એમનાં દિલ જીતી લે એ રીતે બતાવી શકાશે.'

આ દિશામાં કોઈએ પ્રયત્નો કર્યા જ નથી એમ કહેવાનો આશય નથી. ખુદ ઉદયશંકરે જ આ દિશામાં ભારે જહેમત ઉઠાવી છેલ્લેછેલ્લે ૧૯૬૨માં 'સામાન્ય ક્ષતિ' અને બીજા એવા જ બાલેબંધ અમેરિકામાં અને યુરોપમાં રજૂ કરી ભારે પ્રશંસા મેળવી છે. થીએટર દ નાશ્યૉમાં 'લિટલ બાલે ટ્રુપે' ૧૯૬૦માં 'પંચતંત્ર' રજૂ કરી પારી(સ)ની વિવેચક સૃષ્ટિને છક કરી દીધી હતી. પંખીઓ કાક, પીક, હંસ વગેરેની વિવિધ ચાલોને, ભારતીય સંગીતના તાલમાં વણી, અસલ વાર્તાને વિસ્તારી, આપણને રોચક ને પરદેશીઓને સમજાય એવો અનુપમ બાલે રજૂ કર્યો હતો. એ જ પ્રમાણે મૃણાલિની સારાભાઈના મંડળે 'દર્પણ' દ્વારા 'મનુષ્ય', 'માયા' અને 'મત્સ્યકન્યા'ના નૃત્યબાલેમાં ભારતની વિવિધ નૃત્યશૈલીઓને ખૂબીભરી રીતે વણી, નૃત્ય-આખ્યાયિકાઓને ફ્રાન્સમાં પારી(સ) ઉપરાંત યુરોપના આ છેડે ડેનમાર્કથી લઈ જર્મની, હોલૅંડ, ઈટલી, સ્વિત્ઝર્લૅન્ડ, હંગેરી ને છેક સોવિયેત દેશમાં માસ્કો શહેર સુધીના પ્રેક્ષકો સમક્ષ રજૂ કરી પરદેશીઓનાં મન ઉપર ભારતીય બાલેબંધની સુંદર છાપ પાડવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. અમેરિકા, જાપાન, થાઇલૅન્ડ, ઈન્ડોનેશિયા આદિ દેશોમાં પણ એ બાલેબંધો વખણાયા છે, અને એમ 'દર્પણ' દ્વારા ભારતીય નૃત્યશૈલીનાં સુંદર તત્ત્વોને પરદેશી મનોમુકુરમાં પ્રતિબિંબિત કરાયાં છે.

અરે, પણ હજી બાલેનું પીંજણ ક્યાં પૂરું થયું છે જે? થીએટર દ નાશ્યૉં–એટલે કે દેશદેશની નાટકશાળાઓ–માં એનો કાર્યક્રમ હજી પૂરો ક્યાં જોયો છે? દર સાલ ફ્રાન્સમાં એનો જલસો થાય એમાં અમેરિકાથી આવેલા જેરોમ રૉબિન્સનો બાલે જોયો. એમ તો, કહે છે કે, અમેરિકામાં અઢારમી સદીથી બાલેનાં પગરણ મંડાયાં; પણ ડીઆગિલેવે જ્યારે પારી(સ)માં (૧૯૦૯ થી ૧૯૩૯માં) ઘર માંડ્યું અને બાલે રજૂ કર્યા, તે દરમિયાન ૧૯૧૬માં એ અમેરિકા ગએલો અને ત્યાં એણે બાલેનાં મૂળ પ્રસાર્યાં. એની પછી નિજિન્સ્કી ઊપડ્યો. અલબત્ત, આના પાવલોવા તો ખરી જ. અને પછી તો ત્યાં પણ નવી નવી ખોપરીઓ પાકી. એમાં આજે જેરોમ રૉબિન્સનું કામ દંગ કરી દે એવું લાગ્યું. બાલેમાં સંગીત જે એનો પ્રાણ, તે જ એણે કાઢી નાખ્યો, અને અરધા કાર્યમાં તો સંગીતના એક પણ સૂર કે તાલ વિના માત્ર બાલે-દશ્યો જ બતાવ્યે ગયા. તો પછી પ્રાણ ક્યાં મૂક્યો? એ મૂક્યો સ્વચ્છ ભાવવાહી અભિનયમાં. વાચા તો નહિ જ; પોશાકનો ભભકો ઠઠેરો પણ નહિ; પણ મૂવમેન્ટ–ભાવવાહી હલનચલન–સ્પષ્ટ સુરેખ સચોટ સારું સંગઠિત સંવાહિતાવાળું અને સર્જનાત્મક.

૧૯૧૮માં જન્મી એ ધંધાપાણીમાં ન પડતાં નાચને ચાળે ચડ્યો, ને ભાતભાતનાં નૃત્યની તાલીમ લીધી. બાલે એ શીખ્યો કેટન, ડાગાનોવા, હિચિન્સ, લૉરિંગ, નેમચિનોવા, પ્લાટોફની શાળાઓમાં. પછી સ્પેન જઈ વેલોઝ પાસે, જાપાન જઈ નિમુરા પાસે; અને દેશદેશાવર ફરી, નૃત્યો જોઇ એણે જાતજાતના કિસ્સા બાલેમાં રજૂ કરવા માંડ્યા. પંદર મિનિટનું એનું 'ફૅન્સી ફ્રી' અને 'ગ્રૂપ ઈન્ટર પ્લે' નાનકડી વાત; પણ એમના પર બે વર્ષ મહેનત કરી! પિયાનો વગાડવાની નિશાળમાં, રશિયન બાલેની ઠેકડી, જૂનવાણી બાલેની મજાક, એવીએવી કૃતિઓથી મંદમંદ હાસ્ય ઉત્પન્ન કરી એણે દશેક મિનિટમાં તો જીવડા બહેલાવી દીધા. સંગીત નહિ, છતાં જાણે ક્યાંક છૂપા સંગીતની સંવેદના અનુભવતા હોઈએ એમ જ લાગે. ને ઈન્ટરવલ પછી જાઝ બાલેમાં તો એણે હદ જ કરી. નવો દેશ અમેરિકા, જ્યાં કશાનાં મૂળિયાં-થડિયાં નહિ, ત્યાં અવનવીન રીતે વસ્તુઓ રજૂ કરવામાં એ દેશની પ્રજાનો ફાળો પણ નાનો સૂનો નથી. બધું થાય–ઉદયશંકરનાં ઉપર ટાંકેલાં વચનો વારંવાર મનમાં ઘોળી અમલમાં મૂકવામાં આવે તો! (ચાલુ)

હિંદુ સ્થાપત્યના સર્વોત્તમ નમૂના રૂપ દક્ષિણ ભારતનાં બે કલાધામ



હળેબિડ-બેળૂર

લેખક અને તસ્વીરકાર · આઈ. સી. પટેલ

મૈસૂરથી વાયવ્યમાં સોએક માઈલ દૂર બેળૂર આવેલું છે. ત્યાંથી ઈશાન તરફ પચ્ચીસેક માઇલ દૂર અને બાનાવર સ્ટેશનથી નૈર્ઋત્યે અઢારેક માઇલને અંતરે હળેબિડ છે.

ઈસ્વી સનની ૧૧મીથી ૧૪મી સદી દરમિયાન અહીં હોયસળ નામે એક સમૃદ્ધ રાજવંશ થઈ ગયો, એ રાજ્યકાળમાં કલાનો ઘણો વિકાસ થએલો. વિષ્ણુવર્ધન નામે એક હોયસળ રાજાએ પોતે કરેલા વિજયોના સંસ્મરણમાં અનેક મંદિરો બંધાવેલાં. બેળૂર અને હળેબિડનાં મંદિરો તથા બીજા કેટલાક ભગ્નાવશેષો પરથી જણાય છે કે એમની રાજધાની દ્વારાવતીપુર કે દોરાસમુદ્ર આટલામાં જ હશે. કહેવાય છે કે મૂળ રાજધાની બેળૂર પાસે હતી. જૈનમાંથી હિંદુ થએલા રાજા વિષ્ણુવર્ધને બેળૂરમાં ચન્નકેશવનું વિષ્ણુમંદિર બંધાવ્યું પણ એ પૂરું થતાં પહેલાં એનું અવસાન થયું. પાછળથી એ મંદિરમાં વધારાનું કામ થયું. અહીંની જાળીઓ અને એની નીચેના શિલ્પખચિત કંદોરાઓ તથા એ બધાંને આચ્છાદન આપતાં છજાં પરનું શિલ્પધન ઘણી ઉચ્ચ કક્ષાનું માનવામાં આવે છે.

વિષ્ણુવર્ધન પછીના રાજાઓ રાજધાનીને આજના હળેબિડ પાસે લઈ ગયા. ત્યાંનું પ્રથમ સુંદર સ્થાપત્ય કેતેશ્વરનું મંદિર છે. તે પછી ઈ. સ. ૧૧૨૧માં કેતમલ્લ નામના એક રાજકર્મચારીએ હળેબિડમાં હોયસળેશ્વર નામે એક શિવમંદિર બંધાવવા માંડેલું. જો કે એ મંદિરનું કામ પૂરું થવા પામ્યું નથી, છતાં લગભગ એક હજાર વર્ષ પછી પણ ટકી રહેલી એ અધૂરા મંદિરની શિલ્પ-સમૃદ્ધિ ફર્ગ્યુસન જેવા વિખ્યાત સ્થાપત્યવિદ્ના મતે દુનિયાભરમાં અજોડ ગણાય એવી છે.

હળેબિડમાં હોયસળેશ્વર ને કેદારેશ્વર એમ બે મંદિરો એકબીજાની અડોઅડ બંધાએલાં છે. જગતભરમાં હળેબિડને વિખ્યાત કરનાર શિલ્પધન આ બે મંદિરો પર જ છે. ઊભાં અને આડાં સંયોજનોના સુંદર સંકલન ને એની કોતરણી પર પડતા છાયાપ્રકાશથી ઊપસી આવતી રેખાઓની મધુરતા એ અહીંના શિલ્પની શ્રેષ્ઠતા છે.

પાંચથી છ ફૂટ ઊંચા ઓટલા ઉપર પ્રથમ હાથીનો કંદોરો શરૂ થાય છે. મંદિરની રચનાના દરેક ખૂણામાં વળાંકો લેતા જતા એ થરની લગભગ ૭૦૦ ફૂટની લંબાઈમાં ૨,૦૦૦ જેટલા હાથીઓનું એના પર શિલ્પ છે! પૂર્વ અને ખાસ તો ભારત સિવાય હાથીનું આવું વૈવિધ્યસભર આલેખન જગતમાં બીજે ક્યાંયે નથી. એના પછી શાર્દૂલનો થર છે. શાર્દૂલ—સિંહ એ હોયસળ રાજવંશનું પ્રતીક છે. તે





અર્જુનનો મત્સ્યવેધ (પાનાને મથાળે) આલેખતું બેળૂરના મંદિરના કંદોરા પરનું એક શિલ્પ. ડાબી બાજુ: હોયસળ રાજવંશની શાસનમુદ્રાનું દ્યોતક બેળૂરનું શિલ્પ કેસરીમર્દન કરતો રાજપુરુષ. જમણી બાજુ: બેળૂરનું એક બીજું શિલ્પ 'નૃસિંહ-અવતાર'



હળેબિડના મંદિરના કંદોરા પરની વિવિધ વિષયક શિલ્પસમૃદ્ધિ

પછી આવે છે અવિરત સૌન્દર્ય ને વૈવિધ્યથી ભરપૂર વેલનો થર, પછી અશ્વથર, ફરી વેલ ને તેના પરના થરમાં રામાયણના પ્રસંગોનું આલેખન છે. અને આમ ઉત્તરોત્તર કંદોરાઓ લગભગ ૧૧ ફૂટ ઊંચે સુધી વિસ્તરેલા છે. તે પછી માનવજીવનના પ્રસંગો, અપ્સરાઓ, સંગીતવૃંદો, દેવદેવીઓ ને પૌરાણિક પ્રસંગો આલેખતું શિલ્પ વિસ્તર્યું છે. એમાં મંદિરની પશ્ચિમ બાજુ પર લગભગ ૪૦૦ ફૂટ જેટલી લંબાઈમાં શિવપાર્વતી, વિષ્ણુના અવતારો, બ્રહ્મા, ઇંદ્ર આદી લગભગ બધા હિંદુ દેવતાઓની લગભગ પાંચ થી છ ફૂટ ઊંચી મૂર્તિઓનું શિલ્પ છે. આ બધી કોતરણી પર પડતી છાયા-પ્રકાશની અસરનો જે ખયાલ અહીં રખાયો છે એ કદાચ સમગ્ર હિંદુ શિલ્પસ્થાપત્યમાં ચરમ ટોચે પહોંચેલો છે. જાણે પથ્થર રૂપે સ્થંભી ગએલાં આ પાત્રો ગમે તે પળે સજીવ બની હલનચલન કરવા માંડશે એવો જ ખયાલ એને જોતાં થાય છે.

કેદારેશ્વરનું મંદિર ઈ. સ. ૧૨૧૯માં વીર બલ્લાળે બંધાવ્યાનું મનાય છે. હોયસળેશ્વર જેવા જ આ મંદિરના શિલ્પમાં અશ્વનું આલેખન વધૂ કું છે. અહીંની મૂર્તિઓ કદમાં નાની ને કદાચ વધુ સુંદર રીતે કોતરાએલી છે. આ મંદિરનું શિખર અને કેટલીક મુખ્ય મૂર્તિઓ નાશ પામી ગયા પછી પણ અહીંનું શિલ્પધન એટલું જ પ્રાણવંતુ રહ્યું છે.

આસપાસ મળતા પાટસ્ટોન નામક પથ્થરની આ બધી કોતરણી છે. મનાય છે કે તાજા કાઢેલા એ પથ્થર શરૂઆતમાં પોચા રહેતા હોઇ એના પર બારીક કોતરકામ થઇ શકે છે. કોરાએલા પથ્થર પાછળથી ખુલ્લી હવામાં જૂના થતાં સખત બનતા જાય છે. આમ છતાં અહીંના કલાકૌશલને જરા યે અવગણી શકાય તેમ નથી જ. પથ્થર કઠણ બની ગયા પછી કોરાયો હોય એવું શિલ્પ પણ અહીં છે જ.

મંદિરની સ. મેલા નંદી માટેની છત્રીઓના સ્તંભનો ચળકાટ સદીઓના હવામાનની થપાટો ખાધા પછી યે એવો જ રહ્યો છે. આજે હજારેક વર્ષ પછી યે એના પરની ઝીણીઝીણી વિગતો એવીને એવી તાઝગીભરી ટકી રહી છે. આ બંને સ્થળો જ્યાં આવ્યાં છે એ હાસન



'વરાહ-અવતાર' બેળૂર મંદિરનું એક દૃશ્ય

જિલ્લાનું લગભગ બધું સ્થાપત્ય ભારતીય સ્થાપત્યમાં ઘણું ઊંચું સ્થાન ધરાવે છે શ્રવણ બેળગુળની ૪૦૦ ફૂટ ઊંચી ટેકરી ઉપર ૫૭ ફૂટ ઊંચી ગોમટેશ્વરની વિશાળકાય મૂર્તિ પણ આ જિલ્લામાં જ છે. મીસરના તે તિંગ સ્થાપત્યો પછી આવું વિશાળકાય શિલ્પ ક્યાંય નથી. આ જ જિલ્લાના આરસીકર, હારનહલ્લી, કોરામંગલ, હાયરકદળૂર આદિ સ્થાનોનું સ્થાપત્ય પણ ઉચ્ચ કક્ષાનું ગણાય છે. પણ આ સૌમાં માત્ર બેળૂ-હળેબિડના સ્થાપત્યના ઉદાહરણ સાથે પણ હિંદુ સ્થાપત્યનો પ્રશંસક જગતભરના સ્થાપત્યો સામે ટકી શકે એટલું ઉત્તમ ત્યાંનું શિલ્પધન અને સ્થાપત્યાલેખન છે.






જમણી બાજુ મથાળે હળેબિડના 'વેણુગોપાલ' ને નીચે બેળૂરના 'લક્ષ્મીનારાયણ'


કલાવાર્તા

કલાકાર વિમલ દાસગુપ્ત

એક પ્રતિભાવાન કલાકાર તરીકે દિલ્હીમાં નામ કાઢનાર શ્રી વિમલ દાસગુપ્ત આજકાલ કરતાં પંદરેક વર્ષથી સતત કામ કરતા રહ્યા છે. એ દરમિયાન એમના સર્જનમાં એટલા બધા એવા મોટા આમળા ગુંથાયા છે કે એમના સર્જનની સમગ્રતયા આલોચના મુશ્કેલ છે.

આજથી છએક વર્ષ પહેલાં પોતાનાં અતિ ઉચ્ચ કક્ષાનાં અભ્યાસસાધ્ય ને વસ્તુલક્ષી દૃશ્યચિત્રોથી એ ખ્યાત થયા. પછી કદાચ એમને સમકાલીન વિચારો અને અભિવ્યક્તિના નવા માર્ગ અપનાવવામાં એ પદ્ધતિની





ઉપર: દિલ્હીની લલિત કલા અકાદમીના સંગ્રહમાંનું શ્રી વિમલ દાસગુપ્તનું જલરંગી ચિત્ર 'હોડીઆ'; ડાબી બાજુ: કુલુ (હિમાલય પ્રદેશ)ની એક શેરી; નીચે ડાબી બાજુ: રાંચીનું ગ્રામ બજાર; જમણી તરફ: જેસલમેર (રાજસ્થાન)ની શેરી

મર્યાદાઓ નડતી લાગી અને અન્ય માર્ગો દ્વારા પોતાની આગવી શક્તિઓની અભિવ્યક્તિ માટે શક્યતા જણાઇ. એમના એ મનોમંથનની પ્રતીતિ એમની વચગાળાની કૃતિઓ કરાવી રહે છે.


૧૯૫૫ની પાનખરમાં એમણે દક્ષિણ હિંદનો પ્રવાસ કર્યો, ને એને પરિણામે જ એમની ઠીક રંગાવટ તેજસ્વી બની. દક્ષિણ દ્વિપકલ્પના સમુદ્રકિનારાનાં શામળાં નરનારીઓ અને ત્યાંના ભરચક લીલાકુંજાર ગ્રામપ્રદેશોએ એમનાં દૃશ્યાલેખનોમાં નવચેતન આણ્યું. એમની કાર્યપદ્ધતિ પણ બદલીને જલરંગીમાંથી





હવે ટેમ્પેરા પર આવી અને એમની કૃતિઓમાં સુગ્રથિત બાંધણી આવવા લાગી. આ પલટાથી એમના જૂના પ્રશંસકો ખિન્ન પણ થયા.


ફરી એમના સર્જનમાં ધરમૂળથી પલટો આવ્યો અને હજી આજે પણ એ સંક્રાન્તિકાળમાં જ છે. ઈ. ૧૯૬૧માં જર્મની, પોલાંડ, ફ્રાન્સ, ઇટલી આદિ યુરોપના દેશોના પ્રવાસે ફરી એમને ત્રિભેટા પર લાવી મૂક્યા છે. યુરોપની સમકાલીન અમૂર્ત (ઍબ્સ્ટ્રૅક્ટ) કલાની અનિવાર્ય અસર નીચે એ આવી ગયા છે. આજનાં તેમનાં ઘણાંખરાં તૈલચિત્રો અગાઉની વિગતપ્રચુર કૃતિઓને મુકાબલે સાદાં ને સચોટ બનતાં જાય છે. મેં એમની બંને પ્રકારની કૃતિઓ જોઈ છે, ને એમાં ઝડપથી પલટા લેતા પટુકરણ માનસના કલ્પનાશીલ ને હિંમતવાન પ્રયત્નો જણાયા છે. —એસ. એ. કૃષ્ણન



જે. એમ. ઊનવાલા

માનભરી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામનાર જે. એમ. ઊનવાલાનું ગયા નવેમ્બરમાં અવસાન થતાં ભારતીય ફોટોકલાના ક્ષેત્રે મોટી ખોટ પડી છે. ફોટોગ્રાફીને કારીગરી નહિ, પણ એક આગવી કળા તરીકેનું સ્થાન અપાવવામાં સતત કાર્યરત રહીને એમણે સફળતા મેળવી, પણ એટલું જ નહિ, સ્વભાવે શાંત અને નિરભિમાની રહી એમણે સંખ્યાબંધ ઊગતા ફોટોકલાકારોને પોતાના અનુભવોનો બહોળો લાભ આપી આજના અનેક ખ્યાતનામ ભારતીય ફોટોકલાકારોના ઘડતરમાં મોટી સહાય કરી છે. ધંધે શેરદલાલ હોવા છતાં એમનો જીવ કલાકારનો હતો અને ફોટોગ્રાફીના ઉત્કટ વ્યાસંગી હોવા ઉપરાંત ચિત્રકળા અને સંગીત પ્રત્યે પણ એમણે બચપણથી જ અનુરાગ કેળવ્યો હતો.

ઈ.સ. ૧૮૯૯માં મુંબઈમાં એમનો જન્મ. ૧૯૧૬થી ફોટોગ્રાફીનો રસ લાગ્યો. ૮॥×૬॥ ઇંચના કદના મોટા સૅન્ડર્સન કૅમેરાથી એમણે આરંભ કર્યો. થોડા સમય પછી ૧૫×૧૨ના કદનો લૅંકેસ્ટર કૅમેરા પણ મેળવ્યો. આવા મોટા કદના કૅમેરાથી આરંભ કરવાને કારણે સ્વાભાવિક રીતે ઘરમાં જ ફોટોગ્રાફી કરવાની મર્યાદામાં એમને રહેવું પડતું, અને પરિણામે પોર્ટ્રેટ (તસવીર)ને સ્ટિલલાઇફ (પદાર્થસમૂહ) જેવા વિષયોમાં તેમની કળા વધુ વિકાસ પામી. ઓરડામાં આવતા દિવસના ઉજાસ વડે અને જરૂર પ્રમાણે ઓછાવત્તા વીજળીના



ડાબી બાજુ : ફોટો કલાકાર સ્વ. ઊનવાલા. જમણી બાજુ : એમની એક કૃતિ (એમની બીજી એક કૃતિ માટે જુઓ આ અંકની પાછળની આર્ટપ્લેટ) પાનાને મથાળે : કલાકાર વિમલદાસગુપ્તની અમૂર્ત કલાશૈલીની એક અનામી કૃતિ 'એકચિત્ર'



દીવા દ્વારા તેઓ પોતાના ચિત્રવિષયની પ્રકાશયોજના કરતા. પોતાનાં લગભગ બધાં ચિત્રો તેઓ ફૉકસિંગ માટેના કાચ પર જ સંયોજી લેતા. પછી પણ જો જરૂર લાગે તો એન્લાર્જમેન્ટ કરતી વેળા માસ્કિંગ કરતા. એમના કૅમેરા સામે બેસનાર દરેક પાત્ર વ્યક્તિગત કાળજી પામતું. પાત્રના ભાવ અને લાક્ષણિકતાને ઉઠાવ આપવા તેઓ બહુ જહેમતથી પ્રકાશયોજના કરતા. એમની એક જાણીતી કૃતિ આર્ટ પ્લેટ પર આપી છે.

પોતાની કૃતિને ઉમદા બનાવવામાં એમણે કદી થાક અનુભવ્યો નહોતો. ધીરેધીરે અસર કરતાં રસાયણો વાપરી બહુ ચીવટથી તેઓ પોતાનાં ફોટોચિત્રોને તૈયાર કરતા. માનવપાત્રની નેગેટિવમાં ટચિંગ કરવામાં તેઓ માનતા નહોતા. 'પોર્ટ્રેટ' અને 'ટેબલટૉપ' જેવા વિષયોમાં એમને વધુ ફાવટ હોવા ઉપરાંત અન્ય વિષયોમાં પણ એમણે સારી સિદ્ધિ મેળવી હતી. પોતાનાં નવાં ચિત્રોને તેઓ મઢીને દિવસો સુધી નજર સામે રાખતા, એનું અવલોકન કરીને એનું મૂલ્યાંકન કરતા રહેતા અને પોતાને પૂરો સંતોષ થાય ત્યાર પછી જ એને જાહેરમાં કે પ્રદર્શનમાં મૂકતા.

એમની નોંધ મુજબ લગભગ ૮૦૦ પ્રદર્શનોમાં ૨૯૦૦ જેટલાં ચિત્રો અને ૧૨૫ સ્લાઇડો રજૂ કરી ૫૦૦થી યે વધુ ઈનામો એમણે મેળવેલાં. એમનાં કેટલાંક 'ટેબલ ટૉપ્સ' તો ઘણા ઊંચા પ્રકારનાં ગણાયાં છે. સીને ફોટોગ્રાફીમાં પણ એમને રસ હતો અને ભારતની 'ઍમેટર સીને સોસાએટી'ના તેઓ ભૂતપૂર્વ પ્રમુખ તેમજ છેક સુધી માનાર્હ સભ્ય હતા. ભારત, અમેરિકા, ઇંગ્લંડ, ફ્રાંસ આદિ દેશોમાં એમની ફિલ્મોને માનભર્યાં ઈનામો પણ મળેલાં. કોઈ એક વ્યક્તિમાં આટલી બધી શક્તિ એકત્ર હોવી મુશ્કેલ છે. આ સિદ્ધિ એમણે આપમેળે જ મેળવી હતી. ઊગતા ફોટોગ્રાફરોને તેઓ 'કૂમળા છોડ' કહી હમેશાં પ્રેમથી માર્ગદર્શન આપતા. અલબત્ત, એમના કેટલાક ખયાલો જૂના હતા, છતાં આધુનિક ફોટોગ્રાફીના કોઇ પણ કલાત્મક વલણ કે વિચારને તેઓ હમેશાં સત્કારતા.

ફોટો-જગતમાં ભારતને માનભર્યું સ્થાન અપાવવામાં એમનો હિસ્સો જબરો છે. ભારતની ફોટોગ્રાફીની લગભગ બધી જ પ્રવૃત્તિઓ ને સંસ્થાઓ સાથે તેઓ એક યા બીજી રીતે સંકળાએલા રહ્યા હતા. 'કૅમેરા પિક્ટોરિયાલિસ્ટ્સ ઑવ બાૅમ્બે'ના તેઓ સ્થાપક ને શરૂઆતથી જ પ્રમુખ હોવા ઉપરાંત પૂર્વના દેશોમાં માનભર્યું સ્થાન ધરાવતી 'ફોટોગ્રાફિક સોસાએટી ઑવ ઇંડિયા'ના પણ તેઓ ભૂતપૂર્વ પ્રમુખ હતા. આ ઉપરાંત, 'રૉયલ ફોટોગ્રાફિક સોસાએટી'ના માનાર્હ કૉરસ્પૉન્ડિંગ સભ્ય અને ફેલો, 'ફોટોગ્રાફિક સોસાએટી ઑવ અમેરિકા'ના ભારત માટેના માનાર્હ પ્રતિનિધિ અને ફેલો, બ્રાઝિલના રીઓ દ જાનેરોની 'સોસાએતે દ ફલુમિનન્સ દ ફોતોગ્રાફિયા'ના માનાર્હ કૉરસ્પૉન્ડિંગ સભ્ય, લૉસ ઍન્જેલિસના 'ધ કૅમેરા પિક્ટોરિયાલિસ્ટ્સ'ના એસોશીએટ સભ્ય, તથા 'લંડન સૅલોં ઑવ ફોટોગ્રાફી' અને 'સ્વીડિશ સોસાએટી ઑવ ઈન્ટરનૅશનલ પોર્ટ્રેટ ફોટોગ્રાફી'નાં સભ્યપદ જેવાં ફોટો જગતનાં અનેક રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય માનભર્યાં સ્થાનો મેળવવા જેટલી સિદ્ધિ એમણે મેળવી હતી. ઇ. ૧૯૩૫ના 'અમેરિકન ઍન્યુઅલ ઑવ ફોટોગ્રાફી'ના કહેવા મુજબ તેઓ એ વર્ષે દુનિયાભરના ફોટોકલાકારોમાં ચોથા નંબરે હતા!

અને આટલી મોટી સિદ્ધિઓ છતાં, ભારતીય ફોટો કલાકારો જેને હમેશાં યાદ કરશે તે એમની નિરભિમાની સાદગી ને મીઠાશ વડે એમણે, એક ઉમદા ફોટોકલાકારથી યે વિશેષ એવા સુજન ગુણવાન વડીલ તરીકેનું જે સ્થાન મેળવ્યું હતું તે પુરાવું તો કદાચ ઘણું મુશ્કેલ છે. —ચતુર્ભુજ વલ્લભદાસ



મુંબાઈની જ સુપરિચિત જહાંગીર આર્ટ ગૅલેરીના પહેલા માળે તાજેતરમાં 'ગૅલેરી કેમોલ્ડ' નામે એક કાયમી પ્રદર્શનીનું આયોજન થયું છે, જેમાં વિવિધ નામી કલાકારોની કૃતિઓ અવારનવાર રજૂ થયા કરશે. હાલ ત્યાં જે બાર કલાકારોની કૃતિઓ રજૂ થઈ છે તે પૈકી શ્રીમતી પ્રભા બડગેલવારનું 'વૃક્ષો' અને શ્રી અભય ખટાઉનું 'અર્ધ્ય' એ બે ચિત્રો આ ઉપર તથા જમણી બાજુ (અનુક્રમે) આપ્યાં છે.





આજે જ્યાં ન્યૂયૉર્ક શહેર છે તે મૅનહટ્ટનની જમીન પ્રથમ ખરીદીને ત્યાં 'ન્યૂ નેધરલૅન્ડ' ગામ સ્થાપનાર પીટર મેન્વેટ જર્મનીના જે નાનકડા શહેર વેરસેલમાંથી ત્યાં ગએલો ત્યાં આજ ૩૫૦ વર્ષે તેના સ્મારક રૂપે આ ઉપરનું લાક્ષણિક શિલ્પ ઊભું કરવામાં આવ્યું છે.
(યુ. પી. એસ.)

કુમાર

સળંગ અંક ૪૬૯ થી ૪૮૦
જાન્યુઆરીથી ડિસેમ્બર ઓગણીસસો ત્રેસઠ

ચાળીસમા વર્ષનું વાર્ષિક સાંકળિયું

ચિત્રો

પૂર્ણરંગી

અપ્સરા (અજંટા) પૃ. ૪૦ પછી
ઈન્દુમતીનું મૃત્યુ (બિહારીલાલ) નવે. મુખ.
કદલી આત્માઓ (છ. જાદવ) પૃ. ૨૬૦ સામે
કનૈયાલાલ મુનશી ડિસેમ્બર પ્લેટ
કેસૂડાં (ઈન્દ્ર દુગડ) માર્ચ પૂઠામાં
ગામડું (વિમળ દાસગુપ્તા) ડિસે. પ્લેટ
ગોઠડી (કાંગડા કલમ) ઑક્ટો. મુખચિત્ર
ચામરધારિણી (જ. અહિવાસી) મે મુખ.
તુલસીને પાણી (ત્રિગુણાતીત) પૃ. ૩૬૧ સામે
નવવસંત (યજ્ઞેશ્વર શુક્લ) ફેબ્રુ. મુખચિત્ર
નાવલી નદીને તીરે (છગનલાલ) જૂન પ્લેટ
પ્રાચીન ધાણી (ભ. કપૂર) ઑક્ટો. મુખ. પા.
બાજ-રૂપમતી (વ્રજલાલ) એપ્રિલ મુખ.
માછીમાર (કોકિલા દેસાઇ) જુલાઈ મુખચિત્ર
મારગને કાંઠે (સોમાલાલ) ડિસે. મુખ.
રંકની કલા (છ. જાદવ) જૂન મુખ. પાછળ
રાજસ્થાનના રાસ (ઇન્દ્ર દુગડ) માર્ચ મુખ.
રાધાનું નૃત્ય (કાંગડા) જાન્યુ. મુખ. પાછળ
રાધાનું નૃત્ય (પહાડી) ઑગ. મુખચિત્ર
લાલ ધરતી (વિનોદ શાહ) સપ્ટે. મુખચિત્ર
વાત્સલ્યની વેલ (જાદવ) જૂન. મુખ. પાછળ
સાગર-સંગીત (શાંતિ શાહ) નવે. પૂઠામાં

એકરંગી, રેખાંકન, વૂડકટ

અજંતાનો કલાસ્રોત દર્શાવતાં ચિત્રો મે પ્લેટ
અવધ મેં આનંદ (ગૌતમ વાઘેલા) જૂન પૂઠામાં
કમલપત્ર (ઈન્દ્ર દુગડ) ડિસે. પ્લેટ
ગુજરાતની જલસમૃદ્ધિ જુલાઇ પૂર્તિ
જન્માષ્ટમી (ખોડીદાસ) પૃ. ૪૮૭ સામે
દેલાક્રવાની કૃતિઓ ઑગ. પ્લેટ
પિછવાઇનાં ચિત્રો (વાસુદેવ) ઑક્ટો. પૂર્તિ.
ફલસંચય ને બહિરાણો (ભ. ક.) પૃ. ૪૪૨ સામે
મેસૅકર ઑવ સ્કીઓ (દેલાક્રવા) પૃ. ૩૫૯ સામે
મૉડર્ન ને ઍબ્સ્ટ્રૅક્ટ કલાકૃતિઓ પૃ. ૧ સામે
મૉડર્ન ને ઍબ્સ્ટ્રૅક્ટ કલાકૃતિઓ જાન્યુ. પ્લેટ
રાધાકૃષ્ણ (કાંગડા) એપ્રિલ પૂઠામાં
લક્ષ્મી (સુનીલ પાલ) ઑક્ટો. પૂઠું
શોભનમંડિત તસ્તરી (પિતળે) સપ્ટે૦ પૂઠું
શ્રમનું સાફલ્ય (ક્ષિતીન્દ્ર) પૃ. ૪૦૨ સામે
સ્વામી વિવેકાનંદ જાન્યુ. પૂઠું
સાર્ડાનેપલસ (દેલાક્રવા) ઑગ. મુખ. પાછળ
સાંઝીના સુશોભનો એપ્રિલ અને ડિસે. પૂર્તિ
સિંહનો સામનો (દેલાક્રવા) પૃ. ૩૫૯ સામે
સીતાચરિત (વાસુદેવ સ્માર્ત) પૃ. ૪૨ સામે
હલ્લીસક નૃત્ય (બાઘ) મે મુખ. પાછળ

ફોટોગ્રાફ

અંતરનાં હેત (ઝીનવાલા) ડિસે. પ્લેટ
કનૈયાલાલ મુનશી ડિસે. પ્લેટ
જલ-સૌંદર્ય (મહાલિંગમ) ફેબ્રુ. પૂઠું
દિવાસ્વપ્ન (અશ્વિન મહેતા) પૃ. ૨૧૧ સામે
રૂપરમણા (આબિદભાઈ સૈયદ) પૃ. ૪૪૧ પછી
લદ્દાખની ગિરિમાળાઓ જૂન પૂઠામાં
વિસામો (નરેન્દ્ર વૉરા) જુલાઇ પૂઠામાં

શિલ્પસ્થાપત્ય

કૂકડો (રાઘવ કનેરિયા) મે પૂઠું
ભગવાન બુદ્ધ (આશુ. મ્યૂઝિ) પૃ. ૪૦૧ સામે
મર મેઈડ જુલાઇ પૂઠું
મેઘદૂતિકા (ચિન્તામણિ કર) નવે. પૂઠું
લય (રાયચૌધરી) જૂન પૂઠું
વિશિષ્ટ વરાહમૂર્તિ ફેબ્રુ. પૂઠામાં
શામળાજીના બુદ્ધ માર્ચ પૂઠું
સાંથાલ દંપતી એપ્રિલ પૂઠામાં

કાવ્યો અને મુક્તકો

અમારી હાર ઉપર (હેમન્ત દેસાઇ) ૩૬૨
અહીં આ (જેરામ પટેલ) ૧૭૬
અલગ મારગ (રાજેન્દ્ર શાહ) ૨
આગમન (પ્રિયકાન્ત મણિયાર) ૨૨૧
આગિયો (યૉસેફ મૅકવાન) ૩૨૦
આજ સવારે (યૉસેફ મૅકવાન) ૮૯
આપનાં સૌનાં હૃદયમાં (મહેન્દ્ર દવે) ૪૪૪
આપણે (રઘુવીર ચૌધરી) ૨૨૧
આવ્યું મનનું માગ્યું જન (ચંદ્રકાન્ત) ૩૨૦
આવ્યે વસંત (કંદર્પ ઓઝા) ૩૨૦
ઉન્મેષ (શંભુપ્રસાદ) ૨
ઊંઘ ભાંગી (પ્રિયકાન્ત) ૨
કરજે! (ચાતક) ૧૭૬
કરી પાર નૌકા ('સાકિન' કેશવાણી) ૩૨૦
કોઈ રે ખોલો (દિલીપ ઝવેરી) ૨૨૧
કોઈ વેળા હું (પ્રિયકાન્ત) ૪૦૬
કોણ માનશે? (ચાતક) ૪૮૭
ગમે છતાં યે (વિજયશંકર) ૨૭૪
ગરિયો (અનિલ જોશી) ૨
ગ્રહ ગુણ ગુંફન (સુંદરમ્) ૮૯
ગાન (યૉસેફ મૅકવાન) ૨૭૪
ગ્રીષ્મ (જસવંત લ. દેસાઈ) ૨૨૧
ઘુવડ (દીલીપ ઝવેરી) ૩૬૨
છે પ્રેમનું... (સરોદ) ૪૮૭
છેવટે (રાવજીભાઈ પટેલ) ૧૩૨
જતાં તું (ચિનુ મોદી) ૨૭૪
જળ વ્હેર્યું (વ્રજલાલ) ૨૨૧
જિંદગી થઈ વાદળું (પ્રતિપદ અમીન) ૩૬૨
ઝળાળો (દિનેશ કોઠારી) ૩૬૨
ટપાટપી (પ્રિયકાન્ત) ૮૯
ટીપું પ્રિયકાન્ત) ૪૨
ટ્રૅગન (રાજેન્દ્ર શાહ) ૧૭૬
ત્યારે (યૉસેફ) ૪૨
ત્યારે (દિલીપ ઝવેરી) ૧૭૬
તમારી પ્રીત (મહેશ જોષી) ૧૩૨
તારા (પ્રિયકાન્ત) ૩૬૨
તીર શું જાણે? (ચાતક) ૪૨
તું શું? (ગાલિબ ગુજરાતી) ૨
દાઈના ઝઘડા ('ગાફિલ') ૪૬૨
ધન્યતા (પ્રિયકાન્ત) ૧૩૨

નમાયું ના! (હેમન્ત દેસાઇ) ૪૪૪
ને તે ય નીર (ચંદ્રકાન્ત શેઠ) ૪૦૬
નેત્રો ખૂલ્યાં (શંભુપ્રસાદ જોષી) ૧૩૨
પગેરું (શ્રીકાન્ત શાહ) ૪૨
પછી (હરીન્દ્ર દવે) ૪૮૭
પચાસમે (રાજેન્દ્ર શાહ) ૮૯
પરિવર્તન (જસવંત દેસાઈ) ૨૭૪
પ્રથમ રેલો (ઉશનસ્) ૩૬૨
પ્રણય (જસવંત દેસાઈ) ૪૨
પ્રશાંત ક્ષણ (ઉશનસ્) ૪૮૭
પાંદડું (મહેન્દ્ર દવે) ૪૮૭
પ્રાયશ્ચિત્ત (રઘુવીર ચૌધરી) ૪૦૬
પ્રાર્થના (વ્રજલાલ દવે) ૪૪૪
પૂર્ણિમા (લાભશંકર ઠાકર) ૩૨૦
ફૂલ (પ્રિયકાન્ત) ૧૭૬
બંધ બારણાં (લાભશંકર) ૪૨
બીડ (શંભુપ્રસાદ) ૪૮૭
ભાઈ (રાવજી પટેલ) ૪૦૬
મધરાતના દવ (રામપ્રસાદ શુક્લ) ૪૪૪
મનમેળ (વ્રજલાલ દવે) ૩૬૨
મર્મર ધ્વનિ (શંભુપ્રસાદ જોશી) ૨૭૪
મહા તમા (ન. પ્ર. બુચ) ૪૯૬
મારા આ ઉરના ઉમંગને (મણિલાલ) ૨
મેં ફૂલને મુજ પ્રીત (મહેન્દ્ર દવે) ૫૦૬
મોહ-મુક્તિ (વ્રજલાલ દવે) ૩૨૦
મોંઘી ઘડી છે (ચાતક) ૪૨
મૃગશીર્ષ (ગીતા પરીખ) ૮૯
રાજેન્દ્રને – ૫૦ મે (રઘુવીર ચૌધરી) ૮૯
રાતે (આદિલ) ૪૮૭
લેખાં (સ્નેહરશ્મિ) ૨
વસંતગાન (દિલીપ ઝવેરી) ૮૯
વિદાય (દિલીપ ઝવેરી) ૨
વિયોગ (દિલીપ ઝવેરી) ૪૪૪
વિરહ (દિલીપ ઝવેરી) ૩૨૦
વૃદ્ધ પ્રીતિ (ઉશનસ્) ૧૩૨
વ્યથા (ભાનુપ્રસાદ ત્રિવેદી) ૩૨૦
વ્યંજનમાં સ્વર (મનસુખરામ) ૮૯
શાન્તિને (મહેન્દ્ર દવે) ૨૭૪
સરોવર (શંભુપ્રસાદ) ૪૦૬
સંધ્યા આરતી (બટુકરાવ પંડયા) ૨૨૧
સાગર (દિનેશ કોઠારી) ૨૭૪
સાન્નિધ્ય (હેમંત દેસાઈ) ૪૮૭
સાંજ (શ્રીકાન્ત શાહ) ૧૩૨
સાંજ સમાનો દીપ (પ્રિયકાન્ત) ૨
સ્મૃતિ (વ્રજલાલ દવે) ૨૭૪
સ્વપ્ન (દિલીપ ઝવેરી) ૪૨
સ્વાગત (રઘુવીર ચૌધરી) ૩૨૦
હોય છે (મોમિન) ૧૩૨
૪૪ મું બેસતાં (જયન્ત પાઠક) ૪૪૪
૫૧૦/ડ ('કુમાર' અંક ૪૮૦)

જીવનચરિત્રો

ચરિત્રરેખા

આલબર્ટ જ્હૉન લુથુલી (સત્યમ્) ૧૩૩
કમાન્ડર કૅબ (મનુભાઇ જોશી) ૨૭૫
જીવનપટનાં સ્મૃતિચિત્રો (ર. મ. રા.) ૮, ૫૦, ૧૦૦, ૧૪૦, ૧૮૬, ૨૩૦, ૨૮૨, ૩૨૮, ૩૭૦, ૪૧૦, ૪૫૨, ૪૯૭.
જૉન કેનેડી, સ્વ. ૪૯૦
ત્રિભુવનદાસ ગજ્જર (ગરવા ગુજ૦–૪) ૩૨૩
દાદાભાઈ નવરોજી ૩૬૩
પી. વી. કાણે, ડૉ. (પ્રો. વસંત જોશી) ૯૧
બળવંતરાય મહેતા (હીરાલાલ પો. શાહ) ૪૪૫
મુનશી, મહાવ્યક્તિ (મધુસૂદન પારેખ) ૪૮૮
યૂઝે દેલાક્રવા (કિરણચંદ્ર જોશી) ૩૨૩
રાજેન્દ્રપ્રસાદ, ડૉ. સ્વ. ૯૦
લલ્લુભાઈ શામળદાસ (નરોત્તમ વાળંદ) ૪૦૭
લ્યૂઇ કૅરોલ ૧૭૭
વિકટર હ્યૂગો ૨૮૦
સ્વામી વિવેકાનંદ (નાનુભાઇ દવે) ૩
સેનાપતિ જોરાવરસિંહ ૨૨૨

માસમાસની વ્યક્તિવિશેષ

એડિસન, ટૉમસ આલ્વા ૮૩
ઔરંગઝેબ ૪૪૧
કેશવચંદ્ર સેન ૪૮૩
ટર્નર ૧૭૨
બારીન્દ્ર ઘોષ ૩૯
બિટોવન ૫૩૦
મણિલાલ ઇચ્છારામ દેસાઈ ૨૫૭
મુસ્તફા કમાલ પાશા ૧૨૯
મૉપાસાં ૩૫૮
રણજી ૩૯૮
રોઝેટી ૨૧૮
સ્ટેમફર્ડ રેફલ્સ ૩૧૬

વાર્તા-નાટિકા

અતિથિ (ગુણવંત શાહ) ૧૩૪
ઈકરાર (જયંતીલાલ શાહ) ૬
એક રાતની વાત (સુધીર દલાલ) ૩૨૬
ઓવરકોટ (ગુણવંત શાહ) ૨૨૬
કડવી મીઠાશ (દિવ્યકાંત ઓઝા) ૭
કાંકરિયાને બાંકડે (સુધીર દલાલ) ૧૮૦
તમે ગમગીન છો (કનુ અડાસી) ૩૬૭
નરસિંહ મહેતાની હુંડી (ભાનુપ્રસાદ) ૪૪૮
પાસ-નાપાસ (હરિકૃષ્ણ પાઠક) ૪૧૪
બિરાદરી (દિવ્યકાંત) ૧૨૪
બે વર્ષ પછી (લલિતકુમાર શાસ્ત્રી) ૧૨૨
મણિમહાલ (જયંતીલાલ) ૪૯૫
મૂંઝવણ (રોહિત પંડયા) ૯૯
રીટર્ન ટિકિટ (સુધીર દલાલ) ૪૮
લ મિઝેરાબ્લ (વિકટર હ્યૂગો) ૨૭૯
વીશીવાળાની દીકરીયું (તના) ૫૧૮
સત્યકથા (મુકુન્દરાય વિ. પારાશર્ય)
કર્તવ્યનિષ્ઠા-૧૬ ૩૭૪
ગંડુ ભટ્ટજીના પિતા-૮ ૧૨
ઠાકોર મૂળવાજી-૯ ૫૬
ધના-ભગત-૧૯ ૫૦૩
બાળપણના પ્રભાશંકર-૧૨ ૧૯૨
બે પ્રાસંગિક કાવ્યો-૧૦ ૧૦૩
ભટ્ટ બાપા-૧૪ ૩૦૦
રાજવૈદ્યની ગુરુભક્તિ-૧૮ ૪૫૫
રેવા વહુ-૧૫ ૩૩૪
વેવિશાળ-૧૧ ૧૫૬
શાસ્ત્રીજી શિવશંકર-૧૭ ૪૧૬
સ્વામી કૃષ્ણાનંદ-૧૩ ૨૨૯

લેખો

આરોગ્ય–ઔષધ

અન્નાદ ભવન્તિ ભૂતાનિ (ન. માલવી) ૧૨૩
અરધો આયુર્વેદ (નટવરલાલ માલવી) ૨૪૮
આહાર અને આરોગ્ય (બાપાલાલ વૈદ્ય) ૧૭૧
આહાર અને આરોગ્ય (શિવપ્રસાદ ત્રિવેદી)
આમલી મરચાં વગેરે મસાલા-૨૮ ૧૫૭
કાર્બોહાઇડ્રેટ-૪૩ ૨૮૯
કૅલ્શ્યમ-૪૭ ૪૭૧
કૉફી અને કોકો-૨૫ ૧૭
ક્ષાર અને ખનિજ પદાર્થો-૪૬ ૪૧૭
ચરબી-૪૫ ૩૭૬
તમાકુ-૪૨ ૨૩૫
દારૂ-૨૬ ૬૮
પાનસોપારી-મસાલા-૨૯ ૧૮૯
પ્રોટીન-૪૪ ૩૪૭
ફૉસ્ફરસ, લોહ, ખનિજ ક્ષારો-૪૮ ૫૨૪
મીઠું-મસાલા-૨૭ ૧૧૯
ઘરગથ્થુ ઔષધ (લાભશંકર ઠાકર)
અજમો-૨૩ ૪૭૯
આમળાં-૧૩ ૨૨
આદુ-૧૭ ૨૦૮
ચક્રમર્દ-શરપંખો-૨૦ ૩૫૪
જાંબુ-૧૯ ૩૧૦
જીરું-૨૨ ૪૩૩
દ્રાક્ષ-૨૧ ૪૦૦
બહેડાં-૧૫ ૧૦૯
મરી-૧૮ ૨૫૯
મૂળા-૨૪ ૫૧૧/ડ
હરડે-૧૪ ૭૩
હળદર-૧૬ ૧૭૧
દશાંગ લેપનો નવો પ્રયોગ ૧૭૧

ઇતિહાસ, ભૂગોળ, પુરાતત્ત્વ

ગુજ.ની જલ સમૃદ્ધિ (નાણાવટી-ઢાંકી) ૨૯૦
બૌદ્ધમહાવિહાર (ર.ના. મહેતા-સૂર્યકાન્ત) ૯૩

- લદ્દાખ ૨૪૪
- હળેબિડ-બેલૂર (આઈ. સી. પટેલ) ૫૦૭

બીજા લેખો

- આકર્ષક વૃક્ષો (કાકાસાહેબ) ૪૩૦
- એક રસમય કોયડો (સિદ્ધાર્થ ત્રિવેદી) ૩૮૮
- એવરેસ્ટનું અમેરિકન આરોહણ ૨૨૪
- કાળગણના (રજનીકાંત મોદી) ૨૭
- કૂતરા (અવંતિલાલ વસાવડા) ૨૯
- કૌશલકળા (નિરંજન ઠક્કર)
  - અક્ષયપાત્ર-૪ ૭૨
  - અદૃશ્ય જોડાણ-૮ ૪૩૯
  - કપાએલી દોરી સાંધવી-૫ ૧૧૫
  - દિવ્યદૃષ્ટિ-૬ ૨૧૭
  - ધાન અને પાણી ૯ ૪૭૨
  - વિચિત્ર મણકાઓ-૭ ૩૧૫
- ગણિતગમ્મત (માધવજી દેવળિયા) ૨૪૭
- ગૅલીલિયોનું પ્રમેય (દેવજી ચાવડા) ૨૧૫
- જળસ્થળચર વાહનો ૧૧૩
- ટચૂકડાં ટ્રાંઝિસ્ટરનું મહત્ત્વ ૧૧૮
- દાક્તરી તપાસ (બંસીધર શુક્લ) ૫૩
- દેવના ઘોડા (અંબાલાલ જે. પટેલ) ૩૭૮
- પર્વતારોહણ (અશ્વિની) ૩૯૦
- ભારતની રાષ્ટ્રીય એકતાની સ્થાપના ૩૨૧
- મોર (ખોડીદાસ પરમાર) ૧૩૬
- રંગગઠરિયાં (ચંદ્રવદન ચીમનલાલ મહેતા)
  - અંતઃકરણનો ડંખ-૩૦ ૨૩૨
  - ઈન્ગ્રીડ બર્ગમૅનની વાત-૩૨ ૩૪૪
  - કદમાં નાનું પણ કલાએ મોટું-૨૫ ૧૪
  - ટ્રૅજેડીનાં જૂજવાં ૨૫-૨૭ ૧૧૬
  - ડચ રંગભૂમિ-૨૬ ૬૮
  - ત્રણ મરમેઈડની વાત-૩૧ ૨૮૬
  - પારી(સ)નાં નાટક...-૩૪ ૪૨૦
  - પ્રેમની એક વ્યથાકથા-૨૮ ૧૪૪
  - ફરી પાછું પારી(સ)-૩૩ ૩૮૬
  - ફારસ રસની જનેતા-ફ્રાંસ-૩૫ ૪૫૭
  - રૂપ રંગ રાગ રસ રોશની-૨૯ ૧૯૪
  - બાલેબંધ-૩૬ ૫૦૫
- રાષ્ટ્રીય બહુમાનથી વિભૂષિત ૩૩૧
- લક્ષ્મી ૪૦૭
- લમેત સિક્કાણુ (સુભાષિત-ચંદ્ર. પંડ્યા) ૪૯૯
- વસ્તી વધારો-અન્નઅછત-ભૂખમરડો ૨૪૨
- વિફરેલી સિંહણના મુખમાં (દત્તાત્રેય ફાટક) ૪૧૯
- વેદિયો અને વહેવારુ (સત્યમ્) ૪૪૧/બ
- સુગમસંગીત (રાસબિહારી દેસાઈ) ૫૦૦
- સુગમસંગીત (અજિત શેઠ) ૫૦૧
- સંગીત-નાટક અકાદમીના માનધારકો ૫૧૭
- સાંકેતિક લિપિઓ (સુશીલા આર. પટેલ)
  - અંક-પલ્લવી-૧ ૨૧૧
  - ઔષધ-પલ્લવી-૩ ૩૧૩
  - કર-પલ્લવી-૬ ૪૫૧
  - કોટિલીય-૨ ૨૪૧
  - મલદેવીય-૫ ૩૯૬
  - શબ્દ-પલ્લવી-૪ ૩૩૯
  - શબ્દાંક-પલ્લવી-૮ ૫૨૯
  - સહદેવી-૭ ૪૭૫
- શતરંજ (સુરેશ મોદી) ૩૦, ૭૫, ૧૦૫, ૧૬૫, ૨૧૨, ૨૫૧, ૩૦૨, ૩૫૪, ૩૯૩, ૪૪૦, ૪૭૮, ૫૧૯.
- સુભાષની લશ્કરી કુનેહ (હરિન શાહ) ૩૪
- સૂક્ષ્મીકરણ ૪૨૨

વિભાગીય લેખો

કંકાવટી

૨૧/ડ, ૭૩, ૧૦૮, ૨૦૭, ૨૫૮, ૩૦૯, ૩૯૯, ૪૩૨, ૪૮૧.

પરિચય
- ઍની બિસન્ટ ૪૩૨
- ઍમિલિયા-પ્રથમ મહિલા વિમાની ૩૯૯
- તારકેશ્વરી સિંહા ૨૧/ડ
- નાનીબહેન ગજ્જર ૭૩
- લીલીબહેન પંડ્યા ૨૦૭
- વાયોલેટ આલ્વા ૨૫૮
- વિદ્યાબહેન નીલકંઠ ૧૫૮
- વેલેન્તિના-અવકાશયાત્રી ૩૦૯

પ્રકીર્ણ
- અથાણા પરની ફૂગ ૨૦૭
- આવી કોઈ ટેવ છે? ૩૯૯
- ઉતાવળ, કરજો—ન કરશો ૪૩૨
- એક સુંદર પ્રકાશન, કેશગુંફન વિષે ૨૧/૬
- ખામીવાળાં ફર્નિચર ૩૧૦
- ખુરશી પસંદ કરતાં પહેલાં ૧૦૮
- ચતુરા (મનુભાઈ જોધાણી) ૨૫૮
- જાપાનનો લગ્ન-દિવસે ઉપદેશ ૧૦૮
- ટુચકા અને રિવાજ ૫૧૧/ક
- ધુપેલ—માથાનું તેલ ૩૧૦
- પડદા ૭૪
- પુષ્પરચના ૪૩૨
- ફ્રૉકના ઘેર ૨૨
- બીજો અને ત્રીજો ભાઈ (જનાર્દન) ૫૧૧/ક
- બોર ૨૦૮
- ભરતના બુટ્ટા : ૨૨, ૧૦૮, ૨૫૯, ૪૦૦, ૪૩૩, ૪૮૧, ૫૧૧/ડ
- મરચી-વાવેતર ૨૦૮
- માકણમાંથી મુક્તિ, મીણ વડે ૩૦૯
- માથાનો દુખાવો ૨૨, ૨૫૮
- મોં પર કાળા ડાઘ છે? ૨૫૮
- રસોનાદિ વટી ૪૮૧
- રોગ અને હવા ૧૦૯
- વંઠેલીની વેદના ૩૦૯
- વિવિધ ચીણવાળાં ઝભલાં ૨૦૭
- શાકભાજીનું-પત્રક : ૪૦૦, ૪૩૩, ૪૮૧

વાનગી
- કોપરાની કઢી ૩૯૯
- કોબી ફ્લાવરનું અથાણું ૩૯૯
- ખારો શીરો ૩૦૯
- ખીચડીનાં ઢેબરાં ૨૨
- ગલકાંના ગોટા ૪૮૧
- બટાટાના પાપડ
- બાલુસાઈ ૧૦૯
- મરચાં ને શીંગદાણાનું શાક ૭૪

કલાવાર્તા

૧૮, ૫૮, ૧૦૬, ૧૮૩, ૨૩૭ ૩૩૬, ૩૮૧, ૪૨૪, ૪૬૨, ૫૧૦.

ચિત્રો-આલેખનો
- ચિત્ર-સંયોજનામાં પ્રમાણભાર ૨૧/ક
- ડસેલડૉર્ફ શિલ્પ
- દીપકો (દીનેશ શાહ) ૪૨૫/અ
- નટરાજ (દક્ષિણભારતનું શિલ્પ) ૪૬૨
- નદીકિનારો (વિનોદ પટેલ) ૧૦૭
- નવા વર્ષનાં અભિનંદનપત્રો ૪૬૭
- પંખી (માધવ મેનન) ૧૮૪
- પિછવાઈની ચિત્રણા (વા. સ્માર્ત) ૪૨૫/ક
- પૂર્વનાં સુષિરવાદ્યો ૪૬૪
- ભજનિકાઓ (ખાટસૂરિયા) ૫૮
- માનવઆકૃતિની ગતિસ્થિતિ ૨૧/૬
- લય (દેવીપ્રસાદ રાયચૌધરી) ૨૩૭
- વિવિધ ભાત (મિ. ગ્લાસ) ૨૦, ૨૧/અ
- શેર્માલ્ડ ગૅલેરી ૫૧૦/બ

પરિચય
- અરવિંદ ઓઝા ૨૧
- ઊનવાલા સ્વ. ૫૧૦/અ
- છગનલાલ જાદવ ૨૩૭
- ઠાકોરભાઈ પટેલ (તન્ના) ૩૩૬
- નૉર્મન રૉકવેલ ૧૯
- ભગવાન કપુર (ખોડીદાસ પરમાર) ૪૨૪
- વિનોદ અભાણી ૬૦
- વિનોદરાય પટેલ ૧૮૩
- વિમલ દાસગુપ્ત ૫૧૦
- વિષ્ણુ શર્મા (રમણલાલ દવે) ૩૮૧
- લક્ષ્મણ, કટાક્ષ-કલાકાર ૩૩૭

પ્રકીર્ણ
- અવધ મેં આનંદ ભયો ૨૩૮
- એડિનબરો મહોત્સવ ૪૬૩
- ઇંદિરા ગાંધીની આંખો ૧૦૬
- કાલિદાસ-જયંતી પારિતોષિકો ૨૧/બ
- ગોળાકાર સ્થાપત્ય ૧૮૪
- બુદ્ધજયંતી-ઉદ્યાનમાં સ્મારક ૬૦

સહેલી પણ પ્રૌઢ પ્રવેશિકા ૩૮૨
સાહિત્ય અકાદમીનું તામ્રપત્ર ૧૮૫

લેખ

અમેરિકાની આધુનિક ચિત્રકળા ૧૦૬
અર્ધેન્દ્રકુમાર ગાંગુલીનું બહુમાન ૪૯૨
આલેખન, રૂપકલ્પન ને કાષ્ઠકલા ૧૮
આસમાની અસવાર ૪૬૩
એક અંગત કલાસંગ્રહ (સુનીલ) ૩૩૮
દીપ (દીનેશ શાહ) ૪૨૫
પિછવાઈ (વાસુદેવ સ્માર્ત) ૪૨૫/બ
રાષ્ટ્રીય કલાપ્રદર્શન ૫૮

ચિત્રબોધ

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખો ૭૭
ગુજરાતની જલસમૃદ્ધિ જુલાઈ પૂર્તિ
પશ્ચિમનું મહાજનમંડળ ૬૦
હૃદય, રક્ત ને તેનું અભિસરણ ૪૩૯/અ

જગતનાં પક્ષી-પ્રાણી

ઇગ્વાના-૬૪ ૪૮૦
ઑક્ટોપસ-૬૨ ૩૯૪
કિવી-૬૫ ૫૨૭
ઘડીઆળ-૫૭ ૧૬૭
જળગાય-ડુગૉંગ-૫૫ ૭૮
પ્યુમા-૫૪ ૩૪
ભેખડી-૫૬ ૧૨૫
રેઈનડીઅર-૬૩ ૪૩૪
વ્હેલ-૫૮ ૨૦૯
વૉલરસ-૫૯ ૨૫૩
સીલ-૬૦, ૬૧ ૩૧૨, ૩૫૨

માસમાસના પ્રસંગવિશેષ

ઍલેક્ઝાંડર બેલે ટેલિફોન બનાવ્યો ૧૨૯
ગ્રીનિચ વેધશાળાની સ્થાપના ૩૫૮
ચાર્જ ઑવ ધ લાઈટ બ્રિગેડ ૪૪૧
ટીપૂની અંગ્રેજો સાથે સંધિ ૮૩
ટીપૂની ગાદી પર કૃષ્ણરાજ વડિયાર ૨૫૭
ડેવિડ લિવિંગ્સ્ટનનું અવસાન ૨૧૮
બહાદુરશાહ ઝફરનું અવસાન ૪૮૩
બંગાળની સ્વતંત્ર રાજવટનો અંત ૩૧૬
યાંત્રિક વિમાનનું પ્રથમ ઉડ્ડયન ૫૩૦
લંડનની આગ ૩૯૮
વિક્ટોરિયા-હિંદની સામ્રાજ્ઞી ૩૯
વૉશિંગ્ટન-અમેરિકાના પ્રમુખ ૧૭૨

સાહિત્યસંપર્ક: પરિચય-નિધનનોંધ

અમેરિકાના નોબલ વિજેતાઓ ૨૦૨
થોડું અંગત-થોડું સામાન્ય (ઓકર) ૪૨૬/બ
નિકોલાઈ ગૉગોલ ૨૪૦
પી. શેષદ્રિ-ભાષાવિદ્ ૫૧૪
બાદરાયણ ૫૧૨
રૉબર્ટ ફ્રૉસ્ટ, અમેરિકન રાષ્ટ્રકવિ ૬૩
૫૧૧/અ ('કુમાર' અંક ૪૮૦)
લૂઈ મૅકનીસ ૪૬૯
વિષ્ણુપ્રસાદ ત્રિવેદી (રમણલાલ ભટ્ટ) ૧૪૮

લેખો

અસંસ્કારી ૪૭૦
આજનું સાહિત્ય ૧૧૧
આપણા દેશના સિક્કા ૩૦૮
ઍલિસ ઇન વન્ડરલૅન્ડ ૨૦૫
કાવ્ય-કવિતા વચ્ચેનો ભેદ (અનંતરાય) ૨૦૩
તત્ત્વનિષ્ઠાનું રસાયણ પીનાર (ચંદ્રકાંત) ૨૩
વિરામચિહ્નોનો ઉપયોગ ૪૭૦
શબ્દશુમારી ૪૭૦
સંસ્કૃત સાહિત્યમાં નવું પ્રસ્થાન ૧૫૦

વિસ્તૃતનોંધ, અને સાહિત્યવૃત્ત

૧૧૨, ૧૫૨, ૨૦૪, ૨૩૯, ૩૦૭, ૩૪૦, ૩૮૪, ૪૨૯, ૪૬૮,
આરોગ્ય ગ્રંથમાળા ૩૮૫
ઉપાયન ૧૪૯
કવિતાનાં નવાં પ્રકાશનો (ગીતા પરીખ) ૩૪૦
નવા ગઝલસંગ્રહો (આદિલ) ૧૧૦
નીતિદર્શન-પહેલું ૧૫૧
પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ ૩૮૪
ભાવાનુકૃતિ કાવ્યસ્પર્ધાનું પરિણામ ૨૦૩
મોરારજીભાઈ દેસાઈ (સૂર્યકાન્ત પરીખ) ૨૩
રુચિ-સૌંદર્યલક્ષી સામયિક ૮૨
વિદ્યાપીઠ ૧૫૩
વિવેકાનંદ ગ્રંથમાળા ૨૪
શબ્દકથા ૩૪૦
સાહિત્યવૃત્ત ૨૦૫

શબ્દકથા (હરિવલ્લભ ભાયાણી)

આસનાવાસના, મૂછકૂછ ૧૪૮
ચૉરો, ચૉરી, ચાચર ૪૨૬/ક
ચોટું, ચૌવટ, ચકલો ૪૬૮
પલાઠી-પલોંઠી ૨૦૨
બુધું-બુધ્ધુ-bottam ૫૧૨
મચ્છરદાની ૨૫
રાસભ, ગર્દભ, ગધેડો ૩૦૭
લાટ, લાટો ૧૧૦
લાઠી, જેઠીમધ ૬૩
વસંત-વાસર ૨૩૯
વંટોળિયો-બવંડર ૩૮૪

બીજા વિભાગો

અથાણું: ૮૩, ૧૨૯, ૧૮૭, ૨૪૯, ૪૮૧, ૪૯૬.
આ માસ ઇતિહાસમાં: ૩૯, ૮૩, ૧૨૯, ૧૭૨, ૨૧૮, ૨૫૭, ૩૧૬, ૩૫૮, ૪૪૧, ૪૮૩, ૫૩૦.
છેલ્લું પાનું: ૪૦, ૮૪, ૧૩૦, ૧૭૩, ૨૧૯, ૨૬૦, ૩૧૭, ૩૫૯, ૪૦૩, ૪૪૨, ૪૮૪, ૫૩૧.
ટિકિટસંગ્રહ: ૭૬, ૧૦૪, ૧૮૨, ૨૨૫, ૩૧૪, ૩૫૫, ૩૯૭, ૪૩૯, ૪૪૧/અ, ૫૨૬.
પચ્ચીસ વર્ષ પહેલાં: ૩૧, ૬૬, ૧૨૧, ૧૬૦, ૧૯૮, ૨૫૦, ૩૦૫, ૩૪૩, ૩૯૨, ૪૩૦, ૪૬૫, ૪૭૩,
પત્રમિત્ર વિભાગ: ૮૧, ૧૫૫, ૨૦૧, ૨૭૩, ૪૮૨, ૫૦૪,
ફોટો હરીફાઇ (શ્રીદામ ભટ્ટ) ૨૧૫, ૩૫૬, ૪૮૨,
વાચકો લખે છે: ૧, ૮૫, ૧૩૧, ૧૭૪, ૨૨૦, ૨૭૨, ૩૧૮, ૩૬૦, ૪૦૪, ૪૪૩, ૪૮૫

માધુકરી — કાવ્યકંડિકાઓ

એક નાનકડું નિર્ઝર છીએ (ગાફિલ) ૩૧૧
જિન્દગી ભર (મકરન્દ દવે) ૫૨૭
જીવ તારે ચાલવું છે (જમિયત પંડ્યા) ૩૪
જીવનને સ્વપ્ન માનું છું (બેફામ) ૨૫૩
તરણા ઓથે દેખું ડુંગર (જયંત પાઠક) ૧૬૭
તું કૌરવ તું પાંડવ (સુરેશ દલાલ) ૧૨૫
ધીરે ધીરે તિમિર પલટે (સુન્દરમ્) ૪૮૦
પતનના ભયથી જન જે (દુર્ગેશ ભટ્ટ) ૩૯૪
પરમ અરમાનના દીવે (સરોદ) ૪૩૪
પરવશ કરી મૂકે એવું ૨૦૯
સૃષ્ટિ તળે રણક્ષેત્ર લડંતાં (કરીમ મહમદ) ૭૮

જીવન-પરિચય અને અવસાન નોંધ

અતિસુખશંકર ક. ત્રિવેદી, સ્વ. ૭૯
ઊ થાં ૩૪
કરીમ મહમદ માસ્તર, સ્વ. ૭૮
ગુલામ મોહમ્મદ શેખ (સુનીલ કોઠારી) ૩૯૫
ગોવિંદરાવ જાગુષ્ટે, સ્વ. (ચુ. વ. શાહ) ૫૨૭
ચાર્લ્સ લૉટન, સ્વ. ૩૫
જેહાંગીર તાતા ૩૯૪
નવાંગ ગોમ્બૂ ૨૫૪
નંદલાલ બોડીવાળા, સ્વ. ૩૫૨
પરમેશ્વરીલાલ ગુપ્ત ૩૧૧
મુસ્તાકઅલી, પદ્મશ્રી ૧૬૭
રઘુવીર, ડૉ. સ્વ. ૨૫૩
રાધાકુમુદ મુખરજી, સ્વ. ૪૩૪
રાહુલ સાંકૃત્યાયન, સ્વ. ૨૦૯
શિવપુરી બાબા, સ્વ. ૧૨૫
સુકુમાર સેન, સ્વ. ૨૫૪
હીરાભાઈ શેઠ, સ્વ. ૪૮૦

આરોગ્ય-આહાર-વનસ્પતિ

ગુંદાં ૨૧૦
ઘી અને તેલ ૩૯૬
ચરબી સામે ચેતવણી ૪૮૦અ
લીમડા ને કેળના રસ વિષે વહેમ ૩૫૪
શેરડીનો રસ-ઊલટી લાવનાર ૨૫૪
સૂરણ ૭૯
હિતકર દૂધી ૪૩૫

જીવી જાણનારા

ચન્દ્રમણિ	૩૫૩
સિપાઇ કમલરામ, વી. સી.	૧૨૬


પ્રકીર્ણ

અણુ ઘડિયાળ વિષે વધુ (રજનીકાંત)	૩૧૨
અધિમાંસ	૨૫૪
અંગોની ફેરબદલી	૪૮૦/અ
આપણું રાષ્ટ્રીય બેસતું વર્ષ	૧૬૯
ઇંડિયન સ્ટૅન્ડર્ડ ટાઈમ	૧૨૭
એક-વૃક્ષવન	૩૬
ક્લાઉડ બર્સ્ટ	૩૫૫
કાન વડે સ્વાદ ને ગંધની પરખ	૧૨૭
ક્રૉનોમીટર	૪૮૦/અ
ગુપ્ત સંદેશ-વ્યવહારનું અફર સાધન	૩૫૩
ઘડિયાળની કાળજી	૪૩૭
છઠ્ઠી કતારિયા	૭૯
જંગી પુસ્તકાલય	૩૯૬
જલ-નૃત્ય	૪૩૬
ટાઈપિસ્ટોને થતાં કળતર	૨૫૪
ટેરીલીન	૨૧૧
તેજ વિનાના દીવા	૨૫૫
દ્વારકાની નવી દીવાદાંડી	૮૦
નંદનવન શારદાગ્રામ	૪૩૬
નેપાળના ત્રણ જીવિત દેવતા (કમલ)	૧૬૮
નોમૅડ-તરતું હવામાન મથક	૪૮૦/અ
ન્યાયાધીશનો કાળો ઝભ્ભો	૩૭
પાઠ્ય-પુસ્તકોનો સવાલ	૧૭૦
ફ્લિપ-એક અભિનવ જહાજ	૧૨૭
ફ્રૉગમૅન	૪૩૭
બૂચનું આંતરદર્શન	૨૫૫
ભારતનું રાષ્ટ્રીય પક્ષી-મોર	૧૬૯
માછલીની ગંધશક્તિ	૩૧૩
મોટામાં મોટું કલાગ્રંથાલય	૪૩૭
મૉના-લિસા	૧૨૫
મ્યુનિકનાં બે આકર્ષણો	૨૫૬
રક્ષાબંધન શા માટે?	૩૧૩
રીવાના સફેદ વાઘ	૪૩૫
રોગના નિદાન માટે...	૪૩૬
લક્ષ્મીનું વાહન—ઘુવડ	૩૩૫
લોખંડનો ભંગાર	૯૨
વસતિ વધારાનો ભય	૪૮૦/બ
વિક્ટોરિયા ક્રૉસ	૧૨૬
વિકસતું વિજ્ઞાન	૩૯૭
વિજ્ઞાનવાર્તા	૮૦, ૧૦૨
વિલાયતી	૩૫૫
વીરતા માટે સાહસનો પુરસ્કાર	૧૭૦
શામળાજીનો મેળો	૪૮૦
શ્રી કૈલાસનાં આરોહકો	૩૧૪
સત્યજિત રોયને પુરસ્કાર	૩૯૬
સલામત લાઈફ બોટ	૨૫૬
સસ્તી વીજળીની શોધ	૩૯૫
૧૮ની સંખ્યા	૮૧
Homeનો ઉચ્ચાર હ્યૂમ શા માટે?	૫૨૯

પરચૂરણ


કુમારચંદ્રક-૧૯૬૨નો	૪૯
કૉલેજનાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ માટે	૬૫
ગુ. સા. સભાની વાઙ્મય સમીક્ષા	૨૨૮
તેરમી શિષ્ટવાચન પરીક્ષા	૨૮૫
રાષ્ટ્રગીત-સ્પર્ધા	૪૨૩
રાષ્ટ્રગીતો માટે સુવર્ણચંદ્રક	૬૫
શારદાગ્રામમાં ગ્રીષ્મ વ્યાયામ વર્ગ	૧૫૩
શ્રી અરવિંદ સુવર્ણચંદ્રક	૩૯
સુરુચિ છાપશાળા	૨૫૬
સ્વ. રાયદાનું સ્મારક	૬૫

'કુમાર'નાં વિશિષ્ટ પ્રકાશનો






કિં. અનુક્રમે રૂ. ૪ અને ૦ ૭૫ ન. પૈસા, પો. અલગ



'નવલકથા નવો પ્રદેશ રજૂ કરે છે, નવી પક્વ શૈલીમાં કૌતુકમય માનવજીવન આલેખે છે, એટલે આપણા સાહિત્ય-ઇતિહાસમાં નવી ભાત પડી છે, એ દેખાતું છે. આજની (પ્રસિદ્ધ લેખકોની પણ) લોકપ્રિય નવલકથાઓમાં જે વણાટની શિથિલતા ને અકારણ ભારણ જણાય છે તે આમાં નથી.' **વિષ્ણુપ્રસાદ ત્રિવેદી**

કિં. રૂ. ૬ • રજિ. પોસ્ટથી રૂ. ૭-૨૫



કિંમત રૂ. ૧-૦૦, પોસ્ટેજ અલગ

પ્રાપ્તિસ્થાન: કુમાર કાર્યાલય લિ૦

કરકસરી

બીજો અને ત્રીજો ભાઈ

જૂના જમાનાની વાત છે. એક બ્રાહ્મણ અને એક પટેલ બાજુબાજુમાં રહે. બ્રાહ્મણ બિચારો પડવા વાંકે ઊભા રહેલા ઓરડામાં એકલી બ્રાહ્મણી સાથે ભિક્ષાવૃત્તિ કરી જીવન ગુજારે. મિલકતમાં ગાભા જેવી ગોદડી, તાંસળી અને એક મડદાલ ગાય.

પટેલનું કુળ મોટું. પાંચ-પચ્ચીસ ઢોર-ઢાંખર અને પચ્ચીસ-ત્રીસ માણસોથી તેની ડેલી ગાજતી રહે. બહોળા વ્યવહારને લીધે પટલાણીનો ગર્વ તેના દૂધના બોઘરણાની જેમ છલકાતો જ ચાલે.

પણ પટેલ તથા પટલાણી બેયના હાથ છૂટા. આટલું મોટું દુઝણું છતાં પટલાણીને મહેમાન આવે ત્યારે પાશેર ઘી માગવા પાડોશમાં જવું પડે. બાજુવાળી બ્રાહ્મણી વખાની મારી કરકસર કરે. ગાયના દૂધમાંથી ઘી બનાવી એ સંઘરી રાખે ને પટલાણીને જરૂર પડે ત્યારે ઉછીનું આપે.

ઘણા વખત પછી એક દિ' બ્રાહ્મણે પટેલ પાસેથી ઉછીના ઘીનો હિસાબ માગ્યો. પટેલ ફરી બેઠા. બ્રાહ્મણને આઘાત લાગ્યો. ને ઝઘડો દરબારે પહોંચ્યો. દરબારને પણ અચરજ થયું કે આ લંગોટિયો બ્રાહ્મણ, એ વળી ગામના મોભ જેવા પટેલને તે ઘી રતો હશે? એની તે શી ત્રેવડ? બ્રાહ્મણ ઘણું ય કરગર્યો, પણ આટલાં બધાં દૂઝાળાં ઢોરનો માલિક આ લોટમંગા બ્રાહ્મણ પાસેથી ઘી શા માટે ઉછીનું લે તે વાત દરબારને ગળે ન ઊતરી. પણ કારભારી હતો શાણો. એણે કેસની મુદત પડાવી બંનેની પરીક્ષા લેવાની નક્કી કર્યું.

એક દિ' ઓચિંતું બ્રાહ્મણ અને પટેલને દરબારનું તેડું આવ્યું. ચોમાસાના દિવસો હતા, એટલે બંને ડેલીના દરવાજે પહોંચ્યા એવા જ દરવાને બંનેને ઓટલે મૂકેલા બે લોટામાંથી પાણી લઇ પગ ધોઇ અંદર જવાનું કહ્યું. પટેલ તો પગ ઉપર લોટો ઊંધો વાળી, લુસલુસ પગ લૂછી અડધા ગંદા પગે અંદર પહેલાં પહોંચ્યા. ગરીબ બ્રાહ્મણે ધીરેધીરે પગ ધોઈ, પછેડીથી લૂછી, પાવલું પાણી લોટામાં રહેવા દઇ, સ્વસ્થતાથી દરબારમાં પ્રવેશ કર્યો. ચતુર કારભારીએ બંને લોટા મંગાવી પુરાવા તોળી લીધા. અને દરબારે ચુકાદો આપ્યો કે કરકસરીઓ બ્રાહ્મણ સાચો હતો અને મોભાદાર પણ ખર્ચાળ પટેલ જૂઠો હતો. પટેલ સાધનસંપન્ન હોવા છતાં હાથ છૂટો હોવાથી દેવામાં જ ડૂબેલો રહેતો. બ્રાહ્મણને પડખે ખરે વખતે કરકસર બીજો ભાઈ અને ત્રેવડ ત્રીજો ભાઈ બની ઊભા રહ્યા હતા.

ત્રેવડને આવક કરતાં ખર્ચ સાથે વધારે સંબંધ છે. આવક અને ખર્ચ વચ્ચેનો ગાળો એનું નામ ત્રેવડ, અને જો આવક જલદી વધે એમ ના હોય તો ખર્ચ ઘટાડવાથી ત્રેવડનો ગાળો વધે. એ તો સીધી સાદી સમજણની વાત છે. તો આ કઈ રીતે કરશો?

સૌથી પહેલાં તો બિનજરૂરી ખર્ચ કઈ રીતે ઘટાડીએ એ નક્કી કરવું જોઇએ. દેખાદેખીમાંથી ઊભાં થતાં ખર્ચને તો તુરત ઓછાં કરી શકાય. કેટલા ય પ્રકારનાં અંગત વ્યસનો છોડીને બચત કરી શકાય.

કરકસરને આવક કરતાં ખર્ચ સાથે વધારે સંબંધ છે. આવક કરતાં ખર્ચ ઓછું રાખવું એ કરકસર; અને આવક તથા ખર્ચ વચ્ચેનો બચતનો ગાળો વધારવો તથા તેને ઉત્પાદક રીતે રોકવો એનું નામ માત્ર ત્રેવડ. આપણે ત્યાં સૈકાઓથી દેશકાળ પ્રમાણે એના નિરનિરાળા માર્ગ લેવાતા રહ્યા છે. સામાન્ય માણસ ઘરવખરી વસાવે, તે પછી રૂપા કે સોનાના દાગીનામાં રોકે; તેથી યે વધુ સગવડવાળા શહેર ગામડામાં ઘર-ખેતરમાં રોકે.

આજે સોનામાં રોકાણ અશક્ય બન્યું છે; વળી એમાં કશો ફાયદો નથી; સંઘરેલું સોનું અનુત્પાદક રહે છે. ઉપરાંત હાથ ઉપર પૈસો રાખવામાં જોખમ પણ છે: મોટામાં મોટું જોખમ તો એ કે તે વપરાઈ જાય છે. બીજી બાજુ લોકો આ યુગની નવી સગવડો પણ જાણતા થાય છે કે સલામત સ્થળે અનામત રાખવાથી સચવાવા સાથે તેમાં વધારો પણ થાય છે. પોસ્ટ ઑફિસમાં તો બે રૂપિયાથી પણ ખાતું ખૂલી શકે છે અને જ્યારે પણ જરૂર પડે ત્યારે (નાની રકમ તો જોઇએ ત્યારે અઠવાડિયામાં બે વખત) ઉપાડી શકાય છે.

દૂરંદેશીવાળા લોકો એથી પણ વધારે રોકાણના માર્ગ લેતા થયા છે. દસ વર્ષ પછી દીકરી પરણાવા લાયક થાય ત્યારે આજથી કેમ વેંત કરવો? છોકરાને આગળ ભણાવવા કઈ રીતે મોકલવો? બે પાંદડે થયા હોઇએ તો જ બાપદાદાનું ખખડધજ ઓરડું સમારી શકાય, કે નવા મકાનનો વેત ઉતારી શકાય ને? આ માટે પાંચ હજારથી માંડી પચીસ હજાર રૂપિયા સુધીનાં બાર વર્ષનાં નેશનલ ડિફેન્સ સર્ટિફિકેટનો લાભ ઘણા લોકો લે છે. એમાં પણ વચ્ચે જરૂર પડ્યે ઉપાડવાની સગવડ સાથે મોટો લાભ એ કે બાર વર્ષે પોણા બે ગણા પૈસા પાછા મળે. એક મિત્ર તો આ યોજનાનો લાભ એવી ગણત્રીપૂર્વક લઈ છાતી ઠોકીને કહે છે કે 'મારી દીકરીને હું સરકારને ખર્ચે પરણાવવાનો છું!'

દસ વર્ષનાં ડિફેન્સ ડિપાઝિટ સર્ટિફિકેટમાંથી તો વળી વર્ષોવર્ષ કરમુક્ત વ્યાજ મેળવવાની સગવડ છે, જે મનીઑર્ડરથી ઘેર બેઠાં મળે. પ્રીમિયમ પ્રાઈઝબૉન્ડમાં વળી નસીબ તેજ મારતું હોય તો ઇનામ પણ મળી જાય. જૂનાગઢના એક મિત્રને આવા પાંચ રૂપિયાના બૉન્ડમાં ૭૫૦૦નું ઇનામ લાગી ગયું!

આ બધા રસ્તા નાણાંની સલામતી જાળવવા સાથે ત્રેવડ વધારવાના છે. અને વળી એમાં આડકતરું સમષ્ટિનું કલ્યાણ પણ એ રીતે રહેલું છે કે રાષ્ટ્રમાં રોકાએલી આપણી રકમ આપણા જેવા કરોડો દેશવાસીઓને સથવારો પુરાવે છે;—પેલા બ્રાહ્મણે ત્રેવડમાંથી પડોશીધર્મ બજાવ્યો તેમ આપણે રાષ્ટ્રધર્મ પણ બજાવી રહીએ છીએ. (જનાર્દન રાવળ)


> કેટલીક સ્ત્રીઓ પ્રેરણામૂર્તિ હોય છે.
> તેઓ વધુ ખર્ચ કરીને પતિને વધુ
> કમાવાની પ્રેરણા આપે છે!

ટુચકા અને રિવાજ

આંબોઇ ખસવાથી થતા ઝાડા ઉપર પગના અંગૂઠાને કસીને દોરી બાંધવાનો જૂનો ઘરગથ્થુ ટુચકો જાણીતો છે. પગનાં આંગળાં-અંગૂઠા પર અણવટ-જોટવાં પહેરવાના રિવાજ પાછળ પણ આવું જ કોઈ કારણ હશે? બ્રહ્મચારીઓ તપસ્વીઓ ને સાત્ત્વિક જીવન ગાળનારાઓ માટે, પગના અંગૂઠા-આંગળી વચ્ચે પકડીને જ ચાલી શકાય એવી રચનાવાળી લાકડાની ચાખડીઓનો આગ્રહ રાખવા પાછળ પણ એ પગનાં આંગળાંની નસો પર રાખવાના કાબૂનું જ કારણ હોવાનું મનાય છે. માનવશરીરની જ્ઞાનતંતુઓની રચનાના જ્ઞાન ઉપર જ આપણી જૂની આભૂષણો પહેરવાની, કાન તથા નાક વિંધાવવાની, ડૂંટણાં છુંદાવવાની તથા ડામ દઇને રોગ મટાડવાની પ્રણાલિઓ અને પદ્ધતિઓ યોજાઈ છે એ માન્યતા પાછળ તથ્ય હશે? સમાજસુધારકો, ડૉક્ટરો, વૈજ્ઞાનિકો અને અભ્યાસીઓના સંશોધન માટે આવા ઘણા મુદ્દા પડેલા છે.

શાકભાજીનું સમયપત્રક

પોષ માસમા વાવી શકાય એવાં શાકભાજી: કારેલાં, ભીંડા, ગુવાર ને ચાલુ ભાજીઓ.



ભરતકામ માટે એક નવો બુટ્ટો ટાંકા માટે માર્ગદર્શક આકૃતિ પણ આપી છે એમાં નં. ૧-આમળો, ૨-મરડેલી સાંકળીનો ટાંકો, ૩ સાટિન ટાંકો, ૪ માળીનો ટાંકો, ૫ ખજૂરીનો, ૬ ગાજનો અને ૭ ગાંઠનો ટાંકો લઇ શકાય. રંગ તો અંગત પસંદગીનો વિષય છે એટલે એને વિષેનું સૂચન અસ્થાને છે.



સફેદ ઊનથી જ્યારે ભરત ભરતા હો ત્યારે ઊન મેલું ન થાય તે માટે હાથ પર ટેલ્કમ પાઉડર છાંટ્યા પછી ભરત ભરવાનું શરૂ કરો.

હા, શાકભાજી તરીકે વપરાતા મૂળા એક ઉત્તમ ઘરગથ્થુ ઔષધ પણ છે. પ્રાચીન કાળથી એનો એ રીતે ઉપયોગ થતો આવ્યો છે.

કૂમળા, ઘરડા અને સૂકા ત્રણે પ્રકારના મૂળાના ગુણ જુદા જુદા હોય છે. કાચા (કૂમળા) મૂળા રસમાં તીખા તથા કડવા, હૃદય માટે હિતકારી તથા મનને પ્રિય, રુચિકારક, દીપન, સર્વદોષહર, હલકા તથા કંઠ (સ્વર)ને માટે હિતકારી છે; પાકા (ઘરડા) મૂળા ભારે, વિષ્ટમ્ભી તથા તીક્ષ્ણ છે; જ્યારે સૂકા મૂળા ત્રિદોષહર, વિષહર ને હલકા છે. મૂળા સિવાયનાં બીજાં સૂકાં શાક વિષ્ટમ્ભી તથા વાયડાં હોય છે, પણ મૂળા એમાં અપવાદ રૂપ છે. ચરકે સૂકા મૂળાને કફ-વાયુનો નાશ કરનાર કહ્યા છે. જોકે આજે સૂકા મૂળા પ્રચલિત નથી.

હરસમાં મૂળા

હરસમાં મૂળાના ઉપયોગ ખાસ સૂચવાયો છે. ચરકે શુષ્ક અર્શમાં સૂકા મૂળાની પોટીસ કરીને હરસ ઉપર શેક કરવાનું સૂચવ્યું છે. સૂકા મૂળાને તેમણે કફ અને વાયુનો નાશ કરનાર કહ્યા છે. અને સૂકા હરસ કફ કે વાયુને કારણે જ થાય છે, એટલે સૂકા હરસમાં મૂળાનો ઉપયોગ લાભદાયી છે. કૂમળા મૂળા દોષોનો નાશ કરનાર હોવાથી સૂકા હરસથી પીડાતા રોગીએ મૂળાની ઋતુમાં રોજ એકથી બે કૂમળા મૂળા (લૂખા કે કચુંમર રૂપે) ખાવા.

માત્ર સૂકા હરસમાં જ નહિ પણ દ્રવતા હરસમાં યે મૂળા પ્રયોજાય છે અને મૂળા રોજ ખાવાથી રક્તસ્રાવી હરસ કાયમને માટે મટી ગયાના દાખલા પણ છે. કૂમળા મૂળા પિત્તશામક હોઈ રક્તાર્શ (દ્રવતા હરસ)માં ઉપયોગી બને તે સ્વાભાવિક છે. રક્તનું વહન કરનાર સિરામાં કફ કે વાયુને કારણે અવરોધ ઉત્પન્ન થાય છે, જે અવરોધને કારણે રક્ત હૃદયની તરફ ઉપર જઈ ન શકવાથી નીચે ગુદાની વલ્લીઓમાં સંચિત થઇ હરસને ઉત્પન્ન કરે છે. મૂળા ઉષ્ણતા અને તીક્ષ્ણતાથી કફ તથા વાયુનો નાશ કરી લોહીના એ અવરોધને દૂર કરે છે એથી તેનું સિરામાં સમ્યક્ વહન થઈ પરિણામે વલ્લીઓમાં રક્ત સંચય થતો અટકે છે ને હરસ થવાનો સંભવ રહેતો નથી. રક્તસ્રાવી હરસની સંપ્રાપ્તિને (આંતરિક શૃંખલાને મૂળા તોડી નાખે છે તેથી પ્રક્રિયાને આયુર્વેદમાં 'સંપ્રાપ્તિભંગ' કહે છે. આમ, મૂળા, હરસનો સસ્તો ને શ્રેષ્ઠ ઉપાય છે.

મૂત્રશુદ્ધિ

મૂત્રપ્રવૃત્તિ બરાબર ન થતી હોય એમને પણ મૂળાનાં પાદડાં ઘણાં જ લાભદાયી છે. મૂળા મૂત્રલ હોઈ સમ્યક્ મૂત્રપ્રવૃત્તિ કરાવે છે અને મૂત્રાશયનું શોધન કરે છે. એટલે મૂત્રલ ઔષધ તરીકે મૂળાનો ઉપયોગ નિર્દોષ અને સસ્તો છે. પથરીની પ્રારંભિક અવસ્થામાં મૂળાના ઉપયોગથી પથરી ઓગળી જાય છે.

વિસૂચિકા

વિસૂચિકા એટલે કોલેરા. આ રોગમાં કાચા મળને લીધે મૂર્છા, તરસ, પેટમાં શૂળની વેદના, ચક્કર, દાહ, છાતીમાં પીડા તથા અંગોમાં સોય ભોંકાયા જેવી પીડા થાય છે. આવી વિસૂચિકામાં પણ મૂળા ઉપયોગી છે. કૂમળા મૂળા ઉકાળીને ક્વાથ બનાવવો. એવા ચાર તોલા પ્રવાહી ક્વાથમાં ૬ રતી પીપરનું ચૂર્ણ નાખી સવારસાંજ બે વખત પીવા આપવો. આ ક્વાથના સેવનથી અપચો દૂર થાય છે, અગ્નિ પ્રદીપ્ત થાય છે ને ઊલટી-ઝાડા અટકે છે.

સૂકી ખાંસી

વાયુને કારણે સૂકી ખાંસી આવે છે. ચરકે શુષ્ક ખાંસીમાં મૂળાને પથ્ય ગણ્યા છે. કૂમળા મૂળાનું શાક સૂકી ખાંસીવાળાએ ખાવું. ખાંસીમાં અપાનવાયુનું પ્રતિલોમન (અવળી ગતિ) થાય છે. મૂળા વાયુનાશક તથા મળશુદ્ધિ કરનાર હોઈ એ દૃષ્ટિએ શુષ્ક કાસ-ખાંસીમાં મૂળાનું સેવન લાભકારક છે.

લાભશંકર ઠાકર

'બટાટાના પાપડ'

બશેર બટાટા, પ્રમાણસર સફેદ મરચું યા સફેદ મરીનો ભૂકો, મીઠું, પ્લાસ્ટિકના બે નાના કાગળ.

બટાટાને બાફી, છોલી, ચારણીથી છીણી, તેમાં જોઈતા પ્રમાણમાં મસાલો નાખી લૂઆ પાડી રાખવા. પછી લાકડાના ઓરસા પર તેલ ચોપડવું. અને પ્લાસ્ટિકનો એક કાગળ મૂકી તેના ઉપર તેલ ચોપડી લૂઓ મૂકવો. તેના ઉપર જરાક તેલવાળો કરેલો બીજો કાગળ મૂકી એ કાગળ ઉપર જ વેલણ ફેરવીને જેટલા પાતળા કરવા હોય તે પ્રમાણે વણવા. પછી ઉપરનો કાગળ લઇ લેવો, અને નીચલા કાગળ સાથે જ પાપડ ઉપાડી જેની ઉપર સૂકવવા હોય તેની ઉપર પાપડ સૂકવીને એના ઉપરથી કાગળ ખેંચી લેવો. સુકાઇ જાય એટલે ડબ્બામાં ભરી લેવા. આ પાપડને ઘી અગર તેલમાં તળીને જ ખાઈ શકાય, શેકાય નહિ.


સાહિત્યસંપર્ક

સ્વ. ભાનુશંકર વ્યાસ – 'બાદરાયણ'

જીવે ભલે માનવ કૈંક વર્ષો,
તથાપિ ના જીવન જીવતો સદા;
જે જે ઘડી અંતરચેતના સ્ફુરે,
છે એટલી જીવનની ઘડી ખરી.

આંતરચેતનાની આવી ઘણી ઘડીઓ જીવી જનાર, 'કેડી'ના કવિ, સાહિત્યના પ્રાધ્યાપક, નાટકોના નિયામક, મુશાયરાઓના માર્ગદર્શક અને પોતાના બુલંદ કંઠથી કવિસંમેલનોને ગુંજિત કરનાર કવિ ભાનુશંકર બાબરભાઈ વ્યાસનું ગઈ ૧૪ નવેમ્બરે, હૃદયરોગના હુમલાથી ઓચિંતું અવસાન થતાં ગુજરાતનાં કવિતા–સાહિત્ય અને નાટ્યપ્રવૃત્તિમાંથી શક્તિ અને સૂઝવાળી એક સહૃદય વ્યક્તિનો વિલય થઈ ગયો.

પોતાની અટક 'વ્યાસ' ઉપરથી ધારણ કરેલા 'બાદરાયણ' નામથી મોટે ભાગે ઓળખાતા અને મિત્રોના 'પ્રિય ભાનુભાઇ'નો જન્મ સાક્ષરભૂમિ નડિયાદના કુટુંબમાં ૧૯૦૫ની ૧૨મી મેના રોજ સૌરાષ્ટ્રમાં મોરબી ખાતે થએલો. માધ્યમિક શિક્ષણ પૂરું કરી મુંબાઈ એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી એમ. એ. થનાર એ તેજસ્વી વિદ્યાર્થી નરસિંહરાવના એક પ્રીતિપાત્ર વિદ્યાર્થી હતા. મુંબાઈની કબીબાઈ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે કારકિર્દી શરૂ કરીને એ ઝેવીઅર્સ કૉલેજમાં પ્રોફેસર થયા, અને ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે ગાળેલા એ એક દાયકામાં ગુજરાતી ભાષા-સાહિત્યના સફળ શિક્ષક તરીકે વિદ્યાર્થીઓમાં માનીતા થઇ ગયા. છંદશાસ્ત્ર તથા વ્યાકરણશાસ્ત્રનું એમનું જ્ઞાન ઘણું ઊંડું હતું અને વિદ્યાર્થીઓને અણગમતો વ્યાકરણનો વિષય તે સહેલો, સરળ ને રસમય બનાવી દેતા. પ્રાધ્યાપક તરીકેની એમની પરિપક્વ શક્તિનો લાભ પામી એમના કેટલાક વિદ્યાર્થીઓ સારા લેખક બન્યા છે. પાછળથી એમણે વકીલાતનો વ્યવસાય સ્વીકારેલો. અને જીવનનાં શેષ વર્ષોમાં મુંબાઇના આકાશવાણી કેન્દ્રમાં કામ કર્યું જ્યાંથી સંખ્યાબંધ નાટકો લખી તેમજ લખાવીને એમણે રજૂ કર્યાં. રેડિયો-નાટકોની સિદ્ધિ એમને સહજ હતી અને અભિનવની તેમને આગવી સૂઝ હતી.



એમની નાટ્યપ્રવૃત્તિની શરૂઆત સાહિત્યપ્રવૃત્તિને અનુષંગીને છેક ઈ ૧૯૩૪માં શ્રી ચન્દ્રવદન મહેતા આદિના સાથમાં નર્મદ શતાબ્દીની ઉજવણીથી શરૂ થએલી; અને 'આગગાડી' નાટકમાં કોઇએ ટાઈમ પૂછ્યો તેના ઉત્તરમાં લાંબા કોટમાંથી એલાર્મ ઘડીઆળ કાઢનાર મુસાફરના પાઠથી માંડીને મુનશીના 'સ્નેહસંભ્રમ'માં કાકાજીની, 'મુકુંદરાય'માં તેના પિતાની, 'ગુનેગાર'માં ન્યાયાધીશની. વૈતનિક રંગભૂમિ પર વિદ્યાવારિધિ ભારવીની, એમ અનેક ભૂમિકાઓ ભજવનાર ભાનુભાઇ યાદગાર બની ગયા છે.

કવિ તરીકે એ નરસિંહરાવના શિષ્ય; પણ ત્રીસીના દાયકામાં વિચારપ્રધાન કવિતાનો જોરદાર વાવર વાતો હતો અને બળવંતરાય ઠાકોર કેટલાક વખત સુધી પોતાની કવિતાની થએલી ઉપેક્ષાનું વ્યાજ સાથે વળતર લેતા હોય એમ કાવ્યવિવેચનનું ક્ષેત્ર સર કરી બેઠા હતા ત્યારે, એમના સમભાવી રામનારાયણ પાઠકના કાવ્ય મૂલ્યાંકનથી પ્રભાવિત થએલા અનેકોની પેઠે બાદરાયણની 'કેડી' પણ એ માર્ગે વળી, ને એમણે ઘણાં પાસાદાર સૉનેટો લખ્યાં, જેમાંનાં થોડાંક તો સરસ છે. પણ એમની ખરી હૃદયસંપત્તિનું દર્શન તો એમની ભાવમધુર, સંવેદનપ્રેરી, આર્દ્ર ને આર્જવભરી ગીતરચનાઓમાં થાય છે. છતાં એવો અસંતોષ રહી જાય કે પોતાની શક્તિઓના પ્રમાણમાં એ ગુજરાતી સાહિત્યમાં માત્ર નાનકડી 'કેડી' જ પાડી શક્યા.

નાટકો અને કાવ્યો ઉપરાંત પત્રકારત્વમાં 'પ્રજાતંત્ર' દૈનિકમાં દર અઠવાડિયે એ ત્રણ કટારો લખતા: 'અમૃતકુંભ'માં એમની બહુશ્રુતતા વ્યક્ત થતી; 'ઠંઠનપાળના ઠમકારા'માં નર્મયુક્ત રંગ દેખાતે; અને કાયદાવિષયક કટારોમાં ધારાશાસ્ત્રીના ચમકારા જણાતા.

પદ્યરચનાની એમને ઘણી સફળ હથોટી હતી. એક વાર કૉલેજ-કવિઓનું પ્રમુખપદ સંભાળતાં સંભાળતાં 'નવા કવિઓ'ને ઉદ્દેશીને ૪૨ પંક્તિઓની સુંદર રચના એમણે શીઘ્ર કરી વાંચી હતી. બીજી એક વખતે ચંદ્રવદન અને જ્યોતીન્દ્રને માથે ભગવાન સોમનાથની સ્તુતિના સંસ્કૃત શ્લોકો પરથી ગુજરાતી શાર્દૂલવિક્રીડિત છંદમાં સમશ્લોકી રચના કરી આપવાની આવી, અને એ બંને સિદ્ધહસ્ત કવિઓ ઘણી માથાફોડ કરવા છતાં એમાં સફળતા ન મેળવી શક્યા. ત્યારે એ ભાનુશંકરને શરણે ગયા, અને એમણે અરધા કલાકમાં એ કામ પાર પાડી આપ્યું.

કાવ્ય અને નાટકની આવી શક્તિઓવાળા ભાનુભાઇને કંઠની પણ એક વિશેષ બક્ષિશ મળી હતી. માઇક ઉપરથી રજૂ થતા એમના ખરજના અવાજમાં એક અજબ મોહિની હતી. ધીરેથી, ભાવાનુસારી, લયાનુવર્તી એમના કાવ્યપઠનમાં રહેલું ભાવનું ઊંડાણ શ્રોતાઓને પ્રભાવિત કરી મૂકતું. એમના પરિપક્વ કંઠમાંથી સંસ્કૃત શ્લોકોના ઘુંટા-

શબ્દકથા: બુધું, બુદ્ધૂ, bottom

ભર્યા શરીરવાળા, ગોળમટોળ, ઠીંગણા નાના બાળકને લાડમાં 'ઢીમચું' કહેવાતું ઘણાએ સાંભળ્યું હશે. 'દડબું' પણ કેટલાક કહે છે. મોટું હોય તો 'બટાકો', 'ગઠિયો' (=ગઠ્ઠો) પણ સંભળાય છે. આમ જે જાડું, 'અદોદળું', બેડોળ હોય તેને કોઇ અણઘડ, નક્કર ને ગઠ્ઠા જેવા પદાર્થનું ઉપમાન સહેજે અપાય છે.

'બૂધું' કે 'બૂંધું' શબ્દ લાકડાના ખૂબ જાડા ધોકા માટે, ઝાડના થડ જેવા જાડા લાકડા માટે, કે ડંગોરા માટે જાણીતો છે. ઉપરના દાખલા પરથી આ 'બૂધું' અને હિન્દીમાંથી આવેલા 'બુદ્ધૂનો' સંબંધ સમજી શકાશે. અણઘડ લાકડાના ઘાટઘૂટ વગરના ધોકા જેવો હોય તે 'બુદ્ધુ'–મૂર્ખ.

'બૂધું'નો બીજો અર્થ 'તળિયું' થાય છે. આ બંને અર્થ ઉપરથી તેના મૂળ ઉપર પ્રકાશ પડે છે. મૂળે છે સંસ્કૃત 'બુધ્ન', જેનો અર્થ છે 'તળિયું', કોઈ પણ ચીજનો—વૃક્ષ વગેરેનો અધોભાગ ઝાડનો મૂળ તરફનો ભાગ. પ્રાકૃતમાં 'બુદ્ધ' તેમ જ વ્યત્યયથી 'બુંધ'. તેમાંથી હિન્દી અને ગુજરાતી શબ્દો થયા.

લટિન fundus અંગ્રેજી bottom, હિન્દી 'બુદ્ધુ', ગુજરાતી 'બૂંધું'. સંસ્કૃત 'બુધ્ન' આ બધા મૂળે એક જ શબ્દનો વસ્તાર છે.

હરિવલ્લભ ભાયાણી

એમના ઉચ્ચાર સાંભળવા એ લહાવો હતો.

વિદ્વત્તાના ભારથી મુક્ત ને અહમ્‌ની આળપંપાળ વિનાના આ કવિ જીવના મોં ઉપર સદાની પ્રસન્નતા ફરકતી. કોઈ પણ વસ્તુને સહેલાઈથી ગળી જવાની વિરલ શક્તિ એમનામાં હતી. ગમે તે થાય, આસમાન તૂટી પડે, પણ ભાનુભાઈની મુખમુદ્રા એવી ને એવી શાંત, નિર્વિકાર જ હોય. ઉતાવળ તો એમના સ્વભાવમાં જ ન હતી. જે કાંઈ કરતા તે નિરાંત વૃત્તિથી. જેમણે કોઈ પણ કામમાં કદિ ઉતાવળ કરી ન હતી તે જીવનના આ પરિપક્વ સમયમાં આટલી ઉતાવળ કરીને ચાલી નીકળશે તેની કોને કલ્પના હોય? ઊંચી પડછંદ કાયા, ગુલાબી સ્વભાવ અને ઉષ્માભર્યા હૃદયવાળા ભાનુભાઈની એ સ્મિત મધુર મુખમુદ્રા પરિચિતો લાંબા સમય સુધી વિસરી શકશે નહિ. (સંકલિત)

કાવ્યસંગ્રહો

ગંગોત્રી અને નિશીથ : સુપ્રસિદ્ધ કવિ અને વિદ્વાન સાહિત્યકાર શ્રી ઉમાશંકર જોશીના આ બંને પ્રથિતયશ કાવ્યસંગ્રહોની અનુક્રમે પાંચમી અને ત્રીજી આવૃત્તિઓ થાય છે, એ જ એની ગુણવત્તાની પ્રતીતિ છે. એને વિષે વિશેષ લખવાનું શું હોય? સાહિત્યના સવ ભાવકો અને ઊગતા કવિઓ, બનેને માટે આસ્વાદ્ય અને પ્રેરક આ સંગ્રહોથી કોઈ પણ સાહિત્યપિપાસુ વંચિત ન રહી શકે. પ્રકાશકો : અનુક્રમે ગૂર્જરગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો અમદાવાદ અને વોરા ઍન્ડ કંપની પબ્લિશર્સ પ્રા. લિ., ૩ રાઉન્ડ બિલ્ડિંગ, મુંબાઈ, કિંમત અનુક્રમે રૂ. ૩ અને ૩ ૭૫

શકુન્તલા : મહાકવિ કાલિદાસની અમર કૃતિ શાકુંતલને ટૂંકાવી તથા જરૂર પ્રમાણે બદલાવીને, અઘરો કાળિદાસ સરળ બનાવી, રંગભૂમિ પર ભજવાય અને કિશોર કિશોરીઓને શાળોપયોગી થાય, તેમજ સંગીતપ્રધાન નાટકો પ્રતિ વધતી લોકરુચિ સંતોષાય એ રીતે મૂળ પરથી ગુજરાતી શ્લોકોમા આપણા જાણીતા કવિ અને નાટકકાર શ્રી ચદ્રવદન મહેતાએ સંકલિત કરેલી આ રચના પણ ત્રીજી આવૃત્તિએ પહોંચવા જેટલી યશસ્વી નીવડી છે. રૂપરંગે સરસ આ પ્રકાશનના પ્રકાશક: ત્રિપાઠી લિ. પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ-૨; રૂ. ૧-૨૫

કાવ્યમાધુર્ય : ગઇ અને આ સદીના સંધિકાળથી નવું સ્વરૂપ પામીને પ્રકટેલી ગુજરાતના કવિઓની શ્રેષ્ઠ કૃતિઓનું જે સંપાદન દાયકાઓ સુધી કવિતા રસિકોની હાથપોથી જેવું બની રહ્યું હોય એનું હજી યે પુનર્મુદ્રણ થતું જ જાય છે એ હકીકત ગુજરાતમાં વધતા જતા કવિતારસની સાથે એ પુસ્તકના મહત્ત્વના પણ દ્યોતક છે. સંપાદક શ્રી હિંમતલાલ ગ. અંજારિયા, પ્રકાશક સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ-૧ રૂ.; ૩.

આધુનિક કવિતાપ્રવાહ : જાણીતા કવિ શ્રી જયંત પાઠક, પોતાની પીએચ. ડી. ની ઉપાધિ માટે, ઇ. સ. ૧૯૫૯મા ગુજરાત યુનિવર્સિટીમાં '૧૯૨૦ પછીની ગુજરાતી કવિતાની સાસ્કૃતિક ભૂમિકા, તેના પરિબળો ને સિદ્ધિ' એ વિષય ઉપર રજૂ કરેલા આ મહાનિબંધમાં એમના લખવા મુજબ 'એક રીતે શ્રી સુંદરમે પોતાના પુસ્તક અર્વાચીન કવિતામા જ્યાથી અર્વાચીન કવિતાની વિવેચના અધૂરી મૂકેલી છે ત્યાથી આગળ ચલાવી છે, ને છેક આજ સુધીની કવિતાને આવરી લીધી છે.' કવિતારસિકોએ સંપર્ક સાધવા જેવું પુસ્તક; પ્રકાશક ચૂનીલાલ ગાંધી, વિદ્યાભવન; સુરત; રૂ. ૫

નરસિંહ યુગના કવિઓ : ખ્યાતનામ સાહિત્યકાર શ્રી કનૈયાલાલ મુનશીએ એમની સર્જનાત્મક સાહિત્યિક પ્રવૃત્તિઓ ઉપરાત સંશોધન-વિવેચનના ક્ષેત્રમાં પણ જે કાર્ય કર્યું છે તે પૈકીની આ કૃતિમા તે સંવત ૧૪૫૦થી ૧૫૫૦ સુધીના કવિઓ વિષે કેટલાક વિચારણીય અને મહત્ત્વના મુદ્દા એ. ચર્ચે છે, જે એના અભ્યાસીઓને એ દિશામાં વધારે પ્રયત્ન કરવા પ્રેરે એમ છે. પ્રકાશક : ભારતીય વિદ્યાભવન, ચોપાટી, મુંબઈ ૭; રૂ. ૩.

અર્ચના : શેલી, વર્ડ્ઝવર્થ, ટેનિસન આદિ અંગ્રેજ કવિઓના રોચક કાવ્યોના શિષ્ટ ભાષાંતર-પ્રયત્નો, તેમજ થોડી મૌલિક કૃતિઓના પચાસેક પાનાનો આ નાના સંગ્રહ રજૂ કરતા તેના કવિ શ્રી તનસુખલાલ જગન્નાથ ત્રિવેદી પોતાને માટે કહે છે તેમ, 'ગિરાદેવીના મંદિરની બહાર, બેતાલ પણ મંજુલ સ્વરે ગાઈબજાવીને ખુશ થતા પાંચ વર્ષના બાલક'એ નથી લાગતા. એમના હાથે ટી સારી છે અને એ મંદિર-પ્રવેશમાટે, સાધના-વિકાસ તાલ અને સૂરના જે સંવાદ અપેક્ષિત છે, તેના માર્ગ ઉપર પણ એ છે જ. પ્રકાશક પોતે જ. ઠે. ભુવનેશ્વરી ભુવન, મોતીગર શેરી રાણીકા, ભાવનગર; રૂ. ૧.

સુરખી : સુરેખ આકૃતિ અને શબ્દકસમી રચનાઓ વડે કાવ્યત્વને પામવાની અપેક્ષા જગાવતા આ સંગ્રહના કવિ છે શ્રી જતીન આચાર્ય. મધુર પ્રાસયોજનાવાળા ગીતો, છંદોબદ્ધ શૈલીની રચનાઓ, તેમજ પરંપરિત અભ્યાસ્ત છટાઓવાળી કૃતિઓ સમાવતી બત્રીસ પાનાની એક નાનકડી પુસ્તિકા. પ્રકાશક શ્રી ભોગીલાલ ગાંધી, ચેતન પ્રકાશન ગૃહ, પ્રા. લિ, રામજી મંદિરની પોળ, વડોદરા; રૂ. ૧.

એક : શ્રી જેરામ પટેલની 'કુમાર'ના ૪૭૩મા અંકમાં પ્રકટ થએલી આમાંની ૧૩મી રચના સાથે, આ સંગ્રહમાં શ્રી શ્રીકાન્ત શાહની ૧૩×૨ એમ ૨૬ રચનાઓ છે. ૨૦મી અને ૨૬મી રચનાઓની પ્રથમ ૧૬ અને ૧૫ પંક્તિઓ એક જ છે. ભાષાભંગીના વિલક્ષણ પ્રયોગો અને અભિવ્યક્તિની સચોટતાને કારણે આમાંની કેટલીક કૃતિઓ કાવ્યત્વ સિદ્ધ કરવા લગી પહોંચે છે. આલેખન, મુદ્રણ, શબ્દો, અર્થો, ધ્વનિઓ અને વિચારોમાં ખાસ કરીને, નાવિન્ય ને વૈચિત્ર્ય અનાયાસે-આયાસે સંમિશ્રિત રહ્યાં છે. પ્રાપ્તિસ્થાન ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, રૂ. ૧.

દિવ્યાંગના : સંસ્કૃત વૃત્તોમાં સુશ્લિષ્ટ બાનીમા તેમજ ગાનના સ્વરૂપે વિવિધ વિષયોને આલેખતી આ સંગ્રહમાંની કૃતિઓમાં માનવ હૃદયના સુકોમલ ભાવોનું નિરૂપણ પ્રશસ્ય છે. પરંપરાગત પ્રકારોમાં એમની બાનીને ભાવો પ્રગટ કરવાનું અધિક ફાવ્યું લાગે છે. કર્તા અને પ્રકાશક શ્રી શિવકાંત રાંસુલાલ દવે, ૨૦ વાત્રકવાસ, વલ્લભવિદ્યાનગર; રૂ. ૨॥.

માતૃવૈભવ : નારીના માતૃસ્વરૂપની પ્રશસ્તિ કરતા આ કાવ્યમાં વિશ્વના સર્જક પાલક અને સંહારક દેવ ત્રિમૂર્તિના વિચારથી આગળ ચાલેલી માન્યતાનો આધાર લેવાયો છે. પરંપરાપ્રાપ્ત સંસ્કૃતમય અને આગવા પ્રયોગોથી ભરપૂર એવી આ રચના એ પ્રકારની રુચિવાળા વાચકોને ગમે એવી છે. પ્રકાશક કલાવતી ઉમેશ કવિ. ૨૯૮૨ 'કવિતા', કૃષ્ણનગર ભાવનગર; રૂ. ૧.

ઉજાગરા : આ નાનકડી કવિતાપોથીના આમુખ 'ઉજાગરાની ઊપજ'માં શ્રી બરકત વીરાણી 'બેફામ' કહે છે તેમ 'કૃતિઓના રંગ કાચા છે; પણ કાચા રંગની પાછળ પણ કેટલીક વાર સુગંધી સાચી હોય છે.' ને કર્તાના શબ્દોમાં, આ સંગ્રહમાં તેઓ પોતાને ગઝલના 'ગ' કે કવિતાના 'ક' ઘૂટતા જણાય છે. પણ આ જ પ્રવૃત્તિ તેઓ સૂઝ સમજભરી સંભાળથી કરે તો જરૂર 'જ્ઞ' સુધી પહોંચી શકે એવી આશા એમાં રહેલી છે. કર્તા પ્રવીણ સોલંકી, પ્રકાશકો શ્રી ચંદ્રકાંત કામદાર, વગેરે, ટન્કુ સ્ટેશનરી ભંડાર, મુંબાઈ-૧; કિ. રૂ. ૧-૨૫.

મંજરી : કવિતાના એ અનિયત કાલિકનો આ રજત અંક, તેની સંપાદન સમિતિ (સર્વ શ્રી રઘુવીર ચૌધરી, ફકીરમહંમદ મનસૂરી, જતીન્દ્ર આચાર્ય અને હસિત બૂચ)ની દૃષ્ટિપૂર્વકની

મહેનતની પ્રતીતિ કરાવે છે. ગુજરાતીમાં રચાતાં કાવ્યો અને થતાં વિવેચનનું બહોળું પ્રતિનિધિત્વ ધરાવતી સામગ્રીથી સભર આ વિશેષાંક અર્વાચીન સાહિત્યનું એક વિશિષ્ટ અર્પણ બની રહેશે. પ્રાપ્તિસ્થાનઃ ભારત પ્રકાશન ટિળક માર્ગ, અમદાવાદ-૧; રૂ. ૨.

રણગીત ચાહ્યાં જયજય ધરતી મારી: પરદેશી આક્રમણને કપરે કાળે પોતાની જન્મભૂમિ પ્રત્યે પ્રેમભક્તિનો જે ઉદ્રેક જાગે એ શ્રી ગોવિન્દભાઈ પટેલના આ બે નાનકડા સંગ્રહોમાં પ્રકટ થયો છે. બન્નેમાં શૌર્યગીતો અને માતૃભૂમિ પ્રત્યેની નિષ્ઠા–શ્રદ્ધાથી સભર રચનાઓ છે. કસબનો મહાવરો કલમમાં છે એ છાનું નથી રહેતું. બે ગીતો એવાં છે જે બન્ને પુસ્તિકાઓમાં સ્થાન પામ્યાં છે. પ્રથમના પ્રકાશક: શરદચંદ્ર બી. મહેશ્વરી, રવિકુંજ તેલંગ ક્રૉસ રોડ, મુંબઈ–૧૯; બીજાના પ્રકાશક: લીલાધર પી. શાહ, ભગવત સદન, અરોરા પાસે, મુંબાઇ-૧૯; કિં. જણાવી નથી.

હાકલ: આ પણ દેશ પર થએલા આક્રમણથી જાગેલી ઊર્મિઓને આકાર આપતી, છંદોલય સાચવવા મથતી અને ઘડાય તો આશાસ્પદ નીવડે એવી આગાહી આપતી શ્રી વિનોદ જાનીની કલમ વડે લખાએલી કૃતિઓનો સંગ્રહ છે. એમાં ક્યાંકક્યાંક ઝગકતા, ચમકારા આકર્ષક છે. પ્રકાશક પોતે જ, ૭૯૩ નવો વાસ, મ્યુનિસિપલ કૉર્પોરેશન સામે, અમદાવાદ-૧; ૬૦ ન. પૈ.

ગાયત્રીગાન: વિશેષ કરીને પરંપરાગત ભાવના અને શૈલીએ, ગાયત્રીમાતાને અનુલક્ષીને કરેલી આ રચનાઓ ગાયત્રીપૂજનના વિધવિધ પ્રસંગોએ ઉપયોગ કરવાના હેતુથી થઈ છે. 'વિશ્વવંદ્ય' શ્રી છોટાલાલ માસ્તર સ. હેમનું આ નિમિત્તે યે સ્મરણ એ ઉચિત અને મહત્ત્વનું છે. લેખક-પ્રકાશકઃ ઊમિયાશંકર ઠાકર, ઘેરી ફળિયું, આણંદ; ૩૫ ન. પૈ.

જીવનઝરમર: પ્રસ્તાવના, આમુખ, પરિચય કે લેખકના નામનિર્દેશનો સહે જે ઉપચાર વિધિ કર્યા વગરનું આ સંપાદન વિવિધ વિષયો પર અને વિવિધ સ્થળેથી લખાએલા પત્રોનાં અવતરણોનો આભાસ આપે છે. વચ્ચે, એ ક્યા પુસ્તકોમાંથી અવતરિત કરેલાં છે તેના નામોનો ઉલ્લેખ છે. સંપાદકો: નંદલાલ શાહ અને હેમંતકુમાર નીલકંઠ; પ્રકાશક, મહાજન બુક ડીપો, ગાંધીરોડ, અમદાવાદ; ૫૦ ન. પૈ.

શ્રી બટુકભૈરવ ભજનાવલિ: મહાદેવનાં વિવિધ સ્વરૂપો પૈકીના એક ભૈરવ સ્વરૂપ પ્રત્યેના ભક્તિભાવથી રચાએલાં કેટલાંક વર્ણનાત્મક ભજનોનો આ સંગ્રહ શ્રી દવે ઓચ્છવલાલ કેશવલાલે રચીને પ્રસિદ્ધ કર્યો છે. ૨૫ ન. પૈ. શ્રી બટુકભૈરવ મંદિર, નડિયાદ.

ત્રિલોચન મુત્ર

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયનાં

(ભદ્ર • અમદાવાદ-૧)

હિંદુધર્મનાં સ્વરૂપ અને તત્ત્વજ્ઞાન વિષેના સ્વામી શ્રી શિવાનંદજીના બે પ્રેરક ને મનનીય વિચારો, રૂ. ૧. **સ્વરાજની લડતના તે દિવસો**: વીતી ગએલા અને હવે કદાચ ભુલાવા પણ માંડેલા એ કાળની ઝાંખી—જેમાં લડતનો ઇતિહાસ નથી, પણ એ કાળે લેખક (મૂળ હિંદીમાં શ્રી મહાવીર ત્યાગી)ને થએલા દેશનેતાઓના સંપર્કના વિવિધ અનુભવોનાં સ્મરણો છે; રૂ. ૦-૭૫. **વિદ્યાર્થીની વાર્તાઓ**: નીતિ, સત્ય, પ્રામાણિકતા ને પરોપકારવૃત્તિના સંસ્કારો આપતી સ્વ. હરિલાલ મા. દેસાઈની બાર કિશોરભોગ્ય વાર્તાઓ; રૂ. ૦–૫૦.

કુદરતી ઉપચાર-પુસ્તિકાઓ

આજે પીંખાતા જતા આરોગ્યને જાળવવા કે સુધારવામાં સહાયરૂપ જે કેટલાંક પ્રકાશનો પ્રકટ થાય છે એમાંનાં બે પ્રકાશનો:

સૂર્ય–કિરણ–ચિકિત્સા (કિં. ૦-૬૦ ન. પૈ) એ સૂર્યપ્રકાશની આરોગ્ય પરની અસર સમજાવવા સાથે, કેટલાંક દર્દોના નિવારણમાં એને કેટકેટલી રીતે પ્રયોજી શકાય છે એની સમજણ આપતી એક ઉપયોગી પુસ્તિકા છે; **આદર્શ આહાર ફળાહાર**, એ આ જ રીતે ફળાહાર સાથે સંકળાએલા અનેક પ્રશ્નોની છણાવટ કરતી પુસ્તિકા છે. ફળોનાં આરોગ્યપ્રદ ને પોષક મૂલ્યો, માત્ર ફળાહારનો પ્રયોગ કરવા ઇચ્છનારાઓએ રાખવાની સાવચેતીઓ, તથા એના ઉપયોગમાં જાળવવાના વિવેક વિષેની યોગ્ય સૂચના સાથેની માર્ગદર્શક પુસ્તિકા. (કિં. ૦–૫૦ ન. પૈ) આ બને પુસ્તિકાના લેખક: ડૉ. હરકિશનદાસ ગાંધી તથા ડૉ. જટાશંકર નાન્દી. પ્રાપ્તિસ્થાન: કુદરતી ઉપચાર કેન્દ્ર, સિલ્ક હાઉસ, ધોબી તળાવ પાસે, ગિરગામ રોડ, મુંબઈ-૨. 'જનતા પાસે કુદરતી ઉપચારની માહિતી મૂકવા'ના ઉદ્દેશથી વાર્ષિક ૧૨ પુસ્તિકાઓની આ માળાનું લવાજમ ૬ ૦૦ રૂપિયા છે.

પ્રજ્ઞ ભાષાવિદ્


ભારતમાં આજે જ્યારે ત્રણ ભાષાઓનું ઉપરછલ્લું જ્ઞાન ધરાવનાર પણ પોતાને વિદ્વાન માનતો હોય છે, ત્યારે ત્રીસત્રીસ ભાષાઓ જાણનાર એક નિરાભિમાની પ્રજ્ઞ પુરુષથી જનતા અજ્ઞાત છે. આધુનિક જગતના એ બહુવિધ ભાષાવિદ્ દક્ષિણ ભારતના ૭૦ વર્ષના વિદ્વાન શ્રી પી. શેષાદ્રિ લગભગ દરેક ભાષાનું બીજી ભાષામાં ભાષાંતર કરી શકે છે.

તે ત્રીસથી વધારે ભાષાઓ જાણે છે, જેમાં યુરોપની બધી ભાષાઓનો તથા આપણા રાજ્યબંધારણમાં નિર્દિષ્ટ કરેલી સર્વ ભાષાઓનો સમાવેશ થાય છે. શ્રી શેષાદ્રિ હરિપદ કેરળના છે. ઘરમાં તમિળ ભાષા બોલે છે, અને પોતાની પ્રાદેશિક ભાષા મળયાળમ તો જાણે જ છે. તેમણે પહેલવહેલો અભ્યાસ બંગાળી ભાષાનો કૉલેજમાં ભણતી વેળા શરૂ કર્યો. સ્વામી વિવેકાનંદના ગ્રંથોના અંગ્રેજી ભાષાંતર પરથી તેમના પર એટલી બધી અસર થઈ કે એ ગ્રંથોને મૂળ ભાષામાં વાંચવા માટે તે બંગાળી શીખ્યા. પછી તો એક પછી એક ભાષા ક્રમશઃ આવતી ગઈ. તેમણે જર્મન, ફ્રેન્ચ, ડૅનિશ, રશિયન, ગ્રીક, લૅટિન વગેરેનો અભ્યાસ કોઇની પણ મદદ વિના કર્યો. આ લાંબી યાદીમાં તાજેતરમાં પોલિશ ભાષાનો ઉમેરો થયો છે. તેમણે સંખ્યાબંધ પુસ્તકોનાં (જેની ચોક્કસ સંખ્યા તો તેમને ય ખબર નથી) એક ભાષામાંથી બીજી ભાષામાં ભાષાંતર કર્યાં છે. રાજાજીનાં કેટલાંક પુસ્તકો, ડૉ. ડી. ડી. કોસાંબીનું 'ભગવાન બુદ્ધ', લોકમાન્ય ટિળકનું 'ગીતારહસ્ય' તથા બ. ઈમલના ફ્રેન્ચ ભાષાંતરનો આમાં સમાવેશ થાય છે. ઉપરાંત સમાજશાસ્ત્ર તથા તત્ત્વજ્ઞાન પર અંગ્રેજી તથા મળયાળમમાં મૌલિક ગ્રંથો પણ તેમણે લખ્યા છે. એક વખત ભાષા શીખ્યા પછી તેનું જ્ઞાન તેમને એટલું સંપૂર્ણ હોય છે કે તે ભાષાના મહાન લેખકોની ભૂલો પણ તે શોધી કાઢે છે! રાષ્ટ્રસંઘના ભૂતપૂર્વ મુખ્ય ભાષાંતરકાર શ્રી જીન હર્બર્ટનાં પત્નીએ લખેલ ફ્રેન્ચ પુસ્તકમાં તેણે ૫૦૦ જેટલી ભૂલો બતાવી હતી. ડૉ. મીશ્રના 'રામકૃષ્ણના જીવન અને ઉપદેશ'ના ડચ ભાષાંતરમાં પણ તેમણે કેટલીક ભૂલો બતાવી હતી. આજ ૭૨ વર્ષની ઉંમરે પણ તે ક્રિયાશીલ છે. (પુસ્તકાલય)

શબ્દકથા : થેરાપ્યુટિક્સ

પાશ્ચાત્ય ચિકિત્સાશાસ્ત્રમાં જે 'થેરાપ્યુટિક્સ' શબ્દ છે તે આયુર્વેદનો છે. ઈ. પૂ. ૫૦૦થી ઈ. પૂ. ૩૦૦ સુધીના બૌદ્ધ કાલમાં ચિકિત્સાશાસ્ત્રના અધિકૃત વિદ્વાન બૌદ્ધ 'થેરપુત્તા' (સ્થવિરપુત્રઃ) થઈ ગયા. એમનું વિજ્ઞાન 'થેરપુત્તીયમ્' નામે ઓળખાતું. આ શબ્દમાંથી 'થેરાપ્યુટિક' શબ્દની ઉત્પત્તિ થઇ છે.

(ભિષગ્ભારતી) —અનંતશર્મા ત્રિપાઠી



મુંબાઇની ગુર્જરસભા—આગલી હારમાં બેઠેલા : ધનશંકર ત્રિપાઠી, ઇન્દુલાલ યાજ્ઞિક, નૃસિંહદાસ વિભાકર, ધનસુખલાલ મહેતા, કનૈયાલાલ મુનશી, મનસુખલાલ માસ્તર; પાછલી હાર : ભાનુશંકર યાજ્ઞિક, હરસિદ્ધભાઇ દિવેટિયા, અંબાલાલ જાની, રમણીયરામ ગો. ત્રિપાઠી, ચન્દ્રશંકર પંડ્યા, શંભુલાલ દવે, હરગોવિંદ ભટ્ટ; પાછળ ઊભેલા : સન્મુખલાલ પંડ્યા, રઘુનાથદાસ કવિ, શિવલાલ યાજ્ઞિક.

અનુસંધાન] **ક. મા. મુનશી** [પૃ. ૪૯૪થી

સવાલ પૂછી એમનું ધ્યાન ખેંચવાનો નિષ્ફળ પ્રયત્ન કરું. એ હૅટ હાથમાં લે: 'ઠીક, મુનશી, ત્યારે કાલે આવજો; કાંઈક આપીશ.'

સવા આઠે હું ટાવર આગળથી ટ્રામ પકડું અને થાકયોહાર્યો ઑફિની વાટ જોઇજોઇ અકળાએલો, ધવાએલો, અભિમાનથી રડુંરડું થઈ ગએલો ઘેર આવું. રોજ ને રોજ આ જાતના અનુભવથી હું રહેંસાતો."

હાઇકોર્ટમાં પહેલી અપીલ ચલાવવાની આવી. "૮મી જુલાઇએ થાણા કોર્ટની એક અપીલમાં હું પહેલી વાર મુખ્ય ન્યાયાધીશ સર બેસિલ સ્કૉટની કોર્ટમાં હાજર થયો. કેટલાક દિવસોથી મેં તૈયારી કરી હતી. કેટલી ય નોંધો કરીને ફાડી નાખી હતી. આગલી રાતે ગભરાટમાં ઊંઘ પણ નહોતી આવી. હું કોર્ટમાં ઊભો થયો ત્યારે જાણ્યું કે મારી સામે તો ઍડવોકેટ જનરલ સ્ટ્રૅંગમૅન ઊભા રહ્યા છે!

સ્ટ્રૅંગમૅન તે વખતે આખી કોર્ટ મુંઝાવતા. એ પાટલૂનના ગજવામાં હાથ નાખે, તેમાં રાખેલી કૂંચીઓ ખખડાવે, મોટે સાદે હસીને વચ્ચે બોલે, અને સામાની જરાક ભૂલ થાય કે સખત ઝાટકણી કાઢે. એમને મારી સામે આવેલા જોઈ મારા મોતિયા મરી ગયા!

હું અપીલ ચલાવવા ઊભો થયો ત્યારે મારી આંખ આગળ કોર્ટ ચક્કરચક્કર ફરતી હતી. મારો અવાજ ગળાની બહાર નીકળી શકતો નહોતો. કાનમાં તો જોરથી ઘંટનાદ સંભળાતા હતા. પંદરવીસ મિનિટે મને શુદ્ધિ આવી, ને હું બરોબર બોલવા લાગ્યો.

મારાથી કાંઇ ખોટું બોલાઈ ગયું હશે, એથી સ્ટ્રૅંગમૅન ફરીને વચ્ચે બોલ્યા. મુખ્ય ન્યાયાધીશ સ્કૉટ સખ્તાઈથી સ્ટ્રૅંગમૅન તરફ જોઈ રહ્યા. નવા ધારાશાસ્ત્રી તરફ એ ધીરજવાળું ને પ્રોત્સાહક વલણ દાખવતા. મોટાઓને નાના પર એ જરા ય આક્રમણ કરવા ન દેતા. એમણે નિશ્ચયાત્મક અવાજે સ્ટ્રૅંગમૅનની વાગ્ધારા કાપી નાખી: 'મિ. સ્ટ્રૅંગમૅન યૉર ઈનિંગ્સ આર સ્ટિલ ટુ કમ. મિ. મુનશી, યુ મે નાઉ પ્રોસીડ.' મારા પગમાં જોર આવ્યું ને મેં આગળ ચલાવ્યું...તે રાત્રે મેં ડાયરીમાં નોંધ્યું: 'મેં પહેલી અપીલ ચલાવી...જીત્યો. હું કેટલો ગભરાટિયો છું! આ ક્ષોભ ક્યારે જશે? મારે એને જીતવો જ જોઇએ!' "

અને પછી એમણે પુરુષાર્થ આદર્યો: "તાલિયારખાન, ઝીણા અને સ્ટ્રૅંગમૅન જેવા બૅરિસ્ટરો પાછળ ઊભો રહી હું એમના અંગ્રેજી શબ્દોનાં ઉચ્ચારણ ધ્યાનમાં લેતો ને તેની નોંધ કરતો. ઘરમાં બેસી વાર્તાનાં પુસ્તકોમાંના સંવાદો મોટેથી વાંચવા લાગ્યો. નાના નાના ટુચકાઓ ભેગા કરી, તેને લખી, મોઢે કરી, તેમાં ફેરફાર કરી, જુદાજુદા મિત્રો આગળ કહેવા લાગ્યો. આમ મેં અંગ્રેજી બોલવાનો મહાવરો કેળવવા માંડ્યો. પહેલાં રજાના દિવસમાં જેમ નાટકો વાંચતો, તેમ હવે આરસી આગળ ઊભો રહી પ્રિવી કાઉન્સિલના ચુકાદા વાંચતો, ને ચોપડી બંધ કરી તેનો સારાંશ સારા ઉચ્ચારણથી બોલતો."

બારેક મહિને એમની તપશ્ચર્યા ફળી, ભૂલાભાઇને આ યુવાનની સચ્ચાઈ સમજાઈ. એમણે આ નવા શિષ્યને સત્કાર્યો. આગળ ઉપર એ સંબંધ ગાઢ બની ગયો.

પછી તો હાઈકોર્ટની કારકિર્દીમાં અનેક ધારાશાસ્ત્રીઓ, ન્યાયાધીશોના જે પરિચય થાય છે તેમનાં રસળતાં ચિત્રો એમણે આત્મકથામાં આલેખ્યાં છે. ચિમનલાલ સેતલવાડ વિષે લખે છે: "તરવારની ધાર જેવું ચાતુર્ય, સ્પષ્ટદર્શી બુદ્ધિ, વાક્પાટવ અને અપાર આત્મશ્રદ્ધા એ એમના ગુણો. મહમદઅલી ઝીણા બહુ જ અદ્ભુત માણસ! સ્પષ્ટ અને ચોક્કસ. એમનો તાપ હમેશાં ભારે! ફક્કડ પણ ખરા અને અક્કડ પણ ખરા. એ આવીને કોર્ટમાં બેસે તે જાણે છત્રી પડાવવા! એ ઊભા રહી, કેડે હાથ દઈ કોર્ટને સંબોધે તે નાટકી છટાથી! એમનો પ્રધાન ગુણ નિર્ભયતા, પણ એમની અક્કડાઈ દુર્ભેદ..."

મુનશી પર એમને ઘણો સદ્‌ભાવ, હોમરૂલ લીગના એ પ્રમુખ થયા ત્યારે મુનશી મંત્રી હતા. એમની હાઇકોર્ટની મૈત્રી રાજકારણમાં પણ વર્ષો સુધી ટકી રહી. ભૂલાભાઈ સાથે રાજકારણમાં મુનશીને મતભેદ થયો અને શિષ્ય ગુરુને અનુસર્યો નહિ ત્યારે આનું પરિણામ જાણીને ઝીણાએ તરત કહ્યું: 'મુનશી, તમને નોટિસ મળી છે. આજ સાંજથી મારો ચેમ્બર તમારે માટે ખુલ્લો છે.' મુનશીએ સાભાર તેનો અસ્વીકાર કર્યો: 'એ તો ધંધામાં મારા ગુરુ છે. એમના જ ચેમ્બરમાં મારું સ્થાન છે.' અને આખરે ભૂલાભાઈ સાથેના સંબંધો સુધર્યા.

એટલામાં પ્રથમ યુરોપીય યુદ્ધ ફાટી નીકળ્યું. એમાં જાપાનીઝ લૉંગક્લૉથનો સટ્ટો ચાલ્યો. પણ યુદ્ધ પછી તેમાં ભાવ ગગડી ગયા અને વેપારી–ગ્રાહક વચ્ચેના સેંકડો દાવાથી કોર્ટો ભરાઈ ગઈ. મુનશીના ભાગ્યે યારી આપી. ફીઓનો વરસાદ વરસ્યો. પૈસાની છોળો ઊડવા માંડી: "૧૯૨૨ના છેલ્લા ત્રણ માસની મારી આવક વિશુદ્ધ બ્રાહ્મણને રૌરવ નરકના અધિકારી બનાવે એટલી મોટી હતી!"

હાઇકોર્ટની પ્રેક્ટીસના સમાંતરે મુનશીની સાહિત્યપ્રતિભા પણ વિકસવા માંડી. ચંદ્રશંકર પંડ્યા એમને લેખકોના મિત્રમંડળમાં લઈ ગયા પછી એમના આગ્રહથી મુનશીએ પોતાની પહેલી વાર્તા 'ઘનશ્યામ વ્યાસ'ના તખલ્લુસથી 'સ્ત્રીબોધ'માં પ્રસિદ્ધ કરેલી. ગુજરાતી સાહિત્યના જાગ્રત ચોકીદાર એક સાક્ષર આ 'ઘનશ્યામ વ્યાસ'ને ખોળતાંખોળતાં એમની ઓરડીએ આવી ચડ્યા. એ હતા નરસિંહરાવ દિવેટિયા. મુક્તકંઠે એમણે મુનશીને સાહિત્યક્ષેત્રમાં આવકાર આપ્યો.

મુનશીના વાલી સમા જમિયતરામકાકા (સૉલિસિટર)ને ભત્રીજાનો આ ધંધો પસંદ નહોતો. એમાં ભાઈ વકાલત બગાડશે એવી એમને ચિંતા હતી. પરંતુ 'ગુજરાતી'ના સહ તંત્રી અંબાલાલ જાનીએ તો એને નવલકથા લખવાનો આગ્રહ કર્યો. અને ૧૯૧૪માં કૉલમના ચૌદ આનાના લોભે એણે તેમાં ક્રમશઃ 'વેરની વસૂલાત' લખવા માંડી. એ વાર્તાની 'તનમન' પર કાકા અને બીજા સુરતી સૉલિસિટરો ખુશ થઈ વાર્તાની પ્રશંસા કરતા ત્યારે મુનશીને માત્ર તેના મૂગા સાક્ષી બનીને એ પ્રશંસા સાંભળ્યા કરવાનું જ ભાગ્ય મળ્યું હતું. એ નવલકથાએ ગુજરાતી સાહિત્યરસિક પ્રજાને વશ કરી દીધી. એમની સર્જકતા હવે ઊભરાવા માંડી હતી. 'ભાર્ગવ' ત્રૈમાસિક અને 'આર્યપ્રકાશ'માં લેખો લખીને તેમને સંતોષ ન થયો. ઇન્દુલાલ યાજ્ઞિકની સાથે તેમણે ૧૯૧૫માં 'નવજીવન' માસિક શરૂ કર્યું. એ જ વર્ષમાં 'હિંદુસ્થાન અને પ્રજામિત્ર'માં 'કોનો વાંક?' નવલકથા ક્રમશઃ પ્રસિદ્ધ થવા માંડી.

મુનશીને ગુજરાતના ઇતિહાસ ા શાખ વર્ષો પૂર્વેનો હતો. કૉલેજમાં એમણે ઈતિહાસ વિષે એક લેખ પણ લખેલો. 'ગુજરાતી' પત્રના નિમંત્રણથી તેમણે ગુજરાતની ઐતિહાસિક નવલકથા 'પાટણની પ્રભુતા' એ જ તખલ્લુસથી લખી આપી. પરંતુ આ વાર્તામાં કેટલાક જૈનોને કોમની બદનક્ષી જણાઈ અને વાત ફોજદારી સુધી પહોંચી!

"'ઘનશ્યામ' ગભરાયા અને ત્રાહિ મામ્ કરતા જમિયતરામ કાકા પાસે દોડ્યા: 'કાકા, હું મુશ્કેલીમાં આવી પડ્યો છું.'

'શું ભાઇ?'

'મેં વાર્તાઓ લખી છે.'

'હું જાણતો જ હતો કે તમારાથી સખણા ધંધો થવાનો જ નથી.' સખ્તાઇથી કાકાએ કહ્યું, 'કઈ વાર્તાઓ?'

'વેરની વસૂલાત...'

ચમત્કાર થયો! કાકાના મુખ પરથી ક્રોધની રેખાઓ અદૃશ્ય થઈ ગઈ; અજાયબી પ્રસરી રહી. અજાયબી ગઈ, સ્મિત પ્રસરી રહ્યું: 'તનમન તમે લખી? હું તો ધારતો હતો કે..... વન્ડરફૂલ!'

'ઘનશ્યામ'નો ગભરાટ જતો રહ્યો. મોં મલકી ઊઠ્યું. 'પાટણની પ્રભુતા'ના લેખક સામે થનારી ફોજદારીની વાત સાંભળી કાકા ઊકળ્યા: 'હવે માંડી માંડી ફોજદારી!'

અને બીજે દિવસે કાકાએ બધી વાત પતાવી નાખી!"

સાહિત્યવ્યોમમાં તેજસ્વી તારકની જેમ મુનશી હવે પ્રકાશી ઊઠ્યા. પરંતુ એ સમયે એમને ગુજરાતીઓમાં, થોડાક સાહિત્યકારો બાદ કરતાં, રાષ્ટ્રીય કે સાંસ્કારિક અસ્મિતા ન જણાઈ. એ પહેલવહેલી એમણે જોઈ રણજિતરામ વાવાભાઈ મહેતામાં. એમના સહચારે મુનશીને મધુર મૈત્રીની લ્હાણ કરી. ચંદ્રશંકરે એમને 'વીસમી સદી'ના તંત્રી હાજીમહમદ અલારખિયા સાથે ઓળખાણ કરાવ્યું; અને પરિણામે 'ગુજરાતનો નાથ' એ માસિકમાં પ્રગટ થઈ. એ નવલકથાએ તો ગુજરાત પર કામણ કર્યું. નરસિંહરાવ દિવેટિયાએ પ્રેમપૂર્વક એનો ઉપોદ્‌ઘાત લખ્યો. એ જ માસિકમાં એમની 'પૃથ્વીવલ્લભ' નવલકથા પ્રસિદ્ધ થઇ ત્યારે સાહિત્યજગતમાં તેણે કલા અને નીતિની ચર્ચાનાં અનેક વમળો પેદા કર્યાં. કેટલાકને એ અનીતિપોષક લાગી; અને એક વિવેચક તો આવેશમાં બોલી ઊઠ્યા: 'આ વાર્તા લખતાં મુનશીનો હાથ કેમ કપાઇ ન ગયો?' 'પૃથ્વીવલ્લભે' ગુજરાતમાં પ્રચલિત સાહિત્યપ્રણાલિકાઓ ઉપર આક્રમણ આરંભ્યું.

આ સુખનો સમય હતો. આર્થિક સ્થિતિ પણ હવે સુધરવા માંડી હતી. વહુએ પહેલવહેલું ઘરેણું હવે જોયું. ગૃહજીવન સુરાગી બન્યું હતું. સંસાર ઉદ્યાનમાં બે બાળકો—સરલા ને જગદીશ રમતાં હતાં. એ પછી ૧૯૨૧માં ત્રીજી સંતતિ ઉષાનો જન્મ થયો. ૧૯૨૨માં 'સાહિત્ય સંસદ'ની સ્થાપના કરીને પોતાના તંત્રીપદે 'ગુજરાત' માસિક એમણે શરૂ કર્યું. એમની સાહિત્યિક પ્રતિભા હવે મોકળાશથી પ્રગટ થવા માંડી. એ જ વર્ષમાં એમને એક વિલક્ષણ વ્યક્તિનો પરિચય થયો. એ હતાં લીલાવતી શેઠ. 'તનમન'ની વાર્તા વાંચી એના સર્જકને મળવાની એમને હોંશ થઈ.

એ પરિચય વધતો ગયો. લીલાવતીનાં લખેલાં રેખાચિત્રો 'ગુજરાત'માં પ્રગટ થવા માંડ્યાં. મુનશીનો પાતાળસ્રોત આ વિલક્ષણ નારીએ આબાદ પકડીને એમના રેખાચિત્રમાં પ્રગટ કર્યો: "મનુષ્યસ્વભાવ પારખવાની એમની શક્તિ અજબ છે. મેધાના ચમકારા પણ એમનામાં ચમકે છે. પણ સાથે ego (અહં)ના ચમકારા પણ તેટલા જ છે. બુદ્ધિના શિખર પરથી એ 'બિચારા જગત' પર નજર કરે છે. કોઇએ, એમનાં પાત્રોમાં અક્કડતા બહુ છે એમ કહ્યું છે; એમના વિષે પણ એમ કહી શકાય...પણ કદાચ આ દેખીતી બુદ્ધિની કઠણ સપાટી નીચે હૃદયના કૂપમાં ઊર્મિઓનાં મીઠાં વારિ ઊભરાતાં હશે. કોઈએ એ જલ પીધાં હશે. પણ એ જલ દુર્લભ ખરાં જ... હૃદયની તો વાપર્યે જ કિંમત વધે છે."

બાવીસ વર્ષની યુવતીએ યુવાન મુનશીને મર્મભેદી બાણ માર્યું હતું. એમનું સમગ્ર હૃદય ખળભળી ઊઠ્યું. હજી સુધી 'લીલા'નો ખાસ પરિચય નહોતો; એની સંસારઘટનાની કશી માહિતી નહોતી; પણ ભવેભવની ઝંખેલી સખી 'લીલા'માં ભાળીને એમનો પ્રાણ વ્યાકુળ થઈ ઊઠ્યો. 'રેખાચિત્રો' પછી એ બંનેનું માનસિક સહજીવન શરૂ થયું અને લોકજીભે લીલા-મુનશીનાં નામ ગવાવા લાગ્યાં. બંને વચ્ચેના પત્રવ્યવહારમાં એ સ્નેહસંબંધ પ્રગટ્યો 'આત્માએ આત્મનને ઓળખ્યો.'

માંડ સુરાગી બનેલા સંસારમાં આ પરિચયે તોફાની તરંગો પેદા કર્યા. આ વિલક્ષણ-ભયંકર અનુભવનો વિચાર કરવા મુનશી મહાબળેશ્વર જાય છે. સંકલ્પ કરે છે: 'આઠ વર્ષની ઉંમરથી ઝંખેલી દેવી આવી છે તેને ત્યાગીને આત્મહત્યા તો નહિ જ કરું. પણ તપ વિના પ્રણય-

૫૨૬ ('કુમાર' અંક ૪૮૦)

ભાવના નષ્ટ થઇ જાય. એટલે કાગેન્દ્રિયશુદ્ધિ પર જ એ સંબંધ રચવો। અને સર્જેલા સંસાર પ્રત્યે કર્તવ્યભ્રષ્ટ થવું નહિ.' ને નિશ્ચય કર્યો : 'લક્ષ્મીની જાણ બહાર કશું થવા દેવું નહિ. એ મોટામાં મોટી તપશ્ચર્યા વેઠવી.'

"લીલા પણ કસોટીએ ચડી:'અતિલક્ષ્મીબહેનને બધું કહેજો... ને કહેજો કે નિર્ભય રહે. જે એમનું છે તે મારે જોઇતું નથી... અને મારા વશિષ્ઠને હું કદી પડવા નહિ દઉં." આ સંબંધમાં એમણે 'અવિભક્ત આત્મા' જોયો હતો! "એ એની અરુંધતીનો વશિષ્ઠ હતો."

આંસુભરી આંખે મુનશીએ લક્ષ્મી સમક્ષ પોતાની તથા લીલાની સમગ્ર કથની મૂકીને નિર્ણય માગ્યો. ત્રણ દિવસ પછી નિર્ણય મળ્યો : 'તમે મને બને તેટલું આપ્યું છે. વધારે આપી ન શક્યા કેમકે મારામાં તે ઝીલવાની શક્તિ નથી. લીલાબહેન તમને જે પ્રેરણા આપે છે તે હું આપી શકતી નથી. ભલે તમે મિત્ર રહો. એ રીતે તમને જીવનમાં અધૂરાપણું લાગે છે તે નહિ લાગે. તમારામાં મને સંપૂર્ણ વિશ્વાસ છે.' "આ નાનકડી સતીના અગાધ આત્મસમર્પણ આગળ સ્વામીનું શિર ઝૂક્યું. એની આગળ પોતે ક્ષુદ્ર હતા તેનું ભાન થયું."

પછી લક્ષ્મી, લીલા અને મુનશી યુરોપની યાત્રાએ જાય છે. પરસ્પર સ્નેહ અને વિશ્વાસ અખંડ જ છે. યુવાન મુનશીનો આનંદ છલકાય છે. પણ સુખના આ દિવસો ઘડીમાં વીતી ગયા. છલ્લે નોંધપોથીનું આક્રંદ સંભળાય છે: 'કરુણતા.'

મુંબાઈ આવ્યા પછી પ્રણયપિપાસા તીવ્ર બને છે. નિરાશામાં કોઈ વાર મોટરમાં અંધેરી રસ્તે જઈ બંનેએ ઝેર પી સૂઈ જવાના ખયાલો પણ ચમક્યા કરે છે! આ તીવ્ર વેદનાની વાત હવે જીરવાતી નથી. જીજીમા સમક્ષ મોકળે રુદને એ પ્રણયત્રિકોણની સમગ્ર કથા કહી નાખે છે: "હું શું કરું? લીલાને છોડવા જઈશ તો મોત આવશે; લક્ષ્મીને છોડવા જઈશ તો આત્મતિરસ્કારમાં મોત સિવાય બીજો રસ્તો નથી."

પ્રણયસંઘર્ષમાં એક વર્ષ વીતે છે. ત્યાં એક અણધારી ઘટના નિર્માણ થાય છે. "લક્ષ્મીને કસુવાવડ થઈ. બેત્રણ દહાડામાં સુવારોગ લાગુ પડ્યો. આઠમે દહાડે એ બેભાન થઈ ગઇ... જીજીમા ખડે પગે ચાકરી કરી રહ્યાં હતાં. સ્વામીને એ જ વખતે કોર્ટમાં કર્તવ્યની ભારે શૃંખલા ચોંટી હતી. 'નાથ'ને સંભારવા સિવાય લક્ષ્મીનો સમગ્ર સંસાર વિલુપ્ત થઇ ગયો હતો. ત્રણેક દિવસ પછી એનો દેહ પડ્યો."

મૃત્યુ પછી એનો કારમો ઉદ્‌ગાર—પત્રરૂપે સંઘરાએલો મુનશીને હાથ આવે છે: 'વહાલા સાગરરાજ'ને ઉદ્દેશીને તે લખાયો છે. '...હું તારી પાસે આવી, પણ તું તો...શાંત જ રહ્યો. એક વાર પણ તારું ઊછળતું મોજું તેં મારા પર ન નાખ્યું. એક વાર પણ પ્રેમથી દોડી મારા તરફ તારું મોજું મોકલ્યું હોત તો તે સંભારી પડી રહેત... વહાલા, તારે મારું પાણી જોવું હતું?'

વિધાતાની કેવી વિચિત્ર રમત! 'દેવી' ઝંખનારો જેમાં 'દેવી' ન જોઈ શક્યો તે નારી પોતાના ભવ્ય આત્મવિસર્જનથી ખરેખર દેવી બની જીવનનું દાન દઈ અલોપ થઈ ગઇ!

લક્ષ્મી ગઈ. લીલા મળવા આવી. તેને વિધુર મુનશી ચેતવે છે: "હવે આપણે બહુ મળીશું તો જગત તમને ફાડી ખાશે. હું હવે પત્નીવિહોણો થઇ ગયો.' લીલા હસી : 'ગાંડા થયા છો? હવે હું તમારી ને અતિબહેનનાં છોકરાંની. એ હવે મારાં છોકરાં.'

લીલા આમ રોજ આવે છે અને ખરેખર છોકરાં પણ 'લીલાકાકી'ને બરાબર વળગે છે. ત્યાં વળી નવો પ્રશ્ન ઊઠે છે. લીલાની દીકરી બાલાનો યોગ્ય બંદોબસ્ત કરવાની બાબતમાં લીલા પતિ (લાલભાઇ) સાથે અથડામણમાં આવે છે. એનું સ્વમાન હણાય છે અને પતિનું ઘર એ ત્યજી દે છે...આર્થિક સહાય કોઈની પણ તેને ખપતી નથી.



લીલાબહેન ૧૯૨૩માં

આખરે મુનશીની સૂચનાથી 'ગુજરાત' પ્રેસમાં તે નોકરી સ્વીકારે છે.

"ધૃષ્ટતાની હદ થઇ ગઈ. ચારેકોરથી ટીકા થવા લાગી. મિત્રોએ પણ ચેતવણી ઉચ્ચારી: 'મુનશી, પ્રતિષ્ઠા નીતિમાન થવામાં નથી. નીતિમાન તરીકે જગત સ્વીકારે એમાં છે." પણ દુનિયાના આવા દંભી વહેવારને મુનશી નમતા નથી.

લક્ષ્મીના મૃત્યુ પછી વળી પાછું મુનશીનું ગૃહજીવન ગોઠવાતું જાય છે. જીજીમા લીલાને દીકરી માનીને સત્કારે છે અને એ સહુનું સહજીવન ખીલે છે. સાથે સંયમ રાખવા મથતો પુત્ર લથડી ન પડે તેની પણ તેમને કાળજી છે. અને પુત્રનું પોતાનું નીતિનું ધોરણ પણ તેને ટકાવી રહ્યું છે. 'તૃપ્તિ આવે તો ભાવનાસિદ્ધિ જતી રહે' એ સિદ્ધાંત એ વખતે એને ખૂબ સહાય થાય છે.

આ પ્રણયકથાની સાથે મુનશીની સાહિત્ય-સંસદની પ્રવૃત્તિ પણ ઉત્સાહથી ચાલે છે. ૧૯૨૫માં સાહિત્ય પરિષદનું બંધારણ તેમને હાથે ઘડાયા પછી સંસદ પરિષદને મુંબાઇ બોલાવે છે. જૂની પેઢીના સાક્ષરોને સ્થાને મુનશી અને એમના તરુણ સાથીઓનો તરવરાટ પરિષદમાં વરતાવા માંડે છે. મુનશીનો પ્રભાવ મુંબાઇની પરિષદમાં પ્રગટ થાય છે અને પરિષદનું સુકાન હવે એમના હાથમાં આવે છે. બીજી બાજુ મુંબાઈ યુનિવર્સિટીની સેનેટમાં પણ તે ચૂંટાય છે.

વિધાતા નવો પાસો નાખે છે. લીલાના પતિ લાલભાઈનું હૃદય અટકવાથી અવસાન થાય છે. બાલા ત્યાં સુધી પિતા પાસે રહેંસાતી હતી. પણ હવે? લાલભાઈનાં સગાંસંબંધી બાલાને વિધવા માતા પાસે તો ન જ રાખે. ત્યારે બાલાનો છુટકારો ક્યારે? લીલાનો જીવ બાલામાં છે. બે જ માર્ગ છે: કાં તો બાલાને ખોવી, કાં તો લીલા–મુનશીએ લગ્ન કરી જગતનો પડકાર ઝીલી લેવો અને બાલાને મેળવવી.

મુનશી તત્કાલ નિર્ણય લે છે. જીજીમા પણ ખુશીથી કબૂલાત આપે છે: 'હું તારો બાપ ને મા બંને છું.'

અને મુનશી–લીલા એક હતાં તે અગ્નિ સાન્નિધ્યે એક થયાં.

વીશીવાળાની દીકરીયું

તાજા બનાવેલ પાંઉમાંનો છેલ્લો ચોસલો માર્થાએ લાકડાના મેજ પર મૂકયો. 'મેરી!' એણે નાની બેનને બોલાવી.

રાંધણિયાના બારણામાં ઊભીઊભી મેરી વંડી ભણી જોતી હતી. 'આ બીજાં મે'માનું આવ્યાં.' એ બોલી.

'પણ આંહીં હવે જગ્યા જ કયાં છે!' કૈંક અકળાઈ માર્થા બોલી. 'હવે તું મુંને સંજવારીમાં હાથ દે તો ઠીક બ'ઈ, હું માને જોઈ આવું.'

પણ મેરી તો, ભલા દેખાતા એક જણને, વીશી આખી યે ભરાઈ ગઇ છે, એવું સહુકાઈથી જણાવતા એના બાપુ કને જઈ ઊભી હતી.

'મારી પરણેતર થાકી છે.' પેલો આજીજીથી બોલ્યો : 'અમથી ઝાઝું આગળ નહિ જવાય. એકાદ ખૂણો હશે તો ય રાત કાઢી નાખશું.'

ચકિત નેણે મેરી, ગદ્ધા પર થાકેલી. ધીરજથી બેઠેલી બાઇને જોઈ રહી. 'બાપુ,' વીનવતી એ બોલી, 'કયાંક તો થોડી જગ્યા થઈ જાશે'.

'મને ખમા કરો', કહેતોક વીશીવાળો બીજા ઘરાકની સરભરામાં વળગ્યો.

'ઓ રે, જરીક ખમો', મેરીએ આકુળતાથી પરદેશીને કીધું : 'મારી બુન માર્થા નકી કાં'ક તોડ કાડશે. ને એ રાંધણિયામાં દોડી ગઈ.

'તું મુંને કામકાજમાં હાથ દે તો ઠીક હોં!' માર્થા બોલી. 'તું જાણું છ કે માડી માંદી છે ને આપણે બાપુને બનતી સ્હાય કરવી રઇ'.

'બુન! તું જરીક ઇંમને ન્યાળ તો ખરી.' મેરી કરગરી : 'કશુંક દેવી છે હો ઈંમનામાં.'

'તું મારે હો છો હવામહીં ભમતી કાયમ, ભલું છે કે હું ધરતી પરે છઉં!' માર્થા બબડી. પણ નાની બેનની કાકલૂદીને અવગણવી એને હમેશ વસમી લાગતી. એણે બારી બહાર જોયું. ગોવાળ ઢોરને નીરણ કરવા કોઢચમાં જતો હતો. 'તુંને લાગે છ?—' માર્થાએ પૂછયું, 'કે રાત્ય પૂરતો ઇંમને કોઢચમાં વાસો કરવો ગમશે?'

'ગજબ છો તું! મુંને ધરપત હતી જ કે તું કાં'ક તોડ કાઢીશ.' કહેતીક હરખપદુડી થઈ મેરી, વંડીમાં વાટ જોતી બેલડીને કે'વા નાઠી. ને આણીકોર માર્થાએ ગાદલાં, એક દીવો ને તાજી મીઠી સોડમવાળો પાંઉનો ચોસલો નોખાં કાઢયાં; ને પછી રાંધણિયા પડખેની ઓરડીમાં મૂંગી, થીર થઈ પડેલી માંદી માના ખાટલા કને જઈ બેઠી.

મેરી પેલાં બે ય જણને તાજા ઘાસની વાસથી ભરીભરી કોઢચમાં દોરી ગઇ, ને પછી રાંધણિયામાં જઇ માર્થાએ કાળજીથી તૈયાર કરેલ ચીજું લઇ આવી. એને તો પેલી રૂડી દેખાતી બાઈની સરભરામાં રહેવું ગમ્યું હોત પણ; 'પરભુ તુંને સુખી રાખે' એવી એના વરના ભર્યા કંઠની વાણી જાણે એને જાવાનું કહેતી હોય એમ સમજી એ ચાલી ગઈ.

એને થયું કે નક્કી આજ કંઈક ગેબી થવાનું; ને એણે જાગતા રહેવાનું વિચાર્યું. પણ તેર વરસની એની નાનકી કાયા દિનભરના કામકાજે થાકી ગઈ હતી ને ઘડીકમાં તો રાંધણિયામાં જ સૂઈ ગઈ એ.

સોણું જોતી હતી, કે સાચે જ કોકના સાદ સંભળાતા હતા? મેરીએ આંખ્યું ઉઘાડીને જોયું તો રાંધણિયું અંજવાળે ઝગી ઊઠયું હતું. ફડાક ઊભી થઇને એ વંડી ભણી દોડી. કોઢચને માથે ઝગમગતા એક મોટા તારાને તેજે બધે અંજવાળુ છાઈ ગયું હતું. ને ભરવાડુંથી કોઢચ આખી ભરાઈ ગઈ હતી. પૂરવ દેશના સોદાગર જેવા લાગતા ત્રણ અજાણ્યા જણ સાંઢણી માથેથી નીચે ઊતર્યા ને નીરણિયામાં પોઢાડેલ, કપડે વીંટયા, તાજા જ જન્મેલા એક બાળની સામે સોગાદનો થાળ ધરી ઊભાં રહ્યાં. ભક્તિભાવની એક નોખી આભા ટોળા માથે પ્રસરી રહી હતી ને ઝૂકયા ઝૂકયા આભમાંથી એક દૈવી ગાણું સંભળાતું હતું.



નાતાલમા ઈટાલીના નગરચોકમા કરવામાં આવતી ઈશુજન્મનો પ્રસંગ નિરૂપતી રોશની. ફોટો : તન્ના

એ બારણામાં જ થોભ્યા. સોદાગરોમાંના એક હળવેકથી પેલાં માટીડૈયરને કશુંક કીધું. વ્યાકુળ ચહેરે બાઇ બાળક માથે ઝળુંબી રહી. થોડીવારે સાંઢણી પલાણીને સોદાગરો ચાલી નીકળ્યા. ભરવાડુંયે વીખરાયાં, ને કોઢચ માથેનો તારો ઓચિંતાનો ગાયબ થઈ ગયો.

ધણીએ ગદ્ધાને કોઢચમાંથી બહાર કાઢી બાઇને માથે બેસારી, ને પરોઢના આછા અજવાળામાં બે ય ચાલી નીકળ્યાં.

'ખમો, ખમો!' કંઈક સંકોચાતી મેરી બોલી : 'મારી બુન આ મીઠડા બાળને જોઈ લે ત્યાં લગ તો ખમી જાવ.'

'મોડું કર્યે નહીં પોહાય.' માટી બોલ્યો : 'મારા દીકરાને લઇ દૂર દેશે હાલ્યા જવાની ચેતવણી મળી છે અમને.'

'તું ઘણી ભલી છો.' પ્હેલી જ વાર હળવેકથી બાઈ બોલી : 'લે, આ મારી આવલડી ભેટ.' મોંઘા મલમની એક દાબડી એણે આપી.

'પણ ભલી ને હેતાળ તો મારી બુન માર્થા છે.' મેરી બબડી, 'ઇને આ બાળ જોઇ લેવા દ્યો.'

'બીજે કોક દિ,' માટી વ્હાલથી બોલ્યો, 'આપણ ફરી ભેળા થાશું.'

ભળભાંખળાંમાં મેરી એમને જતાં જોઇ રહી. સુખદુઃખની એક અજબ લાગણી એને ઘેરી વળી. મલમની દાબડીને છાતી સરસી ચાંપતી એ રાંધણિયામાં આવી.

'કયાં ગઇ'તી? મુંને તો ચિંતા થાતી'તી.' માને સારુ રાબ રાંધતી માર્થા બોલી. રાતે ઘડેલી ગેબી ઘટના કહેતાં મેરીને શબ્દ ઓછા પડયા. 'જાણે કે ચમત્કાર થઈ ગયો.' એ બોલી.

'હાચું, ચમત્કાર જ.' માર્થાની આંખ્યુંય ચમકી રહી. 'માંદી માડી સાજી થઇ ગઈ, જાણ છ!? હું ઇંના ખાટલા કને, બેઠી'તી ત્યાં ધોળાં વસ્તર વીંટેલું કો'ક આવ્યું, ને હળવેકથી માંડીને કીધું : ખાટ છોડી બેઠી થા ને હાલ્ય. ને માડીએ આંખ્યું ખોલી, ને હસી.' એના કંઠમાં ભારોભાર અચંબો ભર્યો'તો. 'લે હાલ્ય, માડી તુંને બરકે છે.'

ને માના ખાટલા કને ઘૂંટણિયે પડી મેરીએ મનોમન પરભુને સંભારી લીધા. ઊંડે ઊંડે એને લાગ્યું કે રાતે કોઢચમાં રાતવાસો રહેલી પરદેશી બેલડીને એ ને માર્થા ફરીથી ભેળાં થાવાનાં હતાં.

(અંગ્રેજી પરથી અનુવાદિત) પ્રદ્યુમ્ન તન્ના

શતરંજ

કોયડા લેખક • સુરેશ મોદી

ઑક્ટોબર’૬૩ના કોયડા (નં. ૩)નો ઉકેલ

સ્થિતિ: 3R3K/8/5Q2/8/5N2/1B-6/2PB4/1qbk4/

કોયડો: સફેદે રમવાનું અને બે ચાલમાં મ્હાત કરવાનું.

ચાવી: 1. Q–R1! (૩ માર્કસ)

ધમકી: નથી. waiting-move ૧ માર્ક.

ઘણા વાચકોએ ધમકી 2PB3 mate લખેલ છે જે ખોટું છે. કારણ કે કાળો તેનો જવાબ Q-B7 અથવા Q×Bથી આપી શકે.

વિકલ્પો: — ૨ માર્કસ

(1) 1..., Q×Q+; 2 P-B3 mate.
(2) 1..., Q-N7+; 2 B-B3 mate.
(3) 1..., Q×B; 2 Q×B mate.
(4) 1.., Q×P; 2 Q×B mate.
(5) 1..., B-N7+; 2 P–B3 mate.
(6) 1..., B×B; 2 Q×Q mate.

આ સિવાયની કાળાની ચાલથી કંઈ અર્થ સરતો નથી. કે કોયડામાં કોઈ રસમય નિષ્ફળ પ્રયત્નો નથી આ કોયડાને સારી રીતે સમજવા માટે અમુક વ્યાખ્યાઓ સમજી લેવી જરૂરી છે.

Half-pin: આપણે અગાઉ લેખમાળામાં Pin (અણુઊઠ) એટલે શું તે જોઈ ગયા છીએ. આધુનિક કોયડાઓમાં તેના વિવિધ પ્રકારો જોવા મળે છે. જ્યારે એક પક્ષના રાજા અને સામા પક્ષના હાથી, વજીર કે ઊંટની વચ્ચે રાજાના પક્ષના બે મહોરાંઓ હોય ત્યારે તે બન્ને મહોરાંઓ half-pin થયાં કહેવાય. Half-pin થયેલાં મહોરાંમાંથી ગમે તે મહોરું ચાલી શકે, પણ પછી બાકી રહેલું મહોરું સંપૂર્ણરીતે pin (અણુઊઠ) થઇ જાય અને ચાલી શકે નહિ. દા.ત. ઉપરના કોયડામાં સફેદની પહેલી ચાલ પછી કાળાનો વજીર અને ઊંટ half-pin થયા કહેવાય.

Self-pin: જ્યારે પોતાની જ ચાલથી પોતાનું મહોરું અણુઊઠ થાય તો તે self-pin થયું કહેવાય. કોઈપણ મહોરું ત્રણ રીતે self-pin થઇ શકે. ૧) શેહ બચાવવા રાજા અને સામા પક્ષનાં મહોરાં વચ્ચે મહોરું મૂકીએ ત્યારે; ૨) રાજા અને સામા પક્ષના મહોરાંની વચ્ચેનું સામા પક્ષનું મહોરું મારવાથી અને ૩) બે half-pin થએલાં મહોરાંમાંથી એકને ચલાવવાથી. દા.ત. આ કોયડાંનાં બીજા અને ત્રીજા વિકલ્પોમાં વજીર ચાલતાં ઊંટ ત્રીજા પ્રકારે self-pin થાય છે.

વળી, છઠ્ઠા વિકલ્પમાં ઊંટ સામા પક્ષના ઊંટને મારીને બીજા પ્રકારે self-pin થાય છે જ્યારે સાથે સાથે વજીરને ઊંટના ખસી જવાથી ત્રીજે પ્રકારે self-pin થાય છે.

Pin-mate: મ્હાતનો આ એક પ્રકાર છે, જેમાં કાળાનું એક મહોરું અણુઊઠ હોય છે. અને જો તે અણુઊઠ ન હોત તો રાજાને મ્હાતમાંથી બચાવી શકત. વિકલ્પ નં. ૨, ૪, ૫, ૬-pin-mateના દાખલા છે.

દા.ત. નં. ૬માં જો કાળાનો ઊંટ અણુઊઠ ન હોત તો વજીરની વચ્ચે આવી મ્હાત અટકાવી શકે છે.

Cross-check variations: જે વિકલ્પોમાં ચાવીની ચાલ પછી કાળો સફેદને શેહ આપતો હોય તેવા વિકલ્પોને cross check variations કહેવાય છે.

વિકલ્પ નં. ૧-૨-૫ આ જાતના વિકલ્પો છે.

Alain Whiteના આ કોયડામાં ઘણા રસમય મુદ્દાઓ છે. કાળાને self-pin થતા બચાવ, cross check વાળા વિકલ્પો અને pin-mates. તેમાં પણ વિકલ્પ નં. ૨ અને ૫ જેમાં cross check અને self-pin બન્ને આવી જાય છે અને બન્નેમાં સફેદ જુદીજુદી રીતે મ્હાત કરી શકે છે તે ખરેખર સુંદર છે.

ઉકેલ મોકલનારનાં નામ તથા મેળવેલા માર્કસ. (કુલ માર્કસ ૬)

૧) ઈન્દ્રવદન મોદી, ભાવનગર; ૨) ભૂદરભાઈ ચાવડા, વીરમગામ; ૩) સુરેશ દવે, અમદાવાદ; ૪) અશોક મહેતા, ભાવનગર; ૫) સતીશ દલાલ, સુરત; ૬) હેમાંશુ વૈદ્ય, બાંટવા; બધાને ૬ માર્કસ.

૧) મહેન્દ્ર મહેતા, ભુજ — ૫½ માર્કસ

૧) હરીશ મકવાણા, મુંબઇ; ૨) નીલકંઠ અંતાણી-રાજકોટ અને ૩) નારણજી જોશી, રાણાવાવ; આ સૌને ૫ માર્કસ.


૧) રામજોશી-કુકડ, ૨) સુરેશ ભટ્ટ–કોલ્કી, ૩) જી. ટી. ઘોડાસરા–આણંદ; ૪) કે. એમ. મુલિયા–વીરમગામ, ૫) શાંતિલાલ શાહ,–મુંબઇ, અને ૬) દીપક ભટ્ટ, ભાવનગર:–O

આ પહેલાના કોયડામાં ભાગ લેનાર ડૉ. કે. એન. ગાંધી–રાધનપુર (૬ માર્કસ) અને અશ્વીનકુમાર દવે–માલવણ (૪½ માર્કસ)નાં નામો આપવાનાં રહી ગયાં હતાં.

કોયડો નં. ૫

White to play & mate in two.

સ્થિતિ: 8/1B2K3/8/4kbR1/8/1N-2B3/3PR3/3q4/



કોયડો: સફેદે રમીને બે ચાલમાં મ્હાત કરવાનું.

ઉકેલ મોકલવાની છેલ્લી તારીખ: ૭–૧–૧૯૬૪.

ઉકેલ મોકલવાનું સરનામું:

Suresh M. Mody, 6/9 Kandhari Colony Chembur, Bombay–71 AS.

ટપાલ દ્વારા શતરંજ

બે ખેલાડી એકબીજા સામે બેઠા વિના પણ શતરંજ રમી શકે છે. આ માટે સંદેશ-પ્રસારના દરેક સાધનોનો ઉપયોગ થાય છે. તાર, ટપાલ, ટેલિફોન, વાયરલેસ, ને ટેલીપ્રિન્ટરથી શતરંજ રમાય છે. આ રીતે આંતરરાષ્ટ્રીય હરીફાઈ પણ યોજાય છે.

દૂરદૂરના દેશો વચ્ચે બન્ને પક્ષે વધુ ખેલાડીવાળી મેચ ગોઠવવી હોય તો પ્રવાસનો ખર્ચ ઘણો વધી જાય તેને બદલે વાયરલેસ કે ટેલિપ્રિન્ટરથી આ મેચ ઘણા ઓછા ખર્ચે ગોઠવી શકાય.

આ બધાં સાધનોમાં વધુ લોકપ્રિય તો સાધારણ ટપાલ જ થાય કારણ કે તેનો લાભ ગમે તે લઇ શકે. શરૂશરૂમાં નાના ગામમાં વસતા ખેલાડીઓ, જેના કામકાજનો સમય એવો હોય કે જે કલબ વગેરેમાં ન રમી શકે તેમ હોય, તેવા ખેલાડીઓ જ ટપાલ દ્વારા રમતા. પણ છેલ્લા ૨૦-૨૫ વર્ષમાં ટપાલથી રમવાનું ઘણું જ લોકપ્રિય થયું છે. જેઓ કલબમાં નિયમિત રમતા હોય તેઓ પણ રમત સુધારવા માટે ટપાલથી રમે છે.

આ રીતે રમવાથી વિચાર કરવાનો સમય મળે છે. પુસ્તકો વાંચીને ચાલ ચાલવાની છૂટ રહેતી હોવાથી જેમ રમત ચાલે તે પ્રમાણે તેને લગતું સાહિત્ય વાંચીને સાથોસાથ જ્ઞાન વધારવાની તક મળે છે. સૈદ્ધાંતિક જ્ઞાન મેળવવા અને શરૂઆતના તબક્કાનું ધોરણ સુધારવા માટે ટપાલ દ્વારા શતરંજ રમવા જેવો બીજો કોઈ માર્ગ નથી એ નિર્વિવાદ છે.

રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા અનેક ખેલાડીઓએ પણ આ રીતે પોતાની રમતો સુધારી છે.

ટપાલથી રમવા માટે શતરંજના નિયમો ઉપરાંત Notations લખતાં અને વાંચતાં આવડવું આવશ્યક છે. આપણે આની બે પદ્ધતિ અગાઉ જોઈ ગયા છીએ. જ્યાં બંને ખેલાડી એકબીજાની ભાષા અને Notation-ની પદ્ધતિ જાણતા હોય ત્યાં આ બેમાંથી એકાદ પદ્ધતિ પ્રમાણે ચાલ લખાય. પણ જ્યાં તે શક્ય ન હોય ત્યાં એક આંતરરાષ્ટ્રીય પદ્ધતિ છે જેમાં ફક્ત આંકડા જ વપરાય છે. દરેક લિપિમાં અક્ષરો જુદાજુદા હોય છે, પણ આંકડા તો લગભગ બધા જ જાણે છે.

18	28	38	48	58	68	78	88
17	27	37	47	57	67	77	87
16	26	36	46	56	66	76	86
15	25	35	45	55	65	75	85
14	24	34	44	54	64	74	84
13	23	33	43	53	63	73	83
12	22	32	32	52	62	72	82
11	21	31	41	51	61	71	81

(ઉપર બ્લૉકમાં 41ની ઉપર 42 જોઈએ.)

આ પદ્ધતિમાં દરેક ખાનાને ઉપર જણાવ્યા પ્રમાણે નંબર હોય છે. કોઈ ચાલ દર્શાવવા માટે મ્હોરું ચાલ્યું તે લખવાની જરૂર રહેતી નથી. ફક્ત કયા ખાના ઉપરનું મ્હોરું કયાં જાય છે તે લખવું પૂરતું છે. (જો તે ખાના ઉપર સામા પક્ષનું મ્હોરું હોય તો તે મ્હોરું મરે. તેને માટે કોઈ ખાસ નિશાની નથી) દા. ત. આપણે અગાઉ જોએલ એક શરૂઆતની પદ્ધતિની થોડી ચાલ, આપણે વાપરીએ છીએ તે તથા ઉપર બતાવેલ પદ્ધતિથી લખીએ.

1 P–K4, P–K4; 1 5254, 5755;
2 N–KB3, N–QB3; 2 7163, 2836;
3 B–N5, P–QR3; 3 6125, 1716;
4 B–R4, N–B3; 4 2514, 7866;
5 0–0, B–K2; 5 5171*, 6857;
6 R–K1, P–QN4; 6 6151, 2725;
7 B–N3, 0–0; 7 1423, 5878;

જો કાળો 5..., N×P રમે તો તે ચાલ દર્શાવવા 5..., 6654 લખાય. ટપાલ દ્વારા શતરંજની રમત માટે પણ એક આંતરરાષ્ટ્રીય ફેડરેશન છે જે ટપાલ દ્વારા શતરંજની આંતરરાષ્ટ્રીય–અંગત તેમ જ ટીમ–ટુર્નામેન્ટ યોજે છે. ભારતમાં પણ રાષ્ટ્રીય એસોસીએશન છે. (The Correspondence chess Association of India) જવાબી પોસ્ટેજ બીડી આને વિષે લેખક પાસેથી તથા Mark W. Nelson, 115 Vakola, Bombay-55 ના સરનામેથી વિગતવાર માહિતી મળી શકશે.

આ મંડળ ભારતની રાષ્ટ્રીય તેમજ બીજી નાનીનાની અનેક ટુર્નામેન્ટો તથા વિદેશો સાથેની મેચ યોજે છે. આ રીતે અત્યારે ભારતની ઈંગ્લંડ, રશિયા ને પૉલૅન્ડ, સાથેની મેચો ચાલે છે. જ્યારે યુગોસ્લાવિયા અને પાકિસ્તાન સાથે થોડા વખતમાં શરૂ થનાર છે.

શતરંજ રમતાં યંત્રો

શતરંજ રમતા મશિન વિશે એક એવી ખોટી માન્યતા પ્રચલિત છે કે તે ઉસ્તાદોને પણ હરાવી શકે છે આજ સુધીનું આવું સારામાં સારું યંત્ર બનાવનાર તેના વિશે કહે છે કે તેમનું એ યંત્ર બન્ને પક્ષની બે ચાલ સુધીનો વિચાર કરી શકે છે. પ્રથમ તે દરેક શક્ય ચાલ તપાસે છે, પછી તેમાંથી અમુક કાયમી સૂચના અનુસાર ૭ સારામાં સારી ચાલ પસંદ કરી તે દરેકના ૭ જવાબ પણ તે જ રીતે નક્કી કરે છે. વળી પોતાની બીજી ચાલ અને સામાની બીજી ચાલ તે રીતે પસંદ કરે છે. આમ, તેની પાસે ૭×૭×૭×૭(૨૪૦૧)સ્થિતિ થઈ. તેમાં જે સ્થિતિ ઉત્તમ થતી હોય તે ચાલ યંત્ર ચાલે છે. આ બધું તે લગભગ આઠ મિનિટમાં કરે છે. જો બંનેની ત્રણ ત્રણ ચાલનો વિચાર કરવું મશિન બનાવીએ તો તેને એક ચાલ ચાલતાં સાડા છ કલાક લાગે. તેમના યંત્ર વિશે તેઓ લખે છે કે તે શિખાઉ ખેલાડીને હરાવી શકે છે. શરતચૂકથી મહાઉસ્તાદો પણ ભૂલો કરે છે તેવી ભૂલ તે કરતું નથી. તેની ચાલની પસંદગી ઉસ્તાદો જેવી જ હોય છે છતાં તેની રમત ઉસ્તાદ જેવી તો ન જ ગણી શકાય. કારણ કે જો કોઈ ખેલાડી ત્રણ ચાલ ઊંડી જાળ બિછાવી શકે તો તે તેમાં ફસાઈ જાય છે.

હાલના વિશ્વવિજેતા મિખાઈલ બોટવીનિકનો અભિપ્રાય પણ ટૂંકમાં જાણી લઈએ: 'અત્યારે જે રીતે કોશિશ થઈ રહી છે તે રીતે તો મહાઉસ્તાદોને હરાવે તેવું યંત્ર બનાવવું અશક્ય જ છે, પણ જો મહાઉસ્તાદો જે રીતે વિચારે છે તે રીતે વિચારી શકે તેવું યંત્ર બનાવી શકાય તો જ, આમ થવું શક્ય છે.' —'ચૅસ', ૨૫ ફેબ્રુઆરી, ૧૯૬૧માંથી.

* કિલ્લેબંધી માટે ફક્ત રાજાની જ ચાલ બતાવવી પૂરતી છે કારણ કે તે સિવાય રાજા ક્યારેય બે પગલાં ચાલી શકતો નથી.




શ્રી અલીઅકબરખાં

સંગીત-નાટક અકાદમીનાં બહુમાનધારકો

દેશના અલગ અલગ પ્રદેશોના સાંસ્કૃતિક પ્રવાહો તથા સિદ્ધિઓ વિષે સમજદારી કેળવવા અને એ ક્ષેત્રોમાં સંશોધનો, વિચાર-વિનિમયતથા કળાની વિવિધ ટેકનિકો વિષેના જ્ઞાનને ઉત્તેજન આપવા ભારત સરકારે ત્રણ અકાદમીની સ્થાપના કરી છે. એમાં સંગીત, નૃત્ય ને નાટક માટે સંગીત-નાટક અકાદમી છે. દર વર્ષે સાંસ્કૃતિક ક્ષેત્રના ચુનંદા વ્યક્તિવિશેષોનું બહુમાન કરી આ અકાદમીઓ દ્વારા ભારત સરકાર એમને નવાજે છે. દસ વર્ષ પહેલાં હિંદુસ્તાની અને કર્ણાટકી સંગીત માટે 'રાષ્ટ્રપતિ પારિતોષિકો' આપવાનો પ્રારંભ થએલો. થોડાં વર્ષો પછી ભરતનાટયમ, કથકલી, કથક અને મણિપુરી એ ચાર માન્ય શાસ્ત્રીય નૃત્ય પ્રકારો તેમજ નાટચ, અભિનય અને નાટચલેખન માટે પણ પારિતોષિકો આપવા માંડયાં. અત્યાર સુધીમાં આ રીતે સોએક જેટલા સંગીતકારો, નૃત્યકારો, રંગભૂમિ ને પડદાના કલાકારોનું બહુમાન થયું છે. આ વર્ષે પણ ગઇ ૧૦મી નવેમ્બરે એક ખાસ સમારંભ યોજી રાષ્ટ્રપતિના હસ્તે જે ૧૯ કલાકારોનું અકાદમીએ બહુમાન કર્યું છે એ સૌનો ટૂંકો પરિચય અહીં આપ્યો છે.

શ્રી અલીઅકબરખાં (ઉપર): ખાંસાહેબ અલ્લાદીનખાંના પુત્ર. જન્મ. ઈ. ૧૯૨૨માં શિવપુર-પૂર્વ બંગાળમાં. પિતા પાસે સંગીત અને કાકા અફતાબુદ્દીન પાસે તબલાં તેમજ મૃદંગવાદનની તાલીમ મેળવી સર્જક સંગીતકાર તરીકે ઉત્તમ પ્રતિભા કેળવી. ભારતના સાંસ્કૃતિક પ્રતિનિધિ તરીકે વિદેશનો વિસ્તૃત પ્રવાસ કર્યો છે. વાદ્યસંગીતમાં એમની નિપુણતા માટે અકાદમીએ પારિતોષિક આપીને એમનું બહુમાન કર્યું છે.







પંડિત શ્રી ઓમકારનાથ ઠાકુર: ઈ. ૧૮૯૭માં ભાદરણમાં જન્મ. સ્વ. પં. વિષ્ણુ દિગંબરના શિષ્ય. બનારસ હિંદુ વિદ્યાપીઠમાં 'કલાસંગીત ભારતી'ના સ્થાપક 'સંગીતાંજલિ' ને 'પ્રણવ ભારતી' સહિત અનેક ગ્રંથોના રચયિતા. ગ્વાલિયર ઘરાનાના અતિ ઉચ્ચ કોટિના ગાયક. હિંદુસ્તાની કંઠ્ય સંગીત માટે અકાદમીએ પારિતોષિક આપ્યું છે.

શ્રી દેવેન્દ્રપ્પા: ઈ. ૧૯૦૦માં મ્હૈસૂરમાં એમનો જન્મ થયો. પિતા તેમજ અન્ય સંગીતકારો પાસેથી ગાયન તેમજ વાદનની તાલીમ લઈ ભારતની જૂની મહાન સંગીતપ્રણાલિને એમણે ચુસ્તપણે જાળવી રાખી–ગાયન તેમજ વાદનમાં દેશના પ્રથમ પંક્તિના એક સંગીતકાર ગણાય છે. અકાદમીએ એમને કર્ણાટકી કંઠ્ય સંગીત માટે પારિતોષિક આપ્યું છે.


સ્વામીશ્રી પ્રજ્ઞાનંદ ૨૨ વર્ષની વયે શ્રી રામકૃષ્ણ મિશનમાં સંન્યાસ લીધો. ભારતીય સંગીતના ઇતિહાસ તથા તેના તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી અને પ્રખ્યાત સંગીતકાર ને જ્ઞાતા ગણાય છે. 'સંગીત ને સંસ્કૃતિ' તથા ભારતીય સંગીતના ઐતિહાસિક વિકાસ વિષેનાં એમનાં બે વિશિષ્ટ પુસ્તકો પણ ઘણાં અભ્યસનીય છે. અકાદમીએ એમને ફેલો ચૂંટ્યા છે.

પ્રા. શ્રી પી સાંબમૂર્તિ: ભારતના એક અગ્રગણ્ય સંગીતશાસ્ત્રી અને બંસરીવાદક. સંગીતશાસ્ત્ર વિષે અંગ્રેજી, તામીલ અને તેલુગુમાં અસંખ્ય લેખોના લેખક. જર્મનીનો પ્રવાસ કરી પશ્ચિમ ને સમકાલીન સંગીતનો અભ્યાસ કર્યો. વિદેશમાં અનેક વાર ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે. અકાદમીએ એમને ફેલો ચૂંટી એમની સંનિષ્ઠ સંગીતસેવાને નવાજી છે.

શ્રી શ્રીકૃષ્ણ રતનજનકર: ૧૮૯૯માં જન્મ. પં. વિષ્ણુનારાયણ ભાતખંડે, ઉસ્તાદ ફૈયાઝખાં, પં. અનંત મનોહર જોષી પાસે સંગીતની તાલીમ. ધ્રુપદ અને ખયાલ ગાયકીમાં નિપુણ. ૩૦ વર્ષ સુધી લખનૌની ભાતખંડે કૉલેજના આચાર્ય. એમણે નિપુણતાથી સંગીતની ઉત્તમ સેવા કરી છે. અકાદમીએ એમને ફેલો ચૂંટી એમનું બહુમાન કર્યું છે.

શ્રી ટી.કે. જયરામ આયર: તાંજોરમાં કુદ્દાલમ ખાતે ૧૮૯૪માં જન્મ. પિતા પાસેથી સંગીત-તાલીમ મેળવી સંગીત શિક્ષણને પોતાનો જીવનવ્યવસાય બનાવી. ત્રિવેન્દ્રમની સ્વાતિ તિરૂનાલ અકાદમીમાં સંગીત-પ્રાધ્યાપક. સંગીત રચયિતા સંચાલક તરીકે વૃંદવાદનના ક્ષેત્રમાં પણ ખ્યાત. અકાદમીએ એમને વાયોલીનવાદન માટે પારિતોષિક આપ્યું છે.











શ્રી સુધેન્દ્ર નારાયણસિંગદેવ : સેરાઈ કલ્લાના મહારાજાના સૌથી નાના પુત્ર 'છાવ' નૃત્યના નિપુણ કલાકાર છે. આ કલાપ્રકાર ત્યાંના રાજના કુટુંબ સાથે સંકળાએલો છે. સુધેન્દ્રજીએ સમૂહનૃત્યના આ કલાપ્રકારને લોકપ્રિય બનાવ્યો છે. હાલ તેઓ શ્રી કલાપીઠના મુખ્ય આચાર્યપદે છે. અકાદમીએ એમની આ કલા માટે પારિતોષિક આપ્યું છે.




શ્રી મણિરામ દત્ત મોકતાર છ વર્ષની વયે વૈષ્ણવ સંપ્રદાયમાં સાધુ થયા હતા. આસામના વૈષ્ણવ મઠોમાં બધા 'સત્તરીય' નૃત્ય કરે છે. એમણે પણ બત્રીસ વર્ષ સુધી નૃત્યકાર તરીકે કાર્ય કર્યું હતું. એ બાદ 'સત્તર'ના મુખ્ય આચાર્ય બન્યા હતા. પોતાના આ નૃત્ય પ્રકારના મહાન કળાકાર ને શિક્ષક છે. એ માટે અકાદમીએ પારિતોષિક આપી નવાજ્યા છે.




શ્રી ચેંગાનુર રામન પિલ્લૈ : બાળપણથી એમણે કથકલી નૃત્યકળામાં નૈપુણ્ય દાખવી દેશભરમાંથી આદર અને સન્માન પ્રાપ્ત કર્યા છે. ૩૧ વર્ષના હતા ત્યારે ત્રાવણકોરના મહારાજાએ એમને રાજનર્તક ને રાજ્યની કથકલી નૃત્યશાળાના મુખ્ય ગુરુ બનાવ્યા હતા. આ ક્ષેત્રે એમણે કરેલું અર્પણ અનેરું છે. અકાદમીએ એ માટે એમને પારિતોષિક આપ્યું છે.


શ્રી અતમબાપુ શર્મા, સ્વર્ગસ્થ: મણિપુરી નૃત્ય માટેનું અકાદમીનું પારિતોષિક મેળવનાર. ગયા સપ્ટેમ્બરમાં જ અવસાન થયું. સંસ્કૃતના પ્રખર વિદ્વાન હોઇ મણિપુરના રાજપંડિતપદે હતા. મણિપુરી નૃત્યના વિષે ઊંડી સૂઝ કેળવી એ કળાના નૃત્યગુરુ બનેલા. ધર્મ સાહિત્ય ને ઇતિહાસ વિષે પુષ્કળ લખી એમણે વિરલ માન પ્રાપ્ત કર્યું હતું.




શ્રી ઉત્પલ દત્ત : ઈ. ૧૯૬૨ના અકાદમી પારિતોષિક માટે પસંદ થએલા ને કલકત્તામાં બહુ લાંબા વખત ચાલેલા નાટક 'ફરારી ફોજ'-ના તેઓ નિર્માતા અને દિગ્દર્શક હતા. ઈ. ૧૯૨૯માં એમનો જન્મ. એમણે અનેક નાટકો લખ્યાં છે એ સફળતાપૂર્વક ભજવાયાં છે. રંગભૂમિ ઉપરાંત પડદા પરના પણ તેઓ એક જાણીતા અભિનેતા ને નિર્માતા છે.




શ્રી બંદા કનકલિંગેશ્વર રાવ કૉલેજ જીવનમાંથી જ અભિનય કળાની સાધના. ઈ.સ. ૧૯૩૯માં નાટ્ય વિદ્યાલય સ્થાપ્યું. 'પ્રભાત થિયેટર્સ'નામે એક વ્યવસાયી નટમંડળ સ્થાપી ને ત્રીસ વર્ષ સુધી એ ચલાવેલું. તેઓ ઉચ્ચ કક્ષાના અભિનેતા છે અને દક્ષિણની રંગ-પ્રવૃત્તિ પર એમનો ઊંડો પ્રભાવ છે. અકાદમીએ એમને અભિનય માટે પારિતોષિક આપેલું છે.






શ્રીમતી ઝોહરા સહગલ ઉત્તર પ્રદેશના રામપુરના વતની. જર્મનીમાં નૃત્યની તાલીમ લીધી. શ્રી ઉદયશંકરની નૃત્ય મંડળીના કલાકાર. પૃથ્વી થીએટર્સમાં પણ મહત્ત્વની ભૂમિકાઓ ભજવી. દિલ્હીની નાટ્ય અકાદમીના પ્રધાનાચાર્ય પણ હતાં. બ્રિટિશ ડ્રામા લીગના 'સ્ટાર'-નું પ્રમાણપત્ર મેળવેલું. ઉર્દૂ રંગભૂમિ પર અભિનય માટે એમને પારિતોષિક અપાયું છે.


શ્રી સવિતાવ્રત દત્ત કલકત્તાની 'રૂપકાર' નામની કલાસંસ્થાના તેઓ પ્રતિનિધિ છે. આ સંસ્થા માટે એમણે 'વ્યાપિકા વિદાય' નામના એક નાટકનું નિર્માણ કર્યું હતું. આ બંગાળી નાટકને શ્રેષ્ઠ નાટકના નિર્માણ માટેનું સંગીત નાટક અકાદમીનું પારિતોષિક પણ એનાયત થયું હતું. એ નાટકના લગભગ એકસો અઢાર ઉપરાંત સફળ પ્રયોગો થઇ ચૂક્યા છે.





શ્રીભાર્ગવરાવ વિઠ્ઠલ વરેરકર : મામા વરેરકરના વહાલસોયા નામથી ઓળખાય છે. ઇ. ૧૮૮૩માં જન્મ. એક વિશિષ્ટ નાટ્યકાર તરીકે મરાઠી રંગભૂમિ પર એમની ગાઢ અસર છે. નવલકથા, ટૂંકી વાર્તા અને નિબંધો ઉપરાંત ૪૭ નાટકોના લેખક. રંગભૂમિની સનિષ્ઠ સેવા બદલ અકાદમીએ એમને ફેલો તરીકે ચૂંટીને એમની પ્રતિભાને નવાજી છે.

શ્રી આદ્ય રંગાચાર્ય 'શ્રીરંગ' : અઠ્ઠાવીસ સળંગ નાટકો અને એકસઠ જેટલી એકાંકી નાટિકાઓના સર્જક છે. એમણે પોતે અનેક નાટકોનું નિર્માણ પણ કર્યું છે. આજની કન્નડ રંગભૂમિ પર એમના લેખન અને નાટ્યનિર્માણનો સારી પેઠે ઊંડો પ્રભાવ પડેલો જોવા મળે છે. અકાદમીએ એમને નાટ્યલેખન માટે પારિતોષિક આપીને નવાજ્યા છે.





શ્રી શૈલેન ઘોષ : 'અરુણ-બરુણ કિરણમાલા' નામના નાટકના નિર્માણ માટે અકાદમીનું ઈનામ પ્રાપ્ત કરનાર કલકત્તાની 'મણિમેલા મહાકેન્દ્ર' નામની એક કલાસંસ્થાના તેઓ પ્રતિનિધિ છે. શ્રી શૈલેન લિખિત અને દિગ્દર્શિત ૭૫ બાળકલાકારોની ભૂમિકાવાળું આ નાટક અખિલ ભારતીય બાળમેળામાં ૧૦,૦૦૦ પ્રેક્ષકો સામે મોટી સફળતા પામેલું.

શ્રીમતી લીલા મજુમદાર : 'બક વધ પળ' નામે એમનું એક બાળનાટકને ઈ. સ. ૧૯૬૨માં પારિતોષિક મળ્યું હતું. બાળકો માટે એમણે સારા પ્રમાણમાં સાહિત્યસર્જન કરી બાળકોનું જીવન સમૃદ્ધ બનાવવામાં એમણે એ રીતે ઘણો ગણનાપાત્ર ફાળો આપ્યો છે. બાળકો અને મહિલાઓની અનેક સંસ્થાઓ સાથે પણ તેઓ સંકળાએલાં રહ્યાં છે.



ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની

લોકપ્રિય લેખમાળા

આહાર અને આરોગ્ય

૪૮

ફૉસ્ફરસ

જ્ઞાનતંતુઓ હાડકાંની મજબૂતી અને બલશક્તિ માટે ઉપયોગી ક્ષારતત્ત્વ

કેલ્શ્યમ પછી શરીરનું બીજું વિપુલ ખનિજઘટક ફૉસ્ફરસ છે. શરીરનાં કુલ ખનિજતત્ત્વોના ચોથા ભાગ કરતાં યે તે વધારે છે: સાડા ત્રણ મણની કાયામાં ૧.૧ થી ૧.૫ શેર જેટલું.

કૅલ્શ્યમની સાથે તે હાડકાં અને દાંતનું મુખ્ય ઘટક હોઇ શરીરનું નેવું ટકા ફૉસ્ફરસ 'કૅલ્શ્યમ ફૉસ્ફેટ'ના રૂપમાં રહેલું છે. વળી દરેક કોષના બંધારણમાં તે આવેલું હોઇ કોષની રાસાયણિક કામગીરીઓ તથા વૃદ્ધિમાં—અને પરિણામે શરીરની વૃદ્ધિમાં તેની ખાસ જરૂર છે. લોહી અને શરીરનાં અન્ય પ્રવાહીઓનું પણ તે અગત્યનું ઘટક છે; અને ખનિજ ક્ષારોની સામાન્ય કામગીરીઓમાં તે મહત્ત્વનો ભાગ ભજવે છે. બધી પેશીઓમાં અને ખાસ કરીને જ્ઞાનતંતુઓમાં સભર એવા લાઇપિનોના ઉત્પાદનમાં પણ ફૉસ્ફરસની જ જરૂર છે. બલશક્તિના ઉત્પાદનમાં યે તે ભાગ ભજવે છે.

આહારમાં ફૉસ્ફરસ રોજ ૧.૫ ગ્રામ (સ્ત્રીઓમાં સગર્ભાવસ્થામાં ૨ ગ્રામ) જોઇએ. એની જો ઊણપ હોય તો હાડકાંનું બંધારણ હલકુ બને છે, તે પોચાં રહે છે અને અમુક પ્રકારનો અસ્થિશોષ લાગુ પડે છે. દાંતનો સડો, અવિકસિત માંસપેશીઓ અને ઠીંગણાપણું પણ પ્રાપ્ત થાય છે. લોહીની શમતામાં બગાડો થવાથી માંડી શરીરની જીવનાવશ્યક ક્રિયાઓમાં મંદતા આવે છે.

કૅલ્શ્યમ-સમૃદ્ધ ખોરાકોમાં ફૉસ્ફરસ પણ હોય જ છે. આથી ખોરાકમાં જો કૅલ્શ્યમ પૂરતું હોય તો ફૉસ્ફરસ પણ મળી રહે છે. આ સમતુલા વિટામિન 'ડી' જાળવે છે.

ફૉસ્ફરસધારક ખોરાકો આટલા છે: દૂધ, પનીર, વાલોળ, પાપડી, બટાટા, કવચવાળાં ફળો, ઘઉં, ઇંડાંની જરદી, કલેજું, માંસ અને મચ્છી. શૂક ને શિંબી ધાન્યો તથા કવચવાળાં ફળોનું ફૉસ્ફરસ એવા રૂપમાં છે કે જેમાંનું અરધું પણ શરીરમાં વપરાતું નથી.

દૂધ, ફળો અને શાકભાજીનું ફૉસ્ફરસ શરીરમાં સારું વપરાય છે, કારણ તેમાં કૅલ્શ્યમ અને ફૉસ્ફરસનું પ્રમાણ ૨:૧નું છે. હચિન્સન કૅલ્શ્યમ અને ફૉસ્ફરસનો ઇષ્ટ સંબંધ ૧:૧, કે ૧:૧.૫નો ગણાવે છે. આ બન્નેમાંથી એકના ઓછા કે વધારે પ્રમાણથી અને વિટામિન 'ડી'-ની ગેરહાજરીથી અસ્થિશોષ થાય છે. ગાયના દૂધ કરતાં માતાના ધાવણમાં આ પ્રમાણ ઇષ્ટ રૂપમાં હોઈ કૅલ્શ્યમ અને ફૉસ્ફરસનું સારું અભિશોષણ થાય છે. આથી ધાવતાં બાળકોને આ ખનિજ તત્ત્વોની ન્યૂનતા ઓછી હોવા સંભવ છે. પણ સગર્ભાવસ્થા ને સ્તન્યપાન વેળા માતાનો ખોરાક કૅલ્શ્યમની ઊણપવાળો હોય, તો માતાના શરીરમાંથી જ તે ખેંચાયું હોવાથી માતા અને બાળક બન્નેને સહન કરવું પડે છે.

શૂકધાન્યો અને બીઆંમાં કૅલ્શ્યમ કરતાં ફૉસ્ફરસ વધુ છે, જ્યારે પાંદડાંવાળી ભાજીમાં ફૉસ્ફરસ વધારે છે. આપણા ખોરાકમાં ધાન્ય વધારે હોઈ ફૉસ્ફરસના વધ રાની ખામી તરફ ડૉ. મિલ્ડ્રેડ કેથાન ધ્યાન દોરે છે. ફૉસ્ફરસની વિપુલતાવાળા ખોરાકો કૅલ્શ્યમ-સમૃદ્ધ ખોરાક સાથે મેળવીને ખાવાથી આ બંને તત્ત્વોની સમતુલા જળવાય છે.

લોહ

આપણા શરીરમાં લોહ એટલા તો સૂક્ષ્મ પ્રમાણમાં છે કે શરીરનાં બધાં ખનિજ તત્ત્વોના તે હજારમા ભાગનું, એટલે કે પુખ્ત વયના શરીરમાં માત્ર ચાર કે પાંચ જ ગ્રામ જેટલું છે! છતાં પણ તેની શારીરિક અગત્ય ઘણી છે. આમાંનું ૭૫ ટકા તો લોહીના લાલ કણોને રંગ આપનાર હિમોગ્લોબિનમાં છે. બીજું ૧૪ ટકા કલેજા, બરોળ ને હાડકાંના માવામાં લોહધારક ફેરિટિનના રૂપમાં છે. બાકીનું અન્નમાર્ગની આંતરત્વચામાં અને બધા કોષોમાં છે.

લોહની ઉપયોગિતા લોહીના ઉત્પાદનમાં છે. ફેફસાંમાંથી પેશીઓને પ્રાણવાયુ પહોંચાડવામાં અને પેશીઓનો કાર્બન ડાયૉક્સાઇડ ફેફસાંમાં લઇ જવામાં તે લાલ કણોને સહાય કરે છે. વળી શરીરના બળતણમાંથી થતા શક્તિના ઉત્પાદન માટે પણ તે જરૂરી હોઇ ખોરાકમાં તેનો પૂરતો પુરવઠો ઘણો જરૂરી છે: ખાસ કરીને સગર્ભા અને ધાવણ આપતી સ્ત્રીઓને અને બાળકોને. લોહી વહેવાથી પણ શરીરમાંથી લોહ ખૂટે છે. સ્ત્રીઓને ઋતુસ્રાવ અને પ્રસૂતિ દરમિયાન લોહીસ્રાવ થતો હોવાથી લોહની વધારે જરૂર રહે છે.

શરીરમાંથી પિત્ત અને ચામડી વાટે રોજ એક મિલિગ્રામ લોહ ખૂટે છે. સ્ત્રીઓમાં ઋતુસ્રાવ અને પ્રસૂતિની ક્રિયાઓ હોઇ આ આંકડો વધારે છે. વળી સગર્ભાવસ્થામાં માતા બાળકને પણ લોહ આપે છે. આ કારણે સ્ત્રીઓને ખોરાકમાંથી વધારે લોહ મળવું જોઇએ.

ખોરાકનું બધું ય લોહ શરીરમાં શોષાતું નથી. એમાંથી માત્ર ૫ થી ૧૦ ટકા શોષાય છે. એટલે હિમોગ્લોબિનનું સમધારણ પ્રમાણ રાખવા પુરુષોને રોજ ૮ મિલિગ્રામ લોહ મળે એવો ખોરાક બસ થઈ પડે. પણ આવા ખોરાક ઉપર ઋતુસ્રાવ અને પ્રસૂતિ પામતી સ્ત્રીઓ તો રક્તક્ષયી (ઍનીમિક) બન્યા વિના ન રહે. એટલે પુરુષો કરતાં સ્ત્રીઓને તો રોજ ૧૨ થી ૧૫ મિલિગ્રામ લોહ ધારક ખોરાક જોઈએ. પણ મોટા ભાગે તેમને આટલું પ્રમાણ નથી મળતું; કારણ કે પુષ્કળ લોહધારક ખોરાકો આપણે માટે થોડા છે. જે છે તે મિષાહાર છે. વનસ્પત્યાહારમાંથી મેળવવા તો તે મોટા પ્રમાણમાં ખાવા જોઇએ. આ કારણે સ્ત્રી અને પુરુષ બન્નેમાં લોહીસ્રાવ, રક્તદાન કે લાલ કણોના નાશના વિપત્સમયને પહોંચી વળવા લોહનો સંઘરો કરવાનો પ્રશ્ન આપણે માટે મોટો છે. યુવાવસ્થાથી તે ઋતુનિવૃત્તિકાળ દરમિયાનમાં પ્રસૂતિ પામતી ઘણી સ્ત્રીઓ—ખાસ કરીને ખેડૂ અને મજૂરવર્ગની સ્ત્રીઓ—રક્તક્ષયથી પીડાતી, ફિક્કી અને નિસ્તેજ હોય છે. આમાં શરીર દેખીતી રીતે લેવાતું નહિ હોવાથી એવી સ્ત્રીઓ પોતાની જાતને માંદલી લેખતી નથી. પ્રસૂતિ ઉપરાંત રક્તક્ષય આણનારા બીજા બે રોગો છે. એક છે પેટના અંકોડીકૃમિ અને બીજો મલેરિયા કે ક્ષય. પુરુષોનું લોહી ચૂસનારા પણ આ રોગ જ છે.

ગર્ભસ્થ બાળકને માતા દ્વારા લોહ મળે છે. સગર્ભાવસ્થાના છેલ્લા ત્રણ મહિનામાં રોજના ૩ થી ૪ મિલિગ્રામ લેખે બાળકના શરીરમાં લોહનો ઘણોખરો સંઘરો થાય છે. જન્મ બાદ તેને ધાવણ કે દૂધ વાટે લોહ મળે છે. પણ દૂધ એ લોહનું હીન સાધન છે. ગર્ભાવસ્થામાં મળેલું લોહ શિશુના શરીરમાં ૭ મહિનાની ઉમર સુધી નભે છે, પણ

અને અન્ય ખનિજક્ષારો

ત્યાર બાદ તે ખોરાક દ્વારા જ મેળવવાનું છે. આ કારણે એકથી દોઢ વર્ષની ઉમર સુધી માત્ર ધાવણ કે દૂધ ઉપર ઊછરતાં બાળકો રક્તક્ષયથી પીડાતાં હોઇ ફિક્કાં લાગે છે. પરિણામે બાળકના આરોગ્યની નિશ્ચિતતા જોખમાય છે અને તેને ચેપ જલદી લાગુ પાડે છે.

બાજરી, ઘઉં, જવ ને જુવાર, કઠોળ (ચણા), મગફળી, બદામ ને કાજુ તથા તલ અને રાઈમાં લોહ સારા પ્રમાણમાં છે. શાકભાજી ને ફળોમાં લોહીની સમૃદ્ધિ આટલાંમાં છે: ખજૂર, કાચી કેરી, નાનાં કારેલાં, તાંદળજો, મેથી, લીલા ધાણા, કરેપાક અને પાલખ ભાજીઓ. લીલોતરી શાકનું લોહ મોટા પ્રમાણમાં પ્રાપ્ય નથી; અને ઘઉં ચોખા તથા મસુરનું લોહ શરીરમાં ઓછું વપરાય છે. આ કારણે પટવર્ધન લખે છે: 'ભારતીય ખોરાકમાં પૂરતા કરતાં વધારે લોહનું પ્રમાણ હોવા છતાં ય લોહની ન્યૂનતાને લીધે થતો માઇક્રોસાયટિક એનીમિયા (એક પ્રકારનો રક્તક્ષય) વ્યાપક છે.'

ઈંડાંની જરદી, કલેજી અને માંસ લોહના અતિસમૃદ્ધ ખોરાકો છે, જ્યારે દૂધ અને દહીં ઓછામાં ઓછા લોહધારક ખોરાકો છે. પણ દૂધનું લોહ શરીરમાં સારું શોષાય છે. આવા બીજા ખોરાકોમાં ઇંડાં, ઘંટીએ દળેલો ઘઉંનો લોટ અને તાજી ભાજીઓ છે. ખોરાકમાં પૂરતા પ્રમાણનું કૅલ્શ્યમ હોય તો શરીરમાં તે લોહનો વપરાશ થવામાં પણ સહાયભૂત નીવડે છે એવો મૅકકૅરિસનનો મત છે.

પાચન દરમિયાન લોહ હોજરીમાં ફેરફાર પામીને આંતરડાંમાંથી લોહીમાં શોષાય છે. ત્યાંથી હાડકાંના માવામાં જઈ હિમોગ્લોબિનના બંધારણમાં વપરાય છે. થોડું લોહ કલેજા, મૂત્રપિંડો અને શરીરની બીજી પેશીઓમાં ફેરેટિનના રૂપમાં સંઘરાય છે. ખોરાકમાંથી થતું લોહનું આ શોષણ કેટલીક બાબતો ઉપર આધારિત છે. વિટામિન 'સી' લોહને વધારે શોષણક્ષમ બનાવે છે. લોહની ન્યૂનતાવાળા રક્તક્ષય, રક્તસ્રાવ અને સગર્ભાવસ્થા વખતે લોહનું શોષણ વધે છે, પણ જ્યારે ચેપ લાગુ પડચો હોય ત્યારે તે ઘટે છે.

અપૂરતા લોહથી થતો પોષણિક રક્તક્ષય (ન્યૂટ્રિશનલ ઍનીમિયા) એ આહારના ન્યૂનતાજનક ખૂબ વ્યાપક રોગોમાંનો એક છે. રક્તક્ષયી માતાના ધાવણ ઉપર કે ગાયભેંસના દૂધ ઉપર નભતાં બાળકો આવા ઍનીમિયાથી વધારે પ્રમાણમાં પીડાય છે. આ નિવારવા માટે સગર્ભાવસ્થા અને સ્તન્યપાન દરમિયાન માતાનો આહાર સુધારવો જોઇએ, અગર તો તેમને ગર્ભાધાનના ત્રીજા કે ચોથા મહિનાથી દવા વાટે લોહ આપવું જોઇએ. શરીરની વૃદ્ધિ માટે મોટેરાં કરતાં બાળકોને થોડું વધારે લોહ જોઈતું હોવાથી પશ્ચિમના આહારશાસ્ત્રીઓ શિશુને ચારથી છ મહિનાની ઉમરની અંદર પણ ઘટ્ટ ખોરાક આપવાની તરફેણમાં છે અને તે માટે બાળકને આ પ્રમાણેનો ખોરાક આપવાની ભલામણ કરે છે: બે ટંક માંસ, એક ઇંડું, બે ટંક લીલોતરી શાક, કોક શૂકધાન્ય અને એક પિન્ટ (સવાશેર) દૂધ. આપણામાંના ઘણા લોકો માંસાહાર કરતા નથી, અને ઘણા થોડા લોકો રોજ એક પિન્ટ દૂધ બાળકને આપવાની સ્થિતિમાં હોવાથી આપણાં ઘણાં બાળકો રક્તક્ષયથી પીડાય છે.

રક્તક્ષય થયા બાદ તો તે લોહસમૃદ્ધ ખોરાક કરતાં દવાથી જ જલદી મટે છે. ખોરાક ખાવા જાય તો ઘણો ખાવો પડે, જે પચાવવાની શક્તિ પણ જોઈએ. છતાં યુવાવસ્થામાં સ્ત્રીઓમાં રક્તક્ષય અટકાવવા માટે તો લોહસમૃદ્ધ ખોરાક હોવો જ જોઇએ. શરીરમાં લોહનો યોગ્ય વપરાશ થવા માટે એ. બી. સી અને ઈ વિટામિનો, કૅલ્શ્યમ, તાંબું, મૅન્ગેનીઝ અને કલેજામાં પેદા થતા એક દ્રવ્યની જરૂર રહે છે.

તાંબું

તાંબું આપણા શરીરમાં ઘણા થોડા પ્રમાણમાં રહેલું છે. પણ તે લોહીનો લાલ રંગ બાંધવામાં લોહને સહાય કરે છે. લોહ ને મૅન્ગેનીઝ તો સુફળતા અને પ્રજનન્ (ફર્ટિલિટી અને રીપ્રોડકશન) સાથે પણ સંકળાએલાં છે. લોહસમૃદ્ધ આહારમાં સામાન્યરીતે તાંબું અને મૅન્ગેનીઝ બન્નેની વિપુલતા હોય છે.

આયોડીન

આરોગ્ય માટે રોજ લોહના—ભલે થોડા પણ પ્રમાણની જરૂર જેમ અનિવાર્ય છે, તેમ તેનાથી સોમા ભાગના પ્રમાણના આયોડીનની પણ જરૂર એટલી જ અનિવાર્ય છે. આપણા શરીરમાં બધું મળીને માત્ર અરધા ગ્રેન કરતાં પણ ઓછું આયોડીન રહેલું હોય છે અને તેમાંનું મોટા ભાગનું ગળામાં આવેલી થાઇરૉઇડ ગ્રંથિમાં આવેલું છે. આ ગ્રંથિના બંધારણ અને કામગીરી માટે પાણી અને ખોરાકમાંથી રોજ પૂરતા પ્રમાણમાં આયોડીન મળવું જોઈએ. તેનાથી શરીરમાં ચરબી અને કૅલ્શ્યમનો સારો વપરાશ થાય છે.

થાઇરૉઈડ ગ્રંથિના સ્રાવનું નામ થાઇરૉક્ઝીન છે. એ થાઇરૉક્ઝીનનું એક ઘટક આયોડીન છે. થાઇરૉક્ઝીનનું એક કામ તો જીવનક્રિયા (મેટાબૉલિઝમ)નું નિયમન કરવાનું છે. વળી તે શરીર ને મનની વૃદ્ધિ તથા વિકાસ માટે પણ આવશ્યક છે.

પાણી અને અનાજ દ્વારા આપણને પૂરતા પ્રમાણમાં આયોડીન મળે છે. પણ હિમાચલપ્રદેશ, કારાકોરમ, સ્વિટ્ઝરલૅન્ડ, યુગોસ્લાવિયા ન્યૂ ઝીલૅન્ડ વગેરે પર્વતીય પ્રદેશોની ધરતીમાં આયોડીન ઓછું હોવાથી પાણી અને અનાજ વાટે શરીરની જરૂરત જેટલું આયોડીન ત્યાં મળતું નથી. પરિણામે ત્યાંના રહેવાસીઓની અને બકરાં-ઘેટાં તથા ભૂંડ જેવાં પાલતુ પ્રાણીઓની પણ થાઇરૉઈડ ગ્રંથિ વધારે આયોડીન સ્રાવવાના પ્રયત્નમાં ફૂલે છે. આ રોગાવસ્થાને 'ગૉઈટર' કહે છે.

આ રોગવાળા પ્રદેશમાં રોગ નિવારવા માટે આયોડાઈઝડ (લાખે એક ભાગના પ્રમાણમાં આયોડીન ભેળવેલું) મીઠું વપરાય છે.

ગર્ભના વિકાસ દરમિયાન સગર્ભાવસ્થામાં વધારે આયોડીનની જરૂર રહે છે. એમાં જો સ્ત્રીને પૂરતું આયોડીન ન મળે તો ગૉઈટર થાય છે. વળી આ ઉપરાંત આયોડીનની ન્યૂનતાને લીધે જન્મ બાદ તેના બાળકનું શરીર પણ વધતું નથી અને મગજ અવિકસિત રહે છે. તે વિરૂપ, ઠીંગણું અને કમઅક્કલ બને છે. આવાં બાળકો બહેરાં, મૂગાં અને નિર્બુદ્ધિ (ઇડિયટ) પણ હોય છે. આ સ્થિતિને ક્રેટિનિઝમ કહેવામાં આવે છે. સ્વ. પ્રો. ડૉ. કાન્તિલાલ પંડયા લખે છે કે ક્રેટિનિઝમનું મુખ્ય ચિહ્ન માનસિક જડતા, મૂઢતા છે. પ્રો. આર્મસ્ટ્રૉંગ પોતાની લાક્ષણિક અસરકારક રીતે આ વાત જણાવતાં કહે છે કે A trace of iodine may shift the balance from idiocy to sanity. અર્થાત્ આયોડીનની એક રજ મૂર્ખને ડાહ્યો બનાવી શકે છે—જેમ 'રસિક ચતુર રમણી' રજકણમાંથી રત્ન બનાવે છે તેમ.

બાળપણમાં અને શારીરિક તથા માનસિક ઝડપી વિકાસની યુવાવસ્થા વખતે માણસને વધારે આયોડીનની જરૂર પડે છે, અને એ કાળમાં તેની ઊણપ રહે તો ગૉઈટર રોગ થવા સંભવ છે. માનવી અને પ્રાણીઓના મળથી દૂષિત પાણી વાપરતા ને ગંદા વસવાટોમાં વસતા લોકોને તથા શરીરમાં ચેપવાળાઓને વધુ આયોડીનની જરૂર હોવાનું મૅકૅરિસનનું કહેવું છે. અપ્રમાણ આહારથી મોટી ઉમરે આયોડીનની ન્યૂનતા વર્તાઇને ક્રેટિનિઝમને મળતી મિક્સોડિયા નામની રોગાવસ્થા ઊભી થાય છે. આમાં રોગિષ્ટ વ્યક્તિનું શરીર ફૂલવા સાથે તેને મંદ બુદ્ધિ અને આળસ પ્રાપ્ત થાય છે.

ધાન્યો અને શાકભાજીમાં આયોડીન રહેલું છે; પણ સમુદ્રજળમાં તે વિપુલ હોવાથી માછલીમાં તેમજ કૉડ અને શાર્કનાં લિવર-

ઑઈલમાં તે સારા પ્રમાણમાં છે. પ્રો. કાન્તિલાલ પંડ્યા લખે છે: 'ઈંડાં, હિંદી બકરીનું દૂધ, બાજરી, તાજાં ફળો અને લવિંગ, આદુ, કાળાં મરી જેવા મસાલાઓ એ સૌ આયોડીન માટે કામનાં છે.'

અન્ય ખનિજ દ્રવ્યો

બીજાં મહત્ત્વનાં ખનિજ દ્રવ્યો મૅગ્નેશિયમ, ક્લોરીન, ફ્લુઓરીન અને ગંધક છે. મૅગ્નેશિયમનો સંબંધ કૅલ્શ્યમ સાથે જ હોવાથી એ બન્ને ખનિજો સાથમાં જ હોય છે અને એકબીજાને સહાયક બન્યા કરે છે. હાડકાં ને દાંતની સખ્તાઈ (હાર્ડનેસ) મૅગ્નેશિયમના પ્રમાણ ઉપર આધારિત છે. માંસપેશીઓ અને જ્ઞાનતંતુઓની કામગીરીમાં મૅગ્નેશિયમનો મોટો હિસ્સો છે.

હોજરીના પાચક રસના હાઇડ્રોક્લોરિક ઍસિડમાં ક્લોરીન આગળપડતો ભાગ ભજવે છે. એ ક્લોરીન ફ્લોરાઈડના રૂપમાં લોહી ને શરીરના પ્રવાહીઓની યોગ્ય સંરચના જાળવે છે. તે ખોરાક ઉપરાંત મીઠામાંથી પણ મળે છે.

ફ્લુઓરીન હાડકાં અને દાંતના બંધારણમાં રહેલું છે. શૂકધાન્યો, શાકભાજી અને પાણીમાંથી તે મળે છે. પીવાના પાણી દ્વારા તેનું વિશેષ પ્રમાણ મળવાથી દાંત ઉપર ટપકાં અને હાડકાંની અપંગતા આણનારી ખોડ આવી પડે છે.



હંગેરીના કેટલીક ટિકિટો પહેલી બે ભૂભૌતિક વર્ષ નિમિત્તની; વચ્ચેની ત્રીજી માતૃદિન નિમિત્તની; નીચે પહેલી પટ્ટાબાજીની આંતરરાષ્ટ્રીય સ્પર્ધા પ્રસંગની, બીજી આંતરરાષ્ટ્રીય ટપાલવિનિમય સેમિનાર વખતની ને છેલ્લી ત્યાંના પોશાકની નિર્દેશક. (અજિતકુમાર સઘવી)

અનિવાર્ય એમાઇનો ઍસિડો દ્વારા મળતો ગંધક શરીરની વૃદ્ધિ માટે જરૂરી છે. એ ગંધક આપણને ઈંડાં, માંસ, દૂધ અને કઠોળનાં પ્રોટીનોમાંથી મળે છે.

શરીરમાં ખનિજ દ્રવ્યોની અગત્ય અને તેમની સતત ન્યૂનતાથી થતા રોગો વિષે આપણે જોઇ ગયા. આ પરથી સ્પષ્ટ થાય છે કે તે શરીરના કોષો અને પેશીઓને બાંધનારાં અને રક્ષનારાં તેમજ તેમને મજબૂતાઈ અને પ્રતિરોધશક્તિ (પાવર ઑવ રેઝિસ્ટન્સ) આપનારાં છે. આરોગ્ય જાળવવાની ચાવી રૂપ તે છે. તદુપરાંત એમની વિશિષ્ટતા શરીરમાં ક્ષારીયતાનું નિયમન કરવાની છે.

આહારના કાર્બોહાઇડ્રેટ, પ્રોટીન અને ચરબી-પદાર્થોના પચન થયા બાદના અંતિમ પદાર્થો આમ્લિક હોય છે, આથી લોહી અને શરીરના પ્રવાહીઓ અમ્લ થવા સંભવ છે. લોહી અને શરીરના પ્રવાહીઓ પોતે અલ્કલી છે, એટલે ગમે તે સંજોગોમાં પોતાનું અલ્કલીપણું જાળવી રાખે છે. પાચનને અંતે પેદા થતા અમ્લ પદાર્થો લોહીમાં ભળી જઈ પેશાબ અને હોજરીના પાચક-રસોમાં સમાઈ જાય છે.

પ્રોટીનના પચનનો અંતિમ પદાર્થ યૂરીઆ અને યૂરિક ઍસિડ છે. યૂરિક ઍસિડ ઝેરી છે અને મૂત્રપિંડોની બહાર ન ફેંકાતાં શરીરના સાંધાઓમાં જમા થાય છે. આથી અતિ પીડાદાયક નજલા (ગાઉટ)નો રોગ થાય છે, અથવા તો મૂત્રપિંડો કે મૂત્રાશયમાં તે જમા થઇ પથરી બને છે. માંસ મચ્છી અને શિંબીધાન્યો પ્રોટીનવિપુલ ખાદ્યો છે.

ખાંડ, મેંદો, તાંદળજો, કોબિજ, પાલખ વગેરેમાં ઑક્ઝૅલિક ઍસિડ છે. આ ઍસિડ જો કે રજકણોરૂપે પેશાબમાં નીકળી તો જાય છે, પણ ક્વચિત્ મૂત્રપિંડોમાં તેમની પથારી જામે છે. ટૂંકામાં વધારે-પડતા અમ્લ ખાદ્યોથી મૂત્રપિંડોનો બોજો વધે છે.

ઉપર જણ્યા પ્રમાણે અમ્લતાનો વધારો ન થાય તે માટે અલ્કગુણી ખાદ્યો, જેવાં કે લીલોતરી શાક ને ભાજી, કંદ ને મૂળ, સફરજન નારંગી લીંબુ કેરી ફણસ જેવાં ફળો, અને દૂધ દહીં છાશ પનીર વગેરે ખાદ્યો લેવાં જોઈએ. એ સર્વના પચનના અંતે રહેતા અંતિમ પદાર્થો અલ્કલી-ક્ષારીય છે. આથી જ અનાજ અને માંસ-મચ્છી સાથે શાકભાજી, ફળો અને દૂધ લેવાય તો લોહીની અમ્લતા અને ક્ષારીયતાનું સમતોલન જળવાઇ રહે છે. બીજી રીતે કહીએ તો ખનિજ પદાર્થોને ક્ષારોનું મહત્ત્વનું કામ શરીરમાં અમ્લ-ક્ષારીય સમતોલન રાખવાનું છે.

આપણા આહારમાં વિવિધ વાનીઓ છતાં ખનિજ દ્રવ્યોની ન્યૂનતા રહેવાની સંભાવના છે, કારણ કે વિવિધતા ઘણી વાર પૂરતું પ્રમાણ આપનારી ન પણ હોઈ શકે. આપણા સામાન્ય ખોરાકમાંથી કૅલ્શ્યમ અને લોહ પૂરતાં નહિ મળી રહેવાની બીના તો સાબિત થએલી છે, એટલે આપણે વિવિધ વાનીઓ ખાવામાં સપ્રમાણ આહારની સલામતી માનતા હોઈએ તો તે ખોટી છે.

ખોરાકમાં ભલે વિવિધ વાનીઓ હોય, પણ જ્યાં સુધી દૂધ અને લીલોતરી શાક તથા ભાજી અને મોસમનાં ફળોના રક્ષણાત્મક ખોરાકો પૂરતા પ્રમાણમાં ન હોય ત્યાં સુધી ખનિજ દ્રવ્યોની અને ક્ષારોની ઊણપ કાયમ રહેવાની જ.





જિન્દગીભર જીવતું આલા જિગર આપો મને,
મુફલિસીમાં મ્હેકતું મગરૂર સર આપો મને;
નૂર આંજેલી નશાઘેરી નજર આપો મને,
પાય કેડી પાડતા, સાબૂત કર આપો મને,
ને સદા ગાતો જતો રહેલાણી સ્વર આપો મને.

—મકરન્દ દવે

સ્વ. ગોવિંદરાવ જાગુષ્ટે

'ગજરામારુની વાર્તા', 'સદેવંત સાવળીંગાની વાર્તા', 'માતાજીના ગરબા' એવી ગદ્ય-પદ્યની જૂની વાર્તાઓ અને ધર્મકથાઓની નાની ચોપડીઓ પ્રસિદ્ધ કરીને ફેલાવવાના વ્યવસાય માટે મહાદેવ રામચંદ્ર જાગુષ્ટેનું નામ ગુજરાતભરમાં મુખ્યત્વે સામાન્ય ભણતરવાળી શહેરી તથા ગ્રામ જનતામાં વિખ્યાત હતું. મહાદેવ શેઠ મૂળે રત્નાગિરિ જિલ્લાના ચિપળૂણ ગામના વતની; મુંબાઈમાં ધંધો કરવા ગએલા, ત્યાં મરાઠી પુસ્તક-પ્રકાશકોની પેઢીઓમાં થોડો સમય અનુભવ લઈને અમદાવાદમાં આવેલા, અને મુંબાઇ-સુરત અમદાવાદમાં પ્રસિદ્ધ થતી નાની સસ્તી ચોપડીઓ વેચવાનો ધંધો માંડેલો. ચોપડીઓ છપાવીને વેચવાનું કામ તેમણે તે સમયના એક પ્રકાશક હરગોવિંદદાસ હરજીવનદાસ સાથે ભાગમાં કરવા માંડેલું ને પછી દુકાન રાખીને આગવો વ્યવસાય ચલાવેલો (૧૮૭૦); જે તેમણે આપમેળે સારી પેઠે ખીલવ્યો. જીવનના ઉત્તર કાળમાં તેમણે વ્યવસાયનું પાસું સમયને પિછાણીને બદલવા માંડેલું, અને સારા કાગળ પર સ્વચ્છ છપાઈવાળી સચિત્ર નવલકથાઓ પ્રસિદ્ધ કરવાનું શરૂ કરેલું, પરંતુ વ્યવસાયનું એ પાસું પૂરું ખીલે તે પૂર્વે તેમને આંખનો વ્યાધિ થયો ને પછી ૧૯૧૬માં તેમનું અવસાન થયું. તેમના પુત્ર ગોવિંદરાવ ઉર્ફે બાબુરાવ જાગુષ્ટે તે વખતે ૨૮ વર્ષની વયના હતા અને દુકાનમાં પિતાનું બતાવ્યું કામ કરવાનો અનુભવ તેમણે મેળવ્યો હતો.


શાળામાં ગોવિંદરાવે અંગ્રેજી ચાર ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો ને પછી દુકાનના કામમાં ચિત્ત પરોવ્યું હતું. વ્યવસાયને ખીલવવાની પોતાની દૃષ્ટિ મુજબની કામગીરી તેમણે પિતાના અવસાન પછી જ ચલાવી હતી. તે કાળે પહેલા મહાયુદ્ધને અંતે નવું સાહિત્ય—મુખ્યત્વે નવલકથાઓ વાંચવાની જનતાની ભૂખ ઊઘડી હતી તે જોઈને તેમણે તે સમયના સારા લેખાતા લેખકો પાસે મૌલિક અને અનુવાદિત નવલકથાઓ લખાવીને, તેમજ અપ્રાપ્ય પુસ્તકોના હક્કો મેળવી તેની નવી આવૃત્તિઓ પ્રસિદ્ધ કરીને જોસબંધ તેનો ફેલાવો કરવા માંડયો હતો. એ મહાયુદ્ધોત્તર કાળમાં વેપાર-ઉદ્યોગ વધ્યા હતા; લાયબ્રેરીમાં જઈને વિના મૂલ્યે વાચન શોખ માણવાની ટેવ માટે જાણીતા ગુજરાતીઓએ હવે પુસ્તકો ખરીદીને વસાવવાનો શોખ પણ બતાવવા માંડયો હતો; એ અરસામાં મહિનામાં બેત્રણ નવલકથાઓનું પ્રકાશન ગોવિંદરાવે નિયમિત રીતે ચલાવ્યું હતું, જે કેટલાંક વર્ષ ચાલુ રહ્યું હતું.



લલિત વાઙ્મયનું પ્રકાશન વધાર્યે જવું એ ભલે વ્યવસાયદૃષ્ટિએ લાભકારક હોય, તો પણ સારા પ્રકાશકનો ધર્મ ઉચ્ચ કોટિનું સાહિત્ય પણ પ્રકાશિત કરવાનો છે એ તે બરાબર સમજતા હતા. આ સમજને પરિણામે સાહિત્યનાં,

જગતનાં પક્ષી-પ્રાણી – ૬૫

કિવી



લાખો વર્ષોથી અલગ પડી રહેલા ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝિલૅન્ડના ભૂમિવિસ્તારોની વનસ્પતિ ને પ્રાણિસૃષ્ટિ જગતના અન્ય ભૂમિખંડો કરતાં આગવી જ રહી છે ન્યૂઝિલૅન્ડમાં તો સુધરેલી દુનિયાના માણસો નહોતા પહોંચ્યા ત્યાં સુધી કોઈ પ્રાણી જ હતું નહિ, જ્યારે પંખીઓમાં એને ત્યાં જગતમાં બીજે ક્યાયે ન થતી હોય એવી જાતનાં કેટલાંક પંખી હતાં. આજે પણ ત્યાં 'મોઆ' નામનાં રા..ત વિશાળ કાય પંખીઓના અવશેષો મળી આવે છે. મોઆ ઊડી ન શકતાં, એ જ રીતે નહિ ઊડી શકનારા પણ હજી એ અતિ અલ્પ સંખ્યામાં ટકી રહેલાં 'કિવી' પંખી તો 'બૂટ-પાલિશ'ની ડબ્બી પર આવતી એની છાપને કારણે ઠીકઠીક પરિચિત છે.

મરઘીથી સહેજ મોટા કદનું એ પંખી. પાંખનાં હાડકાં અતિશય નાનાં ને નાજુક હોઈ એને પાંખ નથી એમ પણ કહી શકાય. એનાં પીછાં રંગે બદામી કે રતૂમડાં ભૂંજડાં ને ઘેરી છાયાવાળાં, પીછાં કરતાં એ વાળ જેવાં વધુ લાગે. પૂંછડી તો છે જ નહિ. પગ મજબૂત. એના વડે એ જમીન ખોતરી એમાંથી ઝીણાં જીવડાં ખોળીને ખાય. આત્મરક્ષણ માટે લડવામાં પણ એનો ઉપયોગ કરે. ચાંચ પાતળી લાંબી ને મજબૂત. લીલપાંદડાં હેઠળ ઢંકાએલી પોચી જમીનમાં ખૂંપાડી શકાય એવી.

કિવી નિશાચર પંખી છે. દિવસભર એ ઝાડની બખોલ કે છોડ-ઝાંખરાંના ઘેરા નીચે ભરાઈ રહે છે. એનો માળો પણ એ આવા ઢંકાએલા ને સુરક્ષિત સ્થાનમાં બનાવે છે.

માદા ઘણી જાશ પડતાં એક કે બે ઇંડાં મૂકે છે. અને કોઈ પણ જીવિત પક્ષીઓ પોતાના કદના હિસાબે જેવડાં ઈંડાં મૂકે એની સરખામણીમાં કિવી માદા ઘણાં મોટાં કદનાં ઈંડાં મૂકે છે. માદા ઈંડાં મૂકી લે એ પછી નર એને માળાની નજીક પણ આવવા દેતો નથી. ઈંડાંને સેવવાનું તથા બચ્ચાંને પોષવાનું બધું જ કામ નર પોતે સંભાળી લે છે. ઉત્તરોત્તર એમની સંખ્યા ઘટતી જાય છે.

ધર્મનાં અને વૈદક–જ્યોતિષ વગેરેનાં ઘણાં પુસ્તકો તેમણે પ્રકાશિત કર્યાં હતાં. શ્રી આનંદશંકર ધ્રુવના 'આપણો ધર્મ'ની બીજી આવૃત્તિ (૧૯૨૦), કવિશ્રી નાનાલાલનાં કેટલાંક નાટકો–કાવ્યોનાં પુસ્તકો (૧૯૨૨–૨૩), સદ્‌ગત મણિલાલ નભુભાઈની ભગવદ્‌ગીતાની આવૃત્તિ (૧૯૨૪), અરવિંદ વિચારમાળા (૧૯૨૪), સદ્‌ગત મગનભાઈ ચતુરભાઈ પટેલ કૃત 'બ્રહ્મમીમાંસા' અને 'ઉપનિષદ્‌જ્યોતિ' (૧૯૨૯–૩૨), સદ્‌ગત કેશવલાલ હર્ષદરાય ધ્રુવનું 'પ્રતિમા' નાટક ઈત્યાદિની આવૃત્તિઓ (૧૯૨૮–૨૯), સ્વ. હીરાલાલ જાદવરાય બુચનો ગ્રંથ 'સ્પર્શકાન્ત', વગેરે અનેક મોટા ગ્રંથો તેમણે છપાવીને પ્રસિદ્ધ કર્યા હતા અને મોંઘી રૉયલ્ટી પણ લેખકોને આપી હતી.

સામાન્ય જનતા જે પ્રકારનું સાહિત્ય વધુ વાંચતી હોય તે પ્રકારનું સાહિત્ય પ્રસિદ્ધ કરવાનો પિતાનો નિયમ પણ ગોવિંદરાવે જાળવ્યો હતો, પણ એવું સાહિત્ય પસંદ કરવામાં તેમણે ફેરફાર કર્યો હતો. રામાયણ, મહાભારત, ભગવદ્‌ગીતા, ભાગવત, ઉપનિષદો, આખ્યાનો, ક્રિયાકાંડનાં પુસ્તકો, વૈદક, જ્યોતિષ આદિના 'મોટા' ગ્રંથો હવે તેમણે પ્રસિદ્ધ કરવા માંડયા અને તેનો સારો આદર થયો. ત્રણ માળની દુકાન સાંકડી પડવા લાગી, એટલે તેમણે પોતાના રહેવાના મકાનના ખંડો પુસ્તકોથી છલકાવવા માંડયા ને નજીક પડતી વખારો ભાડે રાખી સંકડાશ ટાળી. છેલ્લાં થોડાં વર્ષથી તે દુકાને જઈ શકતા નહોતા, પરન્તુ એ માંદગીને બિછાનેથી તેમણે ૧૯૬૦માં ગાંધીરોડ પરનું એક ત્રણ માળનું મકાન ખરીદી લઇને ત્યાં દુકાન ખસેડવાનો નિર્ણય કર્યો હતો. અત્યારે એ મકાનનું નવેસરથી બાંધકામ ચાલે છે.

ગોવિંદરાવના એક વયોવૃદ્ધ કાકા શિવરામ શેઠ દુકાનમાં મુખ્યત્વે ટપાલ લખવાનું કામ કરતા. તેમને ભત્રીજાની પ્રવૃત્તિની એક વસ્તુ ખૂંચતી હતી. ગોવિંદરાવે પ્રકાશનો સુધાર્યાં અને પુસ્તકોના પ્રકારો વધાર્યા એ તો તેમને બરાબર લાગતું હતું, પરંતુ મહાદેવ શેઠનો જૂનો વેપાર — નાની સસ્તી પુસ્તિકાઓ બહાર પાડીને ગામડે ગામડે તેનો ફેલાવો કરવો તે — કરમાતો જતો હતો, નવા હરીફોના હાથમાં ચાલ્યો જતો હતો, તે તેમને ગોઠતું નહોતું. તેમણે એ તરફ ગોવિંદરાવનું ધ્યાન દોર્યું. કાકાની ઇચ્છાને ગોવિંદરાવે વધાવી લીધી અને એવી પુસ્તિકાઓ નવા સચિત્ર રૂપ-રંગમાં જથાબંધ પ્રસિદ્ધ કરીને એ વેપારનું પોતાના હાથમાંનું ક્ષેત્ર પણ જાળવી રાખ્યું.

ગુજરાતી તથા હિંદી શાસ્ત્રીય પુસ્તકોનો મોટો સંગ્રહ એ મહાદેવ રામચંદ્ર જાગુષ્ટેની ગ્રંથવિક્રયની પેઢીની એક વિશિષ્ટતા છે. એ અંગે ઉત્તર હિંદની અને મુંબાઈ–મહારાષ્ટ્રની ઘણી સંસ્થાઓ સાથે તે સંબંધ ધરાવે છે. કેટલીક વાર ગુજરાતમાંથી કે મુંબાઈમાંથી કોઇ પુસ્તક ન મેળવી શકનારા પંડિતો, આચાર્યો, સંતો અને અભ્યાસીઓ તેમને ત્યાંથી તે મેળવી શકે છે ત્યારે ખૂબ આનંદ પામે છે. ભાગવતની એક ટીકાનું પુસ્તક દુર્મિલ હતું, તે ખરીદવા એક વાર એક આચાર્યવર પોતાના શિષ્યો સાથે દુકાન પર આવ્યા, અને તેમને જોઇતું પુસ્તક દુકાનમાં હતું એ જાણીને સંતોષ પામ્યા. પુસ્તક કઢાવીને જોયું અને કિંમત પૂછી. કિંમત રૂ. અઢી સો કહેવામાં આવી તે સાંભળીને શિષ્યો નાસીપાસ થયા અને એક બોલ્યો; 'એટલી બધી કિંમત તે હોય?' આચાર્યવરે શિષ્યને ઠપકો આપ્યો અને કહ્યું: 'અઢી સો શું, હજાર માગ્યા હોત તો પણ વાજબી કિંમત હતી અને હું તે આપત. પ્રયાગ, મથુરા, કાશીમાંથી મને જે પુસ્તક નથી મળ્યું તે અહીંથી મળે છે!' અને તે કિંમત આપીને પુસ્તક ઉલ્લાસપૂર્વક ખરીદી ગયા.

ગોવિંદરાવના વ્યક્તિત્વનું એક પાસું તેમની વ્યાવસાયિક કામગીરીમાંથી પ્રકટતું જોવા મળતું, તો બીજું પાસું તેમના સ્વભાવની સરલતા, ઉદારતા અને નિર્ભયતામાંથી જોવા મળતું.

ઈ. ૧૯૩૦માં તેમને ત્રિદોષનો વ્યાધિ થએલો. સ્થિતિ ગંભીર થતાં ત્રણ મોટા ડૉક્ટરની સલાહ લઇ ઉપચાર કરવામાં આવ્યો, તેથી ત્રિદોષ ટળ્યો પણ પ્લુરસી થઈ આવી. પીઠમાં પરુ થવા લાગ્યું. ડૉક્ટરોને શસ્ત્રક્રિયાની જરૂર લાગી અને તેમણે એ સલાહ સ્વીકારી, પણ ક્લૉરોફૉર્મ આપવાની તેમણે ના કહી અને કહ્યું: 'તેની જરૂર નથી. હું બેઠો છું, તમે ખુશીથી શસ્ત્રક્રિયા કરો.' અને ધૈર્યપૂર્વક તેમણે સર્જનની છૂરીને ચાલવા દીધી. શ્રદ્ધા અને નિર્ભયતાને તે જીવનના મોટા ગુણો માનતા અને તદનુસાર વર્તતા. કોઇ વાર સમાજના વિરુદ્ધ વાતાવરણની વચ્ચે પણ તે નિર્ભયતા અને અડગતા દાખવતા અને પોતાની શ્રદ્ધાને—નિષ્ઠાને વળગી રહેતા.

એક સારી ચાલતી મનાતી ગ્રંથમાળાના માલિકે ગોવિંદરાવને તેના હક્કો રોકડી રકમ લઇને વેચાતા આપ્યા. વેચાણખત થયું, નાણાં અપાઈ ગયાં, અને કરાર મુજબ ગ્રંથમાળાના પાંચ હજાર ગ્રાહકોનું લિસ્ટ તેના માલિકે મોકલી આપ્યું. ગોવિંદરાવે દરેક ગ્રાહકને છાપેલો પત્ર મોકલી માલિકીના ફેરફારની ખબર આપી, ત્યારે આવેલા જવાબો ઉપરથી માલૂમ પડયું કે ખરા ગ્રાહકો માંડ પંદરસો હતા અને બીજાં નામો ટેલિફોન ડિરેક્ટરીમાંથી સીધાં ઉતારી લેવામાં આવ્યાં હતાં! તે વખતે મેં તેમને કહ્યું: 'બાબુરાવ, તમે ભોળપણથી દોરવાઇને ઠગાયા.' તેમણે હસીને જવાબ આપ્યો: 'હશે, મારા સ્વભાવે મને છેતર્યો છે; પણ એ ગ્રંથમાળા હવે નવો પ્રકાશ નહિ જુએ.' તેમણે એ ગ્રંથમાળા ચલાવી જ નહિ અને આપેલાં નાણાં ગુમાવ્યાં.

સરલ સ્વભાવથી તે વ્યવસાય ને અંગત મિત્રવ્યવહારમાં કેટલીક વાર ઠગાયા હતા. પોતાના પરિચયી દરેક માણસને તે સાલસ માનતા અને તેથી ઊલટું પુરવાર થએલું લાગે ત્યારે જ પોતાનો અભિપ્રાય બદલતા. એમની લાગણીશીલતાનો અને સરલતાનો ગેરલાભ લેનારા એમના અનેક ઓળખાણ–પિછાણવાળાઓ જોવામાં આવ્યા હતા.

તેમનાં પિતા, માતા, બહેનો વગેરે વડીલો તથા સ્વજનો પરંપરાગત ધાર્મિક ક્રિયા-કાંડને અને આચારધર્મને અનુસરતાં. ગોવિંદરાવને એવું કશું ગમતું નહિ. ધર્મતત્ત્વ તથા મનઃશુદ્ધિ કરનારી આધ્યાત્મિકતામાં તેમને રસ હતો. એ વિષેનાં પુસ્તકો તે દુકાનેથી ઘેર લઈ જતા અને વાંચતા. સ્વ. છોટાલાલ જીવનલાલનું લખેલું સાહિત્ય અને 'મહાકાળ' 'પ્રાતઃકાલ' આદિ માસિકો તે વાંચતા. એ માસિકોના જૂના અંકો અહીંતહીંથી મેળવીને તેની તેમણે ફાઇલો બંધાવેલી અને સંગ્રહેલી. કોઈ સારું પુસ્તક દુર્મિલ બનતું લાગે તો તેની એક-બે પ્રતો ઘેર લઈ જતા ને સાચા જિજ્ઞાસુને વાંચવા આપતા. ૧૯૫૯ના ધાર્મિક પુસ્તકના તેમના સૂચિપત્રમાં ગીતાઓની યાદી સાથે જણાવ્યું છે: 'સ્વ. મણિલાલ નભુભાઈ દ્વિવેદીકૃત 'શ્રીમદ્ ભગવદ્‌ગીતા' મળતી નથી, પણ કોઈને વાંચવાની જિજ્ઞાસા હોય તેને સારી ડિપોઝિટ રાખી વાંચવા આપી શકાશે.' સ્થાનિક ગ્રંથવિક્રેતાઓના મંડળના તે પ્રમુખ હતા. એ મંડળે તેમનું જાહેર સન્માન પણ કર્યું હતું. વ્યવસાયનીતિમાં તેમની ઉદારતા અને પ્રામાણિકતાની જનતામાં છાપ હતી.

આરોગ્ય જાળવી રાખવાનો તે પોતાનો પહેલો ધર્મ માનતા, અને ક્વચિત માંદગી આવતી ત્યારે મિતભોજન, વ્યાયામ અને નિસર્ગોપચાર દ્વારા તે રોગના આક્રમણને હઠાવતા. નિસર્ગોપચારનાં પુસ્તકોનો તેમણે અભ્યાસ કર્યો હતો અને તેને તે અનુસરતા. તેમને પ્લુરસી થયા પછી નિસર્ગોપચારના હથિયાર વડે તે દમ–કફની સામે ઝૂઝતા અને તેને વધવા દેતા નહિ. તે રોજ તેના ઉપચાર માટે કલાકો ગાળતા અને કોઈ દવા લેવાની ના કહેતા. નિસર્ગોપચાર ઉપર તેમને

સાંકેતિક લિપિઓ-૮] • • • **શબ્દાંક પલ્લવી** • • • [સુશીલા આર. પટેલ

'શબ્દાંક પલ્લવી' અથવા 'ગૂઢલેખ'ની રચનામાં શબ્દ તથા અંક પલ્લવીનું મિશ્રણ છે. આ મિશ્રણ કરનાર કોણ હશે તે કહી શકાતું નથી, પણ કામસૂત્રની ટીકામાં તેનું ઉદાહરણ મળે છે. એટલે આ સાંકેતિક લિપિ પણ પ્રાચીન સમયમાં જ શોધાઈ હશે. એમ લાગે છે.

અ	ઈ	ઉ	ઋ	લૃ	એ	ઐ	ઓ	ઔ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯

આ ૯ સ્વરોની સંજ્ઞા 'ગ્રહ' રાખવામાં આવી છે.

ક	ખ	ગ	ઘ	ઙ	ચ	છ	જ
૧	૨	૩	૪	૬	૬	૭	૮

આ ૮ વ્યંજનોની સંજ્ઞા 'વસુ' રાખવામાં આવી છે.

ઝ	ઞ	ટ	ઠ	ડ	ઢ
૧	૨	૩	૪	૫	૬

આ ૬ વ્યંજનોને 'ષડાનન' કહેવામાં આવે છે.

ણ	ત	થ	દ	ધ	ન	પ
૧	૨	૩	૪	૫	૬	૭

આ ૭ વ્યંજનોને 'સાગર' સંજ્ઞાથી ઓળખ્યા છે.

ફ	બ	ભ	મ	ય	ર	લ
૧	૨	૩	૪	૫	૬	૭

આ ૭ વ્યંજનોને 'મુનિ' સંજ્ઞા આપી છે; અને

વ	શ	ષ	સ	હ
૧	૨	૩	૪	૫

આ ૫ વ્યંજનોની 'ભૂત' સંજ્ઞા કહી છે.

સ્વરની દીર્ઘતા જણાવવા 'નયન' શબ્દ છે; વિસર્ગ માટે 'તુક' અને 'અનુસ્વર' માટે 'શૃંગ' સંજ્ઞા રાખી છે.

આ 'શબ્દાંક પલ્લવી'ની સાંકેતિક લિપિમાં 'કુમાર' શબ્દ જણાવવો હોય તો "વસુ ૧ ગ્રહ ૩, મુનિ ૪ ગ્રહ ૧ નયન, મુનિ ૬ ગ્રહ ૧" એમ લખાય.

'ક' અક્ષર વસુ સંજ્ઞાથી ઓળખાતા વ્યંજનોનો પહેલો અક્ષર છે. માટે વસુ ૧ લખી પછી તેમાં ઉ એટલે ગ્રહ સંજ્ઞાથી ઓળખાતા સ્વરોનો ત્રીજો સ્વર મળ્યો તેથી ગ્રહ ૩ લખવામાં આવ્યું. તેથી 'વસુ ૧ ગ્રહ ૩' એટલે 'કુ' થયો. 'મ' એ મુનિ સંજ્ઞાથી ઓળખાતા વ્યંજનોમાં ચોથો છે, તેથી મુનિ ૪ લખ્યા પછી 'આ' સ્વર જોડવા માટે ગ્રહ૧નયન એમ લખવું પડ્યું; કેમકે 'અ'નો દીર્ઘ આ છે. તેથી ગ્રહ ૧ એટલે 'અ' અને સાથે નયન લખવાથી 'આ' થયો. એ રીતે 'મુનિ ૪ ગ્રહ ૧ નયન' એ સંકેત 'મા' અક્ષરનો થયો. આ જ રીતે 'મુનિ ૬ ગ્રહ ૧' એ 'ર' માટે છે તે સમજી શકાશે.

અપાર શ્રદ્ધા હતી અને તેના પ્રયોગોના અભ્યાસીઓને કેટલીક વાર દોરનારા અને સલાહકાર બનતા.


કફ-દમની ઉગ્ર માંદગીના છેલ્લા મહિનાઓમાં તે નિસર્ગોપચારને વળગી રહ્યા હતા પણ બીજી બાજુએ શરીરની શક્તિ ઘટતી હતી, એટલે સ્વજનોના આગ્રહથી તેમણે બીજાં ઔષધો લીધાં હતાં તથા ગ્લૅન્ડનું ઑપરેશન કરાવી દમથી છુટકારો મેળવ્યો હતો. છતાં માંદગીએ બીજી દિશા પકડી હતી ને ઉત્તરોત્તર અશક્તિ વધતી જતી હતી, અંતે તા. ૧૯-૯-૧૯૬૩ની રાતે જીવનના ૭૬મા વર્ષમાં તેમનું અવસાન થયું.

ગોવિંદરાવ જાગુષ્ટે નિઃસંતાન હતા, તેથી તેમણે પોતાની બહેનના સૌથી નાના પુત્ર—ભાણેજ શ્રી જૈમિનીકુમાર હેગિષ્ટેને ૧૯૫૫ના જૂનમાં દત્તકવિધાન કરી પેઢીની ગાદીએ બેસાડ્યા હતા. આજે તે તેમના મોટા ભાઈ શ્રી અશ્વિનીકુમાર હેગિષ્ટે સાથે પેઢીનું સંચાલન કરે છે. સદ્દગત વસંતરાવ હેગિષ્ટે, જેમણે સદ્દગત રજબઅલી સાથે અમદાવાદમાં કોમી ઐક્ય સ્થાપવાના હેતુથી તોફાનીઓની વચ્ચે જતાં તા. ૧-૭-૪૭ને રોજ આત્મબલિદાન આપ્યું હતું, તે ગોવિંદરાવના સૌથી મોટા ભાણેજ હતા. 'વસંત-રજબ સ્મારક' તેમની સેવા તથા બલિદાનનું અનેરું સ્મારક છે. એમનાં ભાણેજી શ્રી હેમલતા બહેન હેગિષ્ટે અમદાવાદની મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના સભ્ય તરીકે અને જ્યોતિસંઘના એક કાર્યકર તરીકે લોકસેવા બજાવી રહ્યાં છે. એમ, લોકમાન્ય ટિળકના રાષ્ટ્રવાદને વરેલા એ મહારાષ્ટ્રીય કુટુંબનો ઊજળો ગ્રંથવિક્રય-વ્યવસાય ગુજરાતમાં જેટલો તેજસ્વી છે તેટલી જ તેની લોકસેવાની ભાવના પણ દીપ્તિમાન છે. —ચુનીલાલ વ. શાહ

Homeનો ઉચ્ચાર હ્યૂમ શા માટે?

બ્રિટનના નવા વડાપ્રધાન થએલા ૧૪મા લૉર્ડ હ્યૂમ (જે હવે પોતાનું ઉમરાવપદ છોડીને સાદા સર ઍલેક્ઝાંડર ફ્રેડરિક ડગ્લાસ-હ્યૂમના નામે ઓળખાય છે તે) 'હ્યૂમ' નામમાં અંગ્રેજી જોડણી પ્રમાણે Homeનો ઉચ્ચાર 'હોમ' થતો હોવા છતાં 'હ્યૂમ' કરવામાં આવે છે એના કારણ વિષે એક કથા—કે દંતકથા છે. સ્કૉટલૅન્ડમાં કૉલ્ડસ્ટ્રીમ મુકામે આ કુટુંબની વિશાળ જાગીર છે. તેરમી સદીમાં સ્કૉટલૅન્ડના રાજા વિલિયમ ધ લાયને એમને એ જાગીર બક્ષી ત્યારથી એમના પૂર્વજો ત્યાં સત્તા ભોગવતા. આવું જ ઉચ્ચ સ્થાન ત્યાંના એક ડગ્લાસ કુટુંબનું પણ હતું. પાછળથી એમની ૫૦,૦૦૦ એકરની જાગીર પણ હોમ કુટુંબને મળેલી. આ બંને કુટુંબો સ્કૉટલૅન્ડને પક્ષે રહી ઇંગ્લન્ડ સામે લડતાં.

આજના ૧૪મા લૉર્ડ હ્યૂમના વડવા ત્રીજા હોમના સમયમાં એ હોમની જાગીર નજીક જ કલૉડન ફીલ્ડની લડાઈ થઈ હતી. જેમાં ડગ્લાસ હોમ સાથે મળી લડતા હતા. લડાઇમાં ઇંગ્લિશ તીરંદાજોના કાતિલ મારા સામે પોતાનાં માણસોને વિખરાવા માંડતાં જોઈ લૉર્ડ હોમે તેમને હુકમ કર્યો કે 'એ હોમ! એ હોમ!' (મતલબ કે 'હોમ' બધા એકઠા થઈ જાઓ.) પણ માણસો એ હાકલનો જુદો જ અર્થ સમજ્યા અને સૌ હોમ એટલે 'ઘર' તરફ પીછેહઠ કરી ગયા! આવો અનર્થ ફરી થવા ન પામે એટલા સારુ ત્યારથી આ કુટુંબે પોતાના નામમાંના એ શબ્દનો ઉચ્ચાર 'હોમ' થતો હોવા છતાં 'હ્યૂમ' કરવાનું ઠરાવ્યું.



આ ૧૦મી ડિસેમ્બરે માનવઅધિકારદિન નિમિત્તે બહાર પડેલી ૧૫ નયા પૈસાની ભારતની નવી ટપાલ-ટિકિટ.

(મોકલનાર: કુ. હિમાંગિની દેસાઈ–મુંબાઈ)

આ માસ (ડિસેમ્બર) ઇતિહાસમાં • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: બિટોવન

અશ્રુતપૂર્વ એવા દઢતર, સમૃદ્ધતર અને



સુંદરતર સંગીતમાં વિરલ અને અપાર્થિવ વિષયો દ્વારા આત્માની પુકારને સૂત્રસ્થ કરી જનાર સ્વરોના મહાકવિ લડ્વિગ વાન બિટોવન (નામાક્ષરોને અન્વયે ભૂલથી એના નામનો ઉચ્ચાર 'બીથોવન' કરાય છે.) જર્મનીના કૅલોન પરગણાના આર્કબિશપ-ઇલેક્ટરના દરબારી ગાયક યોહાન (જોન) ને એક રસોયાની પુત્રી મગ્ડેલિના લીમનો પુત્ર હતો. જર્મનીના બૉન નગરમાં ઈ. ૧૭૭૦ની ૧૬મી ડિસેમ્બરે એનો જન્મ થયો. પિતા દિવસરાત પુત્રને કલાકો સુધી વાદ્યો સાથે ગોંધી રાખતા. લડ્વિગની નવ વર્ષની વયે તો પિતાનું બધું સંગીતજ્ઞાન પચાવી લીધું. શાળામાં તો માત્ર લખતા વાંચતાં જ શીખ્યો. પણ છતાં એ ઉમરે એણે નવ સ્વરાંતરો પર એક પુસ્તક લખેલું. બાર વર્ષની વયે તે દરબારમાં સહાયક વાદ્યકાર નીમાયો. આ દરમિયાન એક ભાઈ ગુજરી જતા ને પિતા અશક્ત થઈ જતા લડ્વિગ પર કુટુંબ-નિભાવનો બોજો પણ આવી પડ્યો.

ઇ. ૧૭૮૭માં વિયેના જઈ સંગીતસ્વામી મોત્સાર્ટ પાસેથી પણ થોડું સંગીતશિક્ષણ લીધું. હાઇડન પણ એના સંગીતથી પ્રભાવિત થઇ એને માટે ખાસ ભલામણ કરીને એથી ઈલેક્ટરે બિટોવનને વિયેના જઇ સવિશેષ સંગીતજ્ઞાન મેળવવા સવેતન વ્યવસ્થા કરી આપી. હાઈડન પાસેથી પણ એ સંગીતનું જ્ઞાન વધારતો. એ પછી પિયાનોવાદક તરીકે કારકિર્દી આરંભી 'કૅન્સેર્ટો ઈન સી મૅજર' દ્વારા એની કીર્તિ પ્રસરી. સંગીતશિક્ષક તરીકે પણ વિખ્યાત થયો. પાંચેક વર્ષોના એને એ કાળ એના જીવનનો સૌથી સુખદ સમય હતો.

પણ એના આંતરિક જીવનમાં ભીષણ પરિવર્તન ચાલતું હતું. બચપણથી એની હરેક સાહજિક વૃત્તિ કચડાએલી રહી હતી એથી કે એની સ્વાયત્ત વિચારસરણીને કારણે તે હવે ચીડિયો, અતડો ને ઉદ્ધમાતિયો બનવા માંડ્યો. છતાં એની સંગીતભક્તિ અક્ષુણ્ણ ને અકલુષિત જ હતી.

દીઠે એ અનાકર્ષક, સાલસ વર્તણૂક વગરનો, ગંદો ને ફૂવડ લાગતો. ભાષા પણ અસંસ્કૃત. શરીર સશક્ત ને ઠીંગણું. કપાળ મોટું જાડા વેરવિખેર વાળ, સિંહ સદશ નાક ને કાળાશ પડતો વાન. પણ એની આંખો સૌથી વિલક્ષણ 'સુંદર, બોલતી, કયારેક રહેમમની ને નાજુક, તો કયારેક ચકળવકળ ભમતી, ડરાવતી ને ભયંકર.'

૧૮૦૨માં એ બહેરો થવા માંડ્યો. એ વખતે તેની નવ પૈકી બીજી સિમ્ફની પણ રચી નહોતો રહ્યો.


એની આર્થિક ભીંસ કદી ઘટી નહિ. એના અવિચારી ને કડાઉ ભત્રિજા કાર્લે પણ એને બહુ દુઃખ દીધું હતું. પણ એની પ્રતિભાએ અનેકને આકર્ષી મિત્રો બનાવ્યા હતા. તેના અરુચિકર ને જંગલી દેખાવ સોંસરું સોનાનું હૃદય ને બાળસુલભ પ્રેમાળ સ્વભાવ ઘણા જોતા. ૧૮૦૯માં વર્ષોથી એની પાસે પિયાનો શીખતી આનંદી થેરેસા ફૉન બ્રન્સ્વિક સાથે એની સગાઇ થઈ. પોતાની પ્રખ્યાત 'સૉનાટા ઍપૅશનાટા' બિટોવને એને અર્પણ કરેલી. પાછળથી કોઇ અજાણ કારણસર એ સંબંધ તૂટી ગયો પણ તેઓ બંને જણ પરસ્પરની સ્મૃતિને આખર સુધી વફાદાર રહેલાં.

૧૮૧૪માં આઠમી સિમ્ફની રચી ત્યારે તો એ તદ્દન બહેરો બની ગયો હતો. અનેક દુઃખો વચ્ચે એ જીવનનાં પાછલાં વર્ષોમાં એણે ઘણું કામ કરેલું 'બી ફ્લૅટ કવાર્ટેટ'નું સમાપન એ એનું છેલ્લું–નવેમ્બર ૧૮૨૬નું–સર્જન. એ વર્ષમાં એક સાંજે ભાઈને મળવા એ ખુલ્લી બગીમાં ગયો. જતાં શરદી લાગી ગઈ. પાછા ફરતાં ફેફસા પર એની અસર થઈ ને ઉદરરોગ થઈ આવ્યો. ચાર માસ પથારીમાં રહેવું પડ્યુ. દરમિયાન પોતાના સમકાલીન મહાકવિ ગટેની કીર્તિદા કૃતિ 'ફાઉસ્ટ' પરથી દસમી સિમ્ફોનીનું એ સર્જન કરતો હતો. બુઝાતા દીપકનો એ છેલ્લો ચમકાર હતો. ૧૮૨૭ની ૨૬મી માર્ચે બરફના તોફાન ભરી સાંજે એનું અવસાન થયું.

સંગીત જ્યારે માત્ર કાવ્ય-નાટક-થિયેટરમાં ટેકારૂપ ને પરોપજીવી કળા ગણાતું તેને એ હીનસ્થાનેથી ઊંચકીને એક સ્વયંપર્યાપ્ત કળાને માનસ્થાને મૂકવાનો યશ બિટોવનને જ છે. લાગણીના ઉન્મેષો ને આત્મિક સંઘર્ષોના નિરૂપણમાં સુવાહ્ય 'સૉનાટા'ની ખિલવણી એ સંગીતમાં એણે કરેલું મુખ્ય પ્રદાન છે. તેની 'પિયાનો ફોર્ટ' સૉનાટા અને 'સ્ટ્રિંગ કવાર્ટેટ' એ સંગીતસાહિત્યના સુંદરતમ સર્જનો છે. એની નવ સિમ્ફોની તો આજે પણ એટલી અદ્વિતીય છે. મનોરંજક નહિ પણ ખરા અર્થમાં એ કલાકાર-ફિલસૂફ હતો.

પ્રસંગવિશેષ: યાંત્રિક વિમાનનું પ્રથમ ઉડ્ડયન, ૭મી ડિસેમ્બર, ૧૯૦૩

નોર્થ કૅરોલિનાના કિટી હૉકના દરિયાકાંઠે સૂસવતા ટાઢાબોળ પવનમાં એ સવારે સાડા દસના સુમારે સાત જણા એકઠા થયા હતા. ઑર્વિલ રાઈટ અને વિલ્બર રાઇટ પોતે જ બનાવેલા યાંત્રિક વિમાન' ફ્લાયર'ને ઉડાડી જોવાનો આજે પ્રથમ પ્રયોગ કરવાના હતા. દૂરના કિલ ડૅવિલ હિલથી ચાર જણને એમણે મદદમાં બોલાવેલા. જોજો આ ખેલ જોવા એક છોકરો પણ આવેલો. વિલ્બરે 'ફ્લાયર'નું ઍંજિન ચાલુ કર્યું. ઑર્વિલ બે પાંખવાળા એ વિમાનની નીચલી પાંખ પર ચડી ગયો ને લાંબા પડી સંચાલન માટેના દાંડા પકડી લીધા. દસેક



મિનિટ ઍંજિનને તપવા દઈ વિમાનને પકડી રાખતો તાર છોડી નાખ્યો અને 'હાથબનાવટ'ના 'રન વે' પર વિમાન ઉપડ્યું, થોડે દૂર જઈ એ ઊંચકાયું, સખત પવન સામે ઝૂક્યું ને ફરી દસેક ફૂટ ઊંચે ચડી ૧૨૦ ફૂટ જેટલે દૂર જઇ રેતી પર સલામત ઊતરી પડ્યું. યંત્ર-સંચાલિત વિમાનનું એ સૌ પ્રથમ ઉડ્ડયન માત્ર ૧૨ સેકંડમાં પૂરું થયું. પછી તો એ દિવસે રાઈટભાઈઓએ બીજાં ત્રણ વધુ ઉડ્ડયન કર્યાં, એમાં છેલ્લું ૫૯ સેકંડમાં ૮૫૨ ફૂટનું હતું. આનંદમાં આવી જઇ બંને ભાઈઓ એની ચર્ચામાં એવા તો રત બની ગયા કે પાછળ પેલા વિમાનને સૂસવતા પવને ગડથોલિયાં ખવડાવી ભંગાર બનાવી દીધું તેની પણ ખબર નહોતી રહી. પણ આજે અમને એનો શોક થાય એમ નહોતું. ભંગાર એકઠો કરી, ઝૂંપડીમાં જઈ એમણે ખાધું ને પિતાને તાર કર્યો, 'ડિસેમ્બર ૭ ૧૯૦૩ ગુરુવારે સવારે સફળ; ૨૧ માઈલ ઝડપી પવન સામે સપાટી પરથી યાંત્રિક શક્તિથી ચાર ઉડ્ડયનો; હવામાં સરાસરી વેગ ૩૧ માઈલ; વધુમાં વધુ ઉડ્ડયન ૫૯ સેકન્ડનું; પ્રેસમાં ખબર આપશો; ઘરમાં ક્રિસ્ટમસ.'

મુક્ત, હિંમતબાજ ને થા હાડસાચો,
મોત તારા હાથનો ખાશે તમાચો.

—મકરન્દ દવે

એક વારે દરજ્જાના અમલદારની જગ્યા માટે અમેરિકાના પ્રમુખ જ્યૉર્જ વૉશિંગ્ટન-ના એક ખાસ મિત્રે પણ અરજી કરેલી. પરંતુ પોતાની જ નિમણૂક થવાની નિશ્ચિતતામાં ફરતા એ મિત્રને બદલે વૉશિંગ્ટને તો વિરુદ્ધ પક્ષના કોઈ સભ્યને નીમ્યો, ત્યારે તેના સાથીઓને નવાઈ લાગી. વૉશિંગ્ટને જવાબ આપ્યો: 'જાહેર જવાબદારીના કામમાં લાગવગ ન ચાલે; જેને નીમ્યા છે તેનામાં મારા પેલા મિત્ર કરતાં વધુ લાયકાત છે.'

અનેકાર્થી શબ્દ: ક્ષેત્ર = જમીન; ખેતર; સ્થાન કે જગ્યા; કાર્યનો પ્રદેશ કે અવકાશ; મોકળાશ; શરીર કે દેહ; સ્ત્રી કે પત્ની; યાત્રાધામ; રણાંગણ; ડાંગરનો ક્યારો; ધજાવાવટા કરવાનું કપડું; ભૂમિતિ; બાર રાશિઓ; રાહુ; કાન્હરા, સરસ્વતી અને કલ્યાણથી મિશ્ર એવી રાગિણી; ગણિતશાસ્ત્રમાં બે બિંદુને જોડનારી લીટીને ધારણ કરતી સપાટી.

કહેવતોનો અર્થ: 'હરીફરીને હડફે હાથ'– તંગ સ્થિતિના માણસ (વેપારી)ના ઘરમાં પૈસા રાખવાનું એક માત્ર સાધન તેનો હડફો કે ગલ્લો. જ્યારે પણ પૈસાની જરૂર પડે ત્યારે એણે તો તેમાં જ હાથ નાખવાનો રહે. તદનુસાર ગમે તેટલા પ્રયત્નો છતાં માણસ વંશેકવંશે, મૂળ સ્થિતિમાં જ રહ્યા કરે એ ભાવ દર્શાવવા વપરાતી કહેવત. એવી બીજી: 'નાખી ખૂંટીને નજર પગ સામે'; 'ગમે તેમ સૂઓ, ઢીંઢું ખાટલા વચ્ચે ને ખાટલા વચ્ચે.'



અમેરિકામાં ઊગેલો આ જંગી બટાટો ૨ ફૂટ ૯ ઇંચ લાંબો ને ૯૬ પૌંડ ને ૧૦ ઔંસ વજનનો હતો.

ઠંડા પાણીમાં મીઠું નાખતાં તેનું ઉષ્ણામાન ઘટી જાય છે, જ્યારે ગરમ પાણીમાં નાખતાં તે જલદી ગરમ થશે!



કેન્યાનું રાષ્ટ્રવ્યાપી સૂત્ર 'હરાંબે' (સ્વાહિલીમાં એનો અર્થ 'કામ કરો') ધરાવતી આ ટિકિટ ટપાલ માટે નથી પણ રાષ્ટ્રીય ભંડોળ માટેનો એક પ્રયોગ છે. કેન્યા બ્રોડકાસ્ટિંગ કૉર્પોરેશનના હિંદી વિભાગમાં ગીતોની 'ફર્માએશ'ના પત્ર પર ટપાલ ટિકિટ ઉપરાંત ચોડેલી દસ સેન્ટની આવી વધુ ટિકિટોવાળા પત્રોને પહેલી પસંદગી અપાય છે. ટિકિટની વચ્ચે આલેખેલી ઢાલ-ભાલાની સંજ્ઞા હવે કેન્યાના રાષ્ટ્રધ્વજ પર મૂકવામાં આવી છે.

(મોકલનાર: પ્રવીણા કે. પટેલ – કિસુમુ)


માણસનું લોહી તેના આખા શરીરમાં ૨૩ સેકન્ડમાં ફરી વળે છે, જ્યારે ઘોડાનું ૩૦ સેકન્ડમાં, કૂતરાનું ૧૫ થી ૧૭ સેકન્ડમાં અને સસલાનું ૮ સેકન્ડમાં.



ઈ. ૧૭૭૦માં ઈંગ્લંડમાં લીસ્ટર મુકામે જન્મેલો આ ડૅનિયલ લૅમ્બર્ટ કદાચ જગતનો જાડામાં જાડો માણસ હતો. એનું વજન ૫૨ સ્ટોન ઉપરાંત (લગભગ સાડા સાતસો રતલ) હતું. એની ખુરશી ને કપડાં હજી લીસ્ટરના મ્યૂઝિયમમાં છે, અને એનો વેઈસ્ટકોટ આજે પણ દુનિયાભરમાં મોટામાં મોટો ગણાય છે.

રંગ સુકાતો અટકાવવા માટે, કામ થઈ રહ્યા પછી તેમાં થોડું પૅરૅફીન રેડી રાખજો.

ડુંગળીનો રસ માથા પર ઘસતા રહેવાથી માંદગીમાં ખરી ગએલા વાળ ફરી ઊગશે.



કલાકણિકા: જગનામી જર્મન કલાકાર હૅાલ્બાઈનની ખ્યાતિ તો તસવીરકાર તરીકેની છે છતાં તે આલા દરજ્જાનો શોભનકારપણ હતો. તેણે સર્જેલી તલવારની મૂઠ (ઉપરનો ભાગ) તથા મ્યાનનો છેડો.







કાગળમાં કોતરેલાં બીબાંને ભોંય પર મૂકી કપાયેલા ગાળામાં રંગ ભભરાવીને પછી એ બીબું હળવેથી ઉઠાવી લઇને પુરાતી સાંઝીની કળા વૈષ્ણવ મંદિરોમાં ઘણી વિકસી હતી. આ બે પાનાં પર એની કેટલીક છાપ આપી છે.







સાંઝીમાં કૃષ્ણલીલાના પ્રસંગો ને એને અનુસરતા શોભનોનું આલેખન વિશેષ હોય છે. આ છાપ પરથી એના વૈવિધ્યનો પણ ખયાલ મળશે. મંદિરમાં નહિ તો એને અન્ય રીતે પણ પ્રયોજી શકાય.

(વાસુદેવ સ્માર્તના સંગ્રહમાંથી, દિનેશ શાહના અભિનંદન પરથી અને સરકારી નૃત્યનાટિકા 'કૃષ્ણલીલા'ની પુસ્તિકામાંથી.)



ગામડું · ચિત્રકાર વિમલ દાસગુપ્ત (ઑલ ઇન્ડિયા ફાઇન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાયટી, ન્યૂ દિલ્હીના સૌજન્યથી)



અંતરનાં હેત ફોટોકલાકાર સ્વ. જમશેદજી ઊનવાલા

(એમના પરિચય માટે જુઓ અંદર કલાવાતા)

આ અંકની કોથળી ઉપરના સરનામામાં આપના ગ્રાહક-નંબરને છેડે જો '૧૨'નો આંક આપેલો હોય તો

આ અંક સાથે આપનું લવાજમ પૂરું થાય છે અને

ગયે વર્ષે જાહેર કર્યા મુજબ સાધનસામગ્રીની વધતી જતી મોંઘવારી તથા વધી ગએલાં અન્ય ખર્ચને લીધે

આવતા વર્ષથી 'કુમાર'નું વાર્ષિક લવાજમ વધીને બાર રૂપિયા થાય છે

આ સામેની ફ્લૅપ ઉપર આપેલો **'ચાળીસ વર્ષની કુમારચર્યા'**નો ચડતો જતો આંક દર્શાવે છે કે આજથી બે વર્ષ પહેલાં 'કુમાર'નું લવાજમ વધાર્યાં છતાં એની ગ્રાહકસંખ્યા તો ઊલટી વધતી જ રહી છે. એ પુરવાર કરે છે કે ધ્યેયનિષ્ઠ વાચનવૈવિધ્ય ને રસપોષક ચિત્રસમૃદ્ધિથી ઠાંસેલા 'કુમાર'ની પાછળ ખર્ચેલું મોઘું લવાજમ પણ સાર્થક છે, એવી લોકોને પ્રતીતિ છે. વધારામાં, ગયે વર્ષે પ્રકટ નહિ થઈ શકેલો શ્રી રવિશંકર રાવળના સપ્તતિપૂર્તિ-પ્રસંગનો પચાસેક ચિત્રથી સમૃદ્ધ દળદાર 'અભિનંદન-અંક' આ વર્ષે આપવાની યોજના છે.

અમને વિશ્વાસ છે કે આપ સામેની ફ્લૅપ પરનું કાર્ડ ભરી મોકલી ચાલુ રહેશો જ.
છતાં સંજોગવશાત ગ્રાહક ન રહેવું હોય તોપણ તે કાર્ડમાં અમને તેવા ખબર આપવા વિનંતિ છે.

લવાજમ કઈ રીતે મોકલશો?

લવાજમ દેશમાં રૂા. ૧૨; પરદેશમાં રૂા. ૧૫ અથવા શિ. ૨૪ છે. તે મોકલવાની પદ્ધતિઓમાં મની-ઑર્ડર કરવાની રીત સૌથી સોંઘી ને સલામત છે. વી. પી. થી મંગાવતાં સૌથી વધુ—૭૫ પૈસા પડશે. સાથેના કાર્ડમાં દર્શાવેલી આ રીતો પૈકી જે રીતે મોકલવાનું ઠરાવો તે જણાવી અમને મોકલી આપશો.

છતાં કોઈ સંજોગમાં તા. ૧૫મી જાન્યુઆરી સુધીમાં આપનો નિર્ણય અમને નહિ મળે તો આવતો અંક આપની સરળતા ખાતર અમે વી. પી. થી મોકલીશું તે સ્વીકારી લેવા કૃપા કરશો.
